શિક્ષાપત્રી ભાષ્ય

ગુજરાતી ભાષાન્તર (ભાગ ૨જો)



અનુવાદક અને પ્રકાશક
માધવલાલ દલસુખરામ કોઠારી.



भगवान् श्री नेमिनाथजी और सती

शिक्षापत्री

(मोटी)

नुं गुजराती भाषान्तर

અનુવાદક અને પ્રકાશક

માધવલાલ હલસુખરામ કોઠારી

રાયપુર, વડની પોળ-અમદાવાદ

આવૃત્તિ ૧ લી | પ્રત ૫૦૦

વિક્રમાબ્દ ૧૯૭૯ | ખ્રિસ્તાબ્દ ૧૯૨૩

મૂલ્ય રૂ ૧-૮-૦

ધી "સૂર્ય પ્રકાશ" પ્રીન્ટીંગ પ્રેસમાં મુલચંદભાઇ ત્રીકમલાલે છાપી
કાળુપુર, ટંકશાળ–અમદાવાદ

પુસ્તક મળવાનુ ઠેકાણુ —
માધવલાલ દલસુખરામ કોઠારી
રાયપુર, વડની પોળ–અમદાવાદ.

શ્રીયુત મનજીભાઈ ગોવામલની સેવામાં.

ઉદ્ધવ સમ્પ્રદાયના સાહિત્યને આપ હમેશ ઉત્તેજન

આપતા આવ્યા છો અને સત્સંગને માટે

તન, મન અને ધનનો ભોગ આપો

છો એ સદ્‌ગુણોથી પ્રેરાઈને

આ અમૂલ્ય પુસ્તક આપને

અર્પણ કરવાની

રજા લઉં

છું

રાયપુર, વડની પોળ, અમદાવાદ. તા ૧૩-૯-૨૩ } માધવલાલ દલસુખરામ કોઠારી.

પ્રસ્તાવના.

શિક્ષાપત્રી એ ઉદ્ધવ સમ્પ્રદાયનો એક મુખ્ય ગ્રંથ છે તેમાં ભગવાન્ શ્રી સ્વામિનારાયણે પોતાના આશ્રિતોને અમૂલ્ય ઉપદેશ આપ્યો છે આ ગ્રંથ સર્વસામાન્ય છે એક ગુરૂ જેમ પોતાના શિષ્યોને તેમના કલ્યાણની વાત કહે અગર નીતિનો ઉપદેશ આપે અને આ લોક તથા પરલોકનુ હિત સાધનારા પરસ્પર સુસંગત માર્ગો બતાવે તેવીજ રીતે શ્રી સહજાનંદ સ્વામીએ આમા પોતાના શિષ્યવર્ગને વેદ, ઉપનિષદ્ તથા પુરાણોને અનુસરીને કર્તવ્ય માર્ગ બતાવ્યો છે અને તેની સાથેજ પોતાના સમ્પ્રદાયનો સિદ્ધાન્ત જે વિશિષ્ટાદ્વૈતનો છે તેનો પણ તેમા સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે

આ શિક્ષાપત્રીના મૂળ શ્લોકોની રચના શ્રી સહજાનંદ સ્વામીના રહસ્યને સમજીને શતાનંદ મુનિ, દીનાનાથ શાસ્ત્રી અને નિત્યાનંદ મુનિએ કરી છે શતાનંદ મુનિ સમાધિનિષ્ઠ નિરાવર્ણ દૃષ્ટિ અને ગતિવાળા હતા તેમને સ્વતઃ સિદ્ધ જ્ઞાન થયુ હતુ ઉદ્ધવ સમ્પ્રદાયના મૂળ પુસ્તકો તેમણેજ લખેલા છે તેમા જે ધર્મશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર તેમજ રાજ્યનીતિ, વેદાંતજ્ઞાન અને મોક્ષશાસ્ત્રની ચર્ચા આવે છે તે તેમના જ્ઞાનનો વિસ્તાર બતાવે છે શ્રી કૃષ્ણાવતારમા જે કાર્ય શ્રી કૃષ્ણ દ્વૈપાયન વ્યાસે અને શ્રી રામાવતારમા શ્રી વાલ્મિક ઋષિએ કરેલુ છે તેવુજ કામ એ મુનિએ શ્રી સ્વામિનારાયણ અવતારના સબંધમા કર્યું છે એમના બધા ગ્રંથો ગિર્વાણ ભાષામા છે, અને તે બધા ઉદ્ધવ સમ્પ્રદાયમા પ્રમાણભૂત મનાય છે શિક્ષાપત્રીના સબંધમા એવી માન્યતા છે કે શ્રી સ્વામિનારાયણ પોતે પ્રથમ ગુજરાતીમા લખાવતા હાલની શિક્ષાપત્રીમા ૨૧૨ શ્લોકો છે પરન્તુ તે અગાઉની જુની શિક્ષાપત્રીમા ૧૪૫ હતા તેમાં કેટલીક બાબતો રહી ગયેલી તે પોતે વધારીને છેવટે વિક્રમ સંવત ૧૮૮૨ ની વસંત પંચમીને દિને આ શિક્ષાપત્રી નક્કી કરી શાસ્ત્રી દીનાનાથ એનુ સંસ્કૃત કરતા અને પછી શતાનંદ મુનિએ તેની શ્લોકબદ્ધ રચના કરી હતી અને પછી તે શ્રી સહજાનંદ સ્વામી આગળ ગાઈ બતાવી હતી શ્રી શતાનંદ મુનિના બીજા ગ્રંથોમા મુખ્ય ગ્રંથ "શ્રી સત્સંગિ જીવન" છે તેના ૧૭૦૦૦ શ્લોક છે આ સીવાય તેમણે "ઉદ્ધવ સિદ્ધાંત" નામનો ગ્રંથ પણ લખ્યો છે

આ શતાનંદ મુનિનું બીજું નામ મતદાસજી હતું તેઓ મિથિલા નગરીના વિષ્ણુદત્ત શર્માના પુત્ર હતા તેઓએ નાનપણમાં શ્રીમદ્ ભાગવતના પંચમ સ્કંધની કથા સાંભળી ત્યારથી એવો નિશ્ચય કર્યો કે બદરિકાશ્રમમાં જઇને શ્રી નરનારાયણની ઉપાસના કરી તેમના પ્રત્યક્ષ દર્શન કરવા અક્ષય તૃતીયાના દિવસે તેઓ ત્યાં ગયા અને ૬ માસ સુધી તપશ્ચર્યા કરી પ્રબોધિની એકાદશીની રાત્રીએ જાગરણ કરી શ્રી નરનારાયણનું પૂજન કરતા તેમને સાક્ષાત્ શ્રી નરનારાયણના દર્શન થયા તેમને વરદાન માગવા કહેતા તેમણે તેમની સતત સેવા માગી એટલે શ્રી નરનારાયણે પ્રસન્ન થઇ તેમને એવો વર આપ્યો કે તમે પશ્ચિમ પાંચાલમાં જઇને ત્યાં શ્રી સ્વામિનારાયણની પાસે રહીને તેમની સેવા કરજો પછી તે મતદાસજી બે મહિને અમદાવાદ આવ્યા ત્યાં તેમના સાંભળવામાં આવ્યું કે શ્રી સ્વામિનારાયણ તો ડભાણમાં યજ્ઞ કરે છે એટલે તેઓ ડભાણ ગયા ત્યાં તેમના દર્શન કરતાજ તેમને સમાધિ થઇ અને તેમણે શ્રી સ્વામિનારાયણનો આશ્રય કરી દીક્ષા લીધી તેમનું નામ શતાનંદ મુનિ પાડ્યું તેમણે શ્રી સ્વામિનારાયણ પાસેથીજ અષ્ટાંગ યોગ વિના જ સમાધિની સિદ્ધિ કરી હતી સંપ્રદાયની માન્યતા મુજબ તેઓ મત્રેય ઋષિનો અવતાર ગણાય છે શ્રી સ્વામિનારાયણના સમકાલીન કલકત્તાના લોર્ડ બિશપ રાઇટ રેવ૦ જીનોલ્ડ હીબર કે જેમણે શ્રી સ્વામિનારાયણની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી તેમણે લખ્યું છે કે —

"Swaminarayan had a number of Sanskrit poets in his train, for instance Satanand Swami, Dinanath Bhat shastri, Nityanand, Gopalanand, Bhagawadanand and *Vasoodevanand"


આથી જણાશે કે તે વખતે શતાનંદ મુનિ એક અદ્વિતીય સંસ્કૃત કવિ ગણાતા હતા તેમજ દીનાનાથ શાસ્ત્રી પણ એવા જ વિદ્વાન્ હતા તેમનો જન્મ વિક્રમ સંવત ૧૮૪૩ ના અરસામાં ભરૂચ જીલ્લામાં આવેલા આમોદ ગામમાં થયો હતો તેમના પિતાનું નામ વિશ્વનાથ ભટ હતું દીનાનાથના મોટા ભાઈ લક્ષ્મીનાથ ભટ હતા તેઓએ પહેલેથીજ શ્રી સ્વામિનારાયણનો આશ્રય કર્યો હતો, જે એમ બતાવે છે કે તે વખતના વિદ્વાનોમાં પણ શ્રી સ્વામિનારાયણની પ્રતિષ્ઠા અદ્વિતીય હતી લક્ષ્મીનાથ ભટ શ્રી સ્વામિનારાયણને પોતાના ઇષ્ટદેવ માનતા અને તેમનું જ

* જુઓ Provinces of India Vol 2 pages 143–153

ભજન સ્મરણ કરતા પ્રત્યક્ષની પ્રતીતિ એવા વિદ્વાનને આવે એજ બતાવે છે કે સ્વામિનારાયણનો આશ્રય માત્ર નિરક્ષરોએ જ નહી પરન્તુ વિદ્વાનોએ પણ કર્યો હતો લક્ષ્મીનાથ ભટ શ્રી સ્વામિનારાયણની સભામાં હમેશ શ્રીમદ્ ભાગવતની કથા કરતા, તેમની વૃદ્ધાવસ્થાને લીધે તેમના નાનાભાઇ દીનાનાથને કથા કરવા બોલાવવા માટે સ્વામિનારાયણે આજ્ઞા કરી તે વખતે દીનાનાથ શાસ્ત્રીની વિદ્વતા આખા ગુજરાતમા પ્રસિદ્ધ હતી શ્રીમદ્ ભાગવતના બારે સ્કંધ તેમને કંઠાગ્ર હતા ભાગવતની સમાપ્તિ કરતી વખતે પણ તે મોઢેથી કરતા એટલુજ નહીં પરન્તુ તેમની વિદ્વતાની કદર કરી પેશ્વા સરકારે તેમને વંશપરંપરા વાર્ષિક રૂ ૧૧૫ ના આશરાનુ પેન્શન, પાકા સીધા અને સનદીયા જમીન આપી હતી તેમાંથી તેમના વંશજોને હજુ પણ સરકાર તરફથી લગભગ અડધુ પેન્શન અને જમીન મળે છે શ્રી સ્વામિનારાયણે લક્ષ્મીનાથ ભટની સૂચનાથી દીનાનાથને બોલાવવા માટે સદ્૦ શ્રી નિત્યાનંદ મુનિ વગેરેને ડાકોર મોકલ્યા દીનાનાથ એ સમયે ડાકોરના માહાત્મનુ ડંકપુરાણ રચતા હતા ત્યા જઇ નિત્યાનંદ મુનિયે ભટને કહ્યુ કે તમે અમારે ત્યા કથા કરવા ચાલો તે સમયે ભટજીએ કહ્યુ કે ડંકપુરાણ સમાપ્ત થયા પછી હુ આવીશ કેટલોક સમય વીત્યા બાદ જ્યારે શ્રી સ્વામિનારાયણ જેતલપુર અને ડભાણમા યજ્ઞ કરવા માંડયા ત્યારે ફરીથી દીનાનાથ ભટને તેડવા સારૂ મોકલ્યુ એમ કહેવામા આવે છે કે જે સમય વીત્યો તે દરમ્યાન દીનાનાથ ભટને શ્રી સ્વામિનારાયણનુ શ્રી કૃષ્ણ સ્વરૂપે સાક્ષાત્ દર્શન થયુ હતુ દીનાનાથ ભટ હવે ડંકપુરાણ સમાપ્ત કરીને તેમના વતન આમોદ પાછા ગયા હતા આ વખતે તેમના મોટા ભાઇ લક્ષ્મીનાથ પણ ત્યા આવેલા હતા અને શ્રી સ્વામિનારાયણે મોકલેલા નિત્યાનંદ મુનિ પણ આવ્યા હતા પોતાના મોટા ભાઈના તથા આ મુનિના મુખેથી શ્રી સ્વામિનારાયણના ઐશ્વર્યની વાતો સાંભળીને દીનાનાથ ભટ તેમની સાથે જેતલપુર તથા ડભાણના યજ્ઞમાં ગયા ત્યા શ્રી સ્વામિનારાયણના દર્શન થતાજ તેમને સમાધિ થઇ ગઈ એ સમાધિમાથી બહાર આવતાજ તેમણે **श्री मन्नूतन नीरदाभतनवे श्री माधुरी मूर्तये** એ અષ્ટક બનાવ્યુ હતુ અને શ્રી સ્વામિનારાયણને ગુરૂ કરી તેમના આશ્રિત થયા હતા આ વખતે ગુજરાતમાં પેશ્વાઇ રાજ્ય હતુ પરન્તુ થોડાજ સમયમાં પેશ્વાઇ ગઈ અને બ્રિટિશ રાજ્ય આવ્યુ એ વખતે ફરીથી શ્રી સ્વામિનારાયણ પાછા અમદાવાદમા આવ્યા હતા અને તેમને કલેકટર સર

એન્ડ્રુ ડનલોપે મદિર બાધવા મુફત જમીન આપી હતી દીનાનાથ ભટની દેખરેખ નીચે શ્રી નરનારાયણની સ્થાપના ભારે ઉત્સવથી કરી દીનાનાથ ભટ અને શ્રી સ્વામિનારાયણનો મેળાપ વિક્રમ સવત ૧૮૬૯ મા મુકીએ તો એઓ એક સરખા ૧૭ વર્ષ સાથે ફર્યા એમ આવે છે અને શ્રી વાસુદેવ માહાત્મ્યની પ્રસ્તાવનામા પણ તેમના પુત્ર રામચદ્ર શાસ્ત્રીએ પણ સત્તર વર્ષનો ઉલ્લેખ કર્યો છે દીનાનાથ ભટે પોતાના જીવનનો ખરો કાળ શ્રી સ્વામિનારાયણ સપ્રદાયની સેવામાજ અર્પણ કર્યો હતો

દીનાનાથ ભટના બાલ્યકાળની માહિતી ઉપલબ્ધ નથી તેમજ તેમણે કોની પાસે સસ્કૃતનો અભ્યાસ કરેલો તે પણ જણાતુ નથી અસ્તુ એમની વિદ્વતા અદ્વિતીય હતી ગુજરાતમા તે સમયે તેમના જેવો અન્ય વિદ્વાન ગણાતો નહી વ્યાકરણ અને ન્યાયમા તેઓ સપૂર્ણ પ્રવીણ હતા એમ કહેવામા આવે છે તેમનુ વશવૃક્ષ આ પ્રમાણે છે —



દીનાનાથ ભટની પુત્રી યમુનાને ભૂત વળગ્યુ હતુ તે કઢાવવાને તેમણે અનેક ઉપાય કરેલા પરન્તુ આખરે જ્યારે શ્રી સ્વામિનારાયણની સ્તુતિ કરી ત્યારેજ નીકળ્યુ તેજ વખતે તેમણે **भवसभवभीति भेदन** એ જાણીતુ અષ્ટક બનાવી શ્રી સ્વામિનારાયણ પોતાના ઇષ્ટદેવ છે એમ જાહેર કર્યું ભટજીની સ્ત્રી સુખબાઇ કરીને હતા તેઓ ભણેલા હતા કે કેમ તે જણાતુ નથી એક વખત તેમના ઉપર શ્રી સ્વામિનારાયણ અતિ પ્રસન્ન થયા અને જે માગે તે આપવાનુ કહ્યુ ત્યારે તેમણે માત્ર પોતાનો ચૂડો સોને મઢાવી આપવાનું માગ્યુ ! આથી શ્રી સ્વામિનારાયણે કહ્યુ કે આને તમે શુ માગ્યુ ? પછી તે ચૂડો મઢાવી આપવા ઉપરાત ઘણુ સુવર્ણ તેમને આપ્યુ હતુ દીનાનાથ ભટને તો શ્રી સ્વામિનારાયણ વારે વારે

પોતાને ભેટ આવેના કીમતી જરીયાની વસ્ત્રો આપી દેતા અને નભામા તેમનો અતિશય સત્કાર કરતા દીનાનાથ ભટને દ્રવ્યપ્રાપ્તિ તો સારી થઇ હતી ગોસ્વામી શ્રી જીવણલાલજીના ગુરૂ શાસ્ત્રી વૈજનાથ રાજારામે "જ્ઞાન દીપ" નામના પુસ્તકમા દીનાનાથ ભટના સબધમા ગ્રન્થકર્ત્તા, મહાન્માન્ય, મહાબુદ્ધિમાન્ વગેરે વિશેપણો લગાડયા છે અને લખ્યુ કે શ્રી સહજાનદ સ્વામી પાસેથી મળેલી સપત્તિમાથી તેમણે બે નાતિ સમેલનો કર્યા હતા

આમ શાસ્ત્રીજીએ સમગ્ર જીવન શ્રી સ્વામિનારાયણની તથા તેમના સપ્રદાયની સેવામા ગાળ્યુ તેમનો કાળ શ્રી સ્વામિનારાયણથી નવ વર્ષે એટલે કે વિ સ ૧૮૯૫ ના અરસામાં થયો હતો શ્રી સ્વામિનારાણનુ વિ સ ૧૮૮૬ મા અવસાન થયુ તે પછી એ નવ વર્ષ, શાસ્ત્રીજી ગઢડામાજ રહ્યા હતા ત્યા શ્રી દાદાખાચરની બ્હેનો જીવુબા તથા લાડુબા તેમની સારી બરદાસ કરતા અને શાસ્ત્રીજીને જીવતા સુધી ગઢડેજ રહેવાનો આગ્રહ કરેલો પરન્તુ દૈવવશાત્ મૃત્યુના એક બે દિવસ આડા હશે અને શાસ્ત્રીજીને શ્રી સ્વામિનારાયણના વિયોગથી ત્યા ન ગમવાને લીધે પાછુ ગુજરાત આવવાનુ મન થયુ અને લાડુબા વગેરેની ના કહેવા છતા તેઓ ગઢડાથી પાછા આવવા નીકળ્યા ત્યા માર્ગમાજ કોઇ ગામે તેમનો કાળ થયો તે વખતે તેમનુ વય ૬૫ વર્ષનુ હતુ આમ ગુજરાતના એક સમર્થ વિદ્વાન્નો અત આવ્યો તેમનુ જડ સ્મારક કોઇએ બનાવ્યુ નથી પરતુ તેમના ગ્રથો તેમનુ સ્મારકજ છે

દીનાનાથ ભટ શરીરે હૃષ્ટપુષ્ટ વાન મધ્યમ કાયાના હતા તેમના શરીરનો વર્ણ ગૌર હતો જ્યારે જ્યારે શ્રીમદ્ ભાગવતની કથા કરતા ત્યારે તે એકજ પલાઠી વાળીને બેસતા અને પાનામા જોયા વિના મોઢેથી કથા કરતા તેમણે રચેલા અથવા જે રચવામા સહાય આપેલી તેવા તેમના ગ્રથો નીચે મુજબ છે—શિક્ષાપત્રીની ટિકા, હરિ સુધાસિંધુ, સત્સગિજીવન, હરિ દિગ્વિજય, ગિર્વાણબોધ, ધ્યાનાબ્જ ભાસ્કર અને તેની ટીકા શ્રી વાસુદેવ માહાત્મ્યની વૈષ્ણવ વલ્લભી ટિકા અને બીજા સ્તોત્રો છે

પુસ્તકની પ્રસ્તાવનામા મારે બીજુ કાઈ કહેવાનુ નથી સંસ્કૃતનું ભાષાન્તર કરવાનો મારા આ પ્રથમ પ્રયાસ છે તેથી જે કાઇ દોષ રહી ગયા હોય તે મારાજ છે એમ જાણવુ અને સુજ્ઞ વાચકો મને તે માટે ક્ષમા આપી નિરક્ષીર ન્યાયે ઉત્તેજન આપશે એવી આશા છે

રાયપુર—વડની પોળ અમદાવાદ	માધવલાલ હલસુખરામ કોઠારી.

શિક્ષાપત્રી ભાષ્યનું ભાષાન્તર.

ધર્મ જેને વહાલો છે અથવા ધર્મને વહાલા, ધર્મના આશ્રય રૂપ અથવા ધર્મના પુત્ર, ધર્મને વિષે રહેલા, ધર્મનું પોષણ કરનારા, ધર્મના શત્રુ રૂપ જે અધર્મી પુરૂષો તે રૂપી અંધારાને સૂર્યની પેઠે નાશ કરનારા, એવા શ્રીકૃષ્ણ ભગવાનને હું નમસ્કાર કરૂં છું.

સુરાપાન અને માંસભક્ષણ તે પ્રધાનપણે જેમાં છે એવા પાખંડ ધર્મ તેને, વંટોળીઓ જેમ આંકડાના તુરને ઉરાડે તેમ, પોતાના સામર્થ્યે કરીને આ પૃથ્વી થકી ઉખાડીને અતિ દૂર ફેંકી દેતા અને ભાગવત જે એકાંતિક ધર્મ તેને સારી રીતે પોષણ કરતા અને સાધારણ મનુષ્યોના પણ પ્રાણ મન, હરિરૂપ એવા ભગવાનને વિષે રોકાવાથી, પોતાના અલૌકિક ઐશ્વર્યને વિસ્તારતા અને લક્ષ્મીના પતિ અથવા શોભાયમાન સર્વના સ્વામી અને અમને આનંદ આપનારા પ્રસિદ્ધ તે સહજાનંદ સ્વામી જયકારી વર્તે છે.

તે ભગવાનની પ્રસન્નતાથી સત્ શાસ્ત્રોના વચનોના પ્રમાણોએ યુક્ત અને શિક્ષાપત્રીના અર્થને પ્રકાશ કરનારી એવી (શિક્ષાપત્ર્યર્થ દીપિકા નામે) જે ટીકા તે ધર્મ સહિત ભક્તિનો આશ્રય કરીને કરવામાં આવે છે.

શિક્ષાપત્રી દ્વારાએ પોતાના આશ્રિત ભક્તજનોને વર્ણાશ્રમના ધર્મ અને ભાગવત ધર્મનું શિક્ષણ આપતા છતા શ્રી સહજાનંદ સ્વામીના પ્રારંભ કરેલા ગ્રંથની નિર્વિઘ્નપણે પૂર્ણ સમાપ્તિને અર્થે, મોટા સત્પુરૂષો જે વ્યાસાદિક તેના આચારથી પ્રાપ્ત થએલું પોતાના ઇષ્ટદેવ શ્રી કૃષ્ણ પરમાત્માના સ્મરણરૂપ મંગળાચરણને પ્રથમના શ્લોકે કરીને લખે છે.

હવે મંગળાચરણ કરવાનું કારણ વિઘ્નનાશ કરવાનું છે અથવા ગ્રંથની સમાપ્તિ પૂર્ણપણે કરવાનું છે કે કેમ તે જાણવું જોઇએ કારણકે મંગળાચરણ વિના પણ કેટલાક ગ્રંથો (કીર્ણવલ્યાદિક) ની નિર્વિઘ્નપણે પૂર્ણ સમાપ્તિ જોવામાં આવે છે તેમજ મંગળાચરણ કર્યાં છતા પણ કેટલાએક ગ્રંથો (કાદમ્બર્યાદિક) ની સમાપ્તિ જોવામાં આવતી નથી આ પ્રમાણે છે તો પણ દર્શ શ્રાદ્ધની પેઠે મંગળનું સમાપ્તિ રૂપ સફળપણું સિદ્ધ થાય છે કારણકે જ્યાં મંગળ વિના ગ્રંથની સમાપ્તિ

થઇ છે ત્યા જન્માન્તરે કરેલુ તે મગળ કલ્પાય છે અને જ્યા મગળ કર્યા છતા પણ સમાપ્તિ નથી થઇ ત્યા બળવાન્ વિઘ્ન હોવાથી મગળનુ ઓછાપણુ કલ્પાય છે એટલે જેવુ કાર્ય તેના પ્રમાણમા મગળ બળવાન્ હોવુ જોઇએ

ધૂમાડો હોય તો અગ્નિ પણ હોય તેને અન્વય વ્યાપ્તિ કહેવાય, ધૂમાડો ન હોય તો અગ્નિ પણ ન હોય એને વ્યતિરેક વ્યાપ્તિ ગણાય, એટલે કે કાર્ય અને કારણ બન્નેનો ભાવ હોય તે અન્વય, બન્નેનો અભાવ તે વ્યતિરેક, પણ કાર્ય હોય અને કારણનો અભાવ કહેવામા આવે તો તેમા અન્વય વ્યભિચાર દોષ ગણાય તેમજ કાર્યના અભાવે કારણનો ભાવ કહેવામા આવે તો તેમા વ્યતિરક વ્યભિચાર કહેવાય ભાષ્યકાર કહે છે કે આ પ્રમાણે કેટલાક ગ્રથોમા મગળાચરણ કર્યા છતા ગ્રથની સમાપ્તિ જણાતી નથી તેથી અહી શા માટે મગળાચરણ કર્યુ ? એમ જો કહેવામા આવે તો કહે છે કે મગળાચરણ સફળ જ છે કારણકે અલૌકિક અને આનદિત એવો એ શિષ્ટાચાર છે તે ઉદાહરણની પેઠે મગળાચરણની સફળતાની જિજ્ઞાસામા ફળ દેખાય છે તેમજ અદષ્ટ ફલની કલ્પના પણ છે આ પ્રમાણે જ્યા મગળાચરણ વિના પણ ગ્રથની સમાપ્તિ હોય ત્યા પૂર્વ જન્મનુ પુણ્ય ગણાય છે અને જ્યા મગળાચરણ છતા સમાપ્તિ થતી નથી ત્યા વિઘ્નનુ બળવાનપણુ ગણાય છે એટલે કે કાતો વિઘ્ન પ્રબળ હોય છે અથવા વિઘ્નની સખ્યા વધારે હોય છે આ વિષેનો વધુ વિસ્તાર ન્યાયશાસ્ત્રમા જોવો. હવે શ્લોકનુ વ્યાખ્યાન કરવામા આવે છે

ઇમારત જે પ્રમાણે મોટી કરવી હોય તે પ્રમાણે પાયો નાખવો જોઇએ

वामे यस्य स्थिता राधा श्रीश्च यस्यास्तिवक्षसि।
वृन्दावन विहारत श्री कृष्ण हृदि चिन्तये ॥ १ ॥

અર્થ—હુ જે તે મારા હૃદયને વિષે શ્રીકૃષ્ણ ભગવાનનુ ધ્યાન કરુ છુ તે શ્રીકૃષ્ણ કેવા છે તો જેના ડાબા પડખાને વિષે રાધિકાજી રહ્યા છે અને વૃદાવનને વિષે વિહારના કરનારા છે. ૧

वामे यस्य એટલે **यस्य श्री कृष्णस्य** જે શ્રી કૃષ્ણના—**वामे** એટલે ડાબીતરફ આ શબ્દની લક્ષણા કરવી એટલે કે ડાબા પડખાને વિષે એવો અર્થ કરવો વિશ્વ કોશમા વામે શબ્દનો અર્થ ડાબુ, સુદર, પ્રતીપ, પયોધરા, હરા, કામા અને નામા અને સ્ત્રી એમ પણ કર્યો છે **राधा** એટલે વૃષભા-

નુની પુત્રી, **स्थिता** અને **अस्ति** અધ્યાહાર સમજી, રહેલાછે એમસમજવું' **राधा**નો અર્થ ભક્તના કાર્યોને સાધનાર, ભક્તજનો જે વડે સિદ્ધિને પામે તેને રાધા કહીએ શ્રી બ્રહ્મ વૈવર્ત પુરાણમા શ્રી કૃષ્ણ જન્મ ખડના ૧૩ મા અધ્યાયમા ૬ શ્લોકો વડે કરીને રાધા શબ્દનો અર્થ કર્યો છે. **स्थिता** એ શબ્દનો અર્થ અહી સેવામા રહ્યા એમ કરવો એટલે કે શૃગારિક પૂજાને ઉચિત માળા ચદન આદિના પાત્રને હાથમા લઇને સેવા અર્થે રહેલા છે એવો અર્થ નીકળે છે **यस्य वक्षसि** એટલે જેના ઉર સ્થલમા **श्री** એટલે લક્ષ્મીજી રહેલા છે બહારથી તો લોકોને દેખી શકાય તેમ રાધિકાજીની પેઠે સેવામા છે **श्री** એટલે હરિનો આશ્રય કરે તે એવો અર્થ છે અભિધાન ચિતામણીમા **श्री** શબ્દનો અર્થ લક્ષ્મી, પદ્મા, રમા, કમલેન્દિ વગેરે કર્યો છે **वृदावन विहारत** એટલે તેમની સાથે વૃદાવનમા જેની લીલા થઈ છે જેમણે એવા તેમને અહીં **वृदावन** દિવ્ય એવી વ્રજની ભૂમિમા રહેલો ભાગ સમજવો, વિદ્વાનોમા માન પામેલા શ્રી વિઠ્ઠલનાથજી ગોસ્વામીએ પણ એમ કહેલુ છે ઈષ્ટદેવની પેઠે જેમનુ વર્ણન કરી શકાય એવા વૃદાવનમા વિહાર કરનારા, નરતનુ ધારણ કરેલા, પરબ્રહ્મ, ભગવાન શ્રી કૃષ્ણ તે મનુષ્ય શરીર ધરીને ભગવતી રાધિકાના જેવા લક્ષ્મીજી સાથે વૃદાવનમા હોય એ પ્રસિદ્ધ નથી કારણકે વિષ્ણુ પુરાણમા જણાવ્યુ છે, કે રામચદના સમયે તે સીતા રૂપે થયા હતા, કૃષ્ણ જન્મ વખતે રૂકિમણી થયા એમ પ્રસિદ્ધ છે અને શ્રી રૂકિમણી રૂપ એવા લક્ષ્મીજી સહીત તો દ્વારકામાજ છે પરન્તુ લોકોને ન દેખાય તેવી રીતે દિવ્યરૂપ એવા ભગવતી લક્ષ્મીજી વૃદાવનને વિષે ભગવાનની સાથે નિત્ય રહ્યા છે કેમકે તે તેમની સાથેજ છે આના પ્રમાણમા શ્રીમદ્ ભાગવતના દશમ સ્કધના ૫ મા અધ્યાયમા શ્રી શુકદેવજીનુ વચન છે કે—**तत आरभ्य-नदस्य व्रजः सर्व समृद्धिमान् हरे र्निवासात्मगुणै रमाक्रीडम भून्नृप** એટલે કે ત્યારથી આરભીને સર્વ સમૃદ્ધિવાળુ એવુ જે નંદરાજાનુ વૃદાવન તે હરિના નિવાસ વડે કરીને લક્ષ્મીને રમણ કરવાનુ સ્થળ થયુ વળી દશમ સ્કધના ૩૧ મા અધ્યાયમા ગોપીકાએ કહ્યુ છે કે **जयति ते**—એટલે કે તમારા જન્મથી વૃદાવન વધારે જય પામે છે અને અહી લક્ષ્મી સર્વથા આશ્રય કરીને રહે છે તેમજ દશમ સ્કધના અ૦ ૨૯ મા ગોપીકા કહે છે કે **दत्तामयं**—એટલે કે લક્ષ્મીજીને વક્ષમને વિષે આશ્રય આપ્યુ, ઇત્યાદિ શ્રી રાધિકાજી આ પ્રમાણે રહેલા છે તેથી તેમને મધ્યા નામની નાયિકાના લક્ષણવાળા જાણવા મુગ્ધા, મધ્યા અને પ્રગલ્ભા એમ

સ્વકીયા એટલે પતિવાળી સ્ત્રીના ત્રણ ભેદ છે જેમા લજ્જા અને મદ સમાન હોય તેને મધ્યા સ્ત્રી કહે છે પરસ્ત્રીના એ ભેદ નથી પુરાણોમા રાધાને પરોઢા તરીકે વર્ણવ્યા છે એટલે ગોપીઓની પેઠે તેમને પરકીયા કહેવા ? પરન્તુ ભાષ્યકાર કહે છે કે ના કારણકે ભગવાનને વિષે તેમની મેળે અનુરકત થવાથી ભગવાને તેમને અ ગીકાર કર્યા છે તેથી પરકીયા ન કહેવા અનુઢા સ્ત્રીનુ લક્ષણ એ છે કે તે પોતાની મેળેજ પોતાના થનાર સ્વામીમા આસક્ત થાય છે જેમકે દુષ્ય ત અને શકુન્તલા ભરતે પરકીયાના કન્યકા અને પરોઢા એવા બે ભેદ કહ્યા છે ત્યા ભાષ્યકાર કહે છે કે આમા તો ભગવાનની ઇચ્છાથી ને શ્રીદામાના શ્રાપથીજ રાધિકાજીની વાત બની છે પણ રસપુષ્ટિને માટે લૌકીક રીતે નથી પુરાણોને વિષે પરકીયા તરીકે વર્ણન હોય તો પણ વસ્તુત તે સ્વીયાજ છે એટલે અત્રે કોઈ દોષનો પ્રસગ નથી નહી તો બ્રહ્મવૈવર્ત પુરાણમા શ્રી કૃષ્ણ જન્મ ખ ડ વગેરેમા ભગવાને કરેલા રાધિકાજીના પરિણયનુ વર્ણન છે તેનો બાધ આવે ભ્રમર ગીતામા ગોપીએ પણ શ્રી કૃષ્ણને વાલીને મારનાર, બળીરાજાને છગનાર, સૂર્પણખાને વિરૂપ કરનાર તરીકે પરમાત્મા જ જણાવ્યા છે

શ્રી લક્ષ્મીજી તો રમણને અર્થ અતિશય પાસે રહ્યા છે તેથી તેમને પ્રગલ્ભા કહ્યા છે પ્રગલ્ભા સ્ત્રી એટલે પતિના વિષયસભોગના પ્રકારને વિષે પડિતા હોય તે ઉગ્રશ્રવસના મત પ્રમાણે તેવી સ્ત્રીને પતિને વિષે અનન્ય નિષ્ઠા હોય છે એ બન્ને નાયિકા આ ભગવાનની સેવામા નિરત છે અને તેમની માનની અવસ્થાનુ વર્ણન રસગ્ર થમા આપ્યુ છે તેથી અહી કર્યું નથી અને એ બે નાયિકાના અનુરજન અને ચતુરાઈ વડે કરીને ભગવાનમા દક્ષિણ નાયકનુ લક્ષણ છે એમ જાણવુ અનેક નાયિકાને વિષે જે નાયકને સરખો અનુરાગ હોય તેને દક્ષિણ નામનો નાયક જાણવો

શ્રી કૃષ્ણ સદાય આનદરૂપી પોતાના આશ્રિતોના સકળ દુ ખોને ઉખાડી નાખે તે કૃષ્ણ કહેવાય મનુષ્ય આકૃતિએ થયેલા પરબ્રહ્મ એમ સમજવુ માન સાથે નામ બોલવાને શ્રી શબ્દ પ્રથમ વપરાય છે શ્રી શબ્દ વેષ, રચના, શોભા, લક્ષ્મી, ત્રણ સપત્તિઓ, વેષના સાધન તથા મતિના અર્થે પણ આવે છે એટલે કે જેના થકી બીજી કોઈ અધિક શોભા નથી એવી શોભાવાળા શ્રી કૃષ્ણ તેને–વસુદેવના પુત્રને–વિષ્ણુને એવો અર્થ થાય છે.

અભિધાન ચિંતામણીમા ગોવિંદ, ષડબિંદુ,[1] મુકુંદ, કૃષ્ણ, વૈકુંઠ, પદ્મેશય અને પદ્મનાભ એવા પણ તેમના નામ આપેલા છે અમરકોશમા પણ કૃષ્ણ એટલે જેના પિતા વસુદેવ છે તે વિષ્ણુનારાયણ અર્થ છે સચ્ચિદાનંદ સ્વરૂપ એવા પરબ્રહ્મ તેમના કર, પાદ, મુખ, ઉદર ઈત્યાદિ જે જે અવયવો છે તે કેવળ આનંદ ઉપજાવનાર છે તેથી તેમનુજ માત્ર ધ્યાન કરવુ ઉચિત છે તેથી માટે શ્રી કૃષ્ણનુ ધ્યાન કર્યુ છે ગોપાળતાપની શ્રુતિમા પણ સચ્ચિદાનંદરૂપ અને જેનામા કલેશ નથી× એવા શ્રી કૃષ્ણને એમ છે મોક્ષ ધર્મમા અધ્યાય ૮૭ મા ગુરૂ શિષ્ય સવાદમા પણ " આ બ્રહ્મ વાર્ષ્ણેયને " કહ્યુ છે વાર્ષ્ણેય એટલે વૃષ્ણિકુળમા થયો છે અવતાર જેમણે એવા વાર્ષ્ણેયના સબંધમા વધુ વિસ્તાર વાસુદેવ માહાત્મ્યમા અધ્યાત્મ્ય નારાયણીયાખ્યાનમા જોવુ દશમસ્કંધમા ૩ જા અધ્યાયમા દેવકીજીએ ભગવાન્ પ્રત્યે કહ્યુ છે કે **रुपंयत्तत्**—આપના રૂપને અવ્યક્ત, આદ્ય, બ્રહ્મજ્યોતિ, નિર્ગુણ, નિર્વિકાર, સત્તા માત્ર, વિશેષ અલૌકિક, સત્વ, સાક્ષાદ્ વિષ્ણુ, અધ્યાત્મદીપક કહ્યુ છે ભાગવતના સપ્તમસ્કંધના ૧૦ મા અધ્યાયમા નારદે યુધિષ્ઠિર પ્રત્યે કહ્યુ છે કે **यूय नृलोके**—ગૂઢ એવા પરમાત્મા મનુષ્ય રૂપે થઈને તમારા ગૃહમા નિવાસ કરે છે એ તમારૂ મોટુ ભાગ્ય છે ભા. સપ્તમ સ્કંધ અ ૧૫ શુકદેવજી પરિક્ષિત પ્રત્યે કહે છે કે **श्रुत्वा कृष्ण परब्रह्म पार्थं परमविस्मित** અર્જુન, પરબ્રહ્મ એવા શ્રી કૃષ્ણનુ બોલવુ સાભળીને પરમ વિસ્મિત થતો હવો દશમસ્કંધમા અ ૧૬ મા બ્રહ્માએ પણ ભગવાનની સ્તુતિ કરી છે કે **अहो भाग्य**—પરમાનંદ અને પૂર્ણ બ્રહ્મ સનાતન એ જેના મિત્ર થયા છે એવા વ્રજવાસી નંદના ગોવાળીઆઓનુ મોટુ ભાગ્ય છે નામ નિરૂક્તમા પણ 'કૃષિ' શબ્દ પૃથ્વીનો વાચક અને 'ણ' ને નિર્વૃતિ વાચક કહ્યો છે એ બન્નેના ઐકયથી પર બ્રહ્મ કૃષ્ણ એવુ નામ થયાનુ કહેલુ છે શ્રી વલ્લભાચાર્યે પોતાના અણુ ભાષ્યમા પણ પોતાનો સિદ્ધાત એવોજ દર્શાવ્યો છે કે "યશોદાના ખોળામા લીલા કરનાર પરમ તત્ત્વને હુ જાણુ છુ તેને જે મૂર્ખ લોકો બીજા કહે છે તે અસુર જાણવા" ઈંદ્રને મદ ઉત્પન્ન થયો અને બહુજ વૃષ્ટિથી ગોકુળના

---

[1] ષડ્બિન્દુ એટલે કે સામુદ્રિક શાસ્ત્ર પ્રમાણે છ બિંદુઓ હોય તે

× **आक्लिष्टकारिणे** એટલે **अविद्यास्मित रागद्वेषाभिनिवेश लक्षण क्लेशपञ्च रहित भक्तजन करोति तच्छीलाय** જે ભક્તજનોના અવિદ્યા, ચોરી, રાગદ્વેષાદિ લક્ષણ વાળા પાચ પ્રકારના કલેશોનો,નાશ કરે તે.

વનમા લીલા કરનારાઓને પીડા કરી ત્યારે અમૃત ભર્યા હાસ્યની વૃષ્ટિથી જ જેમણે ગોરધન પર્વતને ધારણ કર્યો એમનેજ ઉપનિષદમાં પણ વર્ણવેલા છે ટુકામા શ્રી કૃષ્ણે વસુદેવના ગૃહને વિષે અવતાર ધારણ કર્યો તોપણ તેઓ પરિપૂર્ણ છે એમ જાણવુ ભા પ્રથમ સ્કધમા સુતપુરાણીએ શૌનકાદિપ્રતિ પણ કહ્યુ છે કે **कृष्णस्तु भगवान् स्वयम्** વળી ગોપીઓએ ભગવાનની પ્રાર્થના કરી છે તેમા શ્રી કૃષ્ણને લક્ષ્મીજીનુ પાણિગ્રહણ કરનારા એવુ વિશેષણ આપીને કરેલી છે વળી દશમ સ્કધમા અ. ૪૭ મા ભ્રમર ગીતમા ગોપીઓ શ્રી કૃષ્ણને નિર્દય હોવાનુ કહે છે તેમા પણ સકળ અવતારના અવતારી કહેલા છે —

(ગોપીઓ કહે છે કે પારાધિની પેઠે જેણે વાલીને માર્યો, સીતામા લુબ્ધ થયા, સૂર્પણખાના નાક કાન છેદી તેને વિરૂપ કરી, બળવાન્ એવા બળીરાજાને પાતાળમા ચાપ્યો એવા નિર્દયની મિત્રતાથી હવે બહુ થયુ પણ શુ કરીએ ? તેની કથા ત્યાગ કરતા બહુજ દુ ખ થાય છે)

ગીત ગોવિદમા જયદેવ કહે છે **वेदानुद्धरते**–વેદનો ઉદ્ધાર કરો છો, જગતને વહન કરો છો, પૃથ્વીનો ઉદ્ધાર કર્યો, દૈત્યને વિદારનારા, બલીનો છલ કર્યો, ક્ષત્રીનો ક્ષય કર્યો, રાવણને જીત્યો, બળદેવજીને કલેશ કરાવનાર, કરૂણા બતાવનારા અને મ્લેચ્છોને મૂર્છા પમાડનાર એટલે કે મચ્છ કચ્છાદિ અવતારો ધરનારા એવા હે કૃષ્ણ તમને નમસ્કાર હો

हृदि—એટલે હૃદયકમળને વિષે–આત્માને વિષે શ્રુતિ તેને હૃદાકાશ પણ કહે છે તે હૃદાકાશમા જે કમળ છે તેમા ભાગવતના આઠમા સ્કધના અ ૩ મા ગજેન્દ્રનુ વચન છે તેમા પણ યોગવડે શોધ કરનાર **हृदि योग विभावि ते** તથા **मुक्तात्मभि सहृदये परिभाविता** એટલે હૃદયમા ધ્યાન કરે છે એમ કહ્યુ છે **वामे यस्य** એ શ્લોકમા પહેલાજ મગણનો પ્રયોગ છે તે આ ગ્રથનો અભ્યાસ કરનારાને લાભ કરનારો છે છદ શાસ્ત્રમા કહેલુ છે કે **शुभदोमो भुमिमय** તેમજ સૌથી પ્રથમ 'વ' કાર છે તે અમૃતબીજ કહેલુ છે ભાષ્યકાર કહે છે કે પાઠાતરમા **यस्य वामे** એવુ અને હોય રગણ આદિ થાય પણ તેથી દોષ છે એવી શકા ન કરવી કારણકે 'યકાર' સૂત્રાત્મા વાસુદેવનો વાચક છે અને સૂત્રાત્માને શ્રુતિમા ઇશ્વર કહેલા છે એટલે દેવતા વાચક શબ્દ મગળરૂપ હોવાથી ગણ દોષનો ભાવ નથી **देवता वाचका शब्दाप च भद्रादि वाचका ते सर्वे व निंघा स्युर्लिपितो गणतोपि वा.** આ ગ્રથમા અનુષ્ટુપ છદ છે.

लिखामि सहजानद स्वामि सर्वान् निजाश्रितान् ।
नानादेश स्थिताञ्छिक्षापत्रीं वृत्तालयस्थित ॥ २ ॥

હુ સહજાનદસ્વામી નામનો ઉપદેષ્ટા વૃતાલયમા રહીને નાના પ્રકારના દેશમા રહેલા મારા સર્વે આશ્રિતોની શિક્ષાને માટે પત્રી લખુ છુ

लिखामि એટલે હુ લખુ છુ **वृत्तालय स्थित** એ નામના ગુજરાતમા આવેલા પુરમા રહીને **स्वामि सहजानद** સહજાનદસ્વામી નામનો હુ ઉપદેષ્ટા **नानादेश स्थितान् निजाश्रितान् प्रति शिक्षापत्रीं** વૃત્તાલયમા એમ કહ્યુ તે એવુ સુચવે છે કે અમારો વાસ એક સ્થાનમા છે

सहज એટલે સ્વભાવથીજ સિદ્ધ, બીજાની પેઠે સાધન કરીને સાધેલુ નહી અથવા કૃત્રિમ નહી એવો જે **आनद** આનદ રૂપ છે તે **सहजानद** અથવા બીજો અર્થ જ્ઞાનના બળથી સુખદુખ રૂપી દ્વદ્વોને સહન કરે તે સહા એટલે સાધુઓ ક્ષમાસાર જન્મ પામે તે જન–**जा** સહજા સાધુજનો તેમને આનદયતિ આનદ પમાડે તે સહજાનદ

स्वामि એ શબ્દ અતિશય ઐશ્વર્યનો વાચક છે પોતાના આશ્રિત જનોની ઉક્તિ સ્વામિ શબ્દથી છે બ્રહદ્ વિષ્ણુપુરાણમા કહ્યુ છે કે **एक एव हरि स्स्वामि शब्द वाच्यो स्ति सर्वथा, अन्यस्तु तपाद्गुत्प्राप्त गुण योगात्तथोच्यते**-એટલે હરિ એજ સ્વામી શબ્દથી કહેવા યોગ્ય છે બીજા તો તેમનાથી પ્રાપ્ત થયેલા ગુણના યોગથી સ્વામિ કહેવાય છે **निजाश्रितान्** એવુ જે પદ છે તેનો અર્થ એ કે જે આશ્રિતો છે તેમનો, આ શિક્ષાપત્રીનો સ્વીકાર કરવામા મુખ્ય અધિકાર છે પણ તેથી બીજાઓનો અધિકાર નથી એમ કહેવાનો આશય નથી **सर्वजनेभ्य हित सर्व जनोनं** સર્વેને હિત થાય **तस्य भाव सर्व जनीनत्वात्** સર્વનુ હિત થાય તેવા ભાવને લીધે શિક્ષાપત્રી એવો ભાવ છે વળી **सर्व जोव हितावह** એટલે કે સર્વે જીવના હિતની કરનારી એવુ વિશેષણ પણ મુકયુ છે

नाना देशस्थितान् એટલે કે નાના પ્રકારના દેશમા રહેલા–આથી શિષ્યો ઘણા હતા એવુ બતાવે છે તેમજ તેમનો પ્રતાપ સર્વત્ર વ્યાપેલો હતો તે દર્શાવે છે **स्थितान्** નો ભાવ એવો છે કે શિષ્યોને ભગવાનમા બહુ ભાવ છે અને ગૃહાદિને વિષે વિરક્તિ એટલે વૈરાગ્ય હોઇ અતિથિની પેઠે વર્તે છે એવા

शिक्षापत्रि शिक्षण એટલે શિક્ષા–હિતનો ઉપદેશ. **पतति** એટલે અન્ય સ્થાનમા જાય છે પોતાનો અભિપ્રાય જે સાધનથી અન્ય દેશોમા જાય તે **पत्री** કહેવાય આમ **शिक्षापत्री** શબ્દ બન્યો તેનો સમાસ **शिक्षार्थापत्री** જે પત્રી શિક્ષાને અર્થે લખાઇ હોય તે એવો અર્થ થયો હવે સસ્કૃતમા આનો સમાસ કરવા માટે મધ્યમપદનો લોપ થાય છે એ પ્રમાણે જે **अर्था** પદ છે તેનો લોપ થયો એટલે **शिक्षापत्री** શબ્દ થયો આ વાકયમા **लिखामि** એ ક્રિયાપદનો કર્તા હુ તે અધ્યાહાર છે

હવે શિક્ષા આપવા યોગ્ય જે પોતાના આશ્રિતો તેમનો ત્રણ શ્લોક વડે કરીને નિર્દેશ કરીને પ્રથમ પોતે પોતાના સકળ આશ્રિતોના ગુરૂપણા વિષે સ્થાપેલા બે ભાઇના પુત્રોના નામોનો ઉલ્લેખ કરે છે

भ्रात्रोराम प्रतापे च्छारामयो धर्म जन्मनो
याव योध्याप्रसादाख्य रघुवीरा भिधौ सुतौ

ધર્મદેવ થકી જન્મ પામેલા ભાઈ રામપ્રતાપ અને ઇચ્છારામ તેમના બે પુત્રો નામે જે અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી

धर्म जन्मनो ધર્મ થકી છે જન્મ જેમનો–ધર્મનો અવતાર જે હરિપ્રસાદ તે નામના બ્રાહ્મણને ત્યા જેમનો જન્મ થયો છે તે રામપ્રતાપજી મોટા ભાઇ છે તેથી તેમનુ નામ પ્રથમ મૂકયુ છે જુઓ **भ्रातुर्ज्यायस-इति पुर्व निपात** ભ્રાતૃ શબ્દ એકજ માતાને પેટ અવતરેલા હોય તે માટે વપરાય છે આ ભ્રાતો પદથી માત્ર માતા એક છે એટલુ જ સમજવુ બસ નથી પરન્તુ પિતા (ધર્મદેવ) પણ એકજ છે એમ જાણવુ **यौ** જે **अयोध्याप्रसादाख्य** અયોધ્યાપ્રસાદ છે નામ જેનુ તથા **रघुवीराभिधा** રઘુવીર છે નામ જેનુ એવા બે પુત્રો છે એટલુ ક્રિયાપદ અધ્યાહાર છે વળી બે નામની પછી જે પદ આવે તે બન્ને નામોને લાગુ પડે છે તેથી **अभिधा** એટલે નામ શબ્દ અયોધ્યાપ્રસાદ તથા રઘુવીરને પણ લાગુ પડે છે તોપણ બન્નેમા નામ વાચક શબ્દો આવ્યા છે તેનુ કારણકે ભાઇઓને પુત્રો વિશેષ હોય તેમાથી એકેક પુત્રનુ નામ જુદુ બતાવવાનો હેતુ છે તેમજ સ્પષ્ટતા બતાવવાની છે વળી એ બન્નેના દેશ વિભાગ જુદા પાડી તે અને પોતાના આશ્રિતોના ગુરૂપણામા સ્થાપન કર્યાનુ પણ જાણવુ **यौ** એટલે જે શબ્દ મુકયા છે તેનો અર્થ કે જે બધાએ મારી આશિષ વાચવી એવો ચોથા શ્લોક સાથે અન્વય લેવાનો છે

मुकुदानद मुख्याश्च नैष्ठिका ब्रह्मचारिण
गृहस्थाश्च मयागम भट्टाद्या ये मदाश्रया

મુકુદાનદ છે મુખ્ય જેમા એવા નૈષ્ઠિક વ્રત પાળનાર બ્રહ્મચારિઓ તથા મયારામ ભટ્ટ આદિક ગૃહસ્થો એ જે મારા આશ્રિતો

मुकुदानद मुख्य येषा ते મુકુદાનદ જેમા મુખ્ય છે તેવા **नैष्ठिका** એટલે નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળનારા યાજ્ઞવલ્ક્ય ઋષિએ લખેલા આચારાધ્યાય ઉપર જે મીતાક્ષરા ટીકા છે તેમા આ શબ્દની વ્યુત્પત્તિ નીચે પ્રમાણે કરી છે **निष्ठामत नयतीति नैष्ठिका** એટલે નિષ્ઠાને અત સુધી ગણે તે એટલે કે જન્મથીજ ઉદ્ધરેતમ્ (જેનુ વીર્ય સ્ખલીત થતુ નથી) હોય તે એવા અર્થ છે **निष्ठा** શબ્દનો અર્થ ઉત્કર્ષ તેમજ અવસ્થા એવો છે **ब्रह्मचारिण** એટલે બ્રહ્મચારીઓ **ब्रह्मवेद तपोज्ञान वा चरतिअर्ज्जयत्य वश्यमिति** એટલે કે બ્રહ્મને જાણનાર અથવા તપ અને જ્ઞાનને આચરનાર તે બ્રહ્મચારી કહેવાય પ્રથમ આશ્રમી પણ કહેવાય છે વળી એમ પણ કહ્યુ છે કે જેઓ કર્મ, મન અને વાણી એ ત્રણ વડે કરીને સર્વ અવસ્થાને વિષે સર્વદા બ્રહ્મચર્ય પાળે તેમને પણ બ્રહ્મચારી કહ્યા છે હવે ભાષ્યકાર કહે છે કે આ કલિયુગમા લાબો વખત બ્રહ્મચર્ય પાળવાની ના પાડી છે તો નૈષ્ઠિકવ્રત શા માટે કહ્યુ એમ કોઈ શકા કરે તો તે શકા નકામી છે કારણ કે એ નિષેધમા ભગવાનના ભક્તનો આશ્રય નહી હોવાથીજ બ્રહ્મચર્ય પાળવાને પુરૂષો અશક્ત થાય છે એવા અશક્ત પુરૂષને સ્ત્રીના દર્શન માત્રથી બ્રહ્મચર્યથી ચ્યુત થવાનો સભવ છે

योषितो न कथा श्रव्या न निरीक्ष्या निरतरम् ।
कथचि दर्शनादासा दुर्बलाऽऽविशोद्रज ॥

સ્ત્રીની કથા સાભળવી નહી કે તેને દૃષ્ટિ માડીને જોવી નહી કારણ દુર્બળ પુરૂષોને કવચિત્ તેના દર્શનથીજ કામની ઉત્પત્તિ થાય છે એટલે દુર્બળ શબ્દને ઉપાદાન કારણ તરીકે જણાવ્યો છે જે ભક્ત ઉપર સદ્ગુરૂની કૃપા થઇ તેને ધીરજ આવી હોય તેને કામાદિક વડે પરાભવ થવાની શકા રહેતી નથી શ્રીમદ્ભાગવતના પ્રથમ સ્કધના ૧૧ અધ્યાયમા શ્રી રોમહર્ષણે શૌનક પ્રતિ કહેલુ છે કે ધીરજવાન નથી ડરે એવા અને અજ્ઞાનીઓમા શૂરવીર એવો એ કામ શુ કરે ? એ કામ તો અસાવધાન એવા મનુષ્યોમાજ સાવધાન થકી વર્તે છે ભાગવ-

ત્ના એકાદશ સ્કંધમા ભગવાન્ પ્રત્યે ઉદ્ધવજીએ કહેલુ છે કે વિષયી જીવાને કામનો ત્યાગ કરવો તે અતિ દુષ્કર છે પણ હે સર્વાત્મન્! જેઓને તમારે વિષે ભક્તિ નથી તેમને તો તેનો ત્યાગ અતિશય દુષ્કર છે ભક્તજનોની કામ વાસના ભક્તિવડેજ નાશ પામે છે શ્રી ભાગવત્ના એકાદશ સ્કંધના ૨૦ મા અધ્યાયમા શ્રી કૃષ્ણ ભગવાને ઉદ્ધવજી પ્રત્યે કહેલુ છે કે **प्रोक्तेन भक्तियोगेन भजतो माऽसकृन्मुने । कामा हृदय्या नश्यन्ति सर्वे मयि हृदि स्थिते** એટલે કે આગળ કહેલા ભક્તિયોગથી વારંવાર મને ભજતા અને મારામાજ ચિત્ત રાખનારા મુનિના હૃદયમાથી કામ નાશ પામી જાય છે તેજ પ્રકારે નૈષ્ઠિક ભક્તોનુ રક્ષણ પણ ભગવાનના પાર્ષદો સર્વ તરફથી કરે છે તેને અંદરના કે બહારના શત્રુનો ભય રહેતો નથી આ વિષે ભાગવત્ના ષષ્ઠ સ્કંધના ૩ જા અધ્યાયમા યમરાજાએ પોતાના દૂતોપ્રતિ કહેલુ છે કે **भूतानि विष्णोः सुर पूजितानि दुर्दर्शलिंगानि महाद्भुतानि । रक्षन्ति तद्भक्तिमतः परेभ्यो मत्तश्च मर्त्यानथ सर्वतश्च** એટલે કે દેવતાઓએ પૂજા કરેલા અને મનુષ્યોથી ઓળખાય નહી તેવા ચિન્હવાળા તથા મહા આશ્ચર્યકારક એવા ભગવાનના પાર્ષદોની, શત્રુઓથી મારાથી અને સર્વથી મારા દૂતો રક્ષા કરે છે ભાગવતના ૪ થા સ્કંધના ૨૦ મા અધ્યાયમા ભગવાને પૃથુ રાજા પ્રતિ કહ્યુ છે કે મારે વિષે સુહૃદ્ બુદ્ધિ રાખનારા ભક્તો વિનાશ પામતા નથી જેઓ ભગવાનના આશ્રય વિનાના છે અને માત્ર નૈષ્ઠિક વ્રતનોજ આશ્રય કરનારા છે તેમને તો અંતર શત્રુઓના ભયથી નિવૃત્તિ અને પોતાના વ્રતનુ રક્ષણ એ બહુ કઠિણ છે કદાચ એક ભય નિવૃત્ત થાય તો બીજો રહે છે ભાગવત્ના એકાદશ સ્કંધના ૪ થા અધ્યાયમા શ્રી નરનારાયણદેવ પ્રત્યે કામાદિક-ઇંદ્રિયોના દેવોએ કહેલુ છે કે ભૂખ, તરસ, ભૂત ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળના ગુણો, વાયુના ગુણો, જીભના દોષ, અને શિશ્નના દોષ, એ રૂપી અમે જે અપાર સાગર જેવા છીએ તેમને તર્યા પછી પણ ક્રોધ પામેલો માણસ ડુબે છે જેમ સમુદ્ર તર્યા પછી ગાયના પગલામા ડુબે તેમ તેનુ કઠિણ એવુ તપ નાશ પામે છે (મદન રત્નમા કહ્યુ છે કે **दानव्रतानिनियमा ज्ञान ध्यान हुत जप यत्नेनापि कृतं सर्वं क्रोधितस्य वृथा भवेत्** એટલે કે દાન, વ્રત, નિયમ, જ્ઞાન, ધ્યાન તથા તપ યત્નવડે કરીને કરેલા હોય તો પણ ક્રોધવાળા મનુષ્યના તે વ્યર્થ થાય છે) ભાગવત્ના ચતુર્થ સ્કંધના ૨૨ મા અધ્યાયમા સનકાદિકોએ પૃથુરાજા પ્રત્યે કહ્યુ છે કે જેઓની પાસે ભગવાનના આશ્રયરૂપી

નાર નથી તેમને આ સસાર સાગર તરતા મોટુ કષ્ટ થાય છે ભાષ્યકાર કહે છે કે આથી જણાશે કે શ્રી કૃષ્ણની ભક્તિના બળવાળાઓને કળિયુગમા પણ નૈષ્ઠિક બ્રહ્મચર્યમા બાધો આવતો નથી નૈષ્ઠિક પદથી એમ સમજવુ કે જેનો અવધિ નહી એવુ બ્રહ્મચર્ય—પ્રથમ આશ્રમવાળા બ્રહ્મચારીઓ એટલે ઉપકૂર્વાણકો—જેઓ અમુક અવધિ સુધીજ બ્રહ્મચર્ય રાખે તેમને ઉપકૂર્વાણક કહેવાય

मदाश्रया એટલે મારા આશ્રિતો—કાઠિયાવાડ દેશમા રહેતા મયારામાદિક ગૃહસ્થાશ્રમી આશ્રિતો આ પદનો સબધ નૈષ્ઠિક બ્રહ્મચારીઓ અને મયારામાદિક ગૃહસ્થ સત્સગીઓ સાથે પણ લેવો ગૃહસ્થાશ્રમી એટલે એમ સમજવુ કે સ્ત્રી છોકરાઓ સાથે માત્ર નિમિત્તે કરીનેજ રહેનારા દ્વિતીય આશ્રમવાળાઓ અમર કોષમા ગૃહ શબ્દનો અર્થ દારા, સહધર્માચારિણી, પત્ની, જાયા, ગૃહિણી એવો છે આ ગૃહ શબ્દ નારીજાતિનો અને સ્ત્રી વાચક છે સ્મૃતિમા પણ ગૃહસ્થને દારાવાળો—સ્ત્રીવાળો કહેલો છે વૈયાકરણો પણ કહે છે કે ગૌરમુખ, સપ્તપર્ણ કુભકાર અને ગૃહસ્થઆદિ શબ્દો યોગરૂઢ છે ભાષ્યકાર કહે છે કે અહી બ્રહ્મચારીને ગૃહસ્થની પહેલા મુકયા છે માટે જો બ્રહ્મચારી થઈને કોઈ શાસ્ત્રની મર્યાદાનુ ઉલઘન કરે તો તેને પાપાચરણનુ પ્રાયશ્ચિત્ત બેવડુ કરવાનુ છે તેમજ હવે કહેવામા આવનારા ધર્મની શિક્ષાના વાકયો તેમણે તુરતજ ધારણ કરી લેવાના છે અગિરામુનિ કહે છે કે બ્રહ્મસ્થિતિને પામ્યા અગાઉ, જો કોઈ બ્રહ્મચારી ગૃહસ્થના જેવુ પાપ કરે । તેણે શૌચની પેઠેજ શરીરનુ શોધન કરવુ શૌચ એટલે શુ તે માટે મનુ ભગવાન કહે છે કે **एतच्छौच गृहस्थाना द्विगुण ब्रह्मचारिणाम् । त्रिगुण तु वनस्थाना यतीनाच चतुर्गुणम् ॥** એટલે કે ગૃહસ્થને જે શુદ્ધિકરણ કરવાનુ તેથી બ્રહ્મચારીઓને બમણુ, વનમા રહેનારને ત્રણગણુ અને યતિઓને ચાર ગણુ કરવાનુ જેમને બ્રહ્મનો સાક્ષાત્કાર હોવાથી દેહનુ ભાન રહેતુ નથી તેમને એ નિયમ લાગુ પડતો નથી નૈષ્ઠિક બ્રહ્મચારીઓનો નિર્દેશ, ઉપકુર્વાણકોના કરતા પ્રથમ છે પણ શાસ્ત્રીય મર્યાદાના ઉલ્લઘનમા નૈષ્ઠિકોને બમણુ પ્રાયશ્ચિત્ત કરવાનુ શાસ્ત્રમા વિધાન છે આ પ્રાયશ્ચિત કહેવાનુ કારણકે ઉપદેશ તુરત ગ્રહણ થાય હારિત કહે છે કે **उपकुर्वाणस्तु यत्कुर्यात्कामतोऽ कामतो पि वा । तदेव द्विगुण कुर्याद् ब्रह्मचारी तु नैष्ठिक ॥** એટલે કે જે પાપ ઉપકુર્વાણ- (અવધિ સુધી બ્રહ્મચર્ય પાળનાર) કરે તે પાપ જો નૈષ્ઠિક બ્રહ્મચારીના હાથે ઇચ્છાથી

ક અનિચ્છાથી થાય તો પણ તેણે સમાપ્ત પાયશ્ચિત્ત કરવું તેજ પ્રમાણે ગૃહસ્થોમા પણ બ્રાહ્મણનુ નામ પ્રથમ મુકયુ છે તેનુ કારણ પણ તેમને બમણુ પ્રાયશ્ચિત્ત કરવાનુ છે તે છે એમા વિષ્ણુ સ્મૃતિનુ પ્રમાણ છે કે **विप्रेतु सकलदेय पादोन क्षत्रिये स्मृतम् । वैश्येऽर्द्धं पादशेषस्तु शुद्र जातिषु शस्यते** બ્રાહ્મણોએ આખુ પ્રાયશ્ચિત્ત કરવુ ક્ષત્રિઓએ પોણા ભાગનુ વૈશ્યોએ અડધુ અને શુદ્રોએ પાભાગનુ પ્રાયશ્ચિત્ત કરવુ હવ બ્રાહ્મણને પ્રાયશ્ચિત્ત આપનારી પરિષદ ક્ષત્રીઓ માટે બમણી, વૈશ્યોને માટે ત્રણ ગણી જાણવી, આ જે અગિરા મુનિનુ વચન છે તેનો પ્રતિલોમપણે જે ચાર સાહસાદિ પાપો (પરસ્ત્રીનુ હરણ, મનુષ્યહિંસા, વાણીની કઠોરતા અને કઠોરદડ) માટે છે

અહિ મારા આશ્રિતો એમ કહેલુ છે તે વડે કરીને પોતાના શિષ્યોની પ્રેરણા નથી છતા પણ પોતે શિક્ષાપત્રી લખવાનો નિર્દેશ કર્યો છે તેમા નિર્દોષપણ આવે છે ધર્મશતકમા કહેલુ છે કે શિષ્યને તેના હિતની વાત હોય તે કોઇની પ્રેરણા વિના પણ કહે તે ગુરૂ અતિ દયાળુ કહેલા છે શ્રી શકરાચાર્ય પ્રશ્નોત્તર રત્નમાળામા પણ કહ્યુ છે કે

को गुरु रधिगततत्त्व शिष्य हितायोद्यत सततम् ॥

ગુરૂ કોણ ? તો કે જે તત્ત્વને જાણતો હોય અને હમેશા પોતાના શિષ્યના કલ્યાણમા ઉદ્યોગ કરતો હોય તે

सधवा विधवा योषायाश्चमच्छिष्यता गता
मुक्तानदादयो येस्यु साधवश्चाखिला अपि

મારી આશ્રિત એવી જે સધવા તથા વિધવા સ્ત્રીઓ અને મુક્તાનદ આદિ જે સર્વે સાધુઓ તે પણ

मच्छिष्यतागता એટલે મારા શિષ્યપણાને પામેલી મારી આશ્રિત મારી આજ્ઞા વડે કરીને સચ્છાસ્ત્રોમા કહેલા જે પતિવ્રતાના ધર્મો તેમા લીન શ્રી કૃષ્ણને ભજતી એવો અર્થ કરવો સધવા એટલે કે જેનો પતિ જીવતો હોય તે ભરથાર–પતિવાળી **धव** શબ્દનો અર્થ અમર કોશ પ્રમાણે પ્રિય, પતિ અને ભર્તા એવો થાય છે અને **स** એ **सह**નુ રૂપ છે એટલે કે સાથે એવો અર્થ છે **विधवा** એટલે જેનો પતિ મૃત થયો હોય તે સ્ત્રીઓ

આવી બન્ને પ્રકારની સ્ત્રીઓને વિષે જેમ બ્રહ્મચારીઓ,મા એક

નૈષ્ઠિક શબ્દથી સર્વ જાતનો સમાવેશ કર્યો છે તેમ, સર્વ જાતની સ્ત્રીઓ કહેલી છે તેનુ કારણ કે આગળ કહેવાશે તેમ તેમની પરતંત્રતા છે અને તેમના પ્રાધાન્યનો અભાવ છે તેથી તેથીજ ગૃહસ્થ પુરુષોની પછી તેમનો નિર્દેશ કર્યો છે એમ જાણવુ

मुक्तानदाद्ययोये મુક્તાનંદ છે આદિ જેમા એવા સર્વ સાધુઓ પણ જે હોય તેમણે.

साधव એટલે સાધુઓ **साधयति वा धर्मं परकाय वा** પારકાના કાર્યને અથવા ધર્મને સાધે તે સાધુ અથવા મુનિ કહેવાય. હેમના શબ્દકોષમા સાધુ શબ્દના જન, મુનિ, નાણાવટી, સજ્જન, રમ્ય એવા અર્થ કરેલા છે સાધુના લક્ષણો શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કધના ૧૧ મા અધ્યાયમા શ્રી ઉદ્ધવના પ્રશ્નના ઉત્તરમા ભગવાન્ શ્રી કૃષ્ણે કહેલા છે કૃપાળુ એટલે કે પારકાના દુ ખને સહન ન કરે તે, કોઇપણ મનુષ્યને કદી પણ ન દુભાવનાર, તિતિક્ષુ એટલે ક્ષમાવાન , સત્યસાર એટલે કે સ્થિર અથવા બળવાન્, અનવદ્યાત્મા એટલે કે અસૂયાથી રહિત, સમ એટલે સુખ અને દુ ખ સમ છે જેમને, સર્વોપકારક એટલે કે યથાશક્તિ બધાનો ઉપકાર કરનાર, કામથી જેનુ ચિત્ત ક્ષોભ પામ્યુ નથી તેવો, દાંત એટને જેની કર્મેન્દ્રિયો નિયમમા છે તે, મૃદુ એટને જેનુ ચિત્ત કઠોર ન હોય તે, શુચિ એટલે પવિત્ર આચારવાળો, અકિંચન એટને કે ધન વગેરેનુ દાન નહિ લેનારો, અનીહ એટને શાસ્ત્રથી વિરૂદ્ધની ક્રિયા નહી કરનારો, મિત ભુક્ યથાયોગ્ય આહાર કરનારો, શાંત એટને અંત કરણને નિયમમા રાખનાર, સ્થિર એટલે વર્ણાશ્રમના ધર્મમા દૃઢ, મચ્છરણ એટલે કે માત્ર મારાજ આશ્રય વાળો, મુનિ એટલે મનન કરવાનાજ વ્રતવાળો, અપ્રમત્ત એટલે પોતાના ધર્મમા સાવધાન, ગભીરાત્મા એટને નિર્વિકાર, ધૃતિમાન્ એટને વિપત્તિમા પણ ડગે નહી તેવો, જીતષડગુણ એટલે ભૂખ, તરસ, શોક મોહ અને વૃદ્ધાવસ્થા તથા મૃત્યુ એ ૭ ઉર્મિઓને જીતનાર, અમાની એટલે માનનો આકાક્ષી નહી એવા, માનદ એટને બીજાને માન આપનાર, કલ્પ એટલે પારકાને બોધ આપવામા ચતુર, મૈત્ર એટલે કે ઠગે નહી તેવા, કારુણિક એટલે લોભથી નહી પણ દયાથી જ વર્તનાર, કવિ એટલે સારી રીતે જ્ઞાન પામેનો એ પ્રમાણે ૨૮ લક્ષણો સાધુના કહ્યા છે ભાગ તૃતીય સ્કધના ૨૫ મા અધ્યાયમા શ્રી કપિલદેવે પોતાની માતા પ્રત્યે કહેલુ છે કે ક્ષમાવાન, દયાળુ, અને સર્વ પ્રાણિ માત્રના મિત્ર, જેને કોઇ શત્રુ

નથી એવા અજાત શત્રુ, શાંત હોય એવા સાધુઓ સાધુઓમાં ભૂષણ જેવા છે હવે ભાષ્યકાર કહે છે કે અહી સાધુઓને સર્વેને છેલ્લે મુકયા છે તેનુ કારણ એ છે કે તેમના સ્વધર્મમા વિક્ષેપ આપવાનુ કારણ જે વ્યવહાર કાર્ય તેનો સંગ નહી હોવાથી મુખ્યત્વે કરીને તેઓનુ ધર્મમા રહેવાનુ નિશ્ચય જ છે એમ જાણવુ. તેમનામા જ્ઞાન વૈરાગ્યનુ બળ અતિશય હોવાથી કોઇ પણ વખત પોતાના ધર્માચારમાં અનાદર ન થાય માટે સર્વે સાધુઓ એમ સર્વનુ વિશેષણ મુકયુ છે એટલે કે જીવનમુક્ત હોય તેમને પણ દેહની સ્મૃતિ હોય ત્યાં સુધી સદાચારનુ પાલન અવશ્ય કરવુ એવો ભાવ છે

स्वधर्म रक्षिकामेतै· सर्वैर्वाच्या सदाशिष·
श्रीमन्नारायण स्मृत्या सहिता शास्त्रसंमताः

સ્વધર્મમા રહેલા એ સર્વેએ શાસ્ત્રસંમત એવા, અને નારાયણ સ્મરણ સાથે અમારા રૂડા આશિર્વાદ વાચવા. **तै** એ શબ્દનો અર્થ અયોધ્યાપ્રસાદ વગેરે મારા સર્વે આશ્રિત તેમણે, એવો કરવો **मे** એટલે મારી–મે કહેલી **श्री नारायण स्मृत्या सहिता** જેમની પાસે લક્ષ્મી અગર રાધિકાજી હમેશા રહેલા છે તે શ્રીવાળા એવા શ્રી નારાયણ. 'નારાયણ'નો અર્થ એવો છે કે નરના એટલે વસુદેવના અથવા નંદરાજાના પુત્રથી પ્રસિદ્ધ એવા નારાયણ શ્રી કૃષ્ણ અહી શ્રી શબ્દ મુકીને નારાયણ શબ્દની શક્તિ શ્રી કૃષ્ણને વિષે યોજી છે. એ શ્રી કૃષ્ણની સ્મૃતિ એટલે સ્મરણ સાથે એટલે પહેલા સ્મરણ કરીને તેમજ શ્રીમદ્ભગવદ્ ગીતા વગેરે શાસ્ત્રોમા પ્રમાણરૂપ એવી આશિષ વાચવી તે શાસ્ત્રોમા પણ મુખ્યત્વે કરીને ધર્મના રક્ષણનુ જ સ્થાપન છે એ પ્રસિદ્ધ છે વળી સ્મૃતિમા કહેલુ છે કે આ લોકને વિષે સર્વે જીવ પ્રાણી માત્ર તે સુખની જ ઇચ્છા છે અને તે સુખનુ મૂળ ધર્મ કહેલો છે માટે તે ધર્મનુ યત્નવડે કરીને રક્ષણ કરવુ સ્વધર્મનુ રક્ષણ એજ સર્વે સુખોનુ મૂળ છે એવા પ્રતિપાદનથી તે શાસ્ત્રો સપ્રમાણ છે એવો અર્થ છે સ્વધર્મરક્ષિકા એટલે પોતાના ધર્મની રક્ષા માટે ચિંતા રાખનારા સ્વધર્મનુ રક્ષણ કરે તે **रक्षिका** કહેવાય અને **स्वधर्मस्य रक्षिका** થી **स्वधर्मरक्षिका**. એવો ષષ્ઠી સમાસ થયો છે —

सदा शिष રૂડા આશિર્વાદ -

वाच्या વાચવા, આ પ્રમાણે પત્રિ લખવામા શિષ્ટ પુરૂષોને આ

ચારની રીતિ કહેલી છે અથવા સદા સર્વ કાળને વિષે નિરંતર સ્વધર્મની રક્ષણ કરનારાઓએ આશિર્વાદ વાચવા એવો અન્વય લેવો મતલબ કે **'सदा'** શબ્દ કા તો આશિષની સાથે અગર તો ક્રિયાવિશેષણ તરીકે ક્રિયાપદની સાથે લેવો તેમા બાધ નથી

एकाग्रेणैव मनसा पत्रीलेख सहेतुक
अवधार्योयमखिलै सर्व जीव हितावह (૭)

સર્વ જીવોના હિતને કરનારો અને હેતુપૂર્વકનો આ જે શિક્ષાપત્રીનો લેખ તે સમગ્ર એવા મારા આશ્રિતજનો તેમણે એકાગ્ર મનવડે કરીને જ ધારણ કરવો

एकाग्र એટલે અનાકુલ, અવ્યગ્ર, અનાસક્ત અને આકુલ એવો અર્થ અમરકોષમા છે તેથી બીજે વ્યગ્ર મન હોય તે વડે કરીને અવધારણ કરવુ તે અવધારણ નથી. શ્રુતિમા કહ્યુ છે કે બીજે મન હતુ માટે ન દીઠુ, બીજે મન હતુ તેથી ન સાભળ્યુ આ ઉપરથી એમ જણાય છે કે મન સહિત જે જુએ છે અને મન સહિત સાભળે છે તેજ દીઠુ અને સાભળ્યુ ગણવુ

हितावह એટલે સર્વ જીવોના કલ્યાણને વહન કરનારી

सहेतुक એટલે બીજા શ્લોકવડે જે કારણ કહેવામા આવશે તે કારણવાળી

पत्रीलेख એવો શબ્દ છે તેમા કોઈ એવી શકા કરે કે નામાવલી આદિક શબ્દકોષમા પત્ર, પત્રા, પત્રિકા, વર્ણદૂત, સ્વસ્તિ મુખ, લેખ, વગેરે શબ્દો એકજ અર્થવાળા છે એમ કહેલુ છે તેથી **पत्री** અને **लेख** એ બન્ને શબ્દો મુકવાથી પુનરૂક્તિ દોષ આવે છે તો ભાષ્યકાર કહે છે કે ના, કારણકે અહી **लेख** શબ્દ ભાવના અર્થમાં વપરાયો છે તેથી **पत्र्या लेख** એમ છઠ્ઠી વિભક્તિથી થતો તત્પુરુષ સમાસ થયો છે હેમના શબ્દકોષમા **लेख** શબ્દના અર્થ લેખ્ય, દૈવત વગેરે આપેલા છે.

ये पालयति मनुजा सच्छास्त्र प्रतिपादितान्
सदाचारान्सदा तेऽत्र परत्र च महासुखा (૮)

જે મનુષ્યો સચ્છાસ્ત્રોમા કહેલા સદાચાર સદાય પાલે છે તે આ લોક તથા પરલોકમા મહાસુખી થાય છે

ये मनुजा જે મનુષ્યો.

सच्छास्त्रप्रतिपादितान् એટલે કે ઈશ્વર છે એવુ પ્રતિપાદન કરનારા શાસ્ત્રોમા જે કહેલા હોય તે શાસન-શિક્ષા આપે તે શાસ્ત્ર વેદ. તથા તેના અર્થને પ્રકાશ કરનારા સ્મૃતિ પુરાણાદિ જે આસ્તિક ગ્રંથો તેમા કહેલા પોતપોતાના વર્ણાશ્રમના અધિકાર પ્રમાણે આચરવા માટે ઉપદેશને કરેલા **શાસ્ત્ર** એ ગ્રંથના નિઃશમા વપરાય છે એવા સદાચાર જે નિરતર પાળે છે તે આલોક તથા પરલોકમા મહાસુખી થાય છે એટલે કે મોટુ જે બ્રહ્માદિનુ સુખ તેથી પણ અધિક સુખ તેમને પ્રાપ્ત થાય છે એમ સમજવુ

सदाचार શબ્દનો અર્થ સારા-શાસ્ત્ર તથા લોકાચારથી વિરુદ્ધ ન હોય તેવા આચાર એમ કરવો અથવા તો સત્પુરુષોના જે આચાર એવે કરવો (મનુસ્મૃતિના બીજા અધ્યાયના ૬ઠા શ્લોકમા કહ્યુ છે કે **वेदोखिलो धर्ममूल स्मृतिशीले च तद्विदाम । आचार श्चैव साधनामात्म नस्तुष्टि रेवच** એટલે કે વેદ એ સકળ ધર્મનુ મૂળ છે

મોક્ષ ધર્મના ૮૭ મામા કહ્યુ છે કે સત્પુરુષના આચાર તે ધર્મ કહેવાય અને જે આચાર પાળે તે સત્પુરુષો કહેવાય શ્રુતિ સ્મૃતિમા જે અનેક પ્રકારના ધર્મો કહેલા છે તેમા દેશકાલાદિકના વિષમપણાને લીધે મોટા પુરુષોના આચારને જ મુખ્યત્વે કરીને નિર્ણયરૂપ માનેલો છે તેજ પ્રમાણે મહાભારતમા ધર્મરાજાનુ વચન છે **तर्कोऽप्रतिष्ठ श्रुतयोविभिन्ना नैकोमुनिर्यस्य मत प्रमाणम् । धर्मस्य तत्वनिहित गुहाया महाजनो येन गत स पथा.** તર્કની પ્રતિષ્ઠા નથી, શ્રુતિઓ પણ જુદા જુદા અર્થ કરે છે અને એવા મુનિ પણ એક નથી કે જેના મતને પ્રમાણરૂપ ગણી શકાય. ધર્મનુ તત્ત્વ અતિ ગહન છે માટે જે માર્ગે મોટા પુરૂષો ચાલ્યા હોય તે જ ખરો માર્ગ છે તર્ક એટલે પોતાની બુદ્ધિ અનુસાર ઉપજાવી કાઢેલો અર્થ તેની પ્રતિષ્ઠા નથી હોતી કારણકે તેનો એકજ નિર્ણય હોતો નથી અથવા નિર્ણયરહિત હોય છે. તેનજ શ્રુતિઓ પણ પરસ્પર વિરૂદ્ધ અર્થને પ્રતિપાદન કરનારી છે શ્રુતિઓ તથા સ્મૃતિઓના અર્થનુ, ભાષ્યાદિકથી વ્યાખ્યાન કરનારા મુનિઓ પણ એક નથી પરન્તુ અનેક છે એટલે સૌ પોતપોતાની રૂચિ પ્રમાણે પરસ્પર વિરૂદ્ધ અર્થને કહેનારા છે મહાજન એટલે મોટા પુરૂષો વિષ્ણુ ધર્મોત્તરમા સત્પુરૂષોનુ લક્ષણ એવુ કહ્યુ છે કે આસ્તિક, વેદશાસ્ત્રના અર્થના જાણનારા, આપત્તિમા પણ સ્વધર્મનો ત્યાગ નહિ કરનારા, હરિના

દઢભક્ત, હોય તેમને મોટા પુરૂષ કહેલા છે, તેથી જ શ્રીમતી ગીતાના ૩ જા અધ્યાયમા શ્રી કૃષ્ણ પરમાત્મા કહે છે કે શ્રેષ્ઠ પુરૂષો જે જે આચરણ કરે છે તે જ પ્રમાણે બીજા મનુષ્યો પણ કરે છે અને મોટા લોકો જેને પ્રમાણ કહે છે તેને બીજાઓ પણ અનુસરે છે કાશીખંડમા સદાચારનુ લક્ષણ કહેલુ છે કે રાગ અને દ્વેષથી રહિત થઇને વિદ્વાન્ પુરૂષો જે સદાચાર પાળે છે તેને ડાહ્યા પુરૂષો ધર્મનુ મૂળ એવો સદાચાર કહે છે. તેમા પ્રથમ ધર્મનુ સ્વરૂપ જે યમો તથા નિયમો કહ્યા છે માટે ધર્મની ઇચ્છા કરનારા પુરૂષોએ તે પ્રયત્ન વડે કરીને પાળવા શ્રીમદ્‌ભાગવતના એકાદશ સ્કધના ૧૯ મા અધ્યાયમા તે જુદા જુદા બાર કહેલા છે બાર યમ –અહિંસા, સત્ય, અસ્તેય, અસગ, લજ્જા, અસચય, આસ્તિકય, બ્રહ્મચર્ય, મૌન, સ્થૈર્ય, ક્ષમા અને અભય. હવે બાર નિયમો —આભ્યત અને બાહ્ય શૌચ, જપ, તપ, હોમ, શ્રદ્ધા, આતિથ્ય, શ્રી કૃષ્ણનુ પૂજન, તિર્થાટન, પરોપકાર માટે પ્રવૃત્તિ, તુષ્ટિ અને ગુરૂની સેવા આ પ્રમાણે મુમુક્ષુઓને માટે યમ અને બુભુક્ષુઓને માટે નિયમો કહ્યા છે અહી શૌચ બે પ્રકારનુ જણાવ્યુ છે માટે નિયમો પણ બાર જાણવા સદાચારમા પણ પોતાના વર્ણાશ્રમને ઉચિત એવાજ આચાર પાળવાના છે મનુ સ્મૃતિના ૪ થા અધ્યાયના ૧૫૫ મા શ્લોકમા કહ્યુ છે કે શ્રુતિ અને સ્મૃતિમા કહેલા અને પોત પોતાના વર્ણાશ્રમને મળતા આવે એવા અને ધર્મના મૂળરૂપ એવા સદાચાર તે આળસ રહિત થઇને પાળવા

तानुलंघ्याऽत्र वर्तते ये तु स्वैरं कुबुद्धय
तइहामुत्र च महल्लमते कष्टमेवहि ॥

જે દુર્બુદ્ધિવાળા પુરૂષો આ લોકમા તેવા સદાચારને ઉલ્લઘીને મનમા આવે તેમ વર્તે છે તેઓ આ લોક તથા પરલોકમા મહાકષ્ટને પામે છે **कुबुद्धय** એટલે હિંસાદિકમા રૂચિવાળા હોય તે **सदाचारान उल्लघ्य** એટલ સદાચારને ત્યજી દઇને **महत्** એટલે અનિવાર્ય—જે દુ ખનુ નિવારણ થઇ શકે નહિ તેવુ **हि** એટલે નિશ્ચય. શ્રી મદ્‌ભગવદ્‌ગીતાના ૧૬ મા અધ્યાયમા કહ્યુ છે કે **य शास्त्रविधिमुत्सृज्य**—એટલે જે પુરૂષ શાસ્ત્રમા કહેલા નિયમોને ત્યજી દઇને મનસ્વીપણે વર્તે છે તેમનુ કાર્ય સિદ્ધ થતુ નથી તેમજ તેમને સુખે મળતુ નથી અને તેમનો મોક્ષ પણ થતો નથી શ્રીમદ્‌ ભાગવતના એકાદશ સ્કંધના બીજા અધ્યાયમા પણ કહ્યુ છે કે જે પુરૂષ વેદમા કહેલા કર્મને આસક્તિ રહિત થઇને

અને ઇશ્વરને અર્પણ કરીને કરે છે તે નિષ્કર્મી એવી સિદ્ધિ પામે છે એકાદશ સ્કધના ૩ જા અધ્યાયમા કહેલુ છે કે જે પુરૂષ વેદમા કહેલા ધર્મ પાળતા નથી તે અજ્ઞાનિ અને અજિતેન્દ્રિય છે માટે તે અવળા કર્મરૂપી અધર્મને લીધે વારવાર જન્મ તથા મરણને પામે છે શ્રીમદ્ ભાગવતના ૬ ઠ્ઠા સ્કધના ૧ લા અધ્યાયમા અજામેલ આખ્યાનમા કહેલુ છે કે "આ અજામેલ શાસ્ત્રની અવધિનુ ઉલ્લઘન કરીને મરજી પ્રમાણે વર્તે છે માટે સત્પુરૂષોએ નિદવા યોગ્ય છે, તેણે ઘણા કાળ સુધી પાપ કરેલુ છે તથા વેશ્યાનુ અન્ને ખાધેલુ છે તેથી અપવિત્ર છે તેનુ પ્રાય શ્ચિત્ત પણ કર્યું નથી માટે તેને અમે દડપાણિ એટલે હાથમા દડ ધારણ કરનાર યમરાજા પાસે લઇ જઇશુ ત્યા દડ ભોગવીને શુદ્ધ થશે "

એટલે કે શાસ્ત્રની મર્યાદાનુ ઉલ્લઘન કરવાથી જ અજામિલ પાપી કહેવાયો વળી યાજવલ્કય પણ કહે છે કે શાસ્ત્રમા કહેલા ધર્મને નહિ પાળવાથી, નિદિત અધર્મના સેવનથી અને ઇદ્રિયોનો નિગ્રહ એટલે સયમ નહિ કરવાથી મનુષ્ય અધોગતિ પામે છે

अतो भवद्भिर्मच्छिष्यै: सावधानतयाऽखिलै
प्रीत्यैतामनुसृत्यैववर्त्तितव्य निरतरम् ॥ १० ॥

એ હેતુ માટે મારા શિષ્યો એવા જે તમે તેમણે શિક્ષાપત્રીને પ્રીતિએ કરી પાળતા સતાજ નિરતર વર્તવુ

अत એ હેતુથી એટલે આગળ કહેલાં કારણોને લીધે **मच्छिष्यै** મારા બધા શિષ્યોએ **सावधानतया** એટલે પ્રમાદ નહી રાખીને સનત્ સુજાતીય શાસ્ત્રમા કહેલુ છે કે પ્રમાદને તો હુ નિશ્ચય મૃત્યુજ માનુ છુ અને અપ્રમાદને અમૃત માનુ છુ પ્રમાદ રાખવાથી, અસુરોનો પરાભવ થયો અને પ્રમાદ નહી રાખવાથી દેવો બ્રહ્મરૂપ થયા ભગવાન્ શેષ નારાયણે ભાગવતના ૬ ઠ્ઠા સ્કધના ૧૬ મા અધ્યાયમા ચિત્રકેતુ રાજાને કહેલુછે કે "હે રાજન્! તમે મારૂ વચન સાવધાન થઇને સાભળો કારણ કે જો સાવધાન થઇને શ્રદ્ધાથી સાભળશો તો જ્ઞાન અને વિજ્ઞાનથી સપન્ન થશો અને પરમ સિદ્ધિને પામશો **प्रीत्या** એટલે મોટુ સુખ પામવાના ઉત્સાહથી **एता** એટલે સદાચારનુ પ્રતિપાદન કરનારી શિક્ષાપત્રીને અનુ-સરીને એટલે કે તેના અર્થને સમજીને તે પ્રમાણે જ વર્તવુ **निरतर** એટલે હમેશા **वर्तितव्य** એટલે વર્તવુ

આમા એક વિધિમુખવાળુ ઉપદેશક વાકય છે.

कस्यापि प्राणिनो हिंसा नैव कार्याऽत्र मामकैः
सूक्ष्मयूकामत्कुणादेरपि बुद्ध्या कदाचन ॥ ११ ॥

હવે શ્રીજી પોતે વર્ત્યાની રીત કહે છે જે અમારા આશ્રિતજનોએ કોઇ પણ પ્રાણીમાત્રની પણ હિંસા કરવી નહી, અને જાણીને તો ઝીણા એવા જૂ, માકડ વગેરે જીવની પણ હિંસા કદીય કરવી નહી

ભાષ્યકાર કહે છે કે ખરેખર આ સંસાર સાગરને વિષે પોતાના વિવિધ કર્મોવડે કરીને વારંવાર બુડતા અને નીકળતા જીવ પ્રાણિમાત્રને મોક્ષરૂપી પુરૂષાર્થ સાધવો એજ પરમ શ્રેયરૂપ છે માટે પોતાના આશ્રિત જીવોનો મોક્ષ થાય એવા હેતુથી મોક્ષ ધર્મનો પ્રધાનપણે આશ્રય કરીને શ્રીજી ચાતુર્વર્ણ્યના સામાન્ય ધર્મોને કહે છે

कस्यापि એટલે કોઈની પણ **मामकैः** જે મારા શિષ્યો હોય તેમણે સઘળાએ **अत्र** એટલે આ લોકને વિષે **कस्यापि** એટલે સત્વ, રજ અને તમ એ ત્રણેમાથી કોઇ ગુણવાળાની. **प्राणिनः** એટલે પ્રાણવાયુથી જીવતા એવા સર્વે જીવોની **हिंसा** એટલે દ્રોહ **नैव कार्या** એટલે નજ કરવી સ્મૃતિમા કહેલુ છે **न हिंस्यात्सर्वभूतानि** કોઇ પણ જીવનો દ્રોહ ન કરવો એ પ્રમાણે સામાન્ય રીતે જીવ પ્રાણિમાત્રનો નિષેધ કરેલો છે તો પણ લોકમા જૂ તથા માકણ આદિની હિંસામા સ્ત્રી તથા પુરૂષની પ્રવૃત્તિ જણાય છે તેથી પોતાના આશ્રિતોને સમર્ગદોષવડે કરીને અથવા રજોગુણ કે તમોગુણના સ્વભાવના દોષવડે કરીને એ હિંસામા પ્રવૃત્તિ ન થાય તે હેતુથી ફરીથી વિશેષપણે કરીને નિષેધ કરે છે કે ઝીણા એવા જૂ માકણની પણ કદી બુદ્ધિપૂર્વક હિંસા ન કરવી **सूक्ष्मा** એટલે નાના દેહવાળા વાળમા પડતી જુઓ વગેરે હેમ કોશમા કહેલુ છે કે **यूका** નો અર્થ છ પગવાળી વાળમા પડતી જૂઓ એનો છે **मत्कुणा** એટલે પરસેવામાથી ઉત્પન્ન થાય તેવા પથારીના જીવો એટલે કે માકણો, આદિ જે **आदि** શબ્દ મુકયો છે તેથી લીખો તથા ચાચડ પણ જાણવા (જુઓની સાથે લીખો પણ હોય અને માકણની સાથે ચાચડ પણ હોવાનો સંભવ છે) **बुद्ध्या** એટલે જાણી જોઇને, હિંસા ન કરવી. અજાણતા પણ પાપ કર્યું હોય તેનો પણ પ્રાયશ્ચિત્તનો વિધિ કહેલો છે આપદ્ ધર્મમા કહેલુ છે કે ધર્મિષ્ઠ પુરૂષ જો અજાણતા પાપ કરીને પછી જાણીને પુણ્યકર્મ કરે છે તો તે પુણ્ય વડે કરીને પાપનો નાશ કરે છે જેમકે ક્ષાર વડે કરીને મલીન વસ્ત્રને શુદ્ધ કરે તેમ તેજ પ્રકારે

અજાણતા પાપ કરનારને જે જે પ્રાયશ્ચિત્ત કહેલુ છે તેથી જાણીને પાપ કરનારને બમણુ પ્રાયશ્ચિત્ત કહ્યુ છે એમ સ્મૃતિમા બુદ્ધિપૂર્વક કરેલા પાપનુ બમણુ પાયયશ્ચિત્ત કરવાનુ કહેલુ છે તે ઉપરથી યાજ્ઞવલ્કય કહે છે કે અજાણતા જે પાપ થયેલુ હોય તે પ્રાયશ્ચિત્તથી નાશ પામે છે પણ જાણીને જે પુરૂષ પાપ કરે છે તે આ લોકમા વ્યવહાર કરવા યોગ્યજ થાય છે[1] મિતાક્ષરા ટીકામા કહ્યુ છે કે અજ્ઞાનવડે કરીને જે પાપ થાય છે તે પ્રાયશ્ચિત્તવડે કરીને નાશ પામે છે પણ જાણીને કરેલુ પાપ નાશ પામતુ નથી જાણીને કરેલા પાપમા પણ પ્રાયશ્ચિત્તનો વિધિ કહેલો છે માટે તે પુરૂષની સાથે આ લોકમા ફરીથી વ્યવહાર ચાલુ થાય છે પાપનો નાશ ન થાય તો પણ આ લોકમા તે પુરૂષની સાથે વ્યવહાર કરવામા વાધો નથી કારણકે પાપની બે શક્તિઓ છે એક તો નર્કની પ્રાપ્તિ અને વ્યવહારનો નિરોધ તેમા એક વ્યવહાર નિરોધની શક્તિનો નાશ થાય એટલે કે લોકોની સાથે તેનો વ્યવહાર ચાલુ થાય તો પણ બીજી શક્તિ રહે છે મોક્ષધર્મમા પરાશર ગીતામા ૧૧૮મા અધ્યાયના ૬ ઠ્ઠા શ્લોકમા કહ્યુ છે કે અજ્ઞાનથી કરેલા પાપનો તપે કરીને નાશ કરવો તથા તે જ અધ્યાયના ૧૧ મા શ્લોકમા કહ્યુ છે કે જે પુરૂષ જાણી જોઇને પાપ કરે છે તે પાપનુ ફળ ભોગવે છે અને પ્રાયશ્ચિત્ત કરે તેનુ પુણ્ય પણ ભોગવે છે માટે જાણી જોઇને તો કદી પણ પાપ સર્વથા નજ કરવુ એવુ તાત્પર્ય છે

ભાષ્યકાર કહે છે કે અહી જો કોઇ એવી શકા કરે કે પોતાનો દ્રોહ કરનારને દુભવવામા દોષ નથી એમ સ્મૃતિમા કહેલુ છે (**नन्वात्मने द्रुह्यतो द्रोहो न दोषाय भवेन्नृणाम्**) તો જુ આદિકનો નાશ કરવો એમા શો દોષ છે ? એના ઉત્તરમા ભાષ્યકાર કહે છે કે તે જે વાકય છે તે તો ક્ષત્રિયોને રણસગ્રામમા જો કોઇ આતતાયિ મળે તેનો દ્રોહ કરવો એ વિષયમા છે પણ આ વિષયમા નથી મનુસ્મૃતિના ૮ મા અધ્યાયના ૩૫૧ ના શ્લોકમા જણાવ્યુ છે કે આતતાયિનો વધ કરવામા દોષ નથી કાત્યાયન મુનિ એ આતત્યાયિઓ આઠ પ્રકારના નીચે પ્રમાણે જણાવે છે –

---

[1]પાપનુ પ્રાયશ્ચિત્ત કરવાથી બે શક્તિઓ આવે છે જાણીને કરેલા પાપનુ જો પ્રાયશ્ચિત્ત કરવામા આવે તો તેથી લોકોમા તે પુરૂષની સાથે વ્યવહાર ચાલુ થાય છે પણ તેને નર્કનુ દુ ખ ટળતુ નથી કારણકે પ્રાય-શ્ચિત્ત કરવાથી તેનુ પુણ્ય પણ મળે છે અને મૂળ પાપનુ દુ ખ પણ ભોગવે છે

(૧) સામી તલવાર ઉગામનારો, (૨) ઝેર દેનારો, (૩) અગ્નિ મુકનારો (૪) શ્રાપ દેનારો, (૫) અથર્વના મત્રે કરી મૂઠ મારનારો, (૬) રાજાને ચાડી ખાનારો, (૭) પોતાની સ્ત્રીને બીજા માણસને વેચનાર, અને (૮) રાતદહાડો છિદ્ર જોનાર એ આદિ સર્વેને આતતાયિ જાણવા

શ્રીમદ્ ભાગવતના પચમ સ્કધના ૨૬ મા અધ્યાયમા શુકદેવજીએ કહ્યુ છે કે જીણા જીવોને મારવાથી પણ અધકૂપ નામના નરકની પ્રાપ્તિ થાય છે—આ લોકમા જેની વૃત્તિ ઇશ્વરે કલ્પેલી છે તેવા અને જેણે પારકાને દુખ જાણ્યુ નથી એવા ભૂતપ્રાણિમાત્રને, જેની વૃત્તિ બીજી કલ્પી છે અને જે પારકાના દુખને જાણનારો છતા જે પુરૂષ મારે છે તે અધકુપ નામના નકમા પડે છે અને તે જ પશુ, પક્ષી, મૃગ, સર્પ ચાચડ, જુ, માકણ, માખ વગેરે તે પુરૂષને તે નર્કમા દુખ દે છે તેમા તેને નથી નિદ્રા આવતી વગેરે જેમ શરીર રોગિષ્ટ હોય તેમ દુખ પામે છે ભાગવતના તૃતીય સ્કધમા ૧૪ મા અધ્યાયમા કહેલુ છે કે **न ब्रह्म दण्डदग्धस्य न भूतभयदस्यच । नारकाश्चानुगृह्णन्ति यांया योनिमसौगत ॥** બ્રહ્મદડથી બળી ગયેલો અને પ્રાણી માત્રને ત્રાસ આપનાર જે જે યોનિમા તે ગયો તેમા નારકી લોકો પણ એને સ્વીકારતા નથી ભાગવતના દશમ સ્કધમા વાસુદેવે કસ પ્રતિ કહેલુ છે કે તે હેતુ માટે એવી રીતનો કોઇનો પણ દ્રોહ ન કરવો ભા૦ તૃતિય સ્કધના ૧૪ મા અધ્યાયમા કહેલુ છે કે પોતાના ક્ષેમને ઇચ્છનારો પુરૂષ કોઇનો દ્રોહ ન કરે કારણકે જે દ્રોહ છે તેને બીજાનો ભય તો હોય છે જ ઉપદેશ બે પ્રકારનો છે ક્યાઇ તો વિધિવાક્યથી ઉપદેશ આપ્યો હોય અને કોઈ નિષેધ વાક્યથી આપેલો હોય અહી એ નિષેધ વાક્યમા અવાંતર એક નિષધવાક્ય છે એમ જાણવુ.

એ પ્રકારે લૌકિક હિસાનો નિષેધ કરીને હવે પછીના શ્લોકમા વેદમા કહેલી હિસાનો પણ નિષેધ કરે છે કારણકે તે વખતે યજ્ઞ યજ્ઞાદિકમા પણ ઘણી હિસાઓ થતી હતી

देवता पितृयागार्थ मप्यजादे र्हिसनम् ।
न कर्त्तव्य महिंसैव धर्म प्रोक्तोस्ति यन्महान् ॥ १२ ॥

દેવતા તથા પિત્રીઓના યજ્ઞને અર્થે પણ બકરા આદિકની હિસા ન કરવી કેમકે અહિસાને જ મોટો ધર્મ કહેલો છે

દેવતાના એટલે રાજસી અને તામસી દેવતાઓના તેમજ રાજસી

તથા તામસી પિતૃઓના યાગ એટલે યજનને માટે પણ એટલે કે પૂજનમાં અહિ 'દેવતા' શબ્દનુ પ્રાધાન્ય છે તેથી તે શબ્દ પ્રથમ મુકયો છે અથવા તો **समुद्राभ्राद्ध** એટલે કે સમુદ્ર અને અભ્ર એ શબ્દો થકી ઘ પ્રત્યય થાય એમ લક્ષણ હેતુ વગેરે સૂત્રથી પૂર્વનિપાતનો વ્યભિચાર જણાવવા માટે પિતૃ શબ્દને પ્રથમ મુકયો નથી વળી રઘુવંશના બીજા સર્ગમા કવિ કાલિદાસે **अत एव ता देवता पित्रतिथि क्रियार्थाम्** એવો પ્રયોગ કર્યો છે તેમા પણ દેવતા શબ્દને પ્રથમ મુકયો છે કિરાતાર્જુનીય કાવ્યના તેરમા સર્ગમા **हृदय श्रोत्रभिदुन्यपातनाद** એવો પ્રયોગ કર્યો છે તેમા પણ **हृदय** શબ્દનુ પ્રાધાન્ય છે તેથી પ્રથમ મુકયો છે. ભારવિએ પણ **नच विषमछद कुद यथिकास्विपत्ति** એવો પ્રયોગ કર્યો છે તેમા **विषमछद** એ શબ્દ મોટો હોવા છતા તેનુ પ્રાધાન્ય હોવાથી પ્રથમ મુકયો છે માઘ કવિએ પણ **ये चान्ये कालयवन साल्वरुक्मि द्रुमाद्यः** એવો પ્રયોગ કરીને **कालयवन** શબ્દ લાબો હોવા છતા પ્રથમ મુકયો છે કારણ કે તેનુ પ્રાધાન્ય છે નૈષધ કાવ્યમા ૧૩ મા સર્ગના ૧૪મા શ્લોકમા શ્રી હર્ષ કવિએ **सदेह चित्रभय चित्रित चित्तवृत्तिम्** એવો પ્રયોગ કર્યો છે તેમા સંદેહ શબ્દ લાબો હોવા છતા તેના પ્રધાનપણાને લીધે પ્રથમ મુકયો છે વાગભટમા પણ પચમ પરિચ્છેદમા **दवतागुरु साक्ष्येण स्वीकृता स्वीयनायिका** એવો પ્રયોગ કર્યો છે તેમા દેવતા શબ્દ લાબો હોવા છતા પણ પ્રધાનપણાથી પ્રથમ મુકયો છે

अर्थमपि એટલે તેમને માટે પણ આમા પણ તદર્થે એવો ચતુર્થ વિભક્તિનો સમાસ થયો છે

अजादे એટલે બકરા છે આદિ જેમા એવા ગામના તથા જ ગલી મેઢા વગેરે પશુઓની પણ તેમજ **च** શબ્દ છે માટે પક્ષિઓની પણ હિસા ન કરવી એવો અર્થ છે હિસા ન કરવી તેનુ કારણ શુ? તેના ઉત્તરમા બીજુ પદ કહે છે. **यत्** એ શબ્દ યત એવા અર્થમા પણ વપરાય છે (જુઓ અમરકોષ) હિસા ન કરવાનુ કારણ નીચે પ્રમાણે છે.

अहिंसा એટલે મનસા, વાચા અને કર્મણા (મન, કર્મ અને વચન તે વડે કરીને) કોઇ પણ પ્રાણિને દુભવવુ નહી તે **एव** શબ્દ છે તે એવા હેતુથી મુકયો છે કે વેદમા જે હિસા કરવાનો વિધિ છે તે હિસાને હિસા ન કહેવાય એમ સ્મૃતિમા કહેલુ છે એવુ વિધાન કરવામાં આવે તો તેના નિષેધ કરવા માટે મુકયો છે વિશ્વકોષમા **एव** શબ્દના અર્થ ઔપમ્ય અને અવધારણા એવો આપેલો છે **महान्** એટલે મોટો

ધર્મ પ્રોક્તોસ્તિ એટલે કહેવો છે અહી ઋષિઓએ એટલો શબ્દ અધ્યાહાર છે ઋગ્વેદના ઐતરેય બ્રાહ્મણની બીજી પચિકાના પહેલા અને બીજા અધ્યાયોમા તથા યજુર્વેદના શતપથ બ્રાહ્મણના નવમા ખડકમા યજ્ઞમા પણ અહિસાનુ પ્રતિપાદન કરેલુ છે તે તે ગ્રથોમાથી સવિસ્તર જોવુ વળી ભારતના મોક્ષ ધર્મમા જાજલિતુલાધાર સવાદમા તથા ધર્મો છ વૃત્તિ સવાદમા તથા દ્યુમતસેન અને સત્યવ્રતના સવાદમા તથા વિશ્વ જિત નામના ઇદ્રના અશ્વમેધમા આવેલા દેવતાઓ વચ્ચેના સવાદ વગેરેમા અહિસાનુ પ્રતિપાદન વિસ્તારથી જોવુ મોક્ષધર્મના ૯૦ મા અધ્યાયમાજ કહેલુ છે કે હે બ્રહ્મન્ ! લોભી અને સ્વાર્થપરાયણ એવા નાસ્તિકોએ વેદના અર્થને નહી જાણીને જ સત્યના આભાસરૂપ એવુ જૂઠાણુ પ્રવર્ત્તાવ્યુ છે વળી અધ્યાયમા ૯૨ મા કહ્યુ છે કે નથી મર્યાદાની વ્યવસ્થા જેને, વિમૂઢ, નાસ્તિક સશયવાળા અભક્ત એવા પુરૂષોએ હિસાનુ પ્રતિપાદન કરેલુ છે મૃગની હિસા કરનારા એ બ્રાહ્મણનુ મોટુ તપ નાશ પામ્યુ* તેથી યજ્ઞમા હિસા હોઇ શકે નહી એ વગેરે વાકયો વડે વેદમા જે નિદાનો આભાસ જણાય છે તેથી પણ હિસા નિદી છે (જુઓ, મોક્ષ ધર્મ અધ્યાય ૯૮) કોઇ એવી શકા કરે કે ત્યારે હિસા વિના યજ્ઞની સિદ્ધિ કેવી રીતે થાય ? તો ભાષ્યકાર કહે છે કે **अजेन यजेत** અજવડે યજ્ઞ કરવો એવી વિધિ છે ભાગવતના એકાદશ સ્કધમા ૩ જા અધ્યાયમા કહેલુ છે કે વેદ એ પરોક્ષ વાદ છે અને બાળકો એટલે અજ્ઞાન મનુષ્યને શિક્ષણ આપવા માટે છે કર્મમાથી છુટી જવાને કર્મ કરે છે જેમકે ઓષડમાથી છુટી જવા ઓષડ પીએ છે તેમ વેદ એ બ્રહ્મ અને આત્માનુ સ્વરૂપ જણાવવાના વિષયરૂપ છે અને આ જે યજ્ઞ વગેરે છે તે ત્રિકાડના વિષયો છે. રૂષિઓ પરોક્ષનો વાદ કરનારા છે અને મારે પરોક્ષવાળુ છે એવા ભાગવતના વચનથી વેદમા હિસાનુ તાત્પર્ય સિદ્ધ થતુ નથી પણ રાગને લીધે કરેલી હિસાને સકોચવાને માટે અને મોટી આપત્તિનો કાળ એચી કાઢવા માટે રજા પુરતુ છે ભાગવતના ૪ થા અધ્યાયમા કહ્યુ છે કે તિથિમા તથા અમુક અતરે તથા વનમા રાજા જરૂર પ્રમાણે લોભાયા વિના યજ્ઞના પશુઓને હણે એમ નિયમ કર્યો છે ભાગવત એકાદશ સ્કધના ૫ મા અધ્યાયમા કહ્યુ છે કે લોકોમા મૈથુન, માસ અને મદિરાનુ

---

*તે સત્યમ ત્રવાળા અને ઊંછવૃત્તિવાળા બ્રાહ્મણની એવી માન્યતા હતી કે પશુને હણીને હુ સ્વર્ગની પ્રાપ્તિ કરીશ તેવા અભિમાનને લીધે તપ નાશ પામ્યુ

સેવન તો નિત્ય છે તેમાં કોઇને કહેવુ પડતુ નથી એ મૈથુન, માસ અને મદિરાની વ્યવસ્થા અનુક્રમે વિવાહ, યજ્ઞ અને કલાલની દુકાનમા થઇ છે પણ તેમાથી નિવૃત્ત થવુ એજ ઇષ્ટ છે[૧] એ બે વાકયોનો અર્થ શ્રીધર સ્વામી નીચે પ્રમાણે કરે છે મૃગયા એટલે શિકારમા બધાને રાગ એટલે પ્રીતિ તો હોય જ એટલે તેનુ વિધાન કરવામા આવતુ નથી પણ તેની હદ બાધવામા આવે છે તેની પ્રવૃત્તિનો સકોચ કરવામા આવે છે આ નિયમ પણ છ પ્રકારના બતાવ્યા છે જો કોઇને બહુ જ રાગ હોય અને શિકાર કરે તો તેણે તિર્થમા શ્રાદ્ધના દિવસે જ હિસા કરવી, તેમા પણ વખતે આવતા અને પ્રસિદ્ધ એવા શ્રાદ્ધમા કરવી પણ રોજ ન કરવી તેમા પણ રાજાએ જ વનને વિષે અને તે પણ યજ્ઞના પશુની જ પોતાના ઉપયોગ પુરતી જ હિસા કરવી એટલે પહેલા શ્લોકનો અર્થ એ થયો કે હિસા કરવી જ એમ નથી ઠરતુ તેમા હમેશા પ્રીતિ રહે છે માટે તે દરરોજ પ્રાપ્ત થાય છે બધા માણસોને તેમાં પ્રીતિ હોય છે જ તેથી તેમા કોઇને પ્રેરણા કરવી પડતી નથી **ननु ऋतावुपेयाद् हुतशेषं भक्षयेत्** એટલે કે ઋતુકાળમા જ સ્ત્રીનો સગ કરવો, યજ્ઞ કરતા વધેલાનુ ભોજન કરવુ એ પ્રમાણે વિધિ કહ્યો છે એ વાત ખરી છે અને તે સત્ય છે પણ તે ગ્રૂર્વવિધિ નથી એટલે કે પહેલા એ વિષયમા પ્રીતિ નહોતી અને પહેલી જ વખત સ્ત્રી સગ કરવા કહે છે એમ નથી પણ પ્રથમથી જ વિષયમા પ્રીત છે અને તેના નિયમની વિધિ કહીને તે વડે કામનાવાળા તથા રજોગુણ અને તમોગુણવાળી પ્રકૃતિવાળા તથા હિસામા પ્રીતિ રાખનારા ક્ષત્રિયોને માત્ર સૂચના છે પણ સત્વગુણી અને મોક્ષની ઇચ્છાવાળાઓને તેમ કરવાનુ કહ્યુ નથી એવો, એ બીજા શ્લોકનો અર્થ છે આ.મા બ્રહ્મને જાણનારા એમ કહેવાનો આશય છે **अजेन यजेत** એ વગેરેમા અજાદિ શબ્દોનો સીધો અર્થ ડાગેરે વગેરે થાય છે પણ બોકડો એવો અર્થ નથી ધનજય કોષમા **अज** એટલે ત્રણ વર્ષની ડાગર એવો અર્થ કર્યો છે ભારતના મોક્ષ ધર્મના ૧૬૯ મા અધ્યાયમા દેવાના પ્રત્યે મહર્ષિએ કહેલુ છે કે યજ્ઞમા ડાગરવડે પૂજન કરવુ એવી વૈદિકી શ્રુતિ કહે છે **अज** એવા શબ્દવડે કરીને તમે માત્ર બીજ—એટલે ડાગેરનો હોમ કરવા યોગ્ય છે પણ બોકડાને હણવા યોગ્ય નથી દેવને માટે પશુને

૧ ગૃહસ્થાશ્રમ કરીને વિષય ભોગવવા એ માટે આ દેહ નથી પણ ભક્તિ કરવા માટે છે સ્ત્રી આદિની વ્યવસ્થા તો પરમાત્માએ અતિ વિષયી જીવો વિષયથી સકોચ પામે તે માટે કરી છે એમ ભાષ્યકારનુ તાત્પર્ય છે

એ સત્પુરૂષનો ધર્મ નથી વાયુ તથા મત્સ્ય પુરાણોમા પણ કહેલુ છે કે હે દેવતાઓમા શ્રેષ્ઠ ! જે યજ્ઞમા હિસા થતી નથી અને ત્રણ વર્ષ જેટલા દીર્ઘ કાળ સુધી રાખીને ઉગી ન શકે તેવી ડાગેર વડે પૂજન થાય તે યજ્ઞ શ્રેષ્ઠ છે આનુશાસન પર્વમા ભીષ્મે કહ્યુ છે કે એવુ સાભળવામા આવ્યુ છે કે પ્રાચીન સમયમા માણસો ડાગેરનો પશુ બનાવતા અને તેવા ડાગેરના પશુ વડે પુજન કરતા મતા સ્વર્ગને પામતા હતા જેઓ રજો-ગુણ તથા તમોગુણવાળી પ્રકૃતિવાળા છે તથા પરોક્ષ દ્રષ્ટિવાળા છે કર્મથી જડ થઇ છે બુદ્ધિ જેમની એવા છે તેઓ ભગવાનના એ અભિપ્રાયને જાણતા નથી એ વિષે શ્રુતિ છે કે **नत विदाथ य इमा जजानान्य घष्माकम तरबभूव। नीहारेण प्रावृता जल्प्या चासुतृ पउकथ शासश्चरति** એટલે કે આ તે લોકોએ જે તમને પરમાત્માને ન જાણ્યા તેથી તેમની અને તે પરમાત્માની વચ્ચે ઘણુજ અતર થઇ ગયુ જેઓ માત્ર તર્ક કરનારા છે અને જેઓ માત્ર ઇંદ્રિયોનીજ તૃપ્તિ ઇચ્છનારા એવા વિષયીજનો છે તેઓ માત્ર કર્મ કરીને અવિદ્યાને લીધે સસારમા ભમ્યા કરે છે શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કધના ૨૨ મા અધ્યાયમા ભગવાન શ્રી કૃષ્ણે ઉદ્ધવજી પ્રત્યે કહેલુ છે કે વિષયમાજ પ્રીતિવાળા એવા પુરૂષો મારા એ પરોક્ષ મતને નહી જાણીને હિસામાજ પ્રીતિવાળા થાય છે અને યજ્ઞ કરે છે તેમા તેમને પ્રેરણા કરવી પડતી નથી હિસા કરવાની ઇચ્છાથી એવા ખળ પુરૂષો પોતાના સુખને માટે પ્રાપ્ત થયેલા પશુવાળા યજ્ઞવડે કરીને પિતૃ અને ભૂતના પતિ એવા દેવતા-ઓને પૂજે છે નારદ પચરાત્રમા પણ કહેલુ છે કે પ્રભુમા તત્પર એવી શ્રુતિ તો હમેશા માતાની પેઠે વિશ્વનુ હિતજ થાય તેમ કહે છે તે કોઇનો પણ દ્રોહ કરવાનુ કહેતી નથી જે શાસ્ત્રોમા અનર્થ આપનારી એવી હિસાનુ પ્રતિપાદન કરેલુ છે તે શાસ્ત્રોજ નથી તે હિસાથી સર્વ અનર્થની પરપરાવાળા એવા સસારની પ્રાપ્તિ થાય છે ભગવતિ શ્રુતિનુ અદરનુ રહસ્ય તો સ્થાવર જગમના આત્મા એવા ભગવાનજ જાણે છે પણ બીજો કોઇ વિદ્વાન્ જાણતો નથી અને ભગવાનેજ કહેલુ છે કે સર્વ પ્રાણિ માત્રને પોતાના જેવાજ જાણવા એવા ભગવાન્ આવી એવી હિસાનો ઉપદેશ ક્યારે પણ કેમ કરે ? હિસાની જે વિધિ કહી છે તેતો સર્વ પ્રકારે

હિંસાની નિવૃત્તિને અર્થે કહેલી છે તે હેતુ માટે સર્વ પ્રાણિઓને પોતાનાં જેવાજ જાણવા પણ બીજી રીતે ન જાણવા ને સત્વગુણી પુરૂષો છે તે તો સત્સંગવડે કરીને તે જાણે છે ભારતમા મોક્ષધર્મના ૯૦ મા અધ્યાયમા કહેલુ છે કે સત્પુરૂષોના માર્ગને અનુસરતા જે સત્વગુણી પુરૂષો અહિંસાવડે કરીને યજ્ઞ કરે છે તેઓ બ્રહ્મને પામે છે વગેરે મુંડક શ્રુતિમા અહિંસામય યજ્ઞનુ ફળ કહેલુ છે કે એ હેતુ માટે એ યજ્ઞરૂપ નૌકાઓ અનિશ્ચિત છે એ પ્રકારે જે યજ્ઞમા ૧૮ પ્રકારનુ કર્મ તે કનિષ્ઠ કહેલુ છે જે પુરૂષો તેને શ્રેય માને છે તે મૂઢ છે અને જન્મ મરણને પામે છે એ પ્રકારે મુંડકો પનિષદ્‌મા હિંસ્ર યજ્ઞનુ ફળ અસત્ય કહેલુ છે ભગવત્ ચતુર્થ સ્કંધના ૨૫ મા અધ્યાયમા નારદે પ્રાચીન બર્હિરાજા પ્રત્યે કહેલુ છે કે એ રાજન્! નિર્દય એવા તે યજ્ઞને વિષે હજારો હજાર મારેલા એવા આ જીવના સમૂહ તેને તુ જો, એ જીવના સમૂહો ને તારા વૈરનુ સ્મરણ કરીને તાકી એવી રાહ જુએ છે કે મરેલો એવો તુ તેને ક્રોધાયમાન થઈને કુહાડાવડે કરીને છેદશે.

તેમજ ભાગવતના ચોથા સ્કંધના ૨૮ મા અધ્યાયમા નારદે પુરંજનોપાખ્યાનમા તેજ રાજાને કહેલુ છે કે હે રાજન્! દયારહિત એવા તેણે (પુરંજને) યજ્ઞમા મારેલા એવા પશુઓ તે તેના માંસનુ સ્મરણ કરતા ક્રોધાયમાન સતા તો કુહાડાવડે કરીને એને છેદતા હતા, એ વડે એટલે કે દેવતા, પિતૃ, અને યજ્ઞને માટે પણ પશુહિંસાના નિષેધ વડે કરીને, શ્રેષ્ઠ એવા અતિથિની પૂજા માટે શાસ્ત્રના અર્થને નહી જાણનાર એવા પુરૂષે માનેલો એવો પશુવધ તે પણ નિષેધ કરેલ છે માટે શ્રોત્રિય વિદ્વાન્ અતિથિને મોટો બળિય અથવા મોટો બોકડો અર્પણ કરવો નહી યાજ્ઞવલ્કયે પણ એવુ વિધાન કરેલુ છે કે સત્કાર, આસન આપવુ, સ્વાદિષ્ઠ ભોજન, અને મધુર વચન બોલવુ તેનો અર્થ વિજ્ઞાનેશ્વરે પણ મીતાક્ષરા ટીકામા પશુહિંસાના નિષેધ પરત્વે પ્રતિપાદન કરેનો છે, તેજ પ્રકારે કહેલા લક્ષણવાળો (વર) વિદ્વાન્ અતિથી પોતાને ઘેર આવ્યો હોય તેને માટ મોટો એવો તથા સમર્થ બળિય (**महोक्ष**) અથવા બોકડો (**महाज**) તેને અર્પણ કરે પણ તે તેની પ્રીતિને માટે કલ્પના કરે કે અમે આ આપને મોકલેલો છે પણ તેને દાન માટે કે મારવાને માટે નહી દાખલા તરીકે આ બધુ તમારૂજ છે એમ કહેવાનો રિવાજ છે તેમ કારણકે દરેક મહેમાન દીઠ બળિય અર્પણ કરવાનુ અસભવિત છે

अस्वर्ग्यं સ્વર્ગ પ્રાપ્તિમા વિરોધી અને લોકમા નિંદિત એવા ધર્મનુ પણ આચરણ ન કરવુ એવો નિષેધ પણ કરેલો છે માટે (હિંસા ન કરવી) તેથી સત્કાર એટલે કે આવકારવચન, ચરણ ધોવાનુ જળ, પૂજાની સામગ્રી, આચમન આદિ આપવા તે, અતિથિના બેઠા પછી બેસવુ, તેના પછી આમન કરવુ, સ્વાદિષ્ટ ભોજન આપવુ, સારૂ વચન એટલે કે આપના આગમનથી અમો આજે ધનભાગ્યવાળા થયા છીએ એમ કહેવુ

મનુમહારાજે પણ કહ્યુ છે કે ધર્મથી રહિત એવા અર્થ અને કામ તેનો ત્યાગ કરવો, તેમજ જેમા સુખ જણાય અને જેમા લોકનિંદા હોય તેવા ધર્મનો પણ ત્યાગ કરવો અહિંસા ધર્મની મહત્તા તો સકળ શાસ્ત્રમા પ્રસિદ્ધ છે ભારતમા મોક્ષ ધર્મ અધ્યાય ૯૨ મા ભીષ્મે કહ્યુ છે કે **सर्व कर्मस्य हिंसा हिं धर्मात्मा मनुरब्रवीत् कामकारा द्विहिंसन्ति बहि वेद्या पशू नरा** ધર્માત્મા એવા મનુ તે જે તે સર્વ કર્મને વિષે અહિંસા તેજ મુખ્ય ધર્મ તરીકે કહેતા હવા મનુષ્યો હિંસામા રાગ હોવા થકીજ બહિર્વેદીમા પશુઓને મારે છે મોક્ષધર્મના અધ્યાય ૯૧ મા કહ્યુ છે કે તે હેતુ માટે વિદ્વાન પુરૂષે ઉપરના પ્રમાણને લીધે સૂક્ષ્મ એવો ધર્મ એ જ કરવો સર્વ ધર્મથી અહિંસા શ્રેષ્ઠ મનાએલી છે મોક્ષ ધર્મના અધ્યાય ૬૯ મા કહેલુ છે કે પ્રાણિની હિંસા એ કયારેય શ્રેષ્ઠ ધર્મ નથી એ પ્રકારે પિતૃભાગ તથા શ્રાદ્ધમા પણ જાણવુ વળી વૃદ્ધ પરાસર પણ કહે છે કે જો શ્રદ્ધા મોટી હોય તો શૌચ અને પાત્રશુદ્ધિ તેજ શ્રાદ્ધને વિષે અનત તૃપ્તિ કરનારા છે પણ માસ તૃપ્તિ કરનાર જે પુરૂષ પ્રાણિનો વધ કરીને માસ વડે પિત્રીઓનુ તર્પણ કરે છે તે પુરૂષ મૂર્ખ છે અને ચદનને બાળીને અગારાનુ લેપન કરે છે ભાગવતના ૭ મા સ્કધના ૧૫ મા અધ્યાયમા યુધિષ્ઠિર પ્રત્યે નારદ કહે છે કે ધર્મતત્વને જાણનાર પુરૂષ શ્રાદ્ધમા માસ ન આપે અને તેને ખાય પણ નહી કારણકે મુનિના અન્ન વડે કરીને મોટી પ્રીતિ ઉત્પન્ન થાય છે પણ પશુહિંસા વડે થતી નથી **પ્રાણિને વિષે મનકર્મ અને વચન વડે કરીને હિંસાનો ત્યાગ, એના જેવો સદ્ધર્મને ઈચ્છનાર પુરૂષોને** શ્રેષ્ઠ ધર્મ નથી સ્કધ પુરાણમા શ્રી વાસુદેવ માહાત્મ્યમા શ્રી નારાયણ નારદમુનિને કહે છે કે માણસોએ શ્રાદ્ધમા કયારેય માસને આપવુ કે ખાવુ નહી કેમકે મુનિના અન્ન વડે કરીને તથા દુધ અને ઘી વડે કરીને પિત્રી દેવો અતિ તૃપ્ત થાય છે, સમર્થ એવા પતજલીએ આ પ્રકારની અહિ-

સાને યોગ શાસ્ત્રને વિષે સાધન પાદમા-મહા વ્રતપણે કરીને સૂત્રમા કહેલી છે. **अहिंसा सत्या स्तेय ब्रह्मचर्या परिग्रहा यमा** (પાદ ૨ સૂત્ર ૩૦) **जाति देश काल समयान वच्छिन्ना सार्व भौम महाव्रतम्** એમા પણ ભગવાન બાદરાયણ ભાષ્યકારે અહિસાને જાતિ દેશકાળ અને સમય તેથી અનવચ્છિન્ન એવી મહાવ્રત તરીકે ગણાવેલી છે ભાષ્યકાર કહે છે કે સર્વ પ્રકારે સદાય અને કોઇ પણ પ્રાણિનો દ્રોહ ન કરવો તેને અહિસા કહેલી છે હવે ભાષ્યકાર **जाति देश काल** એ શબ્દોનો અર્થ કરે છે પ્રથમ **जाति** શબ્દથી જણાવે છે કે માછલાની જ હિસા કરવી એનુ નામ **जात्यवच्छिन्न** હિસા કહેવાય એટલે બીજી જાતિની હિસા ન કરવી તેથી **जात्यनवच्छिन्ना अहिंसा** થઇ હવે તીર્થને વિષે હું હિસા નહી કરૂ એવી પ્રતિજ્ઞા કરે તો તે **देशावच्छिन्न** હિસા કહેવાય ચૌદશને દિવસે નહી મારૂ અને પવિત્ર દિવસે હિસા નહિ કરૂં એનુ નામ **कालावच्छिन्ना** હિસા કહેવાય તેમજ ત્રણ પ્રકારથી નિવૃત્તિ પામેલો કહે કે હુ દેવ અને બ્રાહ્મણને માટે હિસા કરીશ બીજાને માટે નહી કરૂ તેને **समयावच्छिन्ना** હિસા કહેવાય, જેમકે ક્ષત્રીયોને યુદ્ધમાજ હિસા કરવાનુ કહ્યુ છે બીજે નહિ તેની પેઠે એ જાતિ, દેશ, કાળ અને સમય એ વડે કરીને અનવચ્છિન્ના-અયુક્ત એવી જે અહિસા તે સર્વ પ્રકારે પાળવી સર્વ દેશમા, સર્વ આશ્રમોમા સવ પ્રકારે, વ્યભિચાર નથી જણાયો એવી અહિસા તે સાર્વભૌમી મહાવ્રત કહેવાય છે આમા એક નિષેધ વાક્ય છે અને એક અવાતર વાક્ય મળીને બે છે

મનુષ્યજાતિનો વધ તે પછી ગ્હાય તો લૌકિક કે વૈદિક રિતિએ કહેલો હોય તો પણ તેનો સારી રીતે પરિત્યાગ કરવા યોગ્ય છે એમ હવેના શ્લોકથી કહે છે

स्त्रिया धनस्य वा प्राप्तै साम्राज्य स्यापिवा क्वचित्
मनुष्य स्यतु कस्यापि हिंसा कार्या न सर्वथा १३

સ્ત્રી, ધન, અને સામ્રાજ્યની પ્રાપ્તિને અર્થે પણ કોઇ મનુષ્યની તો કોઇ પણ કાળે કોઇ પણ પ્રકારે હિસા ન કરવી

स्त्रीया સ્ત્રીને **धनस्य** એટલે ધનને **वा** એટલે અથવા **प्राप्त** મેળવવા માટે **साम्राज्य स्य चवा** એવો પણ પાઠ છે સામ્રાજ્યને મેળવવાને પણ **कस्यापि** એટલે પ્રકૃતિમાથી ઉત્પન્ન થયેલા કોઈ પણ પ્રાણિની **मनुष्यस्य** એટલે **मनो अपत्य** મનુભગવાનના બાળક એટલે મનુષ્ય

જાતિની **सर्वथा** એટલે સર્વ પ્રકારે-મનવડે કરીને પણ એવો ભાવ છે. **मकार वचनमा थाल** થાય છે એટલે **सर्व** શબ્દને **थाल** લાગ્યો છે અને **ल** નો લોપ થયો છે **वचचित्** એટલે મોટો અપરાધ થયો હોય તો પણ હિંસા ન કરવી મતલબ કે મનુષ્યદેહ અતિ દુર્લભ છે તથા ચારે પુરૂષાર્થ-ધર્મ, અર્થ, કામ અને મોક્ષ-ની પ્રાપ્તિ કરાવનારો છે તેથી તેના દેહનો નાશ થયેથી સર્વનો નાશ થાય છે એવો ભાવ છે શ્રીમદ્ ભાગવતના ૯ મા સ્કધના ૯ મા અધ્યાયમા કહેલુ છે કે **देहोय मानुषो राजन् पुरुषस्याखिलार्थद अतस्तस्य वधोवीर सवार्थ वध कथ्य ते** હે રાજન્! આ મનુષ્યદેહ પુરૂષને સર્વે અર્થોને પ્રાપ્ત કરાવનારો છે તેથી હે વીર ! તેનો નાશ એ સર્વ અર્થોનો નાશ થયા બરાબર છે મનુષ્યની હિંસાના નિમિતો કયા કયા છે તે કહે છે-સ્ત્રી વગેરે-સ્ત્રી નિમિત્ત એટલે કે પોતે જે સ્ત્રીની ઇચ્છા કરી હોય તે સ્ત્રીને પ્રાપ્ત કરવાની ઇચ્છા એટલે કે પોતાને મનુષ્યનો વધ કરવો પડે તો પણ જો એ સ્ત્રી મળતી હોય તો તે કરવા યોગ્ય છે એમ માનનાર છે શ્લોકમા જે **वा** શબ્દ છે તેનો અર્થ **स्त्री** અને **धन** એમ બન્ને લેવાનો છે **मेदिनी** ના કોષમા **वा** શબ્દનો ઉપયોગ વિકલ્પ, ઉપમા, વિતર્ક, પાદપૂરણ અથવા સમુચ્ચયમા થયાનુ કહેલુ છે

धनस्य એટલે કે પોતે જે પુષ્કળ દ્રવ્યની પ્રાપ્તિની ઇચ્છા કરી હોય તેની પ્રાપ્તિ માટે

साम्राज्यस्य सम्यक राजते सौ सम्राट् સારી રીતે શોભે તે સમ્રાટ્ ચક્રવર્તી તેનુ કાર્ય જે સામ્રાજ્ય-સાર્વભૌમ રાજ્ય તેને મેળવવા માટે પણ મનુષ્યની હિંસા ન કરવી એવો સબધ છે **साम्राज्य च वा** એવા પાઠમા પણ જે ચકાર છે તે અવધારણા અર્થમા છે તે માટે પણ હિંસા ન કરવી એવો ભાવાર્થ છે ત્રિકાડ શેષમા ચ નો ઉપયોગ પાદપૂરણ, પક્ષાતર, હેતુ, અને વિનિશ્ચયમા કરવાનો કહેલો છે

મનુષ્યને મારવુ, પારકી સ્ત્રીનુ હરણ કરવુ, કઠોર વાણી બોલવી તથા કઠોર દડ આપવો એ ચાર પ્રકારના સાહસો બૃહસ્પતિએ ગણાવેલા છે તેમા જો નીચજાતિના અને ગુણ વિનાના મનુષ્યનો વધ કરવામા આવે તો પણ તેને ઉત્તમ સાહસ ગણ્યુ છે અને તે માટે રાજા તરફની શિક્ષા થાય છે અઢાર વર્ણના મનુષ્યોમાના કોઇ પણ મનુષ્યની હિંસામા પણ તારતમ્યે કરીને પ્રાયશ્ચિતનુ ગૌરવ છે તેથી મનુષ્યની

હિસાનો સર્વથા ત્યાગ જ કરવો મનુષ્ય મારનારને નરકનુ દુ ખ ભોગવ્યા પછી પણ મનુષ્યનો દેહ મળતો નથી એમ સ્મૃતિમા કહેલુ છે મનુષ્યના હણનારને અત્યત દુ ખ એવા દુ ખ થાય છે એવો ભાવ છે આમા પણ નિષેધ વાક્યો છે ૧૩

आत्मघातस्तु तीर्थेऽपि न कर्तव्यश्च न क्रुधा ।
अयोग्या चरणात्क्वापि न विषोदूवधनादिना ॥१४॥

આત્મઘાત તો તિર્થને વિષે પણ ન કરવો, ને ક્રોધે કરીને પણ ન કરવો, ક્યારે કાઇ અયોગ્ય આચરણ થઈ જાય તેથી મુઝાઇને પણ આત્મઘાત ન કરવો ઝેર ખાઇને કે ગળે ટૂપો ખાઇને કે કોઈ પણ રીતે આત્મઘાત ન કરવો.

હવે હિસા બે પ્રકારની છે પારકાની હિસા તેમજ પોતાની જાતની હિસા ઉપર પારકાની હિસાનો નિષેધ કર્યો છે હવે જે બીજા પ્રકારની પોતાની હિસા એટલે કે આત્મઘાત તેનો નિષેધ કરે છે

आत्मघात आत्मन પોતાની દેહનો **घात** એટલે હિસા **तीर्थेऽपि** એટલે કે પ્રયાગ આદિ જે તીર્થસ્થળો તેમા દેહ પાડવાથી સ્વર્ગની પ્રાપ્તિ થશે એવી ઇચ્છાથી પણ તીર્થમા આત્મઘાત ન કરવો બ્રાહ્મણ હોય તેને પણ અને સ્વર્ગની પ્રાપ્તિરૂપી મહાફળની ઇચ્છા રાખીને પણ આત્મઘાત ન કરવો, શાસ્ત્રમા એમ કહેલુ છે કે અગ્નિમા કે જળમા પડવુ અથવા અનશન એટલે અન્ન ન ખાવુ વગેરેથી ફળપ્રાપ્તિ કહેલી છે તો પણ આત્મઘાત ન કરવો દેહનુ સર્વ રીતે રક્ષણ કરવુ એમ શ્રુતિમા કહેલુ છે અને આત્મરક્ષણનુ વિધાન કરેલુ છે અને અપૂર્ણ આયુષથી મરવુ નહી તેમ જ મિતાક્ષરામા પણ બુદ્ધિપૂર્વક મરણનો નિષેધ કરેલો છે વળી ભગવાનની ભક્તિથી પોતે ઇચ્છેલા સકળ પુરૂષાર્થ મેળવવાનુ સામર્થ્ય આવે છે માટે નાશવત એવા તુચ્છ સ્વર્ગાદિ સુખ મેળવવા માટે મારા આશ્રિતોએ બધા પુરૂષાર્થને સાધી આપનારા મનુષ્યશરીરનો ઘાત કદી પણ ન કરવો શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કધના ૨૦ મા અધ્યાયમા ભગવાન્ પોતેજ કહે છે કે કર્મ, તપ, જ્ઞાન, વૈરાગ્ય, યોગ, દાન, ધર્મ અને બીજા પણ સત્કાર્યોવડે જે કાઇ કલ્યાણ થાય છે તે સર્વ મારી ભક્તિના યોગે કરીને મારા ભક્તને અનાયાસે જ મળે છે અને જો તે કદી સ્વર્ગ, મોક્ષ કે મારા ધામની ઇચ્છા કરે છે તો તેને

ફળ પામે છે તીર્થમા પણ જે ફળની પ્રાપ્તિની ઇચ્છા હોય તે ભગવાનના સ્મરણથી જ ફળપ્રાપ્તિ કહી છે પણ દેહ પાડવા માત્રથી કહી નથી. નિર્ણય કમળાકર ગ્રથમા અને બ્રહ્મપુરાણમા કહેલુ છે કે જે પુરૂષ માઘ માસને વિષે વિષ્ણુ ભગવાનના ચરણકમળનુ ધ્યાન કરીને, વિષ્ણુ ભગવાનમા ચિત્ત રાખીને પ્રયાગ ક્ષેત્રને વિષે દેહત્યાગ કરે છે તે ઇછેલા ફળને પામે છે તેથી દેહ રહે ત્યા સુધી હરિ સ્મરણજ કરવુ શ્રીમદ્ ભાગવતના ૮ મા સ્કંધના ૧૦ મા અધ્યાયમા શુકજીનુ વાકય છે કે હરિનુ સ્મરણ કરવુ એ સર્વ વિપત્તિમાથી મોક્ષ કરનારૂ છે મિતાક્ષરા ટીકામા પોતાનાથી ધર્મ ન પાળી શકાય એવા ને અતિ વૃદ્ધ ને વૈરાગ્ય રહિત હોય તેને તથા સન્યાસ લેવાનો અધિકાર ન હોય એવા વાનપ્રસ્થ આશ્રમવાળાને અગ્નિ આદિમા પ્રવેશ કરવાનુ કહેલુ છે પરન્તુ કળિયુગમા તો એ આશ્રમનોજ નિષેધ કરેલો છે કાળ નિર્ણય દીપિકામા કહેલુ છે કે—ગોવધ, નરવધ, અશ્વમેધ, મદ્યપાન, સ્ત્રીનો પુનર્વિવાહ, સન્યસ્ત, નૈષ્ઠિક બ્રહ્મચર્ય, મોટા ભાઇનો અધિક ભાગ કાઢવો તે, સારો અતિથિ આવે ત્યારે સુરા કે માસનુ ગ્રહણ કરવુ તે, પશુની હિસા, નિયોગ એટલે માતાપિતાની આજ્ઞા લઇને પોતાના ભાઇની સ્ત્રીને વિષે પુત્રની ઉત્પત્તિ કરવી તે, અને વાનપ્રસ્થાશ્રમ એટલા વાનાનો કલિયુગમા નિષેધ કરેલો છે

અહી એવી શકા લેવામા આવે કે જેની ચિકિત્સા ન થઇ શકે એવા મહારોગથી જે કોઇ પુરૂષ પીડાતો હોય તથા જે વૃદ્ધ હોય એવો પુરૂષ અગ્નિમા, જળમા અથવા હીમાલયમા પ્રવેશ કરે એમ પુરાણાદિકના વાકયો છે તો વૃદ્ધાદિકોને તો દેહત્યાગ ઘટે છે ને તમે એકલા વાનપ્રસ્થનીજ વાત કેમ કહો છો ? તેના ઉત્તરમા ભાષ્યકાર કહે છે કે સાભળો. કે વિજ્ઞાનેશ્વર અને દેવ યાજ્ઞિક વગેરે તો વૃદ્ધ અને જીર્ણ થયેલા વાનપ્રસ્થને માટે કહે છે કેટલાકો બીજા વૃદ્ધોને પણ કહે છે પરન્તુ કલિયુગમા તેનો પણ નિષેધ કરેલો છે કલિયુગમા ત્યાગ કરવા યોગ્ય બાબતો જે કાલ માધવ અને પૃથ્વીચદ્રે કહેલી છે તેમા પર્વત ઉપરથી પડવુ, અગ્નિમા પ્રવેશ કરવો તથા વૃદ્ધ વગેરેનુ મરણ તેનો પણ સમાવેશ છે મોક્ષધર્મમા પણ કહ્યુ છે કે યુગભેદથી ધર્મભેદ પણ થાય છે **अन्ये कृत युगे धर्मा स्त्रेता याद्वापरे ऽपरे । अन्ये कलियुगे धर्मा यथाशक्ति कृता हिते ॥** એટલે કે સત્યયુગમા બીજા ધર્મો છે દ્વાપર અને ત્રેતાના ધર્મ પણ જુદા છે તેમજ કલિયુગના ધર્મ પણ જુદા છે શક્તિ પ્રમાણે ધર્મ પણ જુદા

છે શક્તિ પ્રમાણે ધર્મ કહેલા છે એ હેતુથી યાજ્ઞવલ્કય ઋષિએ પણ પ્રાયશ્ચિત્તના અધ્યાયમા કહેલુ છે કે જે પાપનુ પ્રાયશ્ચિત્ત કહેલુ ન હોય તેમા દેશ, કાળ, વય, શક્તિ, અને પાપ તેનો યત્ન વડે તપાસ કરીને પછી તેના પ્રાયશ્ચિત્તનો નિર્ણય કરવો અહિ ભાષ્યકારે યાજ્ઞવલ્કયની પછી **अपि** શબ્દ મુકયો છે એટલે મહાપાપ થાય ત્યારે વિધિએ કરીને પ્રાપ્ત થયેલા દેહનો અતરૂપ પ્રાયશ્ચિત્ત જે દેહનો ત્યાગ તે પણ ગ્રહણ કરાય છે અગિરામુનિયે પણ કહેલુ છે કે જે પુરૂષ જાણી જોઇને કદાચ મહા પાપ કરે છે તેના પાપની નિવૃત્તિ ભૈરવ જપ (પર્વત ઉપરથી પડવુ તે) અથવા અગ્નિમા પડીને મર્યા વિના થતી જણાતી નથી તો પણ કલિયુગમા તેવા પ્રાયશ્ચિત્તનો નિષેધ કરેલો છે આ વિષે ભટ્ટ કમળા કરે મરણ દોષના નિર્ણય વિષે નિર્ણય સિધુમા કહેલુ છે કે આજે કાશિમા જઇને મરવાના પ્રાયશ્ચિત્તો છે તે યુગ યુગ પરત્વે જુદા છે એ પ્રમાણે શાસ્ત્રમા કહેલા આત્મઘાતનો નિષેધ કરીને સ્વાભાવિક દોષોમાથી હિસાનો હવે નિષેધ કરે છે

પોતાના સગાઓ અથવા બીજા દુર્જનોએ મર્મભેદક વચનો કહ્યા હોય તેથી ઉત્પન્ન થયેલા ક્રોધે કરીને, તથા ઝેર ખાઇને અથવા **उद्‌बधन** એટલે કઠપાશ અથવા ગળે ટૂપો ખાઇને પણ આત્મઘાત ન કરવો શ્લોકમા **उद्‌बधनादिना** એમ આદિ શબ્દ છે તે માટે ભાષ્યકાર કહે છે કે તે આદિ શબ્દથી કૂવામા પડવુ, વગેરેથી પણ આત્મહત્યા ન કરવી એમ સમજવુ કારણકે આત્મહત્યાથી ઘણુજ પાપ લાગે છે તથા સર્વે સ્વાર્થનો નાશ થાય છે એથી ધર્મશાસ્ત્રમા એવી રીતના અકાળ મરણના પ્રકરણમા તેથી પતિત થવાય છે એમ કહેલુ છે બ્રહ્મપુરાણમા કહેલુ છે કે **क्रोधात्प्राय विष वह्‌नि शस्त्र मुद्ध धन जलम् । गिरि वृक्ष प्रपातच येकुर्वति नराधमा** એટલે કે ક્રોધથી, અન્ન ભક્ષણ ન કરીને, વિષ ખાઇને, ગળે ફાસો ખાઇને, જળમા ડુબી જઇને, તથા પર્વત અગર વૃક્ષ ઉપરથી પડીને જે માણસો પોતાના શરીરનો નાશ કરે છે તે નરાધમ છે એમને મહાપાતકી તથા પતિત કહેલા છે અયોગ્ય આચરણે કરીને એ પદનો અર્થ લોક લાજે કરીને પણ આત્મહત્યા ન કરવી એવો છે એટલે કે દૈવગતિએ કરીને કાઇ સમયે પોતાના વર્ણાશ્રમને અને દેશ તથા કુળના આચારને અનુચિત કર્મ થઇ જાય તેથી અગર પોતાના કોઇ " અયોગ્ય આચરણે કરીને " એ પદનો અર્થ લોકલાજે કરીને પણ આત્મઘાત ન કરવો એવો છે

એટલે કે દૈવગતિએ કરીને કોઈ સમય પોતાના વર્ણાશ્રમને અને દેશ તથા કુળના આચારને અનુચિત કર્મ થઇ જાય તેથી અગર પોતાના કોઇ સબધિજન દુરાચાર કરે તેથી પણ આત્મહત્યા ન કરવી આમા પણ ઝેર ખાઇને કે ગળે ફાંસો ખાઇને આત્મહત્યા ન કરવી એવો સબધ લેવાનો છે જો કે સ્વાભાવિક પાપ હોય તોપણ આત્મહત્યાને તો ઘોર નરકના હેતુરૂપ કહેલી છે શ્રુતિમા પણ કહેલુ છે કે જે લોકો આત્મહત્યા કરનારા છે તેઓ અધકારથી વિટાયેલા એવા ઘોર નરકમા પડે છે તે હેતુ માટે પાપનુ આચરણ કર્યુ હોય તો, દેશ, કાળ, વય અવસ્થા અને અને શક્તિને અનુસરીને ધર્મશાસ્ત્રમા કહ્યા પ્રમાણે યુગના ધર્મ પ્રમાણે જ પ્રાયશ્ચિત્તનુ આચરણ કરવુ,* એ જ ન્યાય છે પણ આત્મહત્યા ન કરવી એમ તાત્પર્ય છે આમા ત્રણ નિષેધ વાક્યો છે અને બે અવાતર વાક્યો મળી પાચ છે ૧૪

એવી રીતે પોતાની તેમ જ પારકી હિસાનો નિષેધ કરીને પછી સસ્કૃત એટલે કે જેના ઉપર વિધિના સસ્કાર કરેલા હોય અથવા અસસ્કૃત એટલે એવા સસ્કાર ન કર્યા હોય એવા માસના ભક્ષણનો પણ હવે નિષેધ કરે છે

न भक्ष्य सर्वथा मास यज्ञशिष्टमपि क्वचित ।
नपेयं च सुरा मद्यमपि देव निवेदितम ॥ १५ ॥

કહે છે કે જે માસ છે તે યજ્ઞ કર્યા પછીનુ શેષ રહે રહેલુ હોય તો પણ કોઇ પણ રીતે ખાવુ નહિ તથા દેવતાના નૈવેદ્યના હોય તો પણ સુરા તેમ જ મદ્ય પીવુ નહિ ૧૫

યજ્ઞશિષ્ટમ યજ્ઞ કરતા શિષ્ટ રહેલુ, મારા જે આશ્રિતો વૈષ્ણવ છે તથા મોક્ષને માર્ગ ચડેલા છે માટે તેમણે માસ ભક્ષણ કરવાનુ નથી હિસામય યજ્ઞનો નિષેધ કર્યો છે, છતા આમ ફરીથી માસનો નિષેધ કરવાનુ કારણ એ છે કે ક્યારે સ્થાનાતરમા પણ બીજાએ કરેલા સોમયાગાદિ યજ્ઞમા અથવા શ્રાદ્ધમા અથવા દેવ તથા પિતૃઓના પૂજન પછી બાકી રહેલુ એવુ માસ અથવા તે માસના જેવા પદાર્થને પણ ખાવુ નહિ

---

* એટલે કે આ કલિયુગમા પરાશર ઋષિની સ્મૃતિ પ્રમાણે પ્રાયશ્ચિત્ત કરવાનુ છે.

કારણ કે તેવા માસના ભક્ષણનો પણ નિષેધ કરેલો છે તેવી જ રીતે ઋગ્વેદમા ઐતરેય બ્રાહ્મણમા કહેલુ છે કે એ બધા ઉત્ક્રાંતિ કરે તેવા પશુઓ હણવા યોગ્ય નથી માટે તેમનુ ભક્ષણ કરવુ નહિ વળી યજુર્વેદના શતપથ બ્રાહ્મણમા પણ કહેલુ છે કે તે હેતુ માટે એ પશુઓનુ ભક્ષણ કરવાનુ નથી કારણ કે તેથી બુદ્ધિનો નાશ થાય છે કારણ કે એવા પ્રાણિઓનુ માસ પણ બધી રીતે નિર્દોષ નથી માટે વળી મહાભારતના અનુશાસન પર્વમા કહેલુ છે કે હે રાજન્! માસ બધી રીતે નિર્દોષ હોતું નથી ઉપર **अपि** શબ્દ આવે છે તેનુ કારણ કે સસ્કાર વિનાનુ માસ ભાગ્યે જ મળે છે **सर्वथा** એ શબ્દનો અર્થ અહી અગત્યનો છે કારણ કે કોઈ પોતાને થયેલા રસાસ્વાદથી અથવા દેવતા, પિત્રીઓના પ્રસાદના માહાત્મ્યથી, અથવા સ્નેહ અગર સબધના ગૌરવને લીધે અગર તો ગુરૂની આજ્ઞાથી પણ માસ ન ખાવુ એટલે માસનો તો સ્વાદ જ ન કરવો માસ એ પશુઓને હણવાથી જ થાય છે માટે તે માસને ખાનારની ગણના પશુના હણનારામા જ થાય છે

મનુસ્મૃતિના ૫ મા અધ્યાય । ૫૧ મા શ્લોકમા કહેલુ છે કે—

अनुमंता विशसिता निहता क्रयविक्रयी ।
सस्कर्त्ता चोपहर्त्ता च स्वादकश्चेति घातका ॥

આમા **अनुमता** શબ્દ ઉપર અન્વર્થમુક્તાવલીમા એની ટીકા છે કે—

यदनुमति व्यतिरेकेण हनन कर्तुं न शक्यते सोऽनुमंता।

એટલે કે પોતે એકલો મારી ન શકે પણ અનુમોદન આપે તે **विशसिता** એટલે પશુને હણ્યા પછી જે પુરૂષ તેના બધા અવયવોને નોખા નોખા કરે તે, **निहता** એટલે હણનાર, **क्रयविक्रयी** એટલે કે વેચનાર તથા ખરીદનાર, **सस्कर्त्ता** એટલે માસને પકાવનાર; **उपहर्त्ता** લાવનાર અને **खादक** જે ખાનાર તે બધાય ઘાતકી છે વળી મનુસ્મૃતિના ૫ મા અધ્યાયના ૪૮ મા શ્લોકમા કહેલુ છે કે—

नाकृत्वा प्राणिना हिसा मासमुत्पद्यते क्वचित् ।
नच प्राणिवध स्वर्ग्यस्तस्मान्मास न भक्षयेत् ॥

એટલે કે પ્રાણિને માર્યા વિના કદી પણ માસની ઉત્પત્તિ થતી નથી તેમ જ પ્રાણિને માર્યાથી સ્વર્ગની પ્રાપ્તિ થતી નથી માટે માસનુ ભક્ષણ ન કરવુ વળી એ જ સ્મૃતિના ૫ ના અધ્યાયના ૫૫ મા શ્લોકમા કહેલું

છે કે **માસ** શબ્દનુ નિરૂક્ત એવુ કરેલુ છે કે **મા+સ** જેનુ તુ હમણા ભક્ષણ કરે છે તે અન્ય જન્મને વિષે તારૂ ભક્ષણ કરશે એ માસનુ માસત્વ કહેલુ છે, એમ ડાહ્યા પુરૂષો કહે છે ભીષ્મપિતામહે પણ દાનધર્મના ૧૧૫ મા અધ્યાયમા કહેલુ છે કે—

यो यजेताश्वमेधेन मासिमासि यतव्रत ।
वर्जयेन्मधुमास च सममेतद्युधिष्ठिर ॥
सप्तर्षयो वालखिल्यास्तथैव च मरीचिपा ।
अमासभक्षण राजन्प्रशसति मनीषिण॰ ॥
पूर्व तु मनसात्यक्त्वा तथा वाचा च कर्मणा ।
न भक्षयति योमासं त्रिविध सविमुच्यते ॥

એટને કે દર મહિને અશ્વમેધ યજ્ઞ કરનાર અને મદ્ય તથા માંસનું ભક્ષણ ન કરનાર બન્ને બરાબર છે વળી ડાહ્યા એવા સપ્તર્ષિયો, વાલખીલ્ય ઋષિઓ, તેમ જ મરિચ્યાદિકો પણ માસ ન ખાવુ તેને વખાણે છે જે પુરૂષ પ્રથમ મન, પછી વાણી અને પછી કર્મવડે એમ ત્રણ પ્રકારે માસનુ ભક્ષણ નથી કરતો તે મુક્તિ પામે છે વળી એમા જ આગળ કહેલુ છે કે માસ કાંઈ ઘાસ, લાકડુ અગર પત્થરમાથી ઉત્પન્ન થતું નથી પણ પ્રાણિઓની હિંસા કરવાથી જ ઉત્પન્ન થાય છે માટે માસનું ભક્ષણ કરવામા દોષ રહેલો છે આગળ સપ્ત ઋષિઓએ ચેદિના રાજા એવા ઉપરિચર વસુને માસ ભક્ષણના સબધમા પૂછ્યુ હતુ ત્યારે તેમણે ઉત્તર આપ્યો હતો કે માસ અભક્ષ્ય અને ભક્ષ્ય પણ છે આવો ઉત્તર આપવાથી એ રાજા તુરત જ પૃથ્વી ઉપર પડી ગયો હતો એનો એ જ પ્રશ્ન ઋષિઓએ તેને ફરી પુછ્યો અને ફરી પણ એ જ ઉત્તર આપવાથી તે પૃથ્વીની નીચે પેસી ગયો મોક્ષધર્મમા ભૃગુએ પણ કહેલુ છે કે જે પુરૂષે માસ ખાવાનુ છોડી દીધુ છે તેણે યજુર્વેદે કરીને સસ્કાર કરેલા માસનુ અથવા સસ્કાર કર્યા વિનાના માસનુ ભક્ષણ ન કરવુ તેમ જ શ્રાદ્ધમા વધેના માસનુ પણ ભક્ષણ ન કરવુ અહી **વૃથામાસ** અને **પૃષ્ઠમાસ** એવા શબ્દો છે તેના અર્થ અનુક્રમે સસ્કાર કર્યા વિનાનુ અને શ્રાદ્ધમા વધેલુ એવા કર્યા છે ચાતુર્વર્ગ ચિન્તામણિમા પણ કહેલુ છે કે યજુર્વેદ જાણનાર અધ્વર્યુએ કરેના યજ્ઞથી સસ્કાર કરેનુ તથા સુકેલુ યજ્ઞનુ માસ પણ, જેણે માસનો ત્યાગ કર્યો હોય તેણે ન જ કરવુ **પૃષ્ઠ** શબ્દ ચરમ તથા શ્રાદ્ધના અર્થમા વપરાય છે એમ વિશ્વકોશમા કહેલુ છે. આથી

હિંસાવાળો ધર્મ હોય તોપણ તે આચરવા યોગ્ય નથી એમ કહેલું છે શ્રુતિઓમાં યજ્ઞના શેષરૂપ માંસને ભક્ષણ કરવાનું કહેલું છે પણ તે કાંઇ અપૂર્વ વિધિ પરત્વે નથી પણ રાગને લીધે સર્વ કાળમાં માંસ ભક્ષણનો નિયમ ન થાય તેથી તેની નિવૃત્તિપર છે એમ મુમુક્ષુઓએ જાણવાનું છે વળી કહેલું છે કે યજ્ઞમાં વધેલા પ્રમાદને ખાનારા સતો સર્વે પાપ થકી મુકાઇ જાય છે, અને જે પાપીઓ પોતાના દેહની પુષ્ટિને અર્થે ખાય છે તેઓ પાપ ખાય છે, એવાં વાક્યો ભગવાનનાં છે પણ તે માંસભક્ષણના વિષયમાં નથી પરંતુ દેવતાઓએ કરેલી વૃષ્ટિથી ઉત્પન્ન થયેલા અને રાંધેલા એવા અન્નનું, વૈશ્વદેવ કર્યા પછી ભોજન કરવાના વિષયમાં છે તેજ પ્રમાણે તેના ભાષ્યમાં શ્રીધરી ટીકામાં વ્યાખ્યાન છે કે જેઓ વૈશ્વદેવાદિક પંચ મહાયજ્ઞ કરતાં બાકી રહેલું અન્ન જેઓ ખાય છે તેઓ પંચસૂનાથી થયેલાં સર્વ પાપોથી પણ મુક્ત થાય છે પંચસૂનાનું વર્ણન મનુસ્મૃતિના ત્રીજા અધ્યાયના ..માં શ્લોકમાં નીચે મુજબ છે **कंडनी** ખાંયણીઓ, **पेषणी** ઘંટી, **चुल्ली** ચુલો, **उदकुंभी** પાણીયારું અને **मार्जनी** સાવરણી આ પાંચ સૂના ગૃહસ્થોને હોય છે અને તેથી સ્વર્ગની પ્રાપ્તિ થતી નથી. સૂના એટલે હિંસા થવાનું સ્થાન **सुना** એ શબ્દ **वधस्थान** અને **पुत्री** એ બે અર્થમાં વાપરી શકાય છે એમ મેદિની કહે છે શ્રી વૈષ્ણવાચાર્ય કહે છે કે **यज्ञोवविष्णु** એવી શ્રુતિ છે તેનો અર્થ એ છે કે શ્રી વાસુદેવના નૈવેદ્ય પછી બાકી રહેલા અન્નને જમનાર સઘળાં પાપોથી મુક્ત થાય છે બીજે પણ આનો વિસ્તાર ઘણો છે

અહીં કોઇ એમ શંકા કરે કે પ્રાણ જતો હોય ત્યારે અથવા શ્રાદ્ધમાં દેવ તથા પિત્રીઓનું પૂજન કરીને માંસભક્ષણ કરે તો દોષનો ભાગ નથી એમ યાજ્ઞવલ્ક્ય સ્મૃતિમાં કહેલું છે માટે શ્રાદ્ધાદિમાં માંસ-ભક્ષણ કરવાથી શો દોષ આવે છે? તેના નિરસનમાં ભાષ્યકાર કહે છે કે આગળ આનુશાસિક પર્વમાં મોક્ષ ધર્મમાં કહેલું છે તે વાક્યથી પણ તેમાં દોષ છે કારણ કે એ સ્મૃતિ છે તે રજોગુણ તથા તમોગુણવાળા દેવ અને પિત્રીઓના ઉપાસકો અને રજોગુણ, તમોગુણવાળી પ્રકૃતિના પુરૂષોને બીજા યુગમાં પ્રતિદિન માંસભક્ષણનો સંકોચ ઇચ્છા કરે તે માટે છે કલિ-યુગમાં તો દેવ અને પિત્રીઓને માટે પશુઓની હિંસાનો જ નિષેધ છે, એ વાત આ ળ દીપિકાના વાક્યમાં છે વળી દિયરથી પુત્રની ઉત્પત્તિ કરવી, મધુપર્ક માટે પશુનો વધ કરવો તથા શ્રાદ્ધમાં માંસનું દાન કરવું અને

વાનપ્રસ્થાશ્રમ એટલા વાનાનો પણુ નિર્ણયસિંધુમા બૃહન્નારદીય પુરાણુમા કલિયુગમા ત્યાગ કરવા યોગ્ય બાબતોમા સમાવેશ કર્યો છે તેથી પણુ માંસનુ ભક્ષણુ કોઇ પણુ રીતે ન કરવુ એવો આશય છે તેથી કરીને ધર્મ ઉપદેશમા, જીવહિસા અને માસભક્ષણુ ન થાય તેથી માટીના વાસણુમા ફોતરાવાળા (શિગો) લીના ધાન્ય શેકયા હોય એવા અનાજને ખાવાનો પણુ નિષેધ કરેલો છે કહ્યુ છે કે—

आर्द्रा बल्लास्तथाऽढक्यो भृष्टा स्युर्यद्यनिस्तुषा ।
पुंभि स्त्रीभिर्नभक्ष्यास्ते सूक्ष्म जीवातनभवादिति ॥

એટલે કે લીલા વાલ અને તુવેરો ફોતરા સાથેની હોય અને તેને માટીના વાસણુમા મુકીને અગ્નિવડે શેકેના (જેને ઊધીયુ કહે છે) હોય તોપણુ તેમા ઝીણા જતુઓ હોવાનો સભવ રહેવાથી સ્ત્રી પુરૂષોએ તે ભક્ષણુ ન કરવા લીના ધાન્ય એટલે કે જેમ વટાણા, ચોળા આદી શમીધાન્ય—કઠોળ કહેવાય છે તે ન ખાવા હવે **अनिस्तुषा** એટલે છોડા એટલે ઉપરના ફાતરાવાળા ધાન્યમા પણુ વાયડા કઠોળ અર્થ જ લેવાનો છે અને તેનો જ નિષેધ છે **भृष्टा** એ શબ્દનો અર્થ માટીના પાત્રમા મુકીને અગ્નિવડે શેકેલા એવો કરવો કારણુ કે તેવા અપકવ અન્નમા સૂક્ષ્મ જતુઓ હોવાનો વિશેષ સભવ છે એવા કઠોળ ધાન્યની અપકવ દશામા તેમા ઉત્પન્ન થયેલા ઝીણા જતુઓ બહારથી દેખાતા નથી તેથી તેનુ ભક્ષણુ કરતા હિસાનુ પાપ લાગે છે તથા ભક્ષણુ કરવાથી માસ ભક્ષણુનો દોષ પણુ થાય છે અને એ બે પાપને લીધે આસુર ભાવની પ્રાપ્તિ થાય છે કારણુ કે દારૂપીનારા અને માસખાનારા તથા હિસા કરનારા એ બધાને પરાશર સ્મૃતિમા અસુર કહેલા છે આ પ્રકારે સર્વે રીતે માસ ભક્ષણુનો નિષેધ છે તે, પોતાના આશ્રિત એવા વૈષ્ણુવોને હરિવશ વગેરેમા કહેલા બ્રહ્મલોકથી પર એવા ગોલોકની પ્રાપ્તિના સાધનોમા આવે છે એમ જાણુવુ વળી ભારતના અનુશાસન પર્વમા બ્રહ્મા અને ઇંદ્રના સવાદમા કહ્યુ છે કે —જે પુરૂષ કોઇ પણુ પ્રકારના માસનુ ભક્ષણુ કરતો તથી સર્વદા ધર્મથી વર્તે છે, માત–પિતાનુ પૂજન કરે છે, સત્યથી ચાલે છે, સેવા કરનારો છે અને બ્રાહ્મણુની નિદા નથી કરતો તેવા ગુણુવાળો પુરૂષ શાશ્વત અને અવ્યય એવા ધામને પામે છે પણુ પરદારાનો સગ કરનારા, કૃતઘ્ન તથા મિથ્યાભાષણુ કરનારાને તો એ ધામનુ દર્શન પણુ થતુ નથી.

देवानिवेदितं એટલે કે કાળીકા અથવા ભૈરવાદિના ઇષ્ટદેવ ગણીને

તેમની આગળ નેવદ્ય તરીકે ધરેલુ હોય એવા **अपि** એવા હોય તો પણ **सुरामद्यम्** એટલે સુરા અને મદ્ય આ બે શબ્દોનો અહિ સમાસ છે **तन्नपेयम्** એટલે કે તે ન પીવી આમા **च** મુકેલો છે તેથી સુંઘવી પણ નહિ એવો ભાવ છે મનુ ભગવાને કહ્યુ છે કે–સુરા છે તે અન્નનુ મળ છે અને પાપરૂપ છે માટે બ્રાહ્મણ, ક્ષત્રી તથા વૈશ્ય સુરા પીવી નાહ (મનુસ્મૃતિ અ ૧ શ્લોક ૯૦) વળી એ જ સ્મૃતિના ૧૧ મા અધ્યાયના ૯૪ મા શ્લોકમા કહેલુ છે કે ગૌડી, માધ્વી અને પૈષ્ટી એમ ત્રણ પ્રકારની સુરા જાણવી.

સુરા જેવી એક છે તેવી જ ત્રણે પ્રકારની છે માટે કોઈ પણ સુરાને ઉત્તમ એવા જે બ્રાહ્મણ, ક્ષત્રી અને વૈશ્ય તેમણે ન પીવી દારૂ અગીઆર પ્રકારનો છે –પનસ નામના ફળમાથી બનેલો, દ્રાક્ષમાથી બનેલો, શેરડીના રસનો, ખજૂરનો, તાડમાથી બનેલો, ઐક્ષવ, માધુથ, સૈર, અરિષ્ટ, મૈરેય એટલે આસવ, અને નાળિએરમાથી બનાવેલો એ અગીઆરે પ્રકારનુ મદ્ય સરખુ જ જાણવુ અને બાર પ્રકારની સુરા સર્વ કરતાં અધમ દશા પ્રાપ્ત કરાવનારી છે એમ સમજવુ એવી રીતે પુલસ્ત્ય મુનિએ કહેલુ છે 'સુરા પીવી તેમા મહા પાપ લાગે છે મનુએ કહેલુ છે કે બ્રહ્મહત્યા, સુરાપાન કરવુ બ્રાહ્મણનુ સોનુ ચોરવુ તેનુ પ્રાયશ્ચિત ધર્મશાસ્ત્રમા મોટુ કહેલુ છે પ્રચેતસ મુનિ પણ કહે છે કે સુરા પીનારો, ગુરૂ સ્ત્રીનો સંગ કરનારો અને બ્રહ્મહત્યા કરનારો ચીથરા અથવા વલ્કલ વસ્ત્રો પહેરીને બાર વર્ષ પર્યંત વ્રત કરે મનુ સ્મૃતિના ૧૧મા અધ્યાયના ૯૦મા શ્લોકમા જણાવેલુ છે કે અજ્ઞાનથી પણ સુરાનુ પાન કરે તો અગ્નિના વર્ણ જેવી સુરાનુ પાન કરે એવુ પ્રાયિશ્ચિત્ત કહેલુ છે મનુ સ્મૃતિના ૧૧મા અધ્યાયના ૧૫૦મા શ્લોકમા પણ કહ્યુ છે કે જો અજ્ઞાનથી સુરા મિશ્રિત પાણી પણ પીવામાં આવે તોય પ્રાયશ્ચિત્ત કરવુ અજ્ઞાનથી મૈ વિષ્ટા, મુત્ર અગર સુરાના સ્પર્શવાળુ જળ પીવાય તો ત્રણે વર્ણનાને સંસ્કાર ફરીથી કરવા પડે એટલે કે જનોઈ દેવી વગેરે સંસ્કારો છે તે કરવા તે વિધિઓ મયૂખાદિથી જાણવા અહીં સુરા શબ્દ મદ્યના અર્થમાં રૂઢ છે કારણ કે મદ ઉત્પન્ન કરવામા સર્વેની શક્તિ સમાન છે; એમ વસિષ્ઠે કહેલુ છે સૌત્રામણિ યજ્ઞમા સુરાના પાત્ર લે છે તેથી સુરાપાનમા દોષ નથી એમ કહેલુ નથી એને તો સુંઘવા માત્ર જ કહેલુ છે પણ બીજે તો સુંઘવાનો પણ નિષેધ છે બૃહદ્ વિષ્ણુ સ્મૃતિમાં કહેલુ છે કે

બ્રાહ્મણોને પીડવું તમાકુ અને મદ્યને સુંઘવા, ગુરૂ સાથે કપટ કરવું અને પશુ તથા પુરૂષની સાથે મૈથુન કરવું એ બધા જાતિનો નાશ કરનારા છે. કલિયુગને વિષે તો સૌત્રામણિ યજ્ઞમા પણ સુરા પીવાનો નિષેધ કરેલો છે .

હેમાદ્રિમા કલિયુગમા ત્યાગ કરવા યોગ્ય વસ્તુઓમા તેમજ આદિત્ય પુરાણમા કહેલુ છે કે વિધવાને વિષે પ્રજાની ઉત્પત્તિ કરવાને દિયરને પ્રેરવો, પોતાના વર્ણની ન હોય એવી કન્યાના દ્વિજની સાથે લગ્ન કરવાં, મ્હાપ્રસ્થાન માટે જવુ(એટલે કે હિમાળે હાડ ગાળવાં), ગાયનો વધ કરવો તે, સૌત્રામણિ યજ્ઞમા સુરા પીવી, શ્રેષ્ઠ અતિથિ અને પિત્રી માટે પશુ મારવા, દત્તક અથવા ઔરસ વિના બીજાને પુત્ર તરીકે ગ્રહણ કરવો અને ત્રીજો જે વાનપ્રસ્થ અને ચોથો સન્યાસી એ બે આશ્રમોનો નિષેધ છે. કદાપિ અજાણતા અગીઆર પ્રકારના મદ્યનુ પાન કરવામા આવે તો પ્રાયશ્ચિત્ત મયૂખમા બૃહસ્પતિએ તેનુ પ્રાયશ્ચિત્ત કહેલુ છે જો કોઇ દ્વિજ પ્રમાદથી મદ્ય પીએ તો તેણે અતિકૃચ્છ વૃત્ત કરવુ રાજા તેને સંસ્કાર કરે અને સંસ્કાર કરનારો બ્રહ્મભોજન કરાવે

હવે **સુરા મદ્ય** બન્ને શબ્દો એકાર્થ વાચક છે તોપણ **સુરા ચ મદ્ય** એમ કરીને તેનો મયુરવ્યંસકાદિ સમાસ થયેલો છે મિતાક્ષરા વગેરેમા તે બન્નેના ભેદ પડેલા છે અને બ્રાહ્મણને સુરા તથા મદ્ય અને ક્ષત્રિયોને સુરા સર્વ કાલને વિષે અને સર્વ પ્રકારે નિષેધ કરેલી છે ક્ષત્રિયોને માટે પુરાણોમા મદ્યપાનના વર્ણનો છે એથી તેમને મદ્યની આજ્ઞા છે એમ કહેવામા આવે તોપણ તે ડાહ્યા મનુષ્ય માટે નહિ કારણ કે તેમા દોષ રહેલો છે વળી વિદુરનીતિમા પણ કહેલુ છે કે વ્યસનાદિક સાત દોષો રાજાએ ત્યાગ કરવાના કહેલા છે જે દોષવડે કરીને ઇશ્વર હોય તોપણ તેનો જડમૂળમાથી નાશ થાય છે તે દોષ આ છે સ્ત્રીઓની સાથે બેસવુ, પાસાની રમત, શિકાર, મદ્યપાન, કઠોરવાણી, કઠોર દંડ દેવો અને ધનને માટે દોષ કરવો તે વળી મનુએ મદ્યપાનને ૧૮ વ્યસનોમા જ અત્યંત પાપ ગણ્યુ છે તે ૧૮ દોષ આ પ્રમાણે છે –(અ. ૭ શ્લોક ૪૭) શિકાર,[1] જુગાર, દિવસની નિદ્રા, નિંદા, સ્ત્રી સાથે

---

૧ મૃગયા શબ્દ છે. તેનો અર્થ આમેટક નામના મૃગનો વધ કરવો તે એમ થાય છે

બેસવુ, મદ્યપાનથી વિકાર થાય તે, તૌર્યત્રિક એટલે કે સગીત વાજીત્ર, અને નૃત્ય, અને વૃથા ભટકવુ એ દશ સુખને ઉત્પન્ન કરનારો સમૂહ છે. (અ ૭ શ્લોક ૫૧) ચાડીયાપણુ, સાહસ, દ્રોહ, ઇર્ષ્યા, અસૂયા, પૈસાને માટે દૂષણુ દેવુ, કઠોર વાણી અને કઠોરતા. એ આઠનો ક્રોધ ઉત્પન્ન કરનારો સમૂહ છે મદ્યપાન, પાસાની રમત, સ્ત્રીયો સાથે બેસવુ, અને મૃગયા એ ચાર સુખની ઇચ્છા ઉત્પન્ન કરવામા અતિ કષ્ટતમ છે અને કઠોર દડ દેવો, કઠોર વાણી બોલવી, પૈસાને માટે દુષણુ કરવુ એ ત્રણુ ક્રોધને ઉત્પન્ન કરવામા ઘણા કષ્ટતમ છે યાજ્ઞવલ્કય મુનિયે જે વ્યસનો ગણાવ્યા છે તેમા ગાયનો વધ કરવા વગેરે જે ઉપપાતક કહેલા છે તેમા બદુક વગેરે હિસાના યત્રો બનાવવા તથા વેચવા તેને પણુ પાતક ગણ્યુ છે વિજ્ઞાનનાથ તેના અગ્રને કહે છે કે મૃગયાદિ અઢાર દોષો કહેલા છે તેનુ પ્રાયશ્ચિત્ત ત્રણુ માસ પર્યંત વ્રત કરવુ એ વગેરે મિતાક્ષરામાથી જોઇ લેવુ તે હેતુ માટે ક્ષત્રિયો વગેરેને સદાચાર પાળીને કયારે પણુ મદ્યપાન કરવાનુ નથી એવુ તાત્પર્ય છે બીજા યુગમા તેને દોષિત કહેલુ છે તોય કલિયુગમા તો તેનો નિષેધ જ છે હેમાદ્રિ અને બ્રહ્મ પુરાણુમા કહેલુ છે કે નરમેધ તથા અશ્વમેધ અને મદ્ય એટલાનો કલિયુગમા દ્વિજોએ ત્યાગ કરવો પરાશરે કહેલુ છે કે મદ્યનો સ્પર્શ કરવા માત્રથી જ નરકની પ્રાપ્તિ થાય છે જો જાણીને અથવા અજાણે ત્રણુ વર્ણમાથી કોઇ પણુ સુરાનો સ્પર્શ કરે તો યાવચ્ચન્દ્ર દિવાકરૌ નરકમા પડે છે મનુ ભગવાન તેનુ પ્રાયશ્ચિત્ત કહે છે જો જાનુની નીચે મદ્યનો સ્પર્શ થાય તો સ્નાન કરવુ, કુટીએ સ્પર્શ થાય તો એક રાત્રી ઉપવાસ કરવા અને નાભિથી ઉપર સ્પર્શ થાય તો ત્રણ રાત્રિ ઉપવાસ કરવો મદ્યના વાસણુનુ જળ પીવામા આવે તો તેને માટ હારિત મુનિએ દોષ માનેલો છે કે જો કોઇ દ્વિજ મદ્યવાળા વાસણુમાનુ જળ પીએ તો તેણે બાર દિવસ સુધી પાણીની સાથે બ્રાહ્મી પીવી એમ મિતાક્ષરામા કહેલુ છે આજે સુરાનો નિષેધ કર્યો છે તે ઉપનયન સસ્કાર વિનાના માટે અને કોઇ પણુ પુરૂષમા આસક્ત નહિ થયેલી એવી કન્યકાને માટે છે તેથી બ્રાહ્મણુ, ક્ષત્રિય અને વૈશ્યોએ સુરા ન પીવી એમ જાતિ માત્રના અવચ્છેદથી પણુ નિષધ ગણુવાનો છે ઉપનયન સસ્કાર વિનાના બાળકને તો પ્રાયશ્ચિત અપાતુ નથી તેમા અગીરા મુનિએ કહેલુ છે કે જેની ઉમર સોળ વર્ષથી ઓછી હોય તેને તથા, સ્ત્રિયોને અને રોગીને અડધુ પ્રાયશ્ચિત આપવુ જેની ઉમર અગીઆર વર્ષની અદર પણુ પાચ

વર્ષની ઉપરની હોય તો તેના પાપનુ પ્રાયશ્ચિત્ત તેના ભાઈ અથવા પિતા અથવા મિત્ર કરે એટલે કે અતિશય બાળક હોય તેનો અપરાધ પણ નથી થતો અને પાપ પણ નથી થતુ ગૌતમ પણ કહે છે કે ઉપનયન સસ્કાર પહેલા તો ઇચ્છા પ્રમાણે ફરાય, ઇચ્છા પ્રમાણે બોલાય અને ઇચ્છા પ્રમાણે ખવાય. તો પછી ઉપનયન સસ્કાર પહેલા સુરાપાનમા દોષ કેવી રીતે લાગે? એવી જો તમે શકા કરતા હો તો સાભળો ગૌતમાદિ સ્મૃતિ એ મદ્ય વિના બીજી બાબતો સબધી છે એમ ભગવાન ભાસ્કરે કહેલુ છે મિતાક્ષરામા પણ કહ્યુ છે કે જો ઉપનયન સસ્કાર વિનાનો કોઇ બાળક મોહને લીધે મદ્ય પીએ તો તે માટે તેની માતા ભાઇ અને પિતા એ ત્રણેએ કૃચ્છ ચાદ્રાયણ કરવુ એમ જાતુકર્ણ્ય સ્મૃતિમા છે ગૌતમનુ વચન છે તે સુરાદિથી નિરાલુ ઉતરી ગયેલા અને રાતવાસી અન્નના સબધમા છે ખરેખર આ બધે નિષેધ આસક્તિ પૂર્વક સુરા પીવા પરત્વે છે પણ દેવની પ્રસાદિ હોય તો શો દોષ? એવી શકાના સમાધાનમા કહે છે કે દેવો સાત્વિક છે, મનુષ્યો રજોગુણી છે અને અસુરો તમોગુણી છે એવુ સર્વમા પ્રસિદ્ધ છે તેમા દેવને સુરાનુ નિવેદ ઘટતુ નથી કારણ કે તે આસુર નૈવેદ્ય છે તેથી શ્રીમદ્ ભાગવતના ૪ થા અધ્યાયના ૧૮ મા શ્લોકમા મૈત્રેય ઋષિયે કહેલુ છે કે દૈતોએ અને દાનવોએ અસુરમા ઉત્તમ એવા પ્રલ્હાદને વત્સ બનાવીને લેહના પાત્રમા અમૃતના જેવી સુરાનો આસવ આપ્યો વળી શ્રીમદ્ ભાગવતના આઠમા સ્કધના ૮ મા અધ્યાયમા કહેલુ છે કે કમળ જેવા નેત્રો વાળી વારૂણી દેવી નામની કન્યા હોતી હવી તેને અસુરોએ શિવજીની અનુમતિથી ગ્રહણ કરી મનુસ્મૃતિના ૧૧ મા અધ્યાયના ૯૫ મા શ્લોકમા પણ કહ્યુ છે કે યક્ષ, રાક્ષસ અને પિશાચના અન્નરૂપ એવુ મદ્ય, માસ, તથા સુરાનો આસવ તે દેવને જમવાનુ હવિ હોય તોપણ બ્રાહ્મણોએ ન લેવુ, એમ દેવના હવિનો પણ નિષેધ કરેલો છે ભારતના મોક્ષ ધર્મમા દ્વિનવતીતમ અધ્યાયમા પણ કહેલુ છે કે યજ્ઞ મિત વૃક્ષ નિમિત્ત કે યૂપ-મિત્ત જો મનુષ્યો નાહક માસ ખાય તો તે કૃત્યને વખાણવામા આવતુ નથી સુરા, મચ્છલા, મદ્ય, માસ, આસવ, અને તલ મિશ્રિત એવો ભાત એ બધુ ધૂર્ત લોકોએ પ્રવર્તાવેલુ છે વેદમા તે કલ્પેલુ નથી. માન મોહ,

લોભ અને રસાસ્વાદ ને લીધે જ તે કલ્પેલુ છે. બ્રાહ્મણો તો સર્વ યજ્ઞમા વિષ્ણુને જ જાણે છે તેમનુ પૂજન તો ઘઉ અને દૂધપાક વડે જ કરવાનુ કહેલુ છે જે યજ્ઞ નિમિત્તના વૃક્ષો છે તેમને જ વેદમા કલ્પેલા છે જે કાઇ કાર્તિક માસમા ઉત્પન્ન થાય અને શુદ્ધ ભાવવાળા મહાપુરૂષોએ જેને શુદ્ધ કરેલુ હોય તે જ અન્ન દેવોને યોગ્ય છે

તેથી જ દેવને નિવેદન કરેલા હોય તોપણ સુરા અને મદ્ય ન પીવા એવા સ્વામીના અભિપ્રાયનો સિદ્ધાંત છે એથી દરેક હિસાને સર્વ રીતે ત્યાગ કરવા યોગ્ય છે એ પ્રકારે આ શ્લોકનુ તાત્પર્ય અર્થ છે એમ જાણવુ

अकार्याचरणे क्वापि जाते स्वस्य परस्य वा ।
अंगच्छेदो न कर्तव्य शस्त्राद्यैश्चक्रुधापि वा ॥ १६

એ પ્રકારે સમગ્ર પ્રાણિ માત્રની હિસાનો નિષેધ કરીને તેના એકાદ અવયવના છેદનો પણ નિષેધ કરે છે આ શ્લોકનો અર્થ એવો છે કે પોતાથી વા બીજાથી કોઇ અયોગ્ય કાર્ય થયુ હોય તો પણ ક્રોધવડે કરીનેય શસ્ત્ર વગેરેથી પોતાના કે બીજાના શરીરનુ છેદન ન કરવુ ૧૬

अकार्य—એટલે કે કુસગના સગના સ્વભાવને લીધે દોષ થવાના એકાદ નિમિત્તને લીધે એવો અર્થ છે લોક તથા શાસ્ત્રમા નિષિદ્ધ કરેલુ હોય અને બુદ્ધિ પૂર્વક, કાર્ય કરેલુ હોય—જેમકે પારકાની સ્ત્રીના અગનો સ્પર્શ કરવો વગેરે કર્મનુ આચરણ થાય ત્યારે એટલે કે પોતે અથવા પારકાએ તેવુ કાર્ય કર્યુ હોય ત્યારે

शस्त्राद्यै—એટલે કે ખડગ છે મુખ્ય જેમા એવા છરી, વાળદનો અસ્ત્રો વગેરે વડે કરીને

स्वस्य परस्य वा એટલે કે પોતાનો પારકાનો અથવા તો પોતાનો અપરાધ કરનારા સ્ત્રી, પુરૂષ, પશુ, અથવા પક્ષીઓનો એ શબ્દ ઉત્તમ, બીજો, શત્રુ, અને દૂર અને કેવળને વિષે વપરાય છે

अगस्य એટલે કે કાન, નાક શિશ્નુ, આદિનુ છેદન ન કરવુ કારણ કે તેમા નિર્દયતાનો ભાવ આવે છે એમ થાય તો ભગવાન્ રાજી થતા નથી એટલે સસારમા ભટકવાનુ થાય છે એટલુ તાત્પર્ય છે શ્રીમદ્ ભાગવતના ત્રીજા અધ્યાયના ૯ મા શ્લોકમા દયાથી ભગવાન્ રાજી થાય છે એમ કહેલુ છે "ભગવાન્ જેવા સર્વ ભૂત પ્રાણી માત્રમા દયાએ કરીને પ્રસન્ન થાય છે, તેવા હૃદયમા કામનાથી બદ્ધ એવા અને યોગ્ય

ઉપચારથી દેવતાઓએ સેવા કરવાથી પ્રસન્ન થતા નથી. વળી ભાગવતના ૭ મા સ્કંધના ૬ ઠ્ઠા અધ્યાયમા પ્રલ્હાદજીએ અસુરોના બાળકો પ્રત્યે કહેલુ છે કે આસુરપણુ છોડી દઇ સર્વે ભૂત પ્રાણીમાત્રને વિષે દયા કરો સુહૃદ્પણું કરો તેથી ભગવાન્ રાજી થાય છે

ભાગવતના મા સ્કંધના ૭ મા અધ્યાયમા કહ્યુ છે કે કૃપાએ કરીને સર્વાત્મા એવા ભગવાન્ પ્રસન્ન થાય છે અને ભગવાન્ પ્રસન્ન થયા એટલે સર્વે જગત પ્રસન્ન થાય છે ભાગવતના ચતુર્થ સ્કંધના ૩૧ મા અધ્યાયમા નારદમુનિએ પ્રચેતસ્ પ્રતિ કહેલુ છે કે દયાએ કરીને સર્વ ભૂત પ્રાણિને પ્રસન્ન કરવાથી સર્વ ઇંદ્રિયોને વિરામ પમાડવા કરતા ભગવાન્ સત્વરે રાજી થાય છે

મૂળશ્લોકમા **च** કાર છે તેથી એવો ભાવ છે કે હુ હમણાજ માગ અંગનુ છેદન કરૂ છુ, દેવદત્ત અંગને છેદી નાખ્ય ઇત્યાદિ પોતાના કે પારકાના અંગને છેદવાનુ વચન પણ ન બોલવુ એમ ધારવુ સ્કંદ પુરાણમા કહેલુ છે કે પારકાને ત્રાસ થાય એવી વાણી પણ કયારેય ન બોલવી તેથી અયોગ્ય આચરણ થાય તો શક્તિ પ્રમાણે પ્રાયશ્ચિત્ત જ કરવુ અંગ કગાવવુ પણ અંગછેદ ન કરવો એવો ભાવાર્થ છે તે જ પ્રકારે ખરાબ વચન બોલવાથી ઉત્પન્ન થયેલા ક્રોધને વશ થઇને પણ શસ્ત્રાદિકે કરીને પોતાના કે પારકા અંગનુ છેદન ન કરવુ **वा** શબ્દનો અર્થ 'અને' એવો લેવાનો છે **क्रोध**થી પોતાના કરેલા સકળ પુણ્યનો નાશ થાય છે એવો ભાવ છે મદન રત્નના પણ કહેલુ છે કે દાન, વ્રત, નિયમ, જ્ઞાન, ધ્યાન, યજ્ઞ અને જપ કોટી મનુષ્યે પ્રયત્ન કરીને કર્યા હોય તોપણ નિષ્ફળ થાય છે આના ૪ નિષેધ વાકયો છે ૧૬

स्तेन कर्म न कर्मव्य धर्मार्थमपि केनचित् ।
सस्वामि काष्ट पुष्पादि न ग्राह्य तदनाज्ञया ॥ १७

ધર્મને અર્થે પણ કોઇ પણ મારા આશ્રિતે ચોરીનુ કર્મ ન કરવુ અને પરની માલકીના કાષ્ટ પુષ્પાદિ પણ તેની આજ્ઞા વિના ન લેવુ

केनचित् એટલે મારા કોઇ આશ્રિતે **धर्मार्थमपि** ધર્મના કાર્યના આચરણને માટે પણ **अपि** શબ્દ છે એનો ભાવ એવો છે કે ધર્મ માટે ચોરી ન કરવી તો પોતાના કુટુંબના પોષણ માટે તો ચોરીનો સવાલ જ કયા રહ્યો ? **स्तेमत्ति** ચોરી કરે તે ચોર કહેવાય. ચોર શબ્દ કાગારિક, સ્તેન, દસ્યુ તસ્કર, પોષક પ્રતિરોધિ, પરાસ્કંદિ, પાટચ્ચર, અને મલિ-

મ્લુચના અર્થમા વપરાય છે ચોરનુ જે કામ તે **स्तेनकर्म** કહેવાય તે કાતો પ્રત્યક્ષ બળ વાપરીને અથવા તો પરોક્ષ રીતે હરણ કરી જવુ તે જો **स्तेय** એવો પાઠ* હોય તો ત્યા **कर्मणि यत्** પ્રત્યય થઇ **न**નો લોપ થયો જાણવો ત્યા **स्तेयाख्य कर्म** એટલે **स्तेयकर्म** એવો મધ્યમપદ લોપી સમાસ થયેલો છે તે ન કરવુ એટલે કે તેવુ કર્મ પારકાના અન્તકરણને કલેશનુ કારણ છે એટલે એ ચોરીનુ દ્રવ્ય ધર્મને યોગ્ય નથી એવો ભાવ છે પોતાના ધધામા ન્યાયથી પ્રાપ્ત કરેલા દ્રવ્યવડે ધર્મ પાળવો એમ ન્યાયથી પ્રાપ્ત કરેલા અન્નને હર્ષસહ જો કોઇ પુરૂષ બ્રાહ્મણોને, વેદ ભણેલાઓને આપે છે તો પાપથી મુક્ત થાય છે, એમ દાન ધર્મમા કહેલુ છે મોક્ષધર્મમા પણ કહેલુ છે કે પારકાના ધનનું હરણ ન કરવુ એ સનાતન ધર્મ છે દાન ખડમા યમસ્મૃતિમા પણ કહેલુ છે કે જે પુરૂષ પારકાનુ ધન હરણ કરીને દાન આપે છે તે દાતા નરકને પામે છે અને જેનુ ધન હોય તેને જ તે ફળ મળે છે ચોરી પણ કાયા, વાણી અને મન એ ત્રણે પ્રકારે ત્યજવાની છે એમ લિગ પુરાણમા કહેલુ છે પારકાની વસ્તુને આપતકાળને વિષે જાણી જોઇને મન, વાણી, અથવા કર્મ વડે કરીને લેવાની ક્રિયાનો ચોરીમા સમાસ થાય છે અહી ચોરીના કૃત્યને સામાન્ય રીતે વર્ણવ્યુ છે અને વિશેષ પ્રકાર તો ઋષિઓની સ્મૃતિઓમાથી જાણી લેવો કોળી, ભિલ વગેરે જે દસ્યુ જાતિના લોકો છે તેમને પણ ચોરીનો ધધો ન્યાયનો કહેવાય નહી ભાગવતના સપ્તમ સ્કધના અગીઆરમા અધ્યાયમા નારદજીએ કહેલુ છે કે ચોરી અને પાપ નહિ કરનારા એવા વર્ણસકર જાતિના તથા અત્યજો અને અત્યાવસાયીનો એ પણ ધધો કરવો, એમ નારદજીએ પણ ચૌરવૃત્તિનો નિષેધ કરેલો છે અગિરા મુનિએ અત્યજો સાત ગણાવેલા છે ધોબી, મોચી, નટ, ઘાચો, માછી, મિયાણો અને ભિલ, અત્યાવસાયિનો એટલે, ચડાળ, શ્વપચ, ક્ષત, સૂત, અને વૈદેહક જાતના વર્ણસકરો, વૈદ,માગધ, યોગવ, એ સાત, ભારતના શાતિપર્વના ૬૫મા અધ્યાયમા રાજધર્મમા કહેલુ છે કે આચાર્ય તથા આશ્રમીઓ અને ક્ષત્રિયોની સેવા દસ્યુ લોકોએ કરવી એમ તેમા એવી રીતે ધન પ્રાપ્ત કરવાનુ કહેલુ છે તેથી તેમને પણ ચોરી કરવાનો નિષેધ છે **सस्वामिकाष्ठ पुष्पादि** એટલે કે જેનો માલિક હાજર હોય એવુ કાષ્ટ, પુષ્પ તેમજ ફળ વગેરે પણ તેની આજ્ઞા વિના લેવુ તે અપહરણ અને તેથી ચોરી કહેવાય

* મૂળ શિક્ષાપત્રીમા એવો પાઠ છે

જેમાં આજ્ઞાનો અભાવ હોય અને આપનાર ન હોય એને સ્મૃતિમા ચોરી કહેલી છે ગૌતમ મુનિએ એવુ પ્રાયશ્ચિત્ત કહ્યુ છે કે જે માણસ ધણીને પુછ્યા વિના, તૃણ, કાષ્ઠ, પુષ્પ અથવા ફળ લે છે તેના હાથ કાપી નાખવા ગોગ્ય છે પણ આજ્ઞા આપે તો તેનુ ગ્રહણ કરવુ એથી બીજી રીતે લે તો દુર્જનો તેને દુઃખ દે છે મારે છે, અથવા મશ્કરી કરે છે કે ભય આપે છે તેને મલીનીકરણ નામનુ પાપ લાગે છે. વિષ્ણુ સ્મૃતિમા પણ કહ્યુ છે કે કૃમિ, કીડા, પક્ષિ, ઇયળોવાળુ ભોજન તથા ફળ, પુષ્પ અને કાષ્ઠની ચોરીથી મલિનીકરણ પાપ થાય છે એ પાપ તપ્તકૃચ્છ વ્રતથી દૂર થાય છે જાબાલમુનિ કહે છે કે જળ, ફળ, મૂળ, પુષ્પ, પાદડા અને સુગંધિવાળુ પદાર્થ, મૃતિકાનુ પાત્ર, અને મદ્ય એ આદિકની ચોરી કરી હોય તો તેના ધણીને સતોષ પમાડીને તથા બ્રાહ્મણને પાપ નિવેદન કરીને પાદકૃચ્છ્રવ્રત કરે શખ મુનિ કહે છે કે હોમ કરવા માટે સમિધ લેવામા કાઇ દોષ નથી યાજ્ઞવલ્ક્ય સ્મૃતિમા કહ્યુ છે કે અગ્નિને માટે કાષ્ઠ, ગાયને માટે ઘાસ, એ દ્વિજ પુરૂષે સર્વ પ્રકારે પોતાના ધારીને લેવા વળી મનુસ્મૃતિના ૮મા અધ્યાયના ૧૦૧મા શ્લોકમા ચોરીના અપવાદ તરીકે નીચે મુજબ કહેલુ છે—માર્ગમા ચાલતા જે બ્રાહ્મણની વૃત્તિ ક્ષીણ થઇ હોય તે શેરડીના સાઠા કે બે મૂળા જો પારકાના ક્ષેત્રમાથી લે તો તે દડને પાત્ર નથી, અને ચણા, ડાગેર, ઘઉ, જવ, મગ, અડદ તે પણ એક મૂઠી ગ્રહણ કરે તો દોષ નથી, માર્ગમા ચાલતા ત્રીજા દિવસે અન્ન ન મળે તો ઉપર કહ્યુ તે પ્રમાણે અન્ન ગ્રહણ કરવુ એમ જ જો છ ટક અન્ન ન મળે અને સાતમા ટકે મળવાની આશા ન હોય તો બ્રાહ્મણ ન હોય તેના ક્ષેત્રમાથી મૂઠી અન્ન લેવુ તેથી જે કાઇ પણ જોઇતુ હોય તે માગીને જ લેવુ પણ ચોરી ન કરવી એવુ તાત્પર્ય છે વગડામા તેમ જ એકાતમા પડેલા પરધનને જે મનવડે કરીને પણ નથી લેતા તે સ્વર્ગને પામે છે, એમ ભારતમા શ્રી શકરે કહેલુ છે આમા બે નિષેધ અને એક અવાતર એમ ત્રણ વાક્યો છે

व्यभिचारो न कर्तव्य पुंभि: स्त्रीभिश्चमाश्रितैः
द्युतादि व्यसनं त्याज्य नाद्यं भंगादि मादकम् १८

અર્થ—અમારા આશ્રિત એવા જે પુરૂષ તથા સ્ત્રીઓ તેમણે વ્યભિચાર ન કરવો અને જુગટુ આદિક જે વ્યસન તેનો ત્યાગ કરવો અને ભાગ આદિક જે માદક પદાર્થો તે ખાવા નહીં તથા પીવા પણ નહી

આમાં સ્ત્રીઓ તેમજ પુરૂષોએ શ્રીજીના આશ્રિત હોય તેમણે વ્ય ભિચાર ન કરવા કહેલુ છે **માશ્રિતૈ.** એમા સમાસત્વ કહેલુ છે. પુરૂ ષોએ પરસ્ત્રીઓ સાથે અને સ્ત્રીઓએ પરપુરૂષો સાથે ગમન ન કરવું. બન્નેને સમાન દોષ કહેલો છે મનુસ્મૃતિમા કહેલુ છે કે સ્ત્રી જો વ્યભિ- ચાર કરે છે તો લોકમા નિંદાને પાત્ર થાય છે, તથા યમયાતનાની પીડા થઇ શિયાળનો અવતાર આવે છે વળી એમાં જ અધ્યાય ૧૧ ના શ્લોક ૧૭૫ મા કહેલુ છે કે જે પુરૂષ પરસ્ત્રીમા ગમન કરે છે તેની પણ એ જ દશા થાય છે વિદુરજીએ કહેલુ છે કે પરસ્ત્રી ગમન કરવુ તે સર્વે પુણ્યની હાનિ કરનાર છે પરદ્રવ્યનુ હરણ કરવુ, પરસ્ત્રીનુ ગમન, અને સુહૃદનો ત્યાગ કરવો એ ત્રણે દોષ ક્ષય પમાડનારા છે ભારતના અનુશાસન પર્વમા કહેલુ છે કે તેમ તે પરદારાગમન પણ શરીર, વાચા અને મન એ ત્રણે પ્રકારે તજવાનુ છે એટલે કે સર્વે વર્ણના જનોએ સર્વે વર્ણમા પર સ્ત્રી ગમન ન કરવુ કેમકે આ લોકમા આયુષ્યનો નાશ કરનાર એના જેવુ બીજુ એકે પાપ નથી પરસ્ત્રીનુ ગમન પુરૂષના આયુષ્યનો જેવો નાશ કરે છે તેવો બીજુ કાઇ કરતુ નથી કારણ કે સ્ત્રીયોમા શરીરને વિષે જેટલા રૂવાડા છે તેટલા હજાર વર્ષ પર્યંત તે નરકમા પડે છે (આ રૂવાડા સાડા ત્રણ કરોડ હોય છે) એટલુ જ નહિ પણ જે મૂઢ પુરૂષો પરસ્ત્રીને વિષે દુષ્ટ બુદ્ધિથી નેત્રોવડે નજર કરે છે તે જન્મોજન્મમા જાતિ અંધ થાય છે મનવડે કરીને જે પરસ્ત્રીનુ ચિંતવન કરે છે તે યમયાતના ભોગવીને દુષ્કર્મ કરનારા અને રોગથી પીડાયેલા એવા થાય છે શ્રીવાસુ દેવ માહાત્મ્યમા પણ કહ્યુ છે કે પરસ્ત્રીને કયારે પણ કામભાવથી જોવી નહિ તેમ જે શ્રાદ્ધ, પર્વ અને વ્રતના દિવસોમા પોતાની સ્ત્રીને પણ ન ભોગવવી હારિતસ્મૃતિના ૪થા અધ્યાયમા હારિત અને અમરિષના સંવા દમા પરસ્ત્રીનો છેડો અડે તોપણ મોટો દોષ કહેલો છે જો કામભાવથી પરસ્ત્રીના વસ્ત્રના છેડાને પણ અડે તો બ્રહ્મહત્યા સમાન પાપ લાગે છે એમ કાત્યાયન મુનિએ કહેલુ છે તેના પહેરેલા વસ્ત્રને સુતરના જેટલા તાર હોય તેટલા સો વર્ષ પર્યંત તે નર્કમા રહે છે એ જ પ્રકારે તેની મશ્કરી કરવાનો પણ નિષેધ છે દેવળમુનિ પણ સ્ત્રીઓને વ્યભિચાર કરવાનો નિષેધ કરે છે જે સ્ત્રી કામભાવે કરીને પુરૂષની સન્મુખ ગતિ કરે છે તે સ્ત્રી નર્કના દુખ ભોગવીને સાત ભવ સુધી ગધેડી થાય છે અને તે પણ ઉગ્ર રોગવાળી થાય છે શ્રીમદ્ભાગવતમા પણ વ્યભિચારનુ તપ્તસૂર્મિ નર્ક કહેલુ છે તેના ૫ મા સ્કંધના ૨૬ મા અધ્યાયમા

કહેલું છે કે જે પુરૂષ પોતાને ગમન નહી કરવા યોગ્ય સ્ત્રીમા તથા જે સ્ત્રી પોતાને ગમન નહિ કરવા યોગ્ય એવા પુરૂષમા ગમન કરે છે તેને લોખડની સળીથી મારતા સતા લોખડના તપાવેલા સ્તભ સાથે બાથ ભરાવે છે અને મહા દુ ખ પામે છે માટે મનથી પણ વ્યભિચાર ન કરવો. એ પ્રમાણે પરદારાના પાપને સામાન્યરીતે કહ્યું, અને ગુરૂસ્ત્રીનુ ગમન આદિક મહાપાપ અને ભગિનીગમન વગેરે અતિપાપ એનુ પાર્યશ્રિત અધિક છે. તે જ પ્રમાણે સ્ત્રીઓને પણ ગુરૂ, શિષ્ય, તથા પિતા નીચ જાતિનો અને માતા ઉચ્ચ જાતિ થકી થયેલા પ્રતિલોમાદિક સાથે ગમન કરવાથી પણ પાપ ઘણુ લાગે છે તેથી ત્યાગ કરવા યોગ્ય છે શિષ્યની સાથે ગમન કરનારી, ગુરૂ સાથે ગમન કરનારી, પતિને હણવામા પ્રવર્તેલી તથા મદ્ય પીનારી વગેરે મિતાક્ષરાના વાક્યોથી પણ તેનો ત્યાગ કહેલો છે, તેમા પણ પ્રતિલોમ તથા અનુલોમનો જ વિસ્તાર મિતાક્ષરાથી જાણવો કેટલાક કામથી વિહવળ થયેલા પુરૂષો કહે છે કે ખરીદેલી સ્ત્રીઓમા પર સ્ત્રીતનો અભાવ છે માટે તેની સાથેના ગમનમા દોષ નથી પણ તે ખોટુ છે ને વૃષલી હોવાથી તેની સાથેના ગમનમા વધારે દોષ છે મિતાક્ષરામા વૃષલી સ્ત્રીઓ નીચે પ્રમાણે કહેલી છે ચાડાલની, પોતાની ઈચ્છામા આવે તેવા સાથે ગમન કરનાર, વેશ્યા, રજસ્વળા હોય એવી કુવારી કન્યા અને પોતાના ગોત્રની વિવાહિત સ્ત્રી એ પાચ વૃષલી સ્ત્રીઓ ગણાય છે તેમની સાથેના ગમનથી થતા દોષનુ પ્રાયશ્ચિત મનુ કહે છે કે જે માણસ વૃષલી સ્ત્રી સાથે ગમન કરવારૂપ પાપ કરે છે તેણે ત્રણ વર્ષ પર્યંત નિત્યે ભિક્ષા માગીને જપ કરીને ખાવુ. તેમા પણ હારિત મુનિ બ્રાહ્મણને માટે વિશેષ પ્રાયશ્ચિત્ત કહે છે બ્રાહ્મણ વૃષલી સાથે ગમન કરવાથી તુરત જ અધોગતિને પામે છે, તેના અગના ગર્ભની ઉત્પત્તિથી તે તુરત જ જાતિથી પતિત થાય છે તેમા શકા નહીં તેથી અગ્નિ અને બ્રાહ્મણની સમિપે ગ્રહણ કર્યા સીવાયની બીજી સ્ત્રી સાથેનુ ગમન સર્વથા ત્યાગ કરવા યોગ્ય છે, એવો તેનો આશય છે યાજ્ઞવલ્ક્ય મૂનિયે તો પરસ્ત્રીની છાયાને ઉલઘવાનો પણ નિષેધ કરેલો છે દેવ, ઋત્વિજ, સ્નાતક, આચાર્ય, રાજા અને પરસ્ત્રીની છાયા લોહી વિષ્ટા મૂત્ર, થુકવુ અને ઉદ્વર્તનને ઉલ્લઘવુ નહી અગિરામુનિ તો પરસ્ત્રીઓની વચ્ચેથી જવાનો પણ નિષેધ કરે છે વિપ અને અગ્નિની વચ્ચે, વિપ્રોની વચ્ચે બે અગ્નિની વચ્ચે મહાદેવ અને પોઠિયાની વચ્ચ, ગુરૂ શિષ્યની વચ્ચે તથા પતિપત્ની વચ્ચ તથા સ્ત્રીઓની વચ્ચ અને વિષ્ણુ અને ગરૂડની વચ્ચે જવુ નહીં શખમુનિ તેનુ પ્રાયશ્ચિત્ત કહે છે બે બ્રાહ્મણની વચ્ચે અથવા બ્રાહ્મણ અને અગ્નિ અથવા

દંપતી વચ્ચે તથા ગાય અને બ્રાહ્મણની વચ્ચે અને સ્ત્રીઓની વચ્ચે થઇને જે જાય તે સાતપન વાળુ કૃચ્છ્વ્રત કરે (સાતપનનુ લક્ષણુ મિતાક્ષરામા એવુ કહ્યુ છે કે **गोमूत्र गोमय क्षीरं दधि सर्पि कुशोदक । जग्ध्वापरे दयुपवसेत् सांतपनं चरेत्**) **द्युतादि व्यसनं** એટલે કે જૂગટુ આદિ જે વ્યસન તે વ્યસન એટલે જેવડે કરીને કલ્યાણુના માર્ગથી પડી જવાય તે અહીં કર્મણીમા લ્યુટ્ પ્રત્યય થયો છે હેમના શબ્દ કોષમા વ્યસનના અર્થ ઉદ્યમ વિના દૈવ પાસેથી ફલની આસક્તિ, તથા મદ્યપાન, શિકાર આ છ પાપમા પ્રવૃત્તિ એમ કહેલો છે અને દક્ષે પણુ કહેલું છે કે સ્ત્રી, જુગટુ, શિકાર, મદ્ય પીવો, નાચ, ગીત, નકામા ભટકવુ, વાજા, નિદા, દિવસે સૂવુ, એ દશ મનુષ્યોના વ્યસન છે શ્લોકમા **आदि** શબ્દ છે માટે નકામો વાર્તાલાપ, કઠોર વચનો, સ્ત્રી પાણી ભરતી હોય ત્યા તથા ચોરેચૌટે બેસવુ, કુલટાનો સગ, ભક્ત અને ધર્મથી રહીત એવા શાસ્ત્રોનુ પરિશીલન આદીનો પણુ ત્યાગ કરવો એમ જાણુવુ અને તે પણુ સર્વે મારા શિષ્યોએ, એમ ઉપરથી જાણી લેવુ

પાસાની રમતથી ન રમવુ અને અન્યનુ ધન ન લેવુ એમ ભારતમા કપિલજીએ કહેલુ છે જુગટુ રમનારા, પ્રાણિની હિસામા તત્પર અને બધુનો ઘાત કરનારા લોકો વૈતરણીને વિષે પડે છે એમ યમ સ્મરણુમા કહેલુ છે જુગટુ રમવામા છળ અને જુઠુ બોલવુ બહુ પડે છે તેથી મિતાક્ષરામા મનુએ એનો નિષેધ કર્યો છે તથા તે કરનારને પ્રાયશ્ચિત્ત પણુ કહ્યુ છે કે પાસાથી ક્યારે પણુ રમવુ નહીં, જેઓ જુગટુ અને સમાહ્વય કરે તે શૂદ્ર હોય કે દ્વિજ હોય તેમને રાજાએ બોળી બોળીને મારવા જૂગટુ એટલે જે પાસાની રમતમા કોઇ જીવ પ્રાણીની હોડ ન મારી હોય તે અને જેમા પ્રાણિની શરત હોય તેને સમાહ્વય કહે છે એવો ભેદ છે. એજ રીતે અન્ય વ્યસનોને માટે પણુ ગોવધઆદિ ઉપપાતકમા યાજ્ઞવલ્કય, બ્રહદ્‌વિષ્ણુ આદીએ ગણુત્રી કરીને યથાયોગ્ય ત્રણ માસનુ વ્રત વગેરે પ્રાયશ્ચિત કહેલા છે તેથી પણુ વ્યસન માત્ર ત્યજવા એવો સક્ષેપ છે તેમજ ભાગ તથા વિજયા નામની ઔષધિ વગેરેથી પણુ કેફ ચડે છે તેવા ગાજો, અફિણુ, માજમ, એ આદિક પણુ ન ખાવા તેમા પણુ કેફ ચડાવવાની શક્તિ છે માટે મદ્યની બરાબર છે નારદજીએ પણુ કહ્યુ છે કે મદને કરનારી કોઇ પણુ વસ્તુ ખાવી નહી કેમકે તે વિભ્રમ કરનારી છે આમા ચાર નિષેધ વાકયો અને બે વિધિવાકયો છે ૧૮

अग्राह्यान्नेन पक्वं यद् न्नतदुदक चन
जगन्नाथपुर हित्वा ग्राह्य कृष्णप्रसाद्यपि १९

અર્થ—અને જેના હાથનુ રાંધેલ અન્ન તથા જેના પાત્રનુ જળ ખપતુ ન હોય તેણે રાંધેલ અન્ન તથા તેના પાત્રનુ જળ તે શ્રીકૃષ્ણ ભગવાનની પ્રસાદિ ચરણામૃતના માહાત્મ્યે કરીને પણ જગન્નાથપુરી વિના અન્ય સ્થાનકમા ગ્રહણ ન કરવુ ૧૯

જમવાને યોગ્ય તે ગ્રાહ્ય કહેવાય **ग्रह** ધાતુ અહી ભોજન અર્થમા લીધો છે **अर्ह कृत्य तृचश्च** એ સૂત્રથી અહી **ण्यत्** પ્રત્યય થયો છે એ ધાતુનો ઉપાદાન અર્થ છે તો પણ ધાતુના અનેક અર્થ છે માટે આ ઠેકાણે ગ્રહધાતુનો ભોજન અર્થ લીધો છે ધાતુના અનેક અર્થ છે તેનુ કારણ એ કે **बहुलमे तन्निदर्शनम्** એ સૂત્રમા બહુલપદ ગ્રહણ કર્યુ છે તેથી અને **भुजोऽनवने** એ સૂત્રમા **भुजो भोजने** એમ ન કહેતા **अनवन** શબ્દ ગ્રહણ કર્યો છે તેથી ધાતુના અનેકાર્થની સિદ્ધિ છે વળી (રઘુવંશના ૩ જા સર્ગમા) **दिवमरुत्वानिव भोक्ष्यते भुव दिगत विश्रात रथोहितत्सुत** એમા પણ પાલન ભિન્ન સ્વીકાર અર્થ વાળા **भज्** ધાતુને આત્મનેપદ કર્યો છે વળી નિપાત ઉપસર્ગ અને ધાતુઓ અનેક અર્થવાળા કહેલા છે વસ્તુતાએ ધાતુના અર્થનો નિર્દેશ પાણિનિ મુનિએ કરેલો નથી પરંતુ ભિમસેન પંડિતે કર્યો છે અને સર્વે ધાતુના સર્વે અર્થ છે એવી રૂઢિ ચાલી છે અને રૂઢિનો આશ્રય કરીને અર્થનો નિર્દેશ છે એવો વિસ્તાર બીજે પણ છે **अग्राह्य** એટલે નથી ખાવા યોગ્ય અન્ન જેનુ એવા પુરૂષે રાંધેલુ **यस्य** જે છઠ્ઠી વિભક્તિ છે તે પાચ્ય પાચક ભાવ સંબંધે થઇ છે જે પુરૂષે રાંધેલુ અન્ન તે પોતાનો દેશ, ગામ, જ્ઞાતિ, કુળાચાર, અને વર્ણાચારની વિરૂદ્ધતાથી ન જમાય તેવુ હોય તો તે પુરૂષે અથવા તેના કુટુંબીએ રાંધેલુ જે જમવાનુ અન્ન તથા તેનુ પાણી એટલે કે જેનુ અન્ન ન જમાય તેવા પુરૂષના વાસણમાનુ પાણી તથા ચરણામૃતાદિ પણ ન લેવુ

જેમા જગન્નાથજીનુ અધિષ્ઠાન હોય તે જગન્નાથપુરી ઉત્કળદેશમા પ્રસિદ્ધ એવી પુરૂષોત્તમપુરી તે સ્થાન વિના બીજે એવુ અન્ન ન લેવુ **न ग्राह्य** એટલે કે ન જમવુ તથા ન પીવુ એવો અર્થ છે કારણ કે તેમા વર્ણશંકર બનવાનુ પાપ થાય છે એવો ભાવ છે પ્રાયશ્ચિત્ત મયુખમા વિષ્ણુ પુરાણમા કહ્યુ છે કે ગામને અરણ્યના પશુની હિંસા અને જમવા યોગ્ય

નહિ તેવા અન્નનુ ભોજન કરવુ તેને વર્ણશકર કરનાપણુ કહેલુ છે આ મકરીકરણુ પાપને માટે એક માસ જવ જમે એવુ પ્રાયશ્ચિત્ત છે ખરેખર એવુ અન્ન નહી મળવા છતા તેનો નિષેધ કરવાનુ કારણુ ? એમ કહો તો હેતુબળના કારણથી કળિયુગમા કદાચિત્ તેના સભવનુ દર્શન થાય છે માટે પોતાના આશ્રિતોને એમ ન થાઓ એવા આશયથી તેના ભોજનમા રહેલા હેતુને વિશેષથી કહે છે શ્રીકૃષ્ણનો પ્રસાદ હોય તોપણ-એમ કહેવુ છે એટલે કૃષ્ણનુ નિવદ હોય એટલે અતિ પવિત્ર હોવાથી તેના ભોજનમા દોષ નથી પરતુ તેમા ઘણુ પુણ્ય રહેલુ છે એવો ભાવ હોવા છતા પણ ભોજન ન કરવુ કારણ કે ઇશ્વરે બાધેલી વર્ણાશ્રમ ધર્મની મર્યાદાના ભગના દોષથી નરકપ્રાપ્તિ આવે છે પોતાના વર્ણાશ્રમ ધર્મની મર્યાદા પાલન કરવાથી ઇશ્વર પ્રસન્ન થઇ ભક્તિની સિદ્ધિ થાય છે માટે સવર્ત મુનિએ કહ્યુ છે કે ભક્તિ ધર્મથી સિદ્ધ થાય છે અને જ્ઞાન પણ ધર્મથી સિદ્ધ થય છે જો બળાત્કારથી ભય બતાવીને કોઇ ચાતુર્વર્ણનો પુરુષ ન જમવા યોગ્ય એવુ અન્ન ભક્ષણ કરાવે તો એ માટે રાજા તરફથી દડ થાય એમ વ્યવહારાધ્યાયમા કહ્યુ છે ભક્ષણ નહી કરવા યોગ્ય અન્ન જમવાથી દ્વિજ દેખિત થાય છે અને તે ઉત્તમ સાહસના દડને પાત્ર ઠરે છે ક્ષત્રિય મધ્યમ, વૈસ્ય પ્રથમ અને શુદ્ર અડધા સાહસ માટેના દડને પાત્ર થાય છે અહ તે પ્રથમ સાહસનુ અર્ધ સમજવુ આમા બે નિષેધ વાક્યો છે

मिथ्यापवादं कस्मिंश्चिदपि स्वार्थस्य सिद्धये
नारोप्यो नापशब्दाश्च भाषणीया कदाचन २०

અને પોતાના સ્વાર્થની સિદ્ધિને અર્થે પણ કોઇના ઉપર મિથ્યા અપવાદ આરોપણ કરવા નહી અને કોઇને ગાળ તો ક્યારેય ન દેવી. ૨૦ **स्वार्थस्य सिद्धये** એટલે પોતે ઇચ્છેલા પદાર્થને પ્રાપ્ત કરવા માટે પણ એટલે કે પારકાના ઉપર અપવાદ મુકવાથી પોતાનો હેતુ સિદ્ધ થતો હોય તોપણ અપવાદ ન મુકવો **कस्मिंचित्** એટલે પુરુષ ઉપર કે સ્ત્રી ઉપર સામાન્ય બન્ને જાતિને માટે નપુસકલિંગ વપરાય છે મિથ્યા અપવાદ એટલે ખોટો અપવાદ કરવાથી આણે આ અયોગ્ય કર્યુ એવુ જે જુઠાણુ તેનુ નામ અપવાદ તેવા આરોપ ન મુકવો કારણ કે તેમા મોટો દોષ રહેલો છે એવો ભાવ છે આદિત્ય પુરાણમા કહેલુ છે કે જેના ઉપર ખોટો આરોપ મુકાય છે તેના રુદનથી તેના આસુઓ પડે છે અને તે આસુઓથી મિથ્યા

આરોપ મુકનારના પુત્રો, પશુઓનો નાશ થાય છે બ્રહ્મહત્યા, સુરાપાન ચોરી, અને ગુરૂસ્ત્રીના સગમા વૃદ્ધ પુરૂષોએ પ્રાયશ્ચિત્ત કહેલુ છે પરન્તુ મિથ્યા અપવાદ મુકનારને માટે પ્રાયશ્ચિત્ત કહ્યુ નથી યાજ્ઞવલ્કય પણ કહે છે કે, **मिथ्याभिशसिनो दोषोद्वि समाभूत वादिन । मिथ्याभिशस्तदोषच समादत्ते मृषावदन्निति ॥** વિજ્ઞાનેશ્વર આનો અર્થ કરે છે કે જે માણસ પારકાના ઉત્કર્ષની ઈર્ષ્યા કરીને તે ઈર્ષ્યાથી કલુષિત થયેલા અત કરણવાળો થઈ બીજાઓ પાસે આણે પરદારાગમન, બ્રહ્મહત્યા આદિક પાપ કર્યા છે એવો અપવાદ મુકે છે તેને તેથી બમણુ પાપ લાગે છે અને જેના ઉપર મિથ્યાપવાદ મુકયો હોય તેનુ પૂર્વેનુ પાપ તે અપવાદ મુકનારને લાગે છે અને અપવાદ મુકનારનુ પૂર્વેનુ પુણ્ય તે જેના ઉપર અપવાદ મુકયો હોય તેને જાય છે તેમજ જે માણસ બીલકુલ અપ્રસિદ્ધ એવા એટલે કોઇના જાણવામા નહી આવેલા સત્ય દુષ્કર્મને લોકોમા જાહેર કરે છે તેને તે કર્મનુ પાપ લાગે છે

कदाचन એટલે કયારેય પણ **अपशब्दा** એટલે મ્લેચ્છ લોકો જે વાણી બોલે છે તે ગાળોના વચનો બોલવા તે તેવા વચનો ન બોલવા કારણ કે તેમા વાણીની કઠોરતા રૂપી સાહસનુ પાપ પણ લાગે છે મહાભારતમા પણ કહેલુ છે કે જૂઠુ બોલનાર, ચાડી ખાનાર, કઠોર બોલનાર, અને જેના બોલવાનુ બધન નથી તેવો પુરૂષ મૃગ અને પક્ષિયોની યોનિમા જન્મે છે આમા બે નિષેધ વાકયો છે ૨૦

देवता तीर्थ विप्राणा साध्वीनाच सतामपि
वेदानाच न कर्तव्या निंदा श्रव्या न च क्वचित् २१

અને દેવતા, તીર્થ, વિપ્રો પતિવ્રતા, સાધુ અને વેદ એમની નિંદા કયારેય ન કરવી અને ન સાભળવી ૨૧

દેવ, તીર્થ, બ્રાહ્મણ, સાધ્વી એટલે પતિવ્રતા સ્ત્રી, સતામ્ એટલે ભગવાનના ભકતો અને વેદની નિંદા ન કરવી **अपि** એટલે અને એવો અર્થ લેવો વળી વેદ પછી **च** કાર છે એટલે પુરાણોનો તેમા સમાવેશ છે એમ જાણવુ પોતાને એવી નિંદા ન કરવી અને જો કોઇ કરતુ હોય તો પોતે સાભળવાને પણ અયોગ્ય છે માર્કંડેય પુરાણમા કહેલુ છે કે દેવ, વેદ, દ્વિજ, સાધુ, તીર્થ, મહાત્મા, ગુરૂ, પતિવ્રતા, યજ્ઞી અને તપસ્વીની નિંદા મશ્કરીમા પણ ન કરવી અને વિનય વિનાના લોકો કરતા હોય તો તે સાભળવી પણ નહી વળી સાધારણ મનુષ્યની નિંદાનો નિષેધ કરેલો છે

કોઈની નિંદા કે તાડન ન કરવું અને પુત્રને કે શિષ્યને તાડન કરવું તે તેના શરીરના અડધા ભાગમાં કરવું પણ ઉત્તમાગ અને છાતિમા કરવું નહીં આમ છે તો જે ગુણે કરીને મોટા છે તેમની એકવારની નિંદા ને વિષે પણ ઘણા દોષ છે સુમતુ સ્મૃતિમા કહેલું છે કે દેવ, ઋષિ, બ્રાહ્મણ, આચાર્ય, માતા, પિતા, રાજા, સાધુ, અને સતિ એમની નિંદા ન કરવી અને ગળ દઈને જે તિરસ્કાર કરે તો તેની જીભને ઉખાડીએ કરીને બાળવી સ્કંદ પુરાણમા કહ્યુ છે કે શ્રુતિ, બ્રાહ્મણ, દેવ, રાજા, સાધુ, તપસ્વી, પતિવ્રતા સ્ત્રીની નિંદા ક્યારેય ન કરવી અને જે દુર્બુદ્ધિવાળા પુરૂષો તીર્થ અથવા દેવની મૂર્તિની નિંદા કરે છે તે વર્ણસંકર પુરૂષોના વંશનો નિશ્ચે ઉચ્છેદ થાય છે યોગીશ્વર એવા યાજ્ઞવલ્ક્યે કહેલુ છે કે વેદ વગેરેની નિંદા એ બ્રહ્મહત્યા સમાન છે મહાભારતમા કહેલુ છે કે જેઓ ગુરૂની નિંદા કરે છે તેમનુ આયુષ્ય હરાય છે એ નિશ્ચય છે આમા આઠ નિષેધ વાક્યો અને ચાર પેટા વાક્યો મળી બાર છે

देवतायै भवेयस्यै सुरामास निवेदनम्
यत्पुरोऽजादि हिंसाच न भक्ष्य तन्निवेदितम् २२

જે દેવતાને સુરામાસનુ નૈવેદ્ય થાતુ હોય અને વળી જે દેવતા આગળ બકરા આદિક જીવની હિંસા થતી હોય તે દેવતાનુ નૈવેદ્ય ન ખાવુ ૨૨

રજોગુણ અને તમોગુણ છે મુખ્ય એવા જે દેવો અગર દેવીઓની આગળ સુરા અને માસનુ નિવેદન એટલે કે નૈવેદ્યરૂપી ભેટ ધરાતી હોય તથા જેમની આગળ બકરા, મૃગલા આદિક પશુઓની હિંસા થતી હોય. **आदि** શબ્દ છે માટે પાડાની હિંસા પણ સમજવી તેવાં દેવ દેવીઓના નૈવેદ્યરૂપી અન્ન પણ ન ખાવુ મદ્ય માસ ખાનારાનુ અન્ન હિંસામા રૂચિ વાળાએ પણ ન ખાવુ અને ખાસ કરીને વૈષ્ણવોએ તો તેવુ અન્ન ન જ ખાવુ કારણ કે તેથી સત્ત્વગુણનો નાશ થાય છે એમ વિષ્ણુ ધર્મમા કહેલુ છે પદ્મ પુરાણના ઉત્તર ખંડમા શિવજીએ ઉમિયાજી પ્રતિ કહેલુ છે કે યક્ષ, પિશાચો તથા તામસ એવા દેવતાઓ તેમનુ નૈવેદ્ય એવુ જે અન્ન તેને જે ખાય છે તે પાચ ને રૂધિરને ખાનારા છે વળી ભાગવતના દશમ સ્કંધના ૧૮ મા અધ્યાયમા કહ્યુ છે કે ઉચ્છિષ્ટ અન્ન ન ખાવુ, માસ મિશ્રિત અન્ન ન ખાવુ *વૃષલી સ્ત્રીએ આણેલુ તેમજ રજસ્વળા એવી સ્ત્રીએ દીઠેલુ અન્ન ન ખાવુ અને અંજલીએ કરીને પાણી ન પીવુ આમા બે નિષેધ વાક્યો અને એક અવાતર વાક્ય એમ ત્રણ છે ૨૨

હવે કોઇપણ દેવતાની અવગણના ન કરવી એ માટે કહે છે

दृष्ट्वा शिवालयादीनि देवागाराणि वर्त्मनि
प्रणम्य तानि तद्देव दर्शनं कार्यमादरात् २३.

માર્ગને વિષે શિવાલય આદિ દેવોના મંદિરો આવે તો તેને પ્રણામ કરીને આદર થકી તે દેવનું દર્શન કરવું ૨૩

જે માર્ગે ગણેશ, સૂર્ય નારાયણ આદિ દેવોના મંદિરો આવે તેમને જોઈને તુરતજ નમસ્કાર કરવા **प्रणम्य** એવા પાઠ હોય તોપણ એજ અર્થ છે મારા આશ્રિતોએ, એવો અર્થ ઉપરથી લેવાનો પ્રણામ કર્યાબાદ એ દેવાલયમાં જે દેવો હોય તેમના પ્રીતિપૂર્વક દર્શન કરવા

સ્પર્શ કરવો કે ન કરવા તે વિષે પોતપોતાના નિયમ પ્રમાણે વર્તવું દર્શન એટલે નમસ્કાર વગેરે ઉપલક્ષણ નહિંતો દેવોના અપમાનનો દોષ પ્રાપ્ત થાય છે વસિષ્ઠ સ્મૃતિમાં કહ્યું છે કે દેવતાની પ્રતિમા, યતિ, યોગી એટલાને જોઈને જે નમસ્કાર નથી કરતો તે દોષને પ્રાપ્ત થાયછે યમસ્મૃતિમાં પણ કહ્યું છે કે દેવ દેવાલય, વૃદ્ધ, વિપ્ર, તપસ્વી, ગુરૂ, વૈરાગ્યવાન્ અને પતિવ્રતાને જોઈને આદર થકી નમસ્કાર કરવો

શ્રી ભાગવતના દશ્રા સ્કંધના ૮ મા અધ્યાયમાં દેવના અપમાન થકી હયગ્રીવ ભગવાન્ મારૂં રક્ષણ કરો, એવી પ્રાર્થના કરેલી છે આમાં બે વિધિ વાક્યો છે ૨૩

स्ववर्णाश्रमधर्मो य सहातव्यो न केनचित्
परधर्मो न चाचर्यो न च पाषडकल्पित २४

અને પોતપોતાના વર્ણાશ્રમનો જે ધર્મ તે કોઈ સત્સંગીને ત્યાગ કરવો નહિ અને પરધર્મનું આચરણ ન કરવું તથા પાખંડ ધર્મનું આચરણ ન કરવું તથા કલ્પિત ધર્મનું ન કરવું

स्ववर्णाश्रम धर्म પોતાના વર્ણનો ધર્મ તથા પોતાના આશ્રમનો જે ધર્મ **वर्ण** એટલે વર્ણન કરાય અથવા વેદોના વાક્યથી આચારને વિષે પ્રેરણા કરવામાં આવે તે જો **वर्ण** શબ્દની **व्रियते** એવી વ્યુત્પત્તિ લઈએ તો **कृवृजृमीतिनन्** એ સૂત્રથી **नन्** પ્રત્યય થઈ વર્ણ શબ્દ થાય. અને **वेदवाक्येन** × × **प्रेर्यते** એમ લઈએ તો **वर्ण प्रेरणे** ધાતુથી કર્મમાં **घञ** પ્રત્યય થાય એટલે વર્ણ શબ્દ થાય **आश्रम** એટલે પોત પોતાના તપનું આચરણ કરવામાં આવે જેને વિષે તે અહીં આમ પૂર્વ એવા "શ્રમુ તપસિ ખેદે ચ" એ ધાતુથી અધિકરણ કે કરણ અર્થમાં

હલશ્ચ સૂત્રથી **घञ** પ્રત્યય થયો છે અને નોદાત્તોપદેશસ્ય એ સૂત્રથી વૃદ્ધિને નિષેધ થયો છે વર્ણ શબ્દ બ્રાહ્મણાદિકમા, શુક્લ વગેરેમા, યશ, ગુણ અને કથાના અર્થમા પણ વપરાય એમ વિશ્વ તથા મેદિની કોષોમા કહેલુ છે આશ્રમ, બ્રહ્મચર્યાદિ વાનપ્રસ્થ, વન, મઠ વગેરે અર્થમા વપરાય છે આથી વર્ણાશ્રમ શબ્દના અનેકાર્થ છે વર્ણ શબ્દની પાસે જ આશ્રમ પદ હોવાથી દ્વિજાદિ જ વધારે સમજાય છે એ જ પ્રમાણે આશ્રમ શબ્દની પાસે વર્ણ પદ આવ્યાથી બ્રહ્મચર્યાદિક જ વધુ સમજાય છે તેમજ વર્ણ અને આશ્રમ શબ્દોની પાસે ધર્મ પદ હોવાથી પણ એ જ અર્થ છે એમ સમજાય છે બ્રાહ્મણ, ક્ષત્રિય વૈશ્ય અને શૂદ્ર એમ ચાર વર્ણ કહેલા છે બ્રહ્મચારી, ગૃહી, વાનપ્રસ્થ અને સન્યાસી એ ચાર આશ્રમચતુષ્ટય છે તે વર્ણાશ્રમ ધર્મ **केनचित्** એટલે કોઇએ પણ—ભક્તિ અને જ્ઞાનનુ બળ હોય તેણે પણ ત્યાગ ન કરવો એવો ભાવ છે તેનો ત્યાગ કરવાથી આ લોકમા તથા પરલોકમા અનર્થની પ્રાપ્તિ થાય છે તે હેતુ માટે સવ પ્રકારે પોતાના ધર્મનુ પાલન કરવુ કારણ કે તે સર્વેને ભોગ તથા મુક્તિનુ સાધન છે ભાગવતના ચતુર્થ સ્કધના ૧૯ મા અધ્યાયમા ભૃગુ આદિક ઋષિઓએ કહેલુ છે કે મન, વાણી અને શરીર અને બુદ્ધિએ કરીને આચરેલો ધર્મ તે પુરૂષને શોકથી રહિત એવા લોકને પમાડે છે અને નિષ્કામ બુદ્ધિથી પાળનારાને મોક્ષને પણ પમાડે છે એટલુ જ નહિ પણ સસારના ભ્રમણની નિવૃત્તિના કારણ રૂપ એવી ભક્તિ તથા જ્ઞાનની પ્રાપ્તિ પણ પોતાનો ધર્મ પાળવા થકી જ થાય છે અને તેનો ત્યાગ કરવાથી મૂલનો જ છેદ થવાનો પ્રસગ આવે છે માટે તેનો ત્યાગ ન કરવો એમ ભાગવતના એકાદશ સ્કધના ૧૦ મા ભગવાને ઉધ્ધવજી પ્રતિ કહેલુ છે, આ લોકમા રહેલો, પોતાના ધર્મને પાળતો નિષ્પાપ, અને પવિત્ર, વિશુદ્ધ એવુ જ્ઞાન અથવા મારી ભક્તિ દૈવ ઇચ્છાથી પામે છે તેનો ત્યાગ કરવાથી નરકમા પડે છે અક્રુરે ભાગવતના દશમ સ્કધના ૪૯ મા અધ્યાયમા ધૃતરાષ્ટ્ર પ્રતિ કહેલુ છે કે સ્વધર્મમા વિમુખ એવો જે જન તે નથી સર્યો અર્થ એવો સતો નર્કને પામે છે માટે આપત્કાળમા પણ વિશેષ ધર્મનો ત્યાગ ન કરવો એમ મનુ કહે છે ધર્મ પાળવામા ખેદને પામતો સતો પણ મનને ધર્મમા જોડે અધર્મવાળા અને પાપી પુરૂષોનો વિનાશ જોતો થકો મનને ધર્મમા જોડે તેમજ પારકાનો ધર્મ ન પાળવો એટલે કે બ્રાહ્મણને ક્ષત્રિયનો ધર્મ તે પરધર્મ કહેવાય, ક્ષત્રિયોને વૈશ્યનો ધર્મ તે પરધર્મ, વૈશ્યને શૂદ્રનો ધર્મ તે પરધર્મ ગૃહ-

સ્થને ત્યાગીનો અને ત્યાગીને ગૃહસ્થનો ધર્મ તે પરધર્મ છે તેનુ આચરણ ન કરવુ એવો અર્થ છે ભગવદ્ગીતાના ૩ જા અધ્યાયમા પણ પોતાનો ધર્મ ગુણો રહિત હોય તોપણુ પરધર્મથી શ્રેષ્ઠ છે સ્વધર્મમા રહીને મરણ થાય તોપણુ તે કલ્યાણકર છે પણ પરધર્મ તો ભયવાળો છે, એમ ભગવાને અર્જુન પ્રતિ કહેલુ છે મનુએ પણ કહ્યુ છે કે પોતાનો ધર્મ જ શ્રેષ્ઠ છે, પણ પરધર્મ રૂડી રીતે પાળે તો તે શ્રેષ્ઠ નથી કેમકે પરધર્મના આશ્રયથી જાતિ થકી પડી જવાય છે તેવી જ રીતે પાખડ તથા કલ્પિત ધર્મનુ આચરણુ ન કરવુ **पाषड** એ શબ્દનો અર્થ પાપને આપે તે. પાષડ **षणु दाने** એવા ચમાત ધાતુથી ડુ પ્રત્યય કરીને પૃષોદરાદિ ગણુમા નાખીને આ શબ્દની સિદ્ધિ કરી છે શ્રીમદ્ ભાગવતમા તે માટે એમ કહેલુ છે કે પાપનુ ચિહ્ન છે જેને વિષે તે પાષડ કહેવાય **अर्शो** આદિથી **अच्** પ્રત્યય કરીને પાષડ શબ્દ સિદ્ધ કર્યો છે હવે **पाखंड** એવુ હોય તો **पातीति पा** રક્ષણુ કરે એવો ધર્મ મર્યાદા તેનુ ખડન કરે એટલે કે વેદ વિરૂદ્ધ હોય તેવા ધર્મ પાખડ સાથેનો કલ્પિત ધર્મ ન આચરવો કેમકે તે બન્ને અધર્મની શાખાઓ છે માટે ભાગવતના ૭ મા સ્કધના ૧૫ મા અધ્યાયમા કહેલુ છે કે વિધર્મ, પરધર્મ, આભાસ, ઉપમા અને છળ એ પાચ અધર્મની શાખાઓ છે અને ધર્મ જાણનારાઓ તેને અધર્મ જાણીને ત્યાગે છે

જેમા ધર્મનો બાધ હોય તે વિધર્મ, પરધર્મ એટલે અન્યને કહેલો તે, ઉપધર્મ અથવા ઉપમા એટલે ધર્મની ઉપમાવાળો જે અધર્મ તે પાખડ અથવા દભ જેમા હોય તે ઉપમા કહેવાય અને જેમા શબ્દનુ વ્યાખ્યાન બીજી રીતે કરેલુ હોય—શબ્દભિત્ હોય તે છલ નામા અધર્મની શાખા કહેવાય અને પુરુષોએ પોતાની ઇચ્છાથીજ કરેલો અને આશ્રમથી ભિન્ન હોય તે આભાસ કહેવાય આમા ત્રણ નિષેધ વાકયો અને એક અવાતરે એમ ચાર વાકયો છે, ૨૪

कृष्णभक्तः स्वधर्माद्वा पतनं यस्य वाक्यतः
स्यात्तन्मुखान्न वै श्रव्या कथा वार्ताश्च वा प्रभो ॥ २५ ॥

यस्य वाक्यतः એટલે કે પુરાણાદિક ઉપરના જેના વ્યાખ્યાનના વાકયોથી કૃષ્ણના ભક્તને કથા સાભળવાદિક નવ પ્રકારની ભક્તિથી સહજે પડી જવાય તેનો ત્યાગ કરવો **वा** એટલે અથવા પોતાના ધર્મથી એટલે કે વર્ણ અને આશ્રમ એથી વિહિત એવા ધર્મથી આથી તે કથા કહેના-

ગ્મા કૃષ્ણની ભક્તિ અને સ્વધર્મનો અભાવ સૂચવે છે નહી તો એવો સભવ હોય નહી એવા કૃષ્ણ ભક્તિ સ્વધર્મ નિષ્ઠાથી રહિત એવા પુરૂષના મુખથી પ્રભુ સબધી વાર્તા ન સાભળવી અહી વા શબ્દ કેવળ અર્થમા છે વા એટલે નિશ્ચે ન સાભળવી એમા કાઇ સશય ન કરવો એવો અર્થ છે હરિભક્તિવિલાસમા વૈષ્ણવતત્રમા કહેલુ છે કે જે પુરૂષને ગુરૂને વિષે તથા ભજવા યોગ્ય એવા ભગવાનને વિષે ભક્તિ નથી તેવાનુ વચન સદાય ત્યાગ કરવુ વિષ્ણુરહસ્ય તથા કૂર્મપુરાણમા કહેલુ છે કે જેઓને વેદ કારણ નથી, બ્રાહ્મણ કારણ નથી, તથા જનાર્દન કારણ નથી ધર્મશાસ્ત્ર કારણ નથી, તેનુ વાક્ય ન સાભળવુ તેથી સ્વધર્મમા રહેના એવા કૃષ્ણ ભક્તના મુખથીજ કૃષ્ણની કથાવાર્તા સાભળવી એવા ભાવ છે સનત કુમાર સહિતામા પૌરાણિકે પણ એવુજ કહેલુ છે કે સ્વધર્મમા રહેલો, પાપથી બ્હીનારો, વિષ્ણુનો ભક્ત અને ઇદ્રિયો જીતી છે એવા, યથાર્થ બોલનારો એવા વક્તા પૌરાણિક માનેલો છે, આમા ચાર નિષેધ વાક્યો છે ૨૫

स्वपरद्रोह जनन सत्यं भाष्यं न कर्हिचित्
कृतघ्न संगस्त्यक्तव्यो लुचा ग्राह्या न कस्यचित् २६

અને જે સત્ય વચન બોલવે કરીને પોતાનો દ્રોહ થાય તથા પારકો દ્રોહ થાય એવુ જે સત્ય વચન તે કયારેય ન બોલવુ અને જે કૃતઘ્નિ હોય તેના સગનો ત્યાગ કરવો અને વ્યવહાર કાર્યને વિષે કાઇની લાચ ન લેવી ૨૬ -

स्वस्य परस्य च द्रोहो हिंसा वुपद्रवस्तस्य जननमुत्पादक मत्यं એટલે કે પોતાનો તથા પારકો દ્રોહ અથવા હિસા અથવા ઉપદ્રવ થાય તેવુ સત્ય એટલે જેવુ હોય તેવુ વાક્ય કયારેય ન બોલવુ જે સત્ય બોલવાથી પોતાને વા અન્યને પીડા થાય તેવુ જે સત્ય તે ન બોલવુ બાકી તો સત્યજ બોલવુ અસત્ય ન બોલવુ પોતાનો તથા પરનો દ્રોહ થાય એવા સત્ય ભાષણ રૂપ ધર્મને અધર્મરૂપે પ્રતિપાદન કર્યા છે માટે શ્રીમદ્ ભાગવતમા શેષનાગ પ્રતિ ચિત્રકેતુએ કહેલુ છે કે પોતાનો અને પારકાનો ક્ષેમ કયો ? અને પોતાના તથા પારકા દ્રોહથી અનર્થ શો ? તો પોતાના દ્રોહથી તમારો કોપ થાય તે ક્ષેમ અને બીજાને પીડા થાય તે અધર્મ, સત્ય બોલવામા ગુણ છે અને જુઠુ બોલવામા દોષ છે એમ યજુષ બ્રાહ્મણમા પણ કહ્યુ છે જે સત્ય બોલે છે તેનુ તેજ, વૃદ્ધિ પામેલા અગ્નિને ઘીથી સીચતા જેમ તેજ વધે તેમ

તેનુ તેજ વૃદ્ધિ પામે છે અને એ શ્રેયને પામે છે અને જે જુઠુ બોલે છે તે અગ્નિમા પાણી રેડીને ઓલાઇ જાય તેમ તેનુ તેજ નાશ પામી જાય છે અને તે પાપી થાય છે માટે સત્ય જ બોલવુ શ્રીમદ્‌ભાગવતના ૮ મા સ્કંધના ૧૯ મા અધ્યાયમા બલિરાજાએ શુક્રાચાર્ય પ્રતિ કહેલુ છે કે અસત્યથી બીજો કોઇ મોટો અધર્મ નથી પૃથ્વીએ કહ્યુ છે કે જુઠુ બોલનાર સીવાય બીજા બધાને વહન કરવાને હુ શક્તિમાન્ છુ મોક્ષ ધર્મમા કહેલુ છે કે અનૃત એ તમોગુણનુ રૂપ છે અને તમોગુણથી અધોગતિ થાય છે તેવી જ રીતે જે જુઠુ છે તે અધર્મ છે અને જે અધર્મ છે તે તમોગુણ છે અને જે તમસ્ છે તે દુખ છે વ્યાસજીએ દાન ધર્મના ૨૬ મા અધ્યાયમા કહેલુ છે કે પોતાના અથવા પારકાના પ્રાણની રક્ષા માટે ગુરૂને માટે, સ્ત્રીના આગળ તથા વિવાહ કારજમા જુઠુ બોલવાનો દોષ નથી આપદ્ધર્મના ૩૧ મા અધ્યાયમા પણ કહ્યુ છે કે હે રાજન્! મશ્કરીમા જુઠુ બોલવુ તે જુઠ નથી, સ્ત્રીની આગળ તથા વિવાહ સમયે, ગુરૂને માટે, પોતાની જીવિકા સારૂ એ પાચમા જુઠુ બોલવામા પાપ નથી શ્રીમદ્ ભાગવતના અષ્ટમ સ્કંધના ૨૯ મા અધ્યાયમા બલિરાજા પ્રતિ શુક્રાચાર્યે કહેલુ છે કે જે જુઠુ બોલે છે તે જીવતો સતો મુએલો છે સ્ત્રી આગળ, મશ્કરીમા, વિવાહમા જીવિકાને અર્થે, પ્રાણ સંકટમા, ગાય તથા બ્રાહ્મણને અર્થે, તથા હિંસા હોય તો તેમા જુઠુ બોલવાનુ નિંદિત નથી મોક્ષ ધર્મના ૪૨ મા અધ્યાયમા કહેલુ છે કે સત્ય એવી વાણી અહિંસાવાળી, અપવાદ વિનાની, અને શાઠયતાએ રહિત, કઠોરતાએ રહિત પૈશૂન્યથી રહિત એવી વાણી બોલવી કઠોરતા વાળી, હિંસાયુક્ત અને મનને ક્ષોભ કરે એવી વાણીને ન બોલવી નારદે પણ સત્યના લક્ષણો કહેલા છે સત્યનુ વચન શ્રેય કરનારૂ છે, સત્ય જ્ઞાન તે દુષ્કર છે, અને તે ભૂત પ્રાણિ માત્રનુ અતિહિત કરનારૂ છે એ સત્યનુ લક્ષણ જાણવુ લિંગ પુરાણમા પણ કહેલુ છે કે દેખેલુ, સાભળેલુ અનુમાન કરેલુ, પોતે બરાબર અનુભવેલુ પણ પારકાને પીડા થાય તેવુ જે વચન તેનો ત્યાગ કરવો વાણીના પ્રલાપથી, કરેલા ઉપકારનો નાશ કરે તે કૃતઘ્નિ અને સામો અપકાર એવા પુરૂષના સગનો ત્યાગ કરવો કૃતઘ્નિને અતિપાતક લાગે છે તેથી તેના સસર્ગવાળાને પણ તેનો દોષ મળે છે એવો ભાવ છે દેવળ ઋષિએ કહેલુ છે કે બ્રહ્મહત્યાનો કરનારો મદિરા પીનારો, ચોરી કરનારો, ગુરૂસ્ત્રીને પામનારો એટલા માટે મુનિયોએ

પ્રાયશ્ચિત્ત કહેલુ છે પણ કૃતઘ્નિનુ પ્રાયશ્ચિત્ત કહેલુ નથી ભારતમા આપદ્ધર્મમા ૩૫ મા અધ્યાયમા કૃતઘ્નીના ઉપાખ્યાનમા કહેલુ છે કે હે નિષ્પાપ ! જે દોષયુક્ત પુરૂષો કહેવા છે તેમા પણ કૃતઘ્નિ અને મિત્રને હણનારાઓને અધમ કહ્યા છે વિદુરનીતિમા કૃતઘ્નિનુ લક્ષણ એવુ કહેલુ છે કે સત્કાર કરેલા અને કૃતાર્થ થએના એવા જે પુરૂષો મિત્રોના થતા નથી તેમના મુઆ પછી તેમનુ માસ, માસભક્ષી એવા પક્ષીઓ પણ ખાતા નથી મિતાક્ષરામા કહેલુ છે કે (પાપીઓની સાથે) વાર્તાલાપ કરવો, તેમનો સ્પર્શ શ્વાસ લેવો, સાથે ચાલવુ, જોડે આસન કરવુ તથા જોડે સૂવુ, યજ્ઞ કરવા, ભણવુ, અને વિવાહ આટલા વાના કરવાથી મનુષ્યોને પાપ લાગે છે

कस्यचित् એટલે કોઇપણ માણસની પાસેથી **लुचा** એટલે લાચ– **गुरोश्च हल** એ સૂત્રથી अ પ્રત્યય થયો છે અહીં **लुचा** શબ્દે કરીને મેળવવાનુ જે ધન, તેને કહેલુ છે, આ ક્રિયા અત્યત અદૃષ્ટ છે એવુ ભાષ્યકારનુ વચન છે તેથી કોઇના દેખતા લેવાવાનો અસભવ છે માટે એકાતે ભયાદિ બતાવવાથી પોતાનુ કાર્ય સિદ્ધ કરવામા તત્પર એવા જનથી ગ્રહણ કરવા યોગ્ય દ્રવ્યને લાચ કહેવાય શબ્દાર્ણવમા લચા, લુચા, ઉપધા, અને ઉત્કોચ એ સમાનાર્થ વાચક કહેલા છે ભારતના ટીકાકાર ચાતુર્ધર નીલકંઠે ઉત્કોચ અને ઠગાઇથી કાર્યને વહન કરે છે એ રાજધર્મ શ્લોકની ટીકામા ઉત્કોચ શબ્દનો લાચ એવો પર્યાય આપેલો છે અને કવિઓ તો એ પ્રકારે હસ્વાદિકનો જ પ્રયોગ વધારે કરે છે કાવ્ય કલ્પલતામા અર્થ સભગ શ્લેષ ઉદાહરણ શ્લોકમા **सदालचारवे यत्र** એવો પ્રયોગ કર્યો છે તેથી પણ લચા શબ્દ લાચના અર્થમા છે હલાયુધમા લચાના પર્યાય શબ્દો ઉત્કોચ, ઉપાદાન, ઉપહાર તથા આમિષ એવા આપેલા છે અભિધાન ચિતામણી તથા હેમના શબ્દકોષમા પણ પ્રાભૃત, ઢૌકન, લચા, ઉત્કોચ, કૌશિલિકા અને આમિષ એવા શબ્દ આપ્યા છે **लीयते** ગુપ્ત રીતે ગ્રહણ કરવુ તે લાચ કહેવાય લચા પુલ્લીગ અને સ્ત્રીલીગમા વપરાય છે **ला** ધાતુ આ– દાન એટલે લેવા અર્થમા વપરાય છે **कर्चं मूर्चेति साधु** એ સૂત્રથી સિદ્ધ કરેલો છે એવી તેની ટીકા છે શ્રીમદ્ ભાગવતમા તો ઉત્કોચના પર્યાય શબ્દ તરીકે વૃત્તિ શબ્દ પણ વપરાયો છે જેમકે દ્વાદશ સ્કધના બીજા અધ્યાયમા **अवृत्या न्याय दौर्बल्यं** એવો શ્લોક મુકયો છે તેમા વૃત્તિ શબ્દનો અર્થ લચા–લાચ કરેલો છે એથી લાચ ન લેવી કાશી ખડમા કહેલુ છે કે ઉત્કોચના, ઘુનના, દૈત્યના અને દુખીના દ્રવ્યનો દૂરથી જ

ત્યાગ કરવો વિરાટ પર્વમા પણ કહેલુ છે કે અધિકારમા મુકયો છતો કાંઈ પણ ધનને ગ્રહણ ન કરે કેમકે દ્રવ્ય હરતો સતો કાનો કેદ પામે અથવા તેનો વધ થાય એ ધન એટલે "લાચાદિ વડે કરીને મેળવેલુ ધન" એવો અર્થ નીલકંઠે પોતાની ટીકામા કરેલો છે રાજાના ધર્મમા યાજ્ઞવલ્ક્ય ઋષિએ પણ કહેલુ છે કે ઉત્કોચથી જીવિકા વૃત્તિ ચલાવનારને રાજાએ દ્રવ્યથી હીન કરીને દેશપાર કરવો જે કોઇ પુરૂષ લાચ વડે કરીને પરદ્રવ્યનુ હરણ કરે તેનો તે પુરૂષને તેની સહાય કરનારાઓ સહીત પ્રસિદ્ધ રીતે જુદા જુદા વધ કરીને તેનો નાશ કરવો એમ મનુસ્મૃતમા કહેલુ છે ઉપધા એટલે ઉત્કોચ એવો અર્થ તે ટીકામા છે આમા બે નિષેધ વાકયો અને એક વિધિ વાકય અને એક અવાતર વાકય એમ ચાર છે

चौर पापि व्यसनिनां सग पाषडिना तथा
कामिना च न कर्त्तव्यो जनवचनकर्मणाम् ॥ २७ ॥

ચોર, પાપી, વ્યસની, પાખંડી, કામી તથા જનોને ઠગનારા એવા કીમીયા આદિકનો સગ ન કરવા ૨૭

चौर એટલે કે જેને ચોરવાનો સ્વભાવ પડયો હોય તે નહીં આપેલા પારકાના દ્રવ્યનુ હરણ કરનારા એવા દસ્યુ લોકો **छत्रादि भ्योण** એ સૂત્રથી **ण** પ્રત્યય લાગીને **चौर** શબ્દ થયો છે **पापिन** એટલે પ્રાણિઓની હિંસા વગેરે જે પાપકર્મ તે કરવાના સ્વભાવવાળા—**व्यसनिन** એટલે શિકાર, જુગાર, દિવસે સૂવુ વગેરે મનુમહારાજે જે અઢાર વ્યસન કહેલા છે તે વ્યસનવાળાઓનો તે ઉપરાત ભાગ, અરીણુ તમાકુ, માજમ વગેરેનુ સેવન કરનારાએનો પણ સગ ન કરવો એવો ભાવ છે તેજ પ્રકારે **पाष-डिना** એટલે કે વેદવિરુદ્ધ આચાર કરનારાઓનો તથા **कामिना** એટલે કે પારકી સ્ત્રીને ઇચ્છનારા તથા **जनवचन कर्मणा** એટલે સ્વાર્થ સાધવા માટે લોકોને ઠગવાનો જ ધધો છે જેમનો એવા મનુષ્યોનો. **सग** એટલે મિત્રતા અથવા સાથે રહેવુ તે આદી, ઉપર ગણાવનાઓની સાથે ન કરવુ માર્કંડેય પુરાણમા કહેલુ છે કે પડિત એટલે ડાહ્યા માણસે વ્રતરહિત ઉન્મત્ત મત્ત, અને અવિનયવાન્, જેનામા બ્રહ્મચર્ય નથી તથા જે ચોરી આદીથી દુષિત થએલા છે તેમની સાથે મૈત્રી ન કરવી તેમજ જે ઉડાઉ હોય લોભી હોય, તેમજ જેના ઘણા શત્રુ હોય, તથા જે અતિ જૂઠુ બોલનો હોય તથા જે ક્રુર હોય તેમની સાથે કદીપણુ બેસવુ નહી તેમજ બલિયાની સાથે ભાગ, તથા ધનરહિત અને નિંદિત બધામા શકાશીલ હોય તથા જે

હમેશા દૈવને આધીન હોય તેની મિત્રતા ન કરવી, કારણકે તેમ કરવાથી પોતે પણ તેના જેવોજ બને એવો સભવ છે હસગીતામા કહેલુ છે કે જો મત, અમત, તપસ્વી અથવા ચોરની સેવા કરે તો, જેમ વસ્ત્ર તે રગને આધીન થાય છે તેજ પ્રકારે તે પુરુષ તે સેવના જેવો થાય છે આરણ્યક પર્વમા કહેલુ છે કે નીચના સગથી પુરુષની બુદ્ધિ હણાય છે, મધ્યમના સગથી તે મધ્યમપણાને પામે છે અને ઉત્તમ પુરુષના સગથી બુદ્ધિ શ્રેષ્ઠ થાય છે સ્કદ પુરાણમા વાસુદેવ માહાત્મ્યમા પણ કહેલુ છે કે જેને જેવા જેવા શાસ્ત્રો અથવા મનુષ્યોનો સગ થાય છે તેની બુદ્ધિ તેવી થાય છે માટે અસત્ એવા શાસ્ત્ર તથા મનુષ્યોનો સગ ન કરવો મનુસ્મૃતિના ૧૧ મા અધ્યાયના ૧૮૧ ના શ્લોકમા કહ્યુ છે કે ઉપર કહેલા પાપીઓમાથી જે પાપીની સાથે સમર્ગ પામે છે તે પુરુષ તે પાપીનુ જે પ્રાયશ્ચિત્ત તેને સસર્ગની શુદ્ધિને માટે કરે

હવે એ સગ પણ નવ પ્રકારે કરીને ત્યજવાનો છે એમ બૃહસ્પતિએ કહેલુ છે એકજ આસનમા રહેવુ, એકજ પક્તિએ બેસીને તથા એકજ પાત્રમા રાધેલુ અન્ન જમવુ, સાથે યજ્ઞ, સાથે અભ્યાસ તેની સાથે **વિવાહ-સબધ** તથા સાથે ભોજન કરવુ તે એ નવ પ્રકારને વર્ણશકરતા કહેલી છે અને તેથી તે અધર્મીની સાથે ન કરવા વિદુરજીએ પણ કહેલુ છે કે જે પુરુષ ઘરમાથી પ્રયોજન વિના પરદેશને નથી સેવતો, પાપી પુરુષો સાથે મૈત્રી નથી કરતો, પારકી સ્ત્રીની સાથે સબધ નથી કરતો, દભ, ચોરી, ચાડીયાપણુ, મદ્યપાન, એટલા વાના જે નથી કરતો તે સદા સુખી થાય છે મૂળશ્લોકમા ચકાર છે માટે કોઢ વગેરે મોટા રોગવાળાનો સમર્ગ પણ ન કરવો માધવનિદાન આદિમા તેનો નિષેધ કરેલો છે આમા ચાર નિષેધ વાક્યો અને બે અવાતર વાક્યો મળી ૬ છે ૨૭

भक्तिं वा ज्ञानमालम्ब्य स्त्री द्रव्य रसलोलुभा
पापे प्रवर्तमाना स्यु कार्यस्तेषा न सगम ॥ २८ ॥

(જે પુરુષો) ભક્તિ અથવા જ્ઞાનનો આશ્રય લઇને સ્ત્રી તથા દ્રવ્યમા આસક્તિ રાખી પાપમા પ્રવર્તે છે એવાઓનો સગ ન કરવો ૨૮

ભક્તિ એટલે શ્રી કૃષ્ણની ભક્તિના બનતો જ્ઞાનમ્ એટલે જ્ઞાનનો આશ્રય કરીને સ્ત્રી, દ્રવ્ય તથા નાના પ્રકારના રસાસ્વાદમા લોભાયા હોય એટલે એની તૃષ્ણાવાળા થયા હોય **भृशं लुभ्यंती स्त्रीति लोलुभा** અત્યત લોભ પામે તે લોલુભ **लुभ्यर्थ क लुगतादच** યગલુગત એવો જે

લુભ ધાતુથી અચ પ્રત્યય થઇને લુભ શબ્દ બન્યો છે લુબ્ધ અભિલાષુક એપર્યાય છે લોલુપ અને લોલુભ સરખા છે **પાપે** એટલે પરસ્ત્રીના સગ આદિ પાપ કર્મમા પ્રવર્તેલા હોય તેમનો સગ ન કરવો સગ અને સગમ નો અર્થ ભેગા થવુ એવો છે પાપ બાળવામા હરિના નામની એવી શક્તિ છે કે પાતકી માણસ તેટલુ પાતક કરવાને શક્તિમાન થતો નથી ઇત્યાદિ પ્રહૃદ્ વિષ્ણુ પુરાણના વાક્યમા ભગવાનના નામનુ ઉચ્ચારણ આદિ લક્ષણ વાળી ભક્તિના માહાત્મ્યનો આશ્રય કરીને ભક્તિ સઘળાય પાપનો નાશ કરે છે તો બે ત્રણવાર પરદારાગમનમા શુ ? એમ ધારીને પાપમા પ્રવર્તવુ નહી કારણકે તેથી ભગવાનના અપરાધી બનવાનુ પાપ લાગે છે વળી પદ્મ પુરાણમા પણ કહેલુ છે કે જે માણસને નામના બળથી પાપબુદ્ધિ થાય છે તેની યમથી પણ શુદ્ધિ થતી નથી શ્રી ગોસ્વામીએ પણ અપ-રાધની નિવૃત્તિ માટે પચગાત્ર વાક્ય લખેલુ છે નામનુ બલ બતાવીને જેઓ પાપ કરે છે તે અપરાધી છે જો મહા શક્તિમાન એવા ભગવાનને વિષે તેઓ અપરાધી થાય છે તો જીવન મુક્ત પુરુષોપણ કર્મ વડે કરીને ફરી બધનને પામે છે તેમ જ ગીતાના ૬ઠ્ઠા અધ્યાયમા પણ કહેલુ છે કે એ પ્રકારે જ્ઞાનરૂપી અગ્નિ સર્વે કર્મોને બાળીને ભસ્મ કરે છે વગેરે વગેરે ભગ વ, વાક્યોમા જે જ્ઞાનનુ મહાત્મ છે તેનો આશ્રય લઇને હુ બ્રહ્મ છુ મને કર્મનો બાધ નડનો નથી એવી બુદ્ધિ કરીને પાપમા પ્રવર્તવુ નહી ભક્તિ અને ધર્મનો સહચાર જેમ પ્રસિદ્ધ છે તેવીજ રીતે જ્ઞાન અને વૈરાગ્યનુ માહચર્ય પણ પ્રસિદ્ધ છે તેથી વૈરાગ્ય વિનાના પુરૂષમા જ્ઞાનીપણાનો અ સભવ હોવાથી પાપનુ ફળ એવા નરકની પ્રાપ્તિ અવશ્ય થાય છે એવો ભાવ છે તેથી જ જ્ઞાનમા સ્થિતિવાળા પરમગુરૂ અને અજગર વૃત્તિવાળા શ્રી દત્તાત્રેયે મોક્ષ ધર્મમા અચલિત મતિ વાળો અને સ્વધર્મથી પડે નહી તેવો વગેરે કહેલુ છે કામ, ક્રોધ, લોભાદિ અતર શત્રુ વશ હોય છે તો પણ યથેચ્છ આચરણ કરવાથી બ્રહ્મવિદ્ એવા વસિષ્ઠાદિને પણ પક્ષિયોનિ મા જન્મ લેવા પડ્યો હતો વગેરે અનર્થની આપત્તિ આવે છે એવી કથા માર્કડેય પુરાણના નવમા અધ્યાયમા વિસ્તારથી છે ત્રિશકુના પુત્ર એવા હરિશ્ચદ્ર નિમિત્ત પક્ષિ બનેલા એવા વિશ્વામિત્ર અને વશિષ્ઠને ઘણા વર્ષ યુદ્ધ થયુ હતુ વિશ્વામિત્ર આડી નામના પક્ષી અને વસિષ્ઠજી બગલો થયા હતા પ્રપિતામહ જે વસિષ્ઠ મુની મિત્રાવરૂણના વીર્યથી ઉર્વશીનામની વેશ્યાને પેટે જન્મ્યા હતા એમ શ્રીમદ્ભાગવતમા કહેલુ છે ખરેખર, તેઓ સર્વે લોકમાં ઇચ્છા પ્રમાણે ફરનારા થાય છે એમ છાંદોગ્ય શ્રુતિ કહે છે તો અહો

યથેષ્ટ આચરણનો નિષેધ શા માટે કરવામા આવે છે ? એવી શકાના સમાધાનમા ભાષ્યકાર કહે છે કે આ શ્રુતિ કાઈ જ્ઞાની પુરૂષોને યથેષ્ટ આચરણ કરવાનુ કહેતી નથી પણ દેહ મુકયા પછી ગોલોક વૈકુઠ આદિ જે ભગવાનની ઇચ્છાથી ઉપલબ્ધ થયેલા એવા અલૌકિક ભોગોનો પોતાની ઇચ્છા પ્રમાણે ઉપભોગ કરવાના આશયવાળી છે તેવી જ રીતે " જે પુરૂષો આ આત્માને પામીને ઇચ્છા પ્રમાણેના અર્થ મેળવીને દેહ છોડે છે તે ઇચ્છા પ્રમાણે ફરનારા થાય છે એવી પણ શ્રુતિ છે અહીં જે આત્મશબ્દ છે તે પરમાત્માનો વાચક છે તેને પામીને સમાધિને વિષે દહરાકાશમા પોતાના સકલ્પ માત્રથી મેળવેલી અને સત્ય એવી ઇચ્છાઓને પણ પાર પાડીને આ ભૌતિક દેહનો ત્યાગ કરીને દિવ્ય દેહ ધારણ કરી ભગવાનના ધામમા જાય છે એવો તેનો અર્થ છે તે હેતુ માટે દેહ સતેતો, વિષયમા આસક્તિનો સભવ હોવાથી, પદાર્થમા રહેલુ જે પ્રિય અને અપ્રિયપણુ તેના સસર્ગે કરીને સૌભરી આદિક ઋષિઓની પેઠે ભ્રષ્ટ થવાનો પ્રસગ આવે છે જ્યા સુધી શરીરનો સબંધ છે ત્યા સુધી પ્રિય અને અપ્રિયનો ત્યાગ થઈ શકતો નથી ભાગવતના ૯ મા સ્કધના ૬ ઠ્ઠા અધ્યાયમા સૌભરિએ જ કહ્યુ કે જળની અદર મત્સ્યનુ મૈથુન જોવા મ ત્રથી ઘણુાકાળનુ સગ્રહ કરેલુ બ્રહ્મચર્યવ્રત નાશ પામી ગયુ માટે જ્ઞાનનિષ્ઠને પણ ફલની અપેક્ષાનુ રહિત પણુ છે તોપણુ લોકસગ્રહને માટે સદ્ધર્માચરણુ જ કરવુ યોગ્ય છે પણુ દુરાચાર યોગ્ય નથી ભગવદ્ ગીતાના ૩ જા અધ્યાયમા કહ્યુ છે કે કર્મમા આસક્તિવાળા એવા એ જ્ઞાની માણુસોની બુદ્ધિમા ભેદ પમાડવો નહી પણુ વિદ્વાનો યોગ્ય આચરણુ રાખીને સર્વે કર્મ કરવા વળી ગીતામા કહ્યુ છે શ્રેષ્ઠ પુરૂષો જેવુ આચરણુ કરે છે તેવુ જ અન્ય લોકોપણુ વર્તે છે લોકો ઋષિઓના વર્તનને પ્રમાણુ માને છે એમ ભાગવતના ત્રીજા સ્કધના ૧૬મા અધ્યાયમા કહેલુ છે સદ્ધર્મનો ત્યાગ કરવાથી તો તેમને બ્રહ્મધામની પ્રાપ્તિ પણુ નથી થતી વળી શ્રુતિમા પણુ કહેલુ છે કે જેનામા તપ તથા બ્રહ્મચર્ય રહેલુ છે તથા સત્ય છે તેમને જ રજોગુણુથી રહિત એવા બ્રહ્મલોકની પ્રાપ્તિ કહી છે પણુ જે બ્રહ્મલોકમા જુઠ અને માયા નથી, નહી તો બીજી રીતે તો આત્મામા જ ક્રીડા કરનારા, આત્મામા જ પ્રીતિવાળા અને ક્રિયાવાન્ એવા અને બ્રહ્મને જાણુનારાઓમા શ્રેષ્ઠ એ શ્રુતિમા વિરોધ આવવાનો સભવ થાય તેમજ ભગવદ્ધર્મનિષ્ઠ શ્રી શકર, નારદ, સનકાદિના સદાચારમા પણુ દૂષણુની આપત્તિ આવે એવો સભવ છે શ્રી શકરાચાર્યે શારીરિક ભાષ્યમા કહેલુ છે કે

જ્ઞાની પુરૂષોને શુભ વાસનાની અનુવૃત્તિ થાય છે ચૈતદાનદગિરિએ પોતાની ટીકામા કહેલુ છે કે ખરેખર, એ મુક્ત છે એ પ્રમાણે બીજાઓ કેવી રીતે જાણે ' તેથી કહ્યુ છે કે સાધન અવસ્થામા જ અશુભવાસનાની નિવૃત્તિ થાય છે માટે શુભ વાસનાની જ અનુવૃત્તિ થાય છે એટલે અમાનિત્વ આદી જ્ઞાન સાધનો અને દ્વેષ ન કરવો વગેરે સદ્‌ગુણો પણ અલકારની પેઠે જ તેને અનુસરે છે નૈ`કર્મ સિદ્ધિમા પણ કહેલુ છે કે જેણે અદ્વૈત જ્ઞાન જાણ્યુ છે એવા જ્ઞાનીને યથેષ્ઠ આચરણ જો વિહિત હોય તો શ્વાન અને તત્વજ્ઞને અપવિત્ર ભક્ષણમા શો ભેદ છે ? ચિત્તના વ્યવહાર ની ભૂમિમા રાગ તે અજ્ઞાનનુ મૂળ છે જેના કોતરમા અગ્નિ હોય તે વૃક્ષને નવા અકુર ક્યાથી હોય !

આમા બે નિષધ વાક્યો અને ચાર પેદા વાક્યો એમ મળીને છ છે

कृष्ण कृष्णावताराणा खंडन यत्र युक्तिभि
कृतस्यां त्तानि शास्त्राणि न मान्यानि कदाचन ॥२९॥

જે શાસ્ત્રોમા શ્રીકૃષ્ણ ભગવાન્ અને તેમના અવતારોનુ યુક્તિથી ખડન કર્યુ હોય તે શાસ્ત્રોને કદાપિ માનવા નહીં ૨૯ **यत्र** એટલે જે શાસ્ત્રોને વિષે **सप्तम्यास्त्रल** એ સૂત્રથી સાતમી વિભક્તિમા ત્રલ્ પ્રત્યય થયો છે **कृष्णश्चकृष्णावतारा** એટલે કૃષ્ણ અને વરાહ આદિ અવતારો તેમનુ **युक्तिभि खडन** એટલે ભગવાનનો આકાર નથી એ પ્રકારે મૂળ જ કાપી નાખ્યુ હોય ને યુક્તિ એટલે કે સાકારને પરિછિન્ન બતાવીને પછી તેના વ્યાપકપણાનો અસભવ છે એમ સાબીત કરીને નિરાકાર બ્રહ્મ એ જ સત્ય છે અને કૃષ્ણના આકાર તો માયામય છે વગેરે કહેવુ તે. એવા શાસ્ત્રો ક્યારેય ન માનવા એટલે તે સત્ય કહે છે એમ માનવુ નહીં મનુ જ્ઞાને એ ધાતુથી ઋહલોર્ણ્યત્ એ સૂત્રથી ણ્યત્ બનીને મતવ્ય શબ્દ સિદ્ધ થયો છે ગીતાના ૧૫ મા અધ્યાયમા પણ કહેલુ છે કે સર્વે વેદ વડે કરીને હુ જ જાણવા યોગ્ય છુ શ્રીમદ્ ભાગવતના દશમા સ્કધના ૮ મા અધ્યાયમા શુકજીએ કહેલુ છે કે વેદત્રયી, ઉપનિષદો, સાખ્ય યોગ અને નારદ પચરાત્ર એ શાસ્ત્રોએ જેનુ મહાત્મ્ય ગાન કર્યુ છે તે ભગવાનને યશોદા પુત્ર માનતા હતા ગુહ્ય કહેનારા આસાક્તિકોએ રહસ્ય અધ્યાય વેદમા અને ગુહ્ય આખ્યાનમા જેની કથા ગાન કરેલી છે તે જ આ કૃષ્ણ છે શ્રી ભાગવતના ૧૦ મા સ્કધના ૨૮ મા અધ્યાયમા કહ્યુ છે કે છદોએ સ્તુતિ કરેલા કૃષ્ણને જોઈ વિસ્મિત થતા હવા. પ્રથમ સ્કધના

બીજા અધ્યાયમા પણ કહ્યુ છે કે વેદ વાસુદેવપર છે વેદ નારા-યણ પર છે એ વગેરે વાકયોથી વેદોનુ અપ્રાકૃત અને દિવ્યવિગ્રહ એવા શ્રીકૃષ્ણના પરપણાનું-કહેવાપણુ છે તેથી તેનાથી વિરૂદ્ધ અર્થ પ્રતિપાદન કરનારા શાસ્ત્રો અસત્ય છે એમ સિદ્ધ થાય છે હરિસ્તોત્રમાથી શકરાચા-ર્યોએ પણ વેદાદિથિ. આજ ભગવાન્ જાણવા યોય છે અને ધ્યાન કરવા યોગ્ય છે એમ કહેલું છે, ઉપનિષદ્, આધ્યાત્મિક શાસ્ત્રો, પુરાણો અને બીજા શાસ્ત્રો અને સાત્વત તત્ર તેણે કરીને સસારના અધકારનો નાશ કરનારા એવા હરિને પોતાના ચિત્તમા જોઇને ભગવાનમા પ્રવેશ કરતા હવા તે ભગ વાનને હુ નમસ્કાર કરૂછુ વિષ્ણુસહસ્ત્ર નામના ભાષ્યના આરભમા એજ શકરાચાર્યે શ્રીકૃષ્ણ ભગવાનનુ દિવ્યવિગ્રહપણુ જાણવાપણુ તેને કહે છે " સચ્ચિદાનદરૂપ અકિલષ્ટ એવા કર્મને કરનારા અને વેદાતથી જાણવા યોગ્ય બુદ્ધિસાક્ષી એવા ગુરૂ કૃષ્ણ તેમને નમસ્કાર હો અસત્ શાસ્ત્રોના જાણવાથી ઉપપાતક થાય છે તેમ યાજ્ઞવલ્કય કહે છે ॥ અસત્ શાસ્ત્રોને ભણવા, સોના રૂપાની ખાણનો અધિકાર, સ્ત્રીને વેચવી એ કરનાર પુરૂષોને એકેક પાપ લાગે છે કદાચ એવી શકા લેવામા આવે કે નિષ્કલક, નિષ્ક્રિય, શાત, નિરવદ્ય, નિરજન, નિર્ગુણ ને નિરાકાર પર એવુ બ્રહ્મ છે તેમજ ઇંદ્રિય વિનાનુ, પ્રાણધર્મ વિનાનુ, અમન, શુભ્ર, અપાણિપાદ, ઇત્યાદિ અર્થ-વાળી શ્રુતિઓ વડે કરીને નિરાકાર, નિર્ગુણ બ્રહ્મનો નિશ્ચય થાય છે તો બ્રહ્મને સાકાર શી રીતે કહોછો ? સાકારને મૂર્તિમાન્ દ્રવ્ય પણે કરીને ચક્ષુથી જણાય છે માટે ચક્ષુથી દેખાતુ નથી એ અર્થવાળી શ્રુતિ સાથે વિરોધ આવે છે એમ શકા કરો તો પણ તેમા વિરોધ નથી કારણ કે નિર્ગુણાદિ શબ્દોને પ્રાકૃત ત્યાગ કરવા યોગ્ય ગુણ, આકાર ઇંદ્રિયો તેનો નિષેધ બતાવવા પણ છે પણ ભગવાનના કલ્યાણકારી ગુણ દિવ્ય એવો આકાર ઇંદ્રિયો હોવાપણામા કાઇ બાધ નથી શ્રુતિ કહેછે કે પરમાત્મા જ્ઞાતા છે, કાળના કાળ છે જેમા સર્વે ગુણો છે, જેમા સર્વ વિદ્યા છે ધર્મને કરનારા, પાપને ટાળનારા, ઐશ્વર્યના નિયતા, વિશ્વના શ્રેયરૂપ પર-પરમાત્માને આત્મામા રહેના જાણીને " ઇશ્વરના ઇશ્વર, દેવના દેવ, પતિનાપતિ, પરથી પર અને ભુવનના ઇશ, સ્તુત્ય એવા ભગવાનને અમે જાણીએ છીએ એ પરમાત્મા કેવા છે તો જેમા પાપ માત્ર બળી ગયેલા છે, વૃદ્ધાવસ્થાએ રહિત છે, મૃત્યુથી રહીત, શોક નથી, ક્ષુધા કે પિપાસા નથી, માયા, અને જીવના પતિ, ગુણોના ઇશ, સત્યકામ, સત્યસકલ્પ, જેની

સર્વે ઇચ્છાઓ પુરી થાય છે સર્વ ગધ, સર્વરસ એ વગેરે શ્રુતિઓથી ભગવાનમા કલ્યાણ ગુણો હોવાનુ અને માયિક ગુણોથી રહિતપણુ સિદ્ધ થાય છે વાયુ પુરાણમા પણ ભગવાનમા કલ્યાણગુણો તેમના અગની પેઠે જ છે એમ કહેલુ છે સર્વજ્ઞપણુ, સતોષ, અનાદિ જ્ઞાન સ્વતત્રતા, નિત્ય, નથી લોપાયમાન દૃષ્ટિ જેની એવા અનતશક્તિવાળા, એવા મહેશ્વર એવા પરમાત્માને છ અગ છે વૈષ્ણવતોષણીમા પણ તે પરમાત્માના ગુણોનુ માપ કાઢવા એવુ વ્યાખ્યાન કરેલુ છે એટલે ગુણો પરમાત્માના સ્વરૂપ ભૂત છે એ પ્રમાણે કલ્યાણ ગુણોનુ અમાયિકપણુ કહેલુ છે વિદ્વન્મડન ગ્રથમાથી પણ એ ગુણો ભગવાનનુ સ્વરૂપ છે એ જાણી લેવુ વિષ્ણુપુરાણમા પણ કહેલુ છે કે પરમેશ્વરમા સત્વાદિક પ્રાકૃત ગુણો નથી વળી એ સર્વે શુદ્ધોમા પણ શુદ્ધ, આદ્ય, અને પુરૂષ એના પ્રસન્ન થાઓ એમ પણ કહ્યુ છે પદ્મ પુરાણના ઉત્તરખડમા કહ્યુ છે કે એ જે જગદીશ્વરને શાસ્ત્રને વિષે નિર્ગુણ કહેલા છે એકાદશ સ્કધમા પણ કહ્યુ છે કે નિર્ગુણ અને અપેક્ષા રહિત એવા તથા સુહૃદ, પ્રિય એવા મને પરમાત્માને સર્વ ગુણો ભજે છે સત્વાદિ જે અગુણો તે પણ સરખી રીતે જ ભજે છે એ પ્રમાણે એ અગુણો પરિણામ રૂપ નથી થતા પરતુ નિત્ય છે, એમ શ્રીધર સ્વામીએ પણ વ્યાખ્યાન કરેલુ છે પ્રથમ સ્કધમા કહેલુ છે કે સત્ય, શૌચ, દયા, ક્ષાતિ, ત્યાગ, સતોષ, આર્જવ, શમ, દમ, તપ, સામ્ય, તિતિક્ષા ઉપરતિ શ્રવણ, જ્ઞાન, વિરક્તિ, ઐશ્વર્ય, શૌર્ય, તેજ, બલ, સ્મૃતિ, સ્વાતત્ર્ય, કૌશલ્ય, કાતિ ધૈર્ય, માર્દવ, પ્રગલ્ભતા, પ્રશ્રય, શીલ, બલ, ઐશ્વર્ય ગાભીર્ય સ્થૈર્ય, આસ્તિક્ય, કીર્તિ,, માન, નિરહકાર, એ પ્રમાણે ૩૯ કલ્યાણગુણોને ગણાવીને એ બધા મહાગુણો ભગવાનમાં નિત્ય રહેના છે એમ કહેતુ છે સત્ય એટલે યથાર્થ બોલવુ તે, શૌચ એટલે પારકાના દુખને સહન ન કરી શકવુ તે, ક્ષાતિ એટલે ક્રોધ થાય તો પણ ચિત્તનો સયમ રાખવો તે ત્યાગ એટલે અર્થવાળામા મુક્ત હસ્તપણુ, સતોષ એટલે આટનુ બસ છે એવી બુદ્ધિ, આર્જવ એટલે સરળતા, શમ એટલે બહ્ય ઇન્દ્રિની નિશ્ચલતા, તપ એટલે સ્વધર્મ, સામ્ય એટલે રમણીય કે અરમણીય વિષયમા સમતા, તિતિક્ષા એટલે પારકાના અપરાધને સહન કરવાપણુ, ઉપરતિ એટલે લાભ થનો હોય ત્યારે ઉદાસીનતા રાખવી તે શ્રુત એટને શાસ્ત્ર વિચાર, જ્ઞાન એટલે જીવનુ ક્ષર અક્ષરપણુ, નિયતાપણુ, પોતાના સ્વરૂપનુ જેમછે તેમ જાણવુ તે, વિરક્તિ એટલે તૃષ્ણાથી રહિતપણુ, ઐશ્વર્ય એટલે

નિયતાપણુ, શૌર્ય એટલે સ્વભાવ ઉપર જય મેળવવો તે, તથા સગ્રામમા ઉત્સાહ હોવતે, તેજ એટલે પ્રભાવ બળ એટલે સર્વે પ્રાણની વૃત્તિઓને નિયમમા લાવવાનુ સામર્થ્ય, સ્મૃતિ એટલે કર્તવ્યનુ અનુસધાન, સ્વાતત્ર્ય એટલે પરાધીનપણુ નહીં તે, કૌશલ્ય એટલે ક્રિયામા નિપુણતા, કાતિ એટલે સૌદર્ય, ધૈર્ય એટલે અવ્યાકુલતા, માર્દવ એટલે ચિત્તનુ કઠિણપણુ ન હોય તે, પ્રાગલ્ભ્ય એટલે અતિશય પ્રતિભા હોયતે, પ્રશ્રય એટલે વિનય, શીલ એટલે સારો સ્વભાવ સહઉર્જા બલ એટલે કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયોની પટુતા, ભગ એટલે ઐશ્વર્ય, ગાભીર્ય એટલે ક્ષોભ ન થાય તે, સ્થૈર્ય એટલે અચચળતા, આસ્તિક્ય એટલે શ્રદ્ધા, કીર્તિ એટલે યશ, માન એટલે પૂજ્યપણુ, અનહકૃત એટલે ગર્વનો અભાવ, એ પ્રમાણે ભગવાનના ગુણો એ ગણનાના શ્લોકના અર્થ છે વિષ્ણુ ધર્મોત્તરમા પણ કહ્યુ છે કે તે પરમાત્માના સર્વે ગુણોને સર્વે મુનિયો પણ કહેવાને સમર્થ નથી તેથી જ શ્રીરામાનુજાચાર્યે મોટા સદર્ભ વડે કરીને શ્રી ભાષ્યમા એવુ પ્રતિપાદન કર્યુ છે કે ભગવાનના દિવ્ય અને કલ્યાણ ગુણના યોગથી તેમને સગુણ કહેલા છે અને માયિક એટલે નાશવત ગુણોથી રહિત હોવાને લીધે નિર્ગુણ કહેલા છે વળી તે જોતા હવા લોકને સૃજતા હવા, તેમજ તે ભગવાન આ લોકને સૃજતા હવા એની પણ શ્રુતિઓ છે તેથી મૂળ પ્રકૃતિના ઉત્થાનની પહેલા જ ભગવાનને દિવ્ય ચક્ષુ વગેરે ઇદ્રિયો છે એવુ વિશિષ્ટપણુ જાણવુ નેત્ર ન હોય તો માયાને જોવામા અસગતિનો દોષ આવે પણ માયામા ઉત્પન્ન થયેલા ઇદ્રિયો, અતઃકરણ વડે, પોતપોતાની ક્રિયા આચરવામા અસમર્થ એવા તત્ત્વો પોતાના કાર્ય ચરણાદિથી રહિત અને દિવ્ય ચરણાદિ વિશિષ્ટતાવાળા ભગવાનની સ્તુતિ કરતા હવા તે ભાગવતના તૃતિય સ્કધના ૫ મા અધ્યાયના મહાદાદિ તત્ત્વોએ ભગવાન પ્રતિ કહેલુ છે કે હે દેવ ! તમારા ચરણ કમળોને અમે નમસ્કાર કરીએ છીએ માટે જ ભગવાનના માયિક ગુણ નથી એ યોગ્ય જ કહેલુ છે ભગવાનનુ દિવ્ય સ્વરૂપ આદિ તો શ્રુતિમા પ્રસિદ્ધ જ છે જેમ સિધા લુણમા અદર તેમજ બહાર સમગ્ર રસ જ હોય છે તેમ આ પરમાત્મા પણ અદર અને બહાર પ્રજ્ઞાનઘન છે નિર્દોષ એથી સપૂર્ણ ગુણના સ્વરૂપ વાળા અને આત્મા છે તત્ર જેનુ અને નિશ્ચેતન એવા શારીરિક ગુણોથી રહિત તે માત્ર આનદમય જ કર, પાદ, મુખ, ઉદર જેમને છે તથા જેમા સ્વગત ભેદ નથી એવા એ પરમાત્મા છે આનદના અભ્યાસથી વગેરે

વાક્યો શ્રુતિ તેમજ સ્મૃતિમા પણ એક જ ન્યાય વાળા છે તેથી પણ ગગા નદીનો રસ જ્યાથી ઉત્પન્ન થાય છે, સુગધરૂપી છે પરિભોગ એવા સચ્ચિદાનદ સસારના ભયના ખેદને છેદનારા એવા લક્ષ્મીના પતિના ચરણકમળને હુ નમન કરૂ છુ એમ શ્રી શકરાચાર્યે પણ કહેલુ છે વૈષ્ણવ તોષણીસાર સગ્રહમા પણ કહેલુ છે કે ચૈતન્યમૂર્તિ, ચૈતન્યરૂપ ચૈતન્ય લીલાવાળા, એટલા ચૈતન ગુણોવાળા, ચૈતન છે કોલીયો જેનો અને ચૈતન જોડિકાવાળા અને જેનો બીજો જોટો નથી એવા બ્રહ્માએ નમસ્કાર કરેલા બ્રહ્મને હુ વદુ છુ તેથી પણ સચ્ચિદાનદરૂપી અવયવ વિશિષ્ઠ છે એમ જાણવુ ભાગવતના દશમ સ્કધના ૮૭ મા અધ્યાયમા વેદોએ ભગવાનની સ્તુતિ કરેલી છે કે હસ્ત નથી તોપણ પકડનારા, અને પાદ નથી તોપણ ગતિ કરનારા, નેત્ર વિના જોનારા, શ્રોત્ર વિના શ્રવણ કરનારા વળી શ્રુતિ પણ છે કે તમે ઇંદ્રિયોથી રહિત છો, પોતાની મેળે જ પ્રકાશમાન છો, અને સમગ્ર કાર્યને કરાવવાની શક્તિવાળા છો એ પ્રકારે ભાગવતમા જે વાક્ય છે તેનો પણ આજ અર્થ છે આકાશ જે બ્રહ્મનુ શરીર નથી, તેમા નભુતા નથી, તેમની કાઇ મૂર્તિ નથી, દિવ્ય, અમૂર્ત, પુરૂષ છે વગેરે જે શ્રુતિયો છે તેથી ભગવાન ન શરીર નથી એવી શકા પણ ન કરવી કારણ કે એ જે નિષેધ છે તે પ્રાકૃત શરીરના નિષેધ પરત્વ છે આપણા શરીરના જેવા શરીરના નિષેધપર છે તેથી પ્રાકૃત એટલે માયિક ચક્ષુ, ઇંદ્રિયથી ગ્રાહ્ય થઇ શકે નહી તેથી તેમા અરૂપ કહેલા છે તેમની દિવ્ય દૃષ્ટિ જ જોવાની છે માટે ભગવાનને દિવ્ય આકૃતિ હોવામા બાધ નથી વળી મુડકોપનિષદ્‌મા કહેલુ છે કે જીવ જ્યારે રૂકમવર્ણ એવા, અને વેદના ઉત્પન્ન કર્તા ઇશ એવા પુરૂષને જુએ છે ત્યારે તે વિદ્વાન્ એવો પુણ્ય અને પાપને ધોઇ નાખીને માયાના અજનથી રહિત થઇ પરમ એવા સામ્યને પામે છે શરીરમા જ્યોતિમય અને શુભ્ર એવુ બ્રહ્મ છે, જેને, નાશ પામ્યા છે પાપ જેમના એવા યતિયો જુએ છે તે મહાન્, દિવ્ય અને ચિતવન થઈ ન શકે એવુ છે વગેરે શ્રુતિયો પણ છે શ્વેતાશ્વતર ઉપનિષદ્‌મા પણ છે કે સૂર્યના સરખાવર્ણવાળા અને મહાન્ એ પુરૂષને માયાથી પર એવાને હુ જાણુ છુ તે પરમાત્માની જેના ઉપર કૃપા થાય છે તેનાથી તે પમય છે તેને જ તે પરમાત્મા પોતાના સ્વરૂપને પ્રકાશે છે પચરાત્રમા પણ કહ્યુ છે કે પરમાત્મા વાસુદેવ ભગવાન્ દિવ્ય વિગ્રહવાળા છે વગેરે એથી જ એમનુ દિવ્ય નેત્રથી જોવા પણ શ્રુતિ તથા સ્મૃતિમા કહેલુ છે તેમજ કહ્યુ છે કે નેત્રથી કે વાણીથી તેમજ બીજા દેવોને તપથી કે કર્મથી પણ જણાતા નથી જ્ઞાનના અનુ

ગ્રહથી વિશુદ્ધ થયેલો અને ધ્યાનમગ્ન એવો તે વિશુદ્ધ અને સ્તુતિ કરેલાને દેખે છે પોતાના દેહને અરણિનુ કાષ્ટ બનાવી, પ્રણવને ઉપરની અરણી બનાવી ધ્યાનના મથનના અભ્યાસથી દેવને ગુહ્ય પુરૂષની પેઠે જોવા નિત્યના પણ નિત્ય, ચેતનના ચેતન, અને એક એ ગ પરમા મા તે ઘણાના મનોરથોને પૂર્ણ કરે છે આત્મામા રહેલા એવા તેમને જે ધીર પુરૂષો જુએ છે તેમને શાશ્વત શાતિ મળે છે, બીજાને નહી વગેરે શ્રુતિઓ પણ છે યાજ્ઞવલ્કયે પણ કહ્યુ છે કે આત્મામા રહેલા એવા સૂક્ષ્મ આત્માને ધ્યાન યોગથી જોવા સનત્સુજાતીયમા વારવાર કહેલુ છે કે તે સનાતન એવા ભગવાનને યોગીઓ જુએ છે પાચ ઇંદ્રિયોને ધ્યેય વસ્તુમા અનુસધાન કરીને યતિએ મનને વિષે તે સ્થાપન કરવી જે પુરૂપ એ છએને આત્મામા સ્થિત કરે છે તે પ્રસન્ન થાય છે અને તેનામા લીન થયો સતો ધૂમ વિનાના દીવાની પક્તિની પેઠે તથા કાતિમાન્ સૂર્યની પેઠે તેનામા બ્રહ્મ પ્રકાશે છે તથા આકાશમા જેમ વિજળીના અગ્નિ જણાતા તેમ તેના આત્મામા આત્માનો પ્રકાશ થાય છે યત્ન કરતા એવા ડાહ્યા યોગીઓ આત્મામા રહીને પૂર્વ તથા અપર રાત્રીમા તેને પૂજતા થકા સતત્ જુએ છે થોડો આહાર કરનારા, વિશુદ્ધ થયેલા એવા પુરૂષો, સર્વના આત્મા અને મહાત્મા એવા એ પરમાત્માને પોતાના આત્મામા ધૂમ વિનાના અગ્નિની પેઠે જુએ છે જે મહાપુરૂષો ડાહ્યા અને બ્રાહ્મણો છે તે પરમાત્માને જુએ છે વગેરે સ્મૃતિઓથી પણ સાકારના દર્શન ને જ સમજવાનુ છે અહીં જે આત્મા શબ્દ છે તેથી જીવપણુ સમજીને શકા લેવાની નથી કારણ કે પરમાત્માનો ભેદ નિર્દેશ કરેલો છે આત્મા જેનુ શરીર છે, એવી શ્રુતિમા જીવને પરમાત્માનુ શરીર કહેલા છે સમાન વૃક્ષમા એક પુરૂષ નિમગ્ન છે પણ અશક્ત હોવાથી મોહ પામી શોક કરે છે જ્યારે અન્ય એવા પરમાત્માને જુએ છે ત્યારે પ્રસન્ન થાય છે અને તેમના મહિમાને જાણે છે ત્યારે શોકથી રહીત થાય છે એ પ્રકારેની શ્રુતિમા અન્ય પદથી પરમાત્માનો ભેદ સ્પષ્ટ બતાવેલો છે, અહી મહિમા એટલે સાધર્મ્ય સમજવાનુ છે શ્રીમદ્ ભગવદ્ગીતામા કહેલુ છે કે આ જ્ઞાનનો આશ્રય કરીને મારા માધર્મ્યને પામેલા **तत्त्वमसि अयमात्मा ब्रह्म** એમા જે આત્મા પરમાત્માનો અભેદ કહેલો છે તેનો તાદાત્મ્ય સબધથી કહ્યો છે અગર તો રાજાનો સેવક એટલે રાજા એવા ઉપચારથી કહેલો છે એવો વૈષ્ણવાચાર્યનો સિદ્ધાત છે વસ્તુતાએ **त्वं** પદાર્થ જીવ અને **तत्** પદાર્થથી બ્રહ્મની સાથે ઐક્ય કહેલુ છે તે પછી પરા ભાવને કરીને બ્રહ્મ થયેલાને અને જ્ઞાનીને પણ પરબ્રહ્મ એવા પુરૂષોત્તમ

નામના ભગવાનની ઉપાસનાનો વિધિ કહ્યો છે એથી પણ જીવાત્મા અને પરમાત્માનો ભેદ જ સિદ્ધ થાય છે બ્રહ્મને જાણીને બ્રહ્મ થાય છે બ્રહ્મ થઇને જ બ્રહ્મને પામે છે બ્રહ્મવિત્ જ પરમાત્માને પામે છે પર એવા અક્ષરથી પણ પર, અક્ષર જેમનુ શરીર છે વગેરે શ્રુતિ છે તેથી પણ ગીતાના ૧૮ મા અધ્યાયમા પણ કહ્યુ છે કે બ્રહ્મ થયેલો એવો પ્રસન્ન છે આત્મા જેનો એવો પુરૂષ શોક કરતો નથી અને કાંઈ ઇચ્છતો નથી. સર્વે ભૂતપ્રાણિ માત્રમા સમાન છેઅને તે મારી પરાભક્તિને પામે છે એવી સ્મૃતિ છે તેથી પણ જ્ઞાન અને વિજ્ઞાનથી સંપન્ન થઇને ભક્તિભાવ સહ મને ભજ, એમ શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કધના ૧૯ મા અધ્યાયમા પણ કહેલુ છે ખરેખર જીવ અને પરમાત્મા એ બન્નેના ચૈતન્ય રૂપપણાથી અને આત્મ શબ્દ વડે કરીને કહેવાથી તેમનામા અવિશિષ્ઠ ભેદ નથી એમ શકા કરે તો તેનુ નિરસન એ છે કે જીવને બ્રહ્મ સૃજે છે, તેનુ નિયમન કરે છે, તે તેનુ શરીર છે, તે તેનુ શેષ છે, તેના આધારરૂપ છે, તેનુ પાલન કરે છે, તેનો સહાર કરે છે, તેને તેની ઉપાસના છે, તેના પ્રસાદથી ચારે પુરૂષાર્થ ભોગવવાપણુ થાય છે વગેરે પરમાત્માનો ભેદ બતાવનારા જે શ્રુતિ પ્રસિદ્ધ ધર્મ છે અને પરમેશ્વરના તો તેથી જુદા ધર્મો છે તેથી તેમા મહાન્ ભેદ છે તેનો વિસ્તાર શ્રી ભાષ્યમા જોવો વળી શ્વેતાશ્વતર શ્રુતિમા ભગવાનના સ્વરૂપને ઉપમા રહિત કહેલુ છે જેના નામનો મોટો યશ છે એવા પરમાત્માના જેવી કોઇની આકૃતિ નથી તેમના જેવુ કોઇનુ રૂપ નથી અહીં પ્રતિમા શબ્દ છે તેનો અર્થ ઉપમા લેવાનો છે પ્રતિમા શબ્દના અર્થ અમર કોષમા પ્રતિમાન, પ્રતિબિબ, પ્રતિમા, પ્રતિયાતના, પ્રતિછાયા, પ્રતિકૃતિ, અર્ચા, અને પુલ્લિગમા પ્રતિનિધી, ઉપમા, ઉપમાન એવા છે. આકાશને શરીર કહ્યુ છે તેતો તેનામા વ્યાપકત્વ, નિર્લેપત્વ, વગેરે સમાન ગુણો હોવાને લીધે કહ્યુ છે પણ પરમાત્મા નિરાકાર હોવાથી કહ્યુ નથી. શ્રીમદ્ ભાગવતના નવમા સ્કધના નવમા અધ્યાયમા શુકજીએ કહેલુ છે કે એ તે બ્રહ્મ પર, સૂક્ષ્મ અને અશૂન્ય છે તેને શૂન્ય કલ્પેલુ છે એવા ભગવાન્ વાસુદેવને જે જાણે છે તે ડાહ્યા પુરૂષો છે ભાગવતના દશમ સ્કધના ૮૭ મા અધ્યાયમા વેદોએ ભગવાન્ પ્રતિ કહેલુ છે કે આકાશની પેઠે નિર્લેપ અને તેના શુન્યપણાની તુલ્યતાને ધારણ કરતા વગેરે ભગવાનના સ્વરૂપનો અનાદર કરવાથી નરકની પ્રાપ્તિ પણ કહી છે ભાગવતના ત્રીજા

સ્કંધના ૯ મા અધ્યાયમા ભગવાન્ પ્રતિ બ્રહ્માએ કહેલુ છે કે જે અસત્ પુરૂષના પ્રસંગથી જે અનાદર કરે છે તે નરકભાગી થાય છે માયાથી પર સાકાર બ્રહ્મ છે એમ કહો તો પણ તેનુ સ્થાન કહેવુ પડે એ પણ સત્ય છે અક્ષર બ્રહ્મના નામથી એ શ્રુતિ સ્મૃતિ, ઇતિહાસ પુરાણમા પ્રસિદ્ધ છે છાંદોગ્યમા કહેલુ છે કે એ બ્રહ્મપુર ધામ સત્ય છે જ્યા પાપ નથી એવો એ બ્રહ્મલોક છે ઇત્યાદિ મુડક ઉપનિષદ્મા પણ કહેલુ છે કે દિવ્ય અને બ્રહ્મપુર એવા ધામમા એ પરમાત્મા રહેલા છે તે પરમાત્મા પરમ એવા તે બ્રહ્મ ધામને જાણે છે જેમા રહેલુ સમગ્ર એવુ વિશ્વ શુભ્ર એવુ જણાય છે વગેરે શ્રીમદ્ ભગવદ્ગીતાના ૮ મા અધ્યાયમા પણ કહ્યુ છે કે ઉત્તરાયણાદિ માર્ગે પ્રયત્ન કરનારા એવા બ્રહ્મને જાણનારા પુરૂષો બ્રહ્મને પામે છે વળી ગીતાના ૧૫ મા અધ્યાયમા કહ્યુ છે કે તેને સૂર્ય, ચદ્ર કે અગ્નિ પ્રકાશ કરતા નથી જે ધામને પામીને જનો પાછા પડતા નથી એવુ મારૂ પરમ ધામ છે મોક્ષધર્મમા પણ કહ્યુ છે કે અવિ-નાશી એવા બ્રહ્મપુરને પામીને હુ રાજા જેવા સુખી થાઉ વગેરે શ્રીમદ્ ભાગવતના દશમા સ્કંધના ૨૮ મા અધ્યાયમા કહ્યુ છે કે ગોવાળીઆઓને માયાથી પર એવા અને સત્ય, જ્ઞાન, અનત અને બ્રહ્મજ્યોતિ અને સનાતન એવા પોતાના લોકને બતાવતા હતા, જે ધામને સાવધાન એવા મુનિયો ગુણોનો નાશ થયે જોતા હવા વળી ભાગવતના ત્રીજા સ્કંધના ૧૧ મા અધ્યાયમા કહ્યુ છે કે તેને સર્વ કારણનુ કારણ એવુ અક્ષર બ્રહ્મ કહેલુ છે તે મહાત્મા અને સાક્ષાત્ પુરૂષ એવા વિષ્ણુનુ પરમ એવુ ધામ છે ભાગવતના બીજા સ્કંધના ૪ થા અધ્યાયમા કહ્યુ છે કે જેના સમાન પણ કોઇનુ નથી તથા જેનાથી બીજુ કોઇ અતિશય નથી અને પોતાના ઐશ્વર્ય વડે કરીને પોતાના બ્રહ્મ ધામમા રમતા એ પરમાત્માને હુ નમસ્કાર કરૂ છુ તેજ ભગવાન પરમ પુરૂષનો ધામ છે, જેને બ્રહ્મ કહે છે અને જે નિરતર સુખવાળુ અને શોકથી રહિત છે ભાગવતના એકાદશ સ્કંધના ૬ ઠ્ઠા અધ્યાયમા ઉદ્ધવજી પ્રતિ ભગવાને કહેલુ છે કે મે કહેલા એ માર્ગને જે લોકો અનુસરે છે તે ક્ષેમ રૂપ એવા મારા ધામને પામે છે જેને પરમ બ્રહ્મ કહે છે ભગવતના એકાદશ સ્કંધના ૬ ઠ્ઠા અધ્યાયમા ભગવાને ઉદ્ધવજીને કહેલુ છે કે શાત અને નિર્મળ એવા સન્યાસીઓ બ્રહ્મ નામના ધામને પામે છે વગેરે વળી તેજ ગ્રથમા એજ ધામને વૈકુઠ શબ્દથી પણ ઉદ્-ગેલુ છે ગાયોના ટોળાને વૈકુઠ લોકને વિષે ઘેરી જતા હવા છાંદોગ્ય ઉપ નિષદ્મા તે ધામની પ્રાપ્તિના સાધનમા બ્રહ્મચર્યને પણ કહેલુ છે જે લોકો

બ્રહ્મચર્ય વડે કરીનેજ બ્રહ્મ લોકને પામે છે ગીતાના ૮ મા અધ્યાયમા પણ કહ્યુ છે કે તે ધામને પામનો એવા બ્રહ્મચર્ય પાળે છે શ્રુતિએ પણ તે ધામના અતિશય સુખ રૂપપણાને લીધે તેનુ સર્વોત્કૃષ્ટપણુ કહેવાની ઇચ્છાથી બીજા સકળ દેવોના સ્થાનોને ભાગતમા નરક તુલ્ય કહેલા છે ચાર લોક પાલોના (ઇદ્ર વરૂણ, કુબેર અને યમ) શુક્રના બ્રુહસ્પતિના, મરૂતના, વિશ્વદેવના, સાધ્ય દેવોના, અશ્વિની કુમારોના, રૂદ્ર, સૂર્ય, વસુના કહેલા છે તેમજ અન્ય દેવોના સ્થાનોને પરમાત્માના ધામની આગળ નરક જેવા સ્થાનસ્ય એવી છઠ્ઠી વિભક્તિ છે તેનો અર્થ સ્થાનની અપેક્ષાએ એવો કરવો, આથી ભગવાનનુ ધામ સર્વોત્કૃષ્ઠ છે એવુ સિદ્ધ છે સાકાર હોવાથી ભગવાન પરિછિન્ન હોઇ વ્યાપકપણામા અસગતિ આવગે એમ ન કહેવાય કારણકે સાકાર એવા ભગવાન સૂય પણ પોતાના સ્વરૂપ એવા તેજ વડે કરીને બ્રહ્માડમા વ્યાપક છે તે પ્રમાણે પરમાત્મા પણ પોતાના સ્વરૂપ સચ્ચિદાનદ શક્તિઓ વગેરેથી માયા, તેનુ કાર્ય, જીવ, ઈશ્વર તેમા અતર્યામી રૂપે વ્યાપક હોવાનો સભવ છે તેથી તેમનુ પરિછિન્નપણુ નથી. સ્તબ્ધ વૃક્ષની પેઠે એક એવા પરમાત્મા પોતાના ધામમા રહે છે અને તે પુરૂષ વડે કરીને આ સમગ્ર વિશ્વ વ્યાપ્ત છે એક એવા દેવ તે સવ ભૂત પ્રાણી માત્રમા ગુપ્ત રીતે રહેલા છે તે સર્વવ્યાપી, સર્વ પ્રાણીઓના આત્મા, કર્મના અધ્યક્ષ, સર્વ ભૂતોમા રહેલા, સાક્ષી, ચેતન, કેવળ નિરગુણ એવા છે સર્વે લોકોના અતરમા પ્રવશેલા, અને શાસન કરનાર વગેરે શ્રુતિઓથી પણ. એટલે કે અન્વયપણે વ્યાપલા છ અને વ્યતિરકપણે પૃથક રહેલા છે એ નિર્વિવાદ છે શ્રીમદ્ ભગવતના બીજા સ્કધના ૯ મા અધ્યાયમા ભગવાને બ્રહ્મા પ્રતિ કહેલુ છે કે જેમ મોટા મહાભૂતો નાના મોટા ભૂત પ્રાણીમા રહેલા છે તેમ નથી પણ રહેલા તેની પેઠે હુ પણ તેમા રહેલો છુ અને નથી પણ રહેલો આત્માનુ તત્વ જાણવાની ઇચ્છા રાખનારે એટનુજ જાણવા યોગ્ય છે. અન્વયપણે કરીને સર્વેને વિષે અને વ્યતિરેકપણે કરીને સર્વદા રહેલા છે. જેમ પૃથિવી આદિક ભૂતો પોતાના અશે કરીને સર્વે ભૂત પ્રાણિમા વ્યાપ્ત છે તોપણ પોતપોતાના લોકમા દિવ્ય દેહ સાથે અને સહપરિવાર શોભે છે અને પોતાના ઉપાસકોને ઈષ્ટ ફળો આપે છે તેજ પ્રમાણે હુ પણ રહુ છુ અને ઇષ્ટ ફળ આપુ છુ મહાભૂતની ઉપાસના તથા તેનુ ફળ મોક્ષ ધર્મમા, તેની ટીકામા આવેલા બીજા પુરાણોના વાકયો અને ભાગવતમાના સિદ્ધિ નિરૂપણના અધ્યાયાદિમાથી જોવુ ગીતાના ૯મા અધ્યાયમા કહેલુ

છે કે આ સર્વે જગતમા હુ મારી અવ્યક્ત મૂર્તિ વડે વ્યાપ્ત છુ સર્વભૂત પ્રાણી માત્ર મારામા રહેલુ છે પણ હુ તેમનામા રહેલો નથી ભૂત પ્રાણી માત્ર મારા આધાર રૂપ નથી, મારૂ યોગૈશ્વર્ય જો, એ વગેરે જે ગીતામા કહ્યુ છે તેથી પણ ભગવાન સાકાર છતા વ્યાપક અને અપરિચ્છિન્ન છે એમ સિદ્ધ થાય છે આતો દિગ્માત્ર લખ્યુ છે

તેમજ પૂર્વે કહેલી શ્રુતિઓમા કૃષ્ણ શબ્દ નથી જણાતો તેથી પરમાત્મા અને પરબ્રહ્મ એ શબ્દથી કહેવાતા ભગવાન્ તો બીજા છે એવી શકા પણ ન કરવી શ્રીકૃષ્ણ જ પરમ બ્રહ્મ છે એમ વાસુદેવ ગોપાળો પ નિષદ્ વગેરેમા વારવાર કહ્યુ છે તેથી કૃષ્ણ જ પરબ્રહ્મ છે બીજા નથી વેદના વિભાગ કરનારા ભગવાન્ શ્રી દ્વૈપાળને પણ શ્રીમદ્ ભાગવત્મા પ્રથમ સ્કધમા હસ્તિનાપુરની સ્ત્રીઓએ શ્રીકૃષ્ણની કહેલી સ્તુતિમા દર્શાવેલો છે જે, આત્માને વિષે અવિશેષ એવા એક હતા તેજ આ પુરાતન એવા પુરૂષ નિશ્ચે છે વળી આતો સ્ત્રીઓની ઉક્તિ હોવાથી અર્થવાદ માત્ર છે એમ પણ ન કહેવુ કારણ કે તેમની એ ઉક્તિને તો સર્વે શ્રુતિઓથી પણ મનોહર એવા વિશેષણથી કહેલી છે શ્રીધર સ્વામીએ પણ એ જ અર્થ કહેલો છે સર્વે શ્રુતિઓને પણ મનોહર અને સર્વે મૂર્તિમાન એવા ઉપનિષદો પણ એ ઉક્તિને વખાણે છે એવો તેનો અર્થ છે ભાગવત્ના દશમ સ્કધના ૨૦ મા અધ્યાયમા શુકજીએ કહેલુ છે કે ઇંદ્રિયોમાથી ઉત્પન્ન થયેલુ જ્ઞાન જેનાથી ઓરૂ છે, એવા અને સાક્ષાત્ પરમ બ્રહ્મ એવા આપને મનુષ્ય દૃષ્ટિવાળા અને દુર્બુદ્ધિવાળા એવા પુરુષો નથી માનતા ભાગ ! દશમ સ્કધના ૨૮ મા અધ્યાયમા વરૂણે ભગવાન પ્રતિ કહેલુ છે કે ભગવાન્, બ્રહ્મ એવા પરમાત્મા તમને હુ નમસ્કાર કરૂ છુ વળી એનાજ ૫૧ મા અધ્યાયમા મુચકુદ રાજાએ ભગવાન્ પ્રતિ કહેલુ છે કે માયાના અજનથી રહિત, ત્રણે ગુણથી રહિત, અદ્વિતીય, અને માત્ર જાણવા યોગ્ય એવા પુરૂષ એવા તમને હુ પામુ છુ સપ્તમ સ્કધના ૧ લા અધ્યાયમા યુદ્ધિષ્ઠિરે કરે નારદને કહ્યુ છે કે પરમ અવ્યય અને બ્રહ્મરૂપ એવા વિષ્ણુને એકજવાર જાણે તો તેને જીવ્હાને વિષે રસાસ્વાદ થતો નથી તેમ ઘોર એવુ નરક પ્રાપ્ત થતુ નથી તમેજ એક આત્મા છો, પુરાણ પુરૂષ છો, સત્ય, સ્વયજ્યોતિ, અનત, આદિ, નિત્ય, અક્ષર, નિરતર સુખવાળા, માયાના અજનથી રહિત, પૂર્ણ, અદ્વિતીય, ઉપાધિથી મુક્ત, અમૃત વગેરેથી પણ શ્રી કૃષ્ણજ પર બ્રહ્મ છે એમ કહેલુ છે ખરેખર આ

શ્રીકૃષ્ણનુ પરબ્રહ્મપણુ ભલે હો પણ મૂળપુરૂષ ભગવાન્‌ને તો શ્રીકૃષ્ણ શબ્દથી કહેવાપણુ વટતુ નથી. કારણ કે દ્વાપર યુગના અતમા દેવકી અને વસુદેવ થકી અવતર્યા પછી કૃષ્ણ નામની પ્રવૃત્તિ પ્રસિદ્ધ થયેલી છે એમ જો શકા કરો તો તે બરાબર નથી કેમકે વાસુદેવના ઘરમા અવતર્યા અગાઉ પણ ભગવાનનુ કૃષ્ણ એવુ નામ હતુ એમા આખુ બ્રહ્મવૈવર્તપુરાણ પ્રમાણરૂપ છે શ્રીમદ્‌ભાગવતમા પણ કૃષ્ણ નામના અવતારની પહેલા પણ સત્યયુગમા ભગવાનને કૃષ્ણ નામથી ઘણી વાર કહેલા છે તેમજ ભાગવતના ૪ થા સ્કધના ૨૩મા અધ્યાયમા પૃથુરાજાના ચરિત્રમા પણ કહેલુ છે કે " અજામિલે પણ ધર્મ અને કૃષ્ણના દુતોનુ કહેલુ સાભળીને " ભાગવતના ૬ઠ્ઠા સ્કધના ત્રીજા અધ્યાયમા યમરાજાએ પોતાના દુતો પ્રતિ કહેલુ છે કે જેનુ મસ્તક કૃષ્ણને એકવાર પણ નથી નમ્યુ તેવા અને વિષ્ણુ સબધી કૃત્યને નહી કરનારા એવા અસત્ પુરૂષોને તમે લાવો ભાગવતના છઠ્ઠા સ્કધના પહેલા અધ્યાયમા શુકજીએ કહેલુ છે કે કૃષ્ણને અર્પણ કર્યું છે મન જેણે તે પુરૂષની સેવાથી વળી છઠ્ઠા સ્કધના ૩જા અધ્યાયમા કહેલુ છે કે શ્રી કૃષ્ણના ચરણ કમળમા ભ્રમરની પેઠે આસકત થયેલા પુરૂષ કષ્ટને વહન કરનાર એવા માયાના ગુણોમા એટલે વિષયોમા ફરીથી આનદ પામતા નથી ભરતાખ્યાનમા પણ કહ્યુ છે કે (ભાગ. પચમ સ્કધ અધ્યાય ૧૩) હે વીર ! કૃષ્ણની ભક્તિથી ઉત્પન્ન થયેલી એવી એ સ્મૃતિ, મૃગના દેહમા પણ જતી નથી પ્રલ્હાદ ચરિત્રમા પણ કહેલુ છે કે (ભાગ ૭ સ્કધ ૬ઠે અધ્યાય) કૃષ્ણરૂપી ગ્રહથી ગ્રહણ થયો છે આત્મા જનો એવો પુરૂષ આ ના જગતને જાણતો નથી વળી ભાગ. ૭ મા સ્કધના પાચમા અધ્યાયમા કહ્યુ છે કે ઘરમા રહેનારાઓને પારકાથી પોતાની મેળે એવા પરસ્પરથી કૃષ્ણને વિષે બુદ્ધિ થતી નથી. ભાગ ૭ મા સ્કધમા દશમા અધ્યાયમા નારદે યુધિષ્ઠિર પ્રતિ કહેલુ છે કે બ્રાહ્મણને દેવ તુલ્ય માનનારા મહાત્મન્ એવા કૃષ્ણની એ અવતાર કથા પુણ્યકારક છે, જેમા આદિ દૈત્ય (હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ) નો વધ કહેલો છે અવતાર કથા એટલે નરસિહ અને વરાહ અવતારોની કથા ધ્રુવાખ્યાન [ભાગ ૪ થા સ્કધના બારમા અધ્યાયમા] મા વિદુર પ્રતિ મૈત્રેયે કહેલુ છે કે એ પ્રમાણે ઉત્તાનપાદનો પુત્ર ધ્રુવ તે કૃષ્ણ

પરાયણ છે વળી ભાગવતના ૪ થા સ્કધના ૧૨ મા અધ્યાયમા પણ વિદુરજીએ મૈત્રેય પ્રત્યે કહેલુ છે કે કૃષ્ણના ચરણ કમળમા પરોવેલુ છે મન જેનુ એવા તેને પુરજનના ઉપાખ્યાનમા પ્રાચીન બર્હિષ રાજા પ્રત્યે નારદે પણ કહેલુ છે કે [ભાગ ૪ થે સ્કધ અધ્યાય ૨૮] કૃષ્ણની આરાધના કરવા ઇચ્છનારા તે તુલાચલ પ્રતિ ગયા યયાતિ ચરિત્રમા (ભાગ ૪ થે સ્કધ ૧૯ મો અધ્યાય) કહ્યુ છે કે એ દેવયાનિએ સ્વપ્નાની છે ઉપમા જેને એવા સસારમાથી આસક્તિને છોડી દઇને અને કૃષ્ણમા પોતાનુ મન જોડીને પોતાના દેહને ત્યજી દીધો વૃત્રાસુરથી ભય પામેલા દેવોએ કરેલી સ્તુતિમા પણ કહેલુ છે કે હે કૃષ્ણ ! જેનાથી અમારા તેજ, અસ્ત્ર અને આયુધો ગ્રહણ થયા છે ૬ઠા સ્કધના ૯ મા અધ્યાયમા દેવોએ કહેલુ છે કે હસ એવા તથા હૃદય છે નિવાસસ્થાન જેનુ એવા, તથા અતરમા પેસીને જોનારા, પ્રસિદ્ધ છે કીર્તિ જેની અને જેની તુલ્ય બીજુ કોઇ નથી એવા કૃષ્ણને વ્યાસ અને નારદના સવાદમાં પણ છે કે (ભાગ ૫ સ્કધ અધ્યાય ૫ મો) ત્યા દરરોજ કૃષ્ણની કથા તેને ગાનારા વળી ભાગ ૫ સ્કધના ૬ઠા અધ્યાયમા પણ હે બ્રહ્મન્ ! કૃષ્ણમા છે બુદ્ધિ જેની એવા એમ કહેલુ છે વૈકુઠ વર્ણન (ભાગ ત્રીજા સ્કધના ૧૫ મા અધ્યાય) મા પણ કહેલુ છે કે કૃષ્ણમા જોડાયુ છે મન જેનુ તેવા પુરૂષોને ઇદ્રીયાદિકે કરીને કામદેવ તે પરાભવ કરતો નથી રૂદ્રે (ભાગ ૪ સ્કધ ૨૯ અ) મા પણ કહેલુ છે કે સગ્રામમા પલાયમાન ન થાય એવા કૃષ્ણમા મારી બુદ્ધિ દ્રઢ છે, પ્રાચેતસના આખ્યાનમા (ભાગ ૪ થા સ્કધ અધ્યાય ૩૦) પણ કહેલુ છે કે ભક્તના પતિ એવા વાસુદેવ કૃષ્ણને નમસ્કાર હો નિમિ રાજા અને જાયન્યના સવાદમા (ભાગ ૧૧ સ્કધ ૩ અ) મા પ્રબુધ્ધે જનકરાજા પ્રતિ કહેલુ છે કે એ પ્રકારે કૃષ્ણ છે જેના આત્મા અને નાથ એવા અને મનુષ્યોના સુહૃદ હિરણ્યાક્ષના જન્મના હેતુને કહેવામા પણ (ભાગ ૩ જો સ્કધ ૧૯ મો અધ્યાય) વિદુર પ્રતિ મૈત્રેય રૂષિયે કહેલુ છે કે પોતાના પુત્રોનો વધ કૃષ્ણથી થયો એમ જાણીને તે મોટા મનવાળી થતી હતી પુત્ર મેળવવાના વ્રતમા (ભાગ ૬ ઠો સ્કધ ૧૯ મો અધ્યાય) પણ આવતી કાલે સવારે પાણીનો સ્પર્શ કરીને અને પૂર્વ પ્રમાણે કૃષ્ણનું પૂજન કરીને–એમ કહેલુ છે તેમજ જન્મ પ્રકરણમા (ભાગ ૧૦ મો સ્કધ અ ૩) શુકજીએ કહ્યુ છે કે કૃષ્ણના અવતારના ઉત્સવના સભ્ર

મથી વસુદેવજી દાન કરતા હવા એમ ત્યાં પણ કૃષ્ણ એવુ નામ પડયા પહેલાજ કૃષ્ણ શબ્દનો પ્રયોગ આવેલો છે એમ જાણવુ એજ પ્રમાણે શ્રી ગોસ્વામીએ વિદ્વન્મંડન ગ્રંથમા અને શ્રી વલ્લભાચાર્યે સુબોધિનિ આદીક ભાગવતની ટીકામા મોટા એવા ગ્રંથ વડે કરીને પ્રતિપાદન કર્યુ છે તેથી અહિ તેનો વિસ્તાર કરવામા આવતો નથી. શ્રી રામાનુજાચાર્યે પણ ભગવદ્ગીતાના ભાષ્યમા શ્રી કૃષ્ણનુજ પરબ્રહ્મપણુ કહેલુ છે શ્રી શંકરાચાર્યે પણ શ્રી વિષ્ણુ સહસ્ત્ર નામના ભાષ્યમા તેનોજ વિસ્તાર કરેલો છે તેમજ શ્રી ભાગવતના ટીકાકારોમા અગ્રગણ્ય એવા શ્રીધર સ્વામીએ પણ એજ કહેલુ છે દશમ સ્કંધના છત્રીસમા અધ્યાયમા દશમા અવતાર અને છત્રીસમા તત્વરૂપ એવા હરિને કહેલા છે અને મને પચવીશમાને એ ચોવિસ તત્વોથી જુદો કરો. છત્રીસમા એ પરબ્રહ્મ છે એ વગેરે જગ અથવા પત્રથીજ પરમપદ એવા જેને પૂજવાથી પહેલાથી પ્રસન્ન થાય છે એવા કૃષ્ણ તે મારૂ શરણ છે તેમજ વેદાંત પારાવારીણ એવા શ્રી મધુસૂદન સરસ્વતીએ પણ શ્રીમદ્ ભગવત્ ગીતાની ટીકામા પંદરમા અ ધ્યાયને અંતે પોતાનો સિદ્ધાંત બતાવેલો છે કે બંશીથી શોભાયમાન છે હસ્ત જેના, નવીન મેઘના સરખી છે કાંતિ જેની, પીળા છે વસ્ત્ર જેને, રાતા બિંબ ફળના જેવા છે ઓષ્ઠ જેના પૂર્ણ ચંદ્રમા જેવા સુંદર મુખવાળા અને કમળ જેવા નેત્રોવાળા એવા કૃષ્ણથી પર એવુ કયુ તત્વ છે તે હું જાણતો નથી પ્રમાણથી પણ કૃષ્ણનુ મહાત્મ્ય ઉત્તમ છે, એવુ નિર્ણીત કરેલુ છે તેને જે મૂર્ખ પુરૂષો મહ! કરી શકતા નથી. તે નરકમા પડનારા છે ભગવાને પોતે પણ કહ્યુ છે કે શ્રીકૃષ્ણને પરબ્રહ્મપણે કરીને નહી જાણનારા પુરૂષો અસુર છે ગીતાના ૯ મા અ ધ્યાયમા કહ્યુ છે કે મારા પરભાવને નહી જાણનારા એવા મૂઢ પુરૂષો પ્રાણી માત્રનો મહેશ્વર અને મનુષ્ય શરીર ધારણ કરેલો એવો હું તેને મૂઢ પુરૂષો નથી જાણતા એ અજ્ઞાનીઓ નિષ્ફળ આશાવાળા, નિષ્ફળ કર્મવાળા, અને નિષ્ફળ જ્ઞાનવાળા છે અને રાક્ષસી, આસુરી અને મોહને પમાડનારી એવી પ્રકૃતિના આશ્રયવાળા છે ભગવાનના દિવ્ય ગુણોને જાણનારાઓ તો મુક્ત થાય છે એમ પણ ભગવાનેજ કહેલુ છે ગીતાના છઠા અધ્યાયમા કહેલુ છે કે હે અર્જુન ! જે પુરૂષો, મારા જન્મ અને કર્મ તેને તત્વવડે કરીને દિવ્ય દિવ્ય જાણે છે તે દેહ મુકીને પુનર્જન્મને ન પામતા મને પામે છે તેથી કરાને દિવ્યઆકારાદિવાળા શ્રીકૃષ્ણ એજ

પરબ્રહ્મ છે એમ સિદ્ધ થાય છે તે હેતુ માટે શ્રીકૃષ્ણ અને તેમના અ વતારનુ ખડન કરનારા ગ્રંથો માનવા યોગ્ય નથી તે યોગ્ય કહ્યુ છે વારાહપુરાણમા તો તેવા શાસ્ત્રો ભણવાનો પણ દોષ કહેલો છે—મારા શાસ્ત્રોનો ત્યાગ કરીને બીજા શાસ્ત્રોનો જ અભ્યાસ કરે છે તે ૪૯ વાર કાચબાનો અવતાર પામે છે. એવા શાસ્ત્ર કરનારાઓ પણ શાસ્ત્રના ચોર છે એમ ભારતના મોક્ષ ધર્મમા ષણ્વતિતમ અધ્યાયમા કહેલુ છે—શાસ્ત્ર ચોરો તથા બ્રહ્મના ચોર, સમ આરભવાળા અને દભ તથા મોહને વશ થયેલા તે શાસ્ત્રના યથાર્થ અર્થને નહી જાણીને ભગવાનને ગુણ વગર નાજ જુએ છે અને તેમા કલ્યાણ ગુણોનુ આરોપણ કરતા નથી ભગવાનને પણ માયાના ગુણનુજ શરીર એમ કહેનારાઓ માયામયજ હોય છે આમા માયા ત્રિગુણાત્મિકા કહી છે એટલે કે સચ્ચિદાનદ ગુણોથી વિરૂદ્ધ મિથ્યા, જડ, દુખરૂપ, મહા તમોમય અને તેનુ કાર્ય તે ઇદ્રજાળની પેઠે અસત્ છે એવો તેમનો મત છે ને તુચ્છ છે એવા લક્ષણવાળી માયા ભગવાનના ધામમા હોવાનો અસભવ હોવાથી ભગવાનનુ સ્વરૂપ તેનુ કાય છે એવી શકાજ ખોટી છે તેથી શ્રીમદ્ ભાગવતના બીજા સ્કધના ૫ મા અધ્યાયમા શુકજીએ કહેલુ છે કે દેવતાઓનો કાળ જ્યા નથી ત્યા જગતના ઇશ્વર એવા બીજા દેવો કયાથી હોય ? વળી ૯ મા અધ્યાયમા કહ્યુ છે કે ત્યા હરીને અનુસરીને ચાલનારા અને દેવ તથા અસુરોએ પૂજેલા એવી પાર્ષદો છે ને માયા જ્યા નથી ત્યા બીજા રાગ લોભાદિ તો કયાથી હોય ? " લોકને સૃજવાની કલ્પનાવાળી એવી માયા " એમ દશમ સ્કધના ૨૮ મા અધ્યાયમા કૃષ્ણ પ્રત્યે વરૂણે કહેલુ છે કે માયાથી પર એવા પોતાના લોકને તે ગોપોને બતાવતા હવા તેમજ બીજા સ્કધના ૫ મા અધ્યાયમા કહેલુ છે કે જેના દૃષ્ટિપથમા લજ્જાયમાન એવી માયા રહી શકવાને શક્તિમાન નથી બીજા સ્કધના ૭ મા અધ્યાયમા કહેલુ છે કે લજ્જાયમાન એવી માયા તે પાછી વળે છે તેથીજ વૈષ્ણવતોષણી ગ્રથમા અજ્ઞાનરૂપ અને સમાન સ્કધવાળી, આવરણ વિક્ષેપ શક્તિવાળી એવી અપગ નામની અવિદ્યા માયા આ વાસુદેવને વિષે સભવતો નથી એ યોગ્ય કહેલુ છે ભાગવતના દશમ સ્કધના પહેલા અધ્યાયમા કહેલુ છે કે હે વિદ્વન્ ! માયા વડે કરીને મનુષ્ય થયેલા એમ કહે ગીતાના ૪ થા અધ્યાયમા કહેલુ છે કે હુ મારી પોતાની માયાથી ઉત્પન્ન થઉ છુ વગેરે વાકયોથી ભગવાનને માયાનો સબધ કેમ રીતે કહેલો છે એમ શકા કરો તો તેનુ નિરસન એ છે કે એ વાકયોમા માયા શબ્દનો અર્થ

રૂપ જ્ઞાન વગેરે લેવો પંચમ સ્કંધના પ્રથમ અધ્યાયમા નારદે ભગવાન પ્રત્યે કહેલુ છે કે ભગવાને કલેશ પામેલ એવા અમને દર્શાવ્યુ તો બીજા પર અનુકંપા કરીને અવતાર ધારણ કરીને અને આ સત્યને ધારણ કરતા હવા વળી ભાગવતના ૪ થા સ્કંધના ૩૦ મા અધ્યાયમા પણ કહેલુ છે કે આ સમગ્ર કલેશનો છે નાશ જે થકી એવુ રૂપ કહેવુ વગેરે વાકયોથી પણ એવો જ નિર્ણય થાય છે માટે શ્રી વૈષ્ણવાચાર્યોએ પણ ત્યા ત્યા એમજ કહેલુ છે માયા શબ્દનો અર્થ વયુન અને જ્ઞાન એવો થાય છે એમ નિઘંટુમા કહ્યુ છે તથા માયા દંભ અને કૃપામા વપરાય છે એમ વિશ્વપ્રકાશમા કહેલું છે માયા, શાબરી, બુદ્ધિ અર્થમા વપરાયાનુ ત્રીકાંડ શેષમા છે એકાર્થ સંગ્રહમા પણ તેના અર્થ શાંબરી, કૃપા, દંભ, બુદ્ધિ વગેરે કર્યા છે એથી માયાનો અર્થ કૃપા તથા દયા એ સ્પષ્ટ છે ભગવાનના ધામમા રહેનાર ભકતોને પણ માયામય દેહનો સંબંધ નથી તો ભગવાનને તે કયાથી હોય એમ શ્રીમદ ભાગવતમા પણ કહ્યુ છે સપ્તમ સ્કંધના ૧ લા અધ્યાયમા કહ્યુ છે કે દેહ અને ઇંદ્રિયોથી રહિત એવા વૈકુંઠપુરના લોકો પ્રાકૃત એવા દેહ, ઇંદ્રિયો તેથી રહિત એટલે દિવ્ય દેહવાળા એવો અર્થ છે સ્કંદ પુરાણમા વાસુદેવ મહાત્મ્યમા કહ્યુ છે કે તેને જોતા એવા નારદે શ્રી પુરૂષોત્તમના ઉત્તમ ભકતો જોયા જે ઇંદ્રિયોથી પર અને પાપરહિત અને પરસેવા રહિત સુગંધીમાન, બે ભૂજાવાળા, કોઇ ચાર ભૂજાવાળા, કોઇ શ્વેત અને કોઇ નવીન મેઘના જેવી કાંતિવાળા, કમળની પાંખડી જેવા નેત્રોવાળા, સમાન અવયવોવાળા, સારા રૂપવાળા, દિવ્ય અવયવવાળા, અને સત્વવાળા એવા જોતા હવા તે હેતુ માટે શ્રીકૃષ્ણ, તેમના અવતારો અને તેમના ધામના વાસી એવા ભક્તોનુ દિવ્ય વિગ્રહપણુ માયાના ગુણોથી રહિતપણુ તથા સઘળા કલ્યાણકારક ગુણોના સ્થાનપણુ એનુ જ પ્રતિપાદન કરનારા શાસ્ત્રો મારા આશ્રિતોએ સર્વદા માનવા નહી એમ શ્રીજીનો આશય છે એથી પણ બીજા માનવા વધુ વિસ્તારનુ પ્રયોજન નથી. આમા એક નિષેધ વાકય અને એક અવાંતર વાકય છે એમ મળી બે છે. ૨૯

अगालितं न पातव्यं पानीयं च पयस्तथा ।
स्नानादि नैव कर्तव्यं सूक्ष्मजंतुमयांभसा ॥ ३०

ગાલિત એટલે વસ્ત્રથી ગાળીને પવિત્ર કરેલુ તેથી બીજી રીતનું એટલે નહી ગાળેલુ એવુ પાણી પીવુ નહી. સામાન્ય વિધિ એવો છે કે વસ્ત્રથી ગાળેલુ પાણી પીવુ. મચ્છીમારને ૭ માસની અંદર જેટલુ પાપ

થાય તેટલુ પા એક દિવસ નહિ ગાળેલુ જળ પીનારને થાય છે નહિ ગાળેલા જળપાનમા માસ ભક્ષણ થવાનો સભવ છે પુરાણમા પણ દોષ કહ્યો છે તેથી ગાળેલુ જળજ પીવુ—કોશનુ પાણી માસ બરાબર છે તેમજ ગાળ્યા વિનાનુ પાણી પણ માસ જેવુ છે તાબાના પાત્રમા રહેલુ જે ગવ્ય [પચામૃત] તે પણ દારૂની બરાબર કહેલુ છે વગેરે સ્મૃતિ-ઓથી પણ નહી ગાળેલુ પાણી પીવાથી માસ ભક્ષણના જેટલો દોષ થાય છે અહી તાબાના વાસણમા પચામૃતનો નિષેધ છે પણ તે ઘી વિનાના ગવ્યને માટે છે સ્મૃતિ સાગરમા કહેલુ છે કે તાબા પાત્રમા રહેલુ ગવ્ય દારૂ બરાબર છે પણ ઘી વિના તેમજ દુધ વગેરેના નિષેધનો પણ નિષેધ પણ કરેલો છે—હોમમા, દેવની પૂજામાં, દોહતી વખતે, પાકમા, પીરસવામાં, યતિના ભોજન સમયે, તાબાના પાત્રમા ગવ્ય મુકવાથી દોષ લાગતો નથી દુધ અને તોર નહિ કાઢેન વી તાબાના વાસણમા મુકવાથી દુષિત થતા નથી તેમજ નહિ ગાળેલુ જળ તથા પાણી પીવુ નહિ. કેમકે કદાચ ગાયના અગથી ખરેલુ રૂંવાડુ તેમા આવે તેથી તેવુ દુધ પીવાથી પ્રાયશ્ચિત્ત કહેલુ છે પ્રચેતસે કહેલુ છે કે અજાણતા એકવાર પણ જે નખ, કેશ, રોમ, માટી, લોઢુ ભક્ષણ કરે તો એક દિવસ અને રાત્રિ ઉપવાસ કરવાથી શુદ્ધિ થાય. ચકાર હોવાથી વેચાણ લીધેલુ ઘી પણ ગાળ્યા વિના ન ખાવુ. કારણ કે તેમા પણ કદાચ, વાળ, કીડી, મચ્છર, કે છાશનો ભાગ હોવાથી તે ત્યાગ કરવા યોગ્ય છે કૃમિ, કીડા, કીડી, જલો, પતગ, અને હાડકુ એ ખાનારને ત્રણ રાત્રી સુધી ગાયના છાણ અને મૂત્રવાળો આહાર કરવાથી શુદ્ધિ થાય છે એમ મિતાક્ષરામા હારિતે પ્રાયશ્ચિત કહેલુ છે વળી રસ માત્રને અગ્નિ વડે ઉના કરી ગળીને પીવા એવો વિધિ હોવાથી પણ કારણ કે સૂક્ષ્મ જતુઓ વધારે હોવાથી પાણીમા વિશેષ સૂક્ષ્મ જતુ હોવાથી. અહિ **जंतुमय** શબ્દમા પ્રાચુર અર્થમા મયટ પ્રત્યય લાગ્યો છે માટે એવા વધારે ઝીણા જતુઓવાળા પાણીથી સ્નાન આદિ કર્મ ન કરવુ આદિ શબ્દથી તર્પણ વગેરે પાણીનુ કર્મ, તથા હાથ પગ તથા વસ્ત્રો ધોવાનુ અને વાસણો માજવા વગેરેનુ પણ એ-મજ સમજવુ નહિ તો તેમા સૂક્ષ્મ જતુઓનો નાશ થવાથી અહિસા નામના મહાન ધર્મમા દૂષણની આપત્તિ આવે છે એવુ કર્મ મારા આ-શ્રિત એવા સર્વે વર્ણાશ્રમીઓએ બુદ્ધિપૂર્વક કદાચિત પણ ન કરવુ એવી સર્વત્ર યોજના કરવી તેમજ શારીરિક દુષ્કર્મના નિષેધની સાથે માનસિક

અને વાચિક દુષ્કર્મનો પણ નિષેધ સમજી લેવો, માનસિક અને વાચિક દુષ્કર્મવાળાને પક્ષિમા મૃગની અને અત્યજ યોનિ પ્રાપ્તિ થાય છે એમ મનુસ્મૃતિના ૧૨ મા અધ્યાયના ૯ મા શ્લોકમા એમ કહેલુ છે. આમા ત્રણે નિષેધ વાક્યો છે ૩૦

यदौषधं च सुरया सपृक्तं पललेन वा
अज्ञातवृत्त वैद्येन दत्त चाद्य न तत्कचित् ३१

જે ઔષધ સુરા કે માસથી મિશ્ર હોય અથવા તો જે વૈદ્યના આચરણને ન જાણતા હોઇએ એવા વૈદે આપ્યુ હોય તે ક્યારેય ન ખાવુ. ૩૧.

સુરયા એટલે મદિરાથી અને પલલેન એટલે માસથી પલલ શબ્દ પિશિત, તરસ, માસ, ક્રવ્ય, આમિષ એટલા અર્થમા વપરાય છે એમ અમરકોષમા છે સપ્રૃક્ત એટલે મિશ્રિત મસૃષ્ટ એવો પાઠાતર હોય તો પણ એવોજ અર્થ લેવો. તેવુ ઔષધ ક્યારે પણ ન ખાવુ કારણ કે તે ખાવાથી ફરી સસ્કારની આપત્તિનો ભાવ આવે છે મનુસ્મૃતિના ૧૧ મા અધ્યાયના ૧૫ મા શ્લોકમા કહ્યુ છે કે જો અજ્ઞાનથી વિષ્ટા, મૂત્ર, સુરા, અથવા તેથી મિશ્ર એવુ ખાય તો દ્વિજાતિ એવા ત્રણે વર્ણોને ફરી સસ્કાર કરવા પડે પ્રાણ જવા સમયે અથવા અજ્ઞાનથી કદાચ દારૂ પીએ તો ધર્મ જાણનારા પુરૂષોએ આજ્ઞા કર્યો એવો તે ફરી સસ્કારને યોગ્ય થાય છે એમ શાતિ પર્વમા રાજધર્મમા કહેલુ છે. ધર્મપર એવો શબ્દ છે એટલે ચિકિત્સક એમ તેની ટીકા જાણવી એટલે કે ધર્મની ચિકિત્સા કરનારા પુરૂષોએ આજ્ઞા કર્યો એમ જાણવુ મરિચિ સ્મૃતિમા કહેલુ છે કે માસથી મિશ્રિત એવુ ઔષધ ખાવામા આવે તો તપ્ત કૃચ્છ્રવ્રત કરવું. હવે જેના આચારને ન જાણતા હોઇએ એવો જે પુરૂષ તે અજ્ઞાત વૃત્ત કહેવાય. વૃત્ત શબ્દ વૃત્તિ, દઢ અને મૃત ચરિત્ર, વર્તુલ, છદ, અતીત, અધીત, એટલા અર્થમા વપરાય એમ હેમના કોષમા છે અજ્ઞાતવૃત્ત વૈદ્ય એટલે ભિષક, વૈદ્ય શબ્દ ભિષક અને વૈદિક અર્થમા વપરાય છે એવા અજાણ્યા વૈદે આપેલું જે ઔષધ તે ખાવા યોગ્ય નથી કારણ કે કદાચ તેમા ખાવાયોગ્ય નહીં એવા અથવા અશુદ્ધ દ્રવ્યનુ મિશ્રણ હોવાનો સભવ છે સારી રીતે પરિચિત એવા વૈદ્યનુંજ ઔષધ ગ્રહણ કરવુ પણ બીજાનું નહિ એવો અર્થ છે આમા ત્રણે નિષેધ વાક્યો છે. ૩૧

स्थानेषु लोकशास्त्राभ्या निषिद्धेषु कदाचन
मलमूत्रोत्सर्जनं च न कार्यं ष्ठीवनं तथा ३२

લોક અને શાસ્ત્ર તેમણે નિષેધ કરેલા એવા સ્થાનોમા મળ મૂત્રનો ક્યારેય ત્યાગ ન કરવો તથા થુકવુ પણ નહી **ष्ठीवन** એટલે નાસિકાનો મળ હવે લોકમા નિષેધ કરેલા સ્થાનો ક્યા તે ગણાવેછે — પારકાના ઘરનુ આગણુ, રાજાના સ્થાન, શસ્ત્રધારીના વન વિગેરે હવે શાસ્ત્રોએ નિષેધ કરેલા સ્થાનો—સ્કધપુરાણમા નીચે મુજબ ગણાવ્યા છે — ગાયોના નેહડામા, રાફડામા, પાણીમા, ભસ્મમા, જતુઓ વાળા ખાડામા, ઉભા રહીને અથવા માર્ગમા, તેમજ ગાય, બ્રાહ્મણ, સૂર્ય, ચદ્ર, અગ્નિ, ગુરૂ, સ્ત્રી, અને દેવની સન્મુખ મળ મૂત્રનો ત્યાગ ન કરવો. વળી હળથી ખેડેલી જમીનમા, નદીના તીરે, નદી કાઠેની રેતીમા, જીર્ણ દેવાલયમા, શેરીમા, સ્વચ્છ કરેલી જગ્યામા, તથા માથે લુગડુ ન વિટાળ્યુ હોય ત્યારે, મળમૂત્રનો ત્યાગ ન કરવો ઉપર કહેલા શિવાયના બીજા સ્થાનોમા તે કરવુ હવે મળ કેટલા પ્રકારના તે ગણાવે છે શારીરિક સંગ્રહમા કહ્યુ છે કે વસા એટલે માસમાથી ઉપજેલો ચીકણો પદાર્થ, વીર્ય, રૂધિર હડકામાથી નીકલેલો ચીકણો પદાર્થ(મજ્જા), મૂત્ર, વિષ્ટા, કાનનોમેલ, ચામડી, નખ, કફ, નેત્રમાથી પીચ્યા નીકળે તે, અને પરસેવો તે બાર મળ કહ્યા છે આમા મુત્ર અને ષ્ટીવન જુદાકહ્યાછે (જોકે મળમા બન્નેનો સમાવેશછેતોપણ) તેનુ કારણ કેતે વારવાર ઉત્પન્ન થાયછે એટલે કદાચ પ્રમાદને લીધે નિષેધ કરેલા સ્થાનમા તેનો ત્યાગ ન થાય માટે તેને ખાસ શિક્ષા માટે મુકયોછે એમ જાણવો આમા બે નિષેધ વાકયો અને ૪ અવાતર એમ ૭ વાકયો છે ૩૨

अद्वारेण न निर्गम्यं प्रवेष्टव्यं न ते नच
स्थाने सस्वामिके वासः कार्यो पृष्ट्वा न तत्पतिम् ३३

अद्वारेण એટલે અલ્પદ્વારે કરીને. અલ્પદ્વાર એટલે કોઇક આપત્કાળ આવતા છાની રીતે ઘરમાથી જવા આવવાને જે નાનુ દ્વાર રાખ્યુ હોય તેવા દ્વાર થઇને અહી અલ્પ અર્થે **नञ्** સમાસ થયો છે વિશ્વકોષમા કહેલુ છે કે **नञ्** સમાસ નિષેધમા, અભાવમા, સરૂપમા, અતિક્રમમા, આજ અર્થમા, સાદૃશ્યમા અને તેથી વિરૂદ્ધ અર્થમા થાય છે. અથવા જો અદ્વારનો અર્થ અલ્પદ્વાર એવો ન કરતા બીજા કરીએ તો દ્વાર વિનાના—એટલે કે વાડ કિલ્લો અથવા ભીત ઓળગીને જવુ નહિ એમ પણ અર્થ થાય.

अमार्गेण એવો પાઠ હોય તો કુમાર્ગેથી પેસવુ નહી એમ સમજવુ તેમજ તેવા માર્ગેથી બાહેર નીકળવુ નહી યાજ્ઞવલ્ક્ય સ્મૃતિમા કહ્યુ છે કે ધ્વજાવતી એવી ગાયને જોવી નહી અને અદ્વારથી પ્રવેશ કરવો નહિ મનુસ્મૃતિના ૪ થા અધ્યાયના ૭૩ મા શ્લોકમા કહ્યુ છે કે અદ્વારથી ગામમા અગર વાડ કરેલી હવેલીમા પ્રવેશ કરવો નહિ કાશિખંડમા પણ કહ્યુ છે કે પોતાના અથવા પારકા મકાનમા પણ અદ્વારથી જવુ નહી **सस्वामिके** એટલે જેનો સ્વામિ-રક્ષક હયાત હોય એવી ધર્મશાળામા પણ તેના ધણિને પુછ્યા વિના એક રાત્રિ પણ વાસ ન કરવો એક રાત્રી એમ ઉપલક્ષણ સમજવુ, નહિ તો તે સ્થાનના સ્વામિ તિરસ્કાર કરે અથવા કાઢી મુકે તેથી પોતાને પણ ક્રોધ થાય અને તેથી મહાન્ ક્લેશ થાય એવો આશય છે યોગીશ્વરની સ્મૃતિમા કહ્યુ છે કે પરકી શય્યા આસન, ગામ ઘર વાહન તેના આપ્યા વિનાના હોય તો ત્યાગ કરવો તથા અગ્નિહીન એવાનુ અન્ન આપત વિના ખાવુ નહી **अद्**-**त्तानि** એટલે મિતાક્ષરામા તેની એવી ટીકા છે કે તેના માલીકે આપ્યા આપ્યા વિનાની હવે મૂળ શ્લોકમા **वास** છે તેને **वा+आस** એમ જુદા પાડીને અર્થ કરીએ તો **आस** એ વે એનનુ તે-મોટે તાપ લાગ્યો હોય તેના નિવારણને અર્થે થોડો વખત આસન કરવુ હોય તો પણ ઉપર કહ્યા મુજબ ધણિને પુછ્યા વિન પ્રવેશ ન કરવો હવે પુછવુ એટલે શુ તેના ખુલાસામા ભાષ્યકાર જણાવે છે કે પોતાના આસન માટે અનુજ્ઞા લેવી તથા તે માલિકની જાતિ વગેરે પણ પુછી લેવી તે, નહિ તો કદાચિત્ તે નીચ જાતિનો હોય તો તેની આજ્ઞા મળ્યે સતે પણ તે સ્થાનમા સ્વજનના સાની છાયા વગેરે હોવાથી બેસતા, લોકોમા હાસિ થાય અને તેથી પ્રાયશ્ચિત કરવુ પડે અહિ માલિકવાળા એવુ વિશેષણ છે માટે માલિક વિનાના સ્થાનને માટે દોષ નથી એમ જાણવુ એવા સ્થાનો વસિષ્ઠ મુનિએ ગણાવ્યા છે વન, નદીઓ પર્વતો, તીર્થો, ગુફા દેવમંદિરો અને ગાડાઓ એટલાનો માલિક હોતો નથી આમા ત્રણ નિષેધ વાક્યો છે ૩૩

ज्ञानवार्ता श्रुति नौर्यां मुखात्कार्या न पुरुषै

न विवाद स्त्रिया कार्यो न राज्ञा न च तज्जनैः ३४

पुरुषै એટલે પુરુષો તેમણે **नृ** શબ્દનુ બહુવચન નર એટલે પુરુષો **ज्ञानम्** એટલે આત્મા પરમાત્માના સ્વરૂપના નિરૂપણનુ લક્ષણ-અમાનિપણુ

અદંભીપણુ, વગેરે ગીતામા લક્ષણો છે વગેરેનુ જ્ઞાન પણ **વાર્તા** એટલે ભગવાન્ સબંધી વાર્તા તેમજ રાજાઓના વૃત્તાત પણ જેમા લોકનુ વૃત્તાત હોય તે વાર્તા કહેવાય **વૃતેશ્ચ** એ વાર્તિકથી **ण** પ્રત્યય થયો છે વાર્તા શબ્દ વર્તન, નતાક તેમજ ખેતી અને સમાચારના અર્થમા નપુસક લિગે વપરાય છે અથવા જે વડે ભગવાનના સ્વરૂપનુ જ્ઞાન થાય એને જ્ઞાન કહે છે અને જ્ઞાન શાસ્ત્ર એટલે તે સબધી વાર્તા વાર્તા શબ્દ કથા, ગુણ, ગાયન આદિનુ ઉપલક્ષણ છે ધર્મ સબધમા કહ્યુ છે કે નારીની સાથે ગાવુ નહી તેમજ તેની સાથે સુઈ જવુ નહી, માર્ગમા તેની સાથે ચાલવુ નહીં, તેના મુખથી કથા ન સાભળવી તેમજ તેને એકલીને કથા સભળાવવી પણ નહી કારણકે જો તેની વાત સાભળવામા આસક્તિ હોય તો તેથી ન તુટે તેવુ બધન થાય છે શ્રીમદ્ ભાગવતના ત્રીજા સ્કધના ૩૧ મા અધ્યાયમા દેવહુતિ પ્રત્યે ભગવાન્ કપિલજીએ કહેલુ છે કે પુરુષને સ્ત્રીના સગથી અને તેના સગીના સગથી જેવો મોહ તથા બધન થાય છે તેવા અન્ય કોઈ પ્રસગથી થતો નથી સ્ત્રી રૂપી અને દિશાઓને જીતનારી એવી મારી માયાનુ બળ તો જુઓ જે માયા માત્ર ભ્રકુટીના ફેરવ્યાથી પગ નીચે દબાવે છે ભાગવતના ૬ ઠ્ઠા સ્કધના ૧૮ મા અધ્યાયમા ભગવાન્ કશ્યપે કહેલુ છે કે શરદ્ ઋતુમા ખીલેલા કમળ જેવા અને કાનને અમૃત જેવા મધુર લાગે તેવા તેના વચન હોય છે પણ હૃદય તિક્ષ્ણ અસ્ત્રાની ધાર જેવુ હોય છે એવી સ્ત્રીનુ ચરિત્ર કોણ જાણી શકે ? ભાગવતના ૬ ઠ્ઠા સ્કધના ૧૮ મા અધ્યાયમા શુકજીએ કહેલુ છે સ્ત્રીનો પ્રસગ તો વિદ્વાનોને પણ બધન કર્તા છે એ પ્રમાણે ચતુર એવી સ્ત્રી વડે કરીને વિદ્વાન પણ જડ થઈ જાય છે વગેરે વિદુર નીતિમા પણ કહ્યુ છે કે જ્યા સ્ત્રીનુ રાજ્ય હોય કિતવનુ રાજ્ય હોય અને જ્યા બાળક રાજા હોય ત્યા વસનારાઓ નદીમા જેમ પથ્થરનુ વાહન નાશ પામે તેમ નાશ પામે છે અહિ સ્ત્રી શબ્દ એકવચનમા છે પણ તે સ્ત્રી જાતિ પરત્વે માનવો પુરુષોએ સ્ત્રીઓની સાથે વિવાદ ન કરવો કારણકે સ્ત્રીઓની સાથે વિવાદ કરવામા તેમની મૂર્ખતા વગેરે દુર્ગુણને લીધે અનર્થની આપત્તિ થાય છે શ્રી મહાદેવજીએ સ્ત્રીઓના દુર્ગુણો નીચે પ્રમાણે કહેલા છે—જૂઠ, સાહસ, માયા, મૂર્ખાઈ, અતિલોભીપણુ, અશૌચ નિર્દયતા, એ દુર્ગુણો સ્ત્રીઓમા સ્વાભાવિક હોય છે વાલ્મિકી રામાયણમા અગસ્ત્ય મુનિએ કહેલુ છે કે વિજળીના જેવી ચપળતા શસ્ત્રોના જેવી તીક્ષ્ણતા, અને ગરુડ તથા વાયુના

જેવી ઝડપ સ્ત્રીઓમા હોય છે

વળી તેજ પ્રકારે રાજા અને તેના તાબાના પુરૂષોની સાથે વિવાદ ન કરવો કારણકે તેઓ બળવાન્ હોવાથી બીજાના વાક્યોનુ ગ્રહણ કરતા નથી ચ શબ્દ છે માટે માતા તથા પિતાની સાથે પણ વાદ ન કરવો એમ જાણવુ પ્રાચેતમનુએ કહેલુ છે કે મંત્રી, રાજા, રાજાના ચાકરો, પોષ્ય વર્ગ અતિથિ, મામો વૃદ્ધ બાળક, આતુર, આચાર્ય, વૈદ્ય અને ક્રોધી એટલાની સાથે વિવાદ ન કરવો વૈદ્ય એટલે વદને જાણનાર તેમજ વૈદ્ય આમા ચાર નિષેધ વાક્યો અને એક અંતર વાક્ય મળી પાચ છે. ૩૫

अपमानो न कर्तव्यो गुरूणां च वरीयसाम् ।

लोके प्रतिष्ठितानां च विदुषां शास्त्रधारिणाम् ॥ ३६

गुरूणाम् એટલે આચાર્ય વગેરેનુ કેવળી આચાર્ય નીચે પ્રમાણે ગણાવેલા છે પિતા, મોટો ભાઈ રાજા, મામો, સાસરા, વિદ્યા દાતાર, માત નો બાપ પિતાનો પિતા, વર્ણમા ઉત્તમ હોય તે, અને કાકો એટલાને ગુરૂ માનેલા છે તેમજ **वरीयसाम्** એટલે સારા સદ્ગુણ વડે કરીને શ્રેષ્ઠ હોય તેમનુ અપમાન ન કરવુ

वर શબ્દ જમાઈ, પતિ અને દેવતાએ પ્રસન્ન થઈ આપેલા વરદાનના અર્થમા વપરાય છે તેમજ વરશબ્દ પુલ્લિંગમા શ્રેષ્ઠ અર્થમા ત્રણે લિંગમા અને કુકુમ અર્થમા નપુસકમા વપરાય છે

હરડા, બેડા અને આમળા એ ત્રિફળાના અર્થમા વર શબ્દ વપરાય, અને થોડુ જ પ્રિય હોય એવા અર્થમા નપુસકલિંગે વર શબ્દ થાય છે તથા કોઈ વખત તે અવ્યય પણ બને છે એમ વિશ્વ તથા મેદિની કોષોમા કહેલુ છે અથવા તો વરશબ્દની વ્યુત્પત્તિ નીચે મુજબ થાય **उणुञ् आच्छादने** એ ધાતુથી **महति ह्रस्वश्च** એ સૂત્રથી **कु** પ્રત્યય થાય અને **णु**નો લોપ થાય એટલે ઉરૂ શબ્દ મહાન્ ગુણોનો વાચક બન્યો પછી **मतुप** પ્રત્યય થયો ઉરૂ એટલે મોટા પુરૂષો એવો અર્થ થયો **गुण वचनेभ्यो मातुपोलुक्** એથી **मतुपनो** લોપ થઈ ઈયસુ પ્રત્યય અતિશય અર્થમા થયો (અને પ્રિય સ્થિર **स्युरुशङ्ग्रस्य वरादेश** એથી **उरुनो वर** એવો આદેશ થતા) એટલે **वरीयाश** શબ્દ થતા તેનો અર્થ–પ્રસિદ્ધ છે મહગુણો જેમના એવા મહાપુરૂષો ના હવે મોટાઓના સબધમા શ્રી ઋષભ દેવજીએ ભાગવતમા કહ્યુ છે કે મોટા પુરૂષોની સેવાને ભક્તિનુ દ્વાર કહેલુ છે અને સ્ત્રીઓના સગીનો સગ કરવો તેને નર્કનુ દ્વાર કહ્યુ છે તે મોટા

પુરૂષો સમચિત્તવાળા, પ્રશાંત ક્રોધરહિત, મિત્ર અને સાધુ જેવા હોય છે સાધુઓ, કૃપાળુ, દ્રોહ નહીં કરનારા, વગેરે આગળ ભગવાને કહેલા લક્ષણવાળા હોય તે

વળી લોકમાં પ્રતિષ્ઠા પામેલાઓ, રાજાઓ અને રાજાના પુરૂષોનું અપમાન ન કરવું

જાતિમાં, કુળમાં, આચારમાં પ્રખ્યાત હોય અગર તો જાતિએ કરીને હીન હોવા છતાં સદ્ગુણથી, અગર તો ધનથી પ્રતિષ્ઠા મેળવી હોય એવાઓનું પણ અપમાન ન કરવું **तारकादि भ्यइतच** એ સૂત્રથી **इतच** પ્રત્યય થયો છે હવે શ્લોકમાં **विद्युषाम्** એવો શબ્દ છે તેનો અર્થ વેદસત્શાસ્ત્ર તથા પુરાણોનો અભ્યાસ કર્યો હોય એવા બ્રાહ્મણોનું અપમાન ન કરવું તેમ જ શસ્ત્ર ધારણ કર્યાં હોય એવાઓનું અપમાન ન કરવું અપમાન એટલે માનભંગ અથવા મશ્કરી કારણ કે તેમ કરવાથી પોતાના સર્વસ્વનો નાશ થવાનો સમય આવે છે તેમનું અતિ સન્માન કરવું એવો ભાવાર્થ છે યાજ્ઞવલ્ક્ય સ્મૃતિમાં કહેલું છે કે વિપ્રો તથા ક્ષત્રિયોની અવજ્ઞા કદાપિ કરવી નહીં તેમજ વિદ્યા, કર્મ, ઉમર બાંધવો, તેમ જ લક્ષ્મી એના વડે કરીને સંપન્ન હોય તેમને પણ અનુક્રમ પ્રમાણે માન આપવું જો શૂદ્ર હોય અને ઉપર જણાવેલા વાનાઓથી સંપન્ન હોય તો તે પણ માનને યોગ્ય છે શ્રીમદ્ ભાગવતમાં પણ કહ્યું છે કે પુરૂષ જે કોઇ મોટા પુરૂષનું માનભંગ કરે છે તો તેથી તેનું આયુષ્ય લક્ષ્મી, યશ, ધર્મ, લોક, અને આશિષ એ સર્વે કલ્યાણોનો નાશ થાય છે જે પુરૂષ અભિમાનને લીધે અધમ જાતિનો હોવા છતાં, તપ, વિદ્યા, આચાર તથા વર્ણાશ્રમથી પોતાથી શ્રેષ્ઠ હોય તેમની સંભાવના નથી કરતો તે મરેલો જ છે અને મરીને ભાગ કાઢવામાં, અથવા નરકમાં ઊંધે મસ્તકે થઇને પડે છે અને ઘોર દુઃખને ભોગવે છે સ્કંદ પુરાણમાં કહ્યું છે કે સત્પુરૂષના અપમાનથી પુણ્યવાન એવા મોટા પુરૂષોના પણ આયુષ તથા સંપત્તિઓ તત્કાળ નાશ પામે છે અનુશાસન પર્વમાં પણ કહ્યું છે કે મોટાઇને પામ્યા છતાં પણ તુંકારથી બોલવું નહીં વિદ્વાનોને તુંકારો અને મૃત્યુ સરખું ગણાય છે વળી કહ્યું છે કે મોટાઓને તુંકારથી કે નામ લઇને બોલાવવા નહીં તેમજ કહ્યું છે કે પાળો કાળ જીવતા હરકોઇ વાળાઓએ બ્રાહ્મણ ક્ષત્રિય અને સર્પ એવા ત્રણ દુર્બળોની કદી અવજ્ઞા કરવી નહીં કારણ એ ત્રણે ઝેરથી ભરેલા હોય છે ગુરૂગીતામાં પણ કહ્યું છે કે શિષ્ય ડાહ્યો હોય તો પણ ગુરૂને તુંકારથી બોલાવવા નહીં તથા ગુરૂની આગળ કદી અસત્ય બોલવું નહીં જો શિષ્ય હુંકાર તુંકારથી

વાદ કરીને ગુરૂને હરાવે છે તે જળ વિનાના અરણ્યમા બ્રહ્મરાક્ષસ થાય છે બ્રહસ્પતિએ કહેલુ છે કે તપસ્વીને, સર્પને, શસ્ત્રવાળાને, તથા પતિવ્રતાને વાણી વડે કરીને કોપાયમાન કરનાર પુરૂષ તત્કાળ મરણ પામે છે આ બધા અપમાન અને અનાચારના ઉપલક્ષણો છે તેમા માર્ગ નહી આપવાના કૃત્યનો પણ સમાવેશ છે અનુશાસન પર્વમા પણ કહેલુ છે કે બ્રાહ્મણ, ગાયો, રાજાઓ, વૃદ્ધ, ભાર લીધેલો હોય તેમને, નારીને તથા દુર્બળને રસ્તે જતા માર્ગ આપવો આમા વૃદ્ધ શબ્દ છે તેથી વયોવૃદ્ધ, વિદ્યા અતિ હોય તેથી વૃદ્ધ તેમજ અતિ ધન હોય તેથી પણ વૃદ્ધ જાણવા યાજ્ઞવલ્ક્ય મુનિયે કહેલુ છે કે વૃદ્ધ, ભારવાળો, રાજા, સ્નાત, સ્ત્રી, વરરાજા, અને ગાડાવાળો એટલાને માર્ગ આપવો કારણ કે એટલા રાજાને પણ માન્ય હોય છે સ્નાત શબ્દથી વિદ્યા વડે કરીને સ્નાત, અથવા વ્રત વડે કરીને સ્નાતક, જાણવો વર એટલે વિવાહમા ઉદ્યત થયેલા વરરાજા, ચકાર છે તેથી મત્ત, ઉન્મત્ત, પ્રવ્રજિત વગેરે જાણવા એમ મીતાક્ષરા ટીકામાં છે આમા પાચ નિષેધ વાક્યો છે ૩૫

कार्ये न सहसा किंचित्कार्यो धर्मस्तु सत्वरम्

पाठनीया ऽ धीत विद्या कार्ये सगो ऽ न्वहसताम् ३६

સહસા એટલે વિચાર્યા વિનાજ, અમર કોષમા છે કે તર્ક કર્યા વિના અને વ્યાખ્યાનમા પણ સહસા એટલે અકસ્માત આવેશથી કરેલુ એવો અર્થ છે એવી રીતે કાર્ય ન કરવુ, એટલે કે પોતાને કાઇ પણ વ્યાવહારિક કાર્ય કરવાનુ હોય તે બુદ્ધિવડે ઉહાપોહ વિચાર કરીને સત્પુરૂષોને પુછીને કરવુ પણ અકસ્માત ન કરવુ વિચાર્યા વિના કરનારને મોટી આપત્તિ આવ્યાનુ દર્શન થાય છે તેથી આને માટે ભારતના શાંતિપર્વમાની ચિરકારી બ્રાહ્મણની કથા પ્રમાણ રૂપ છે

ધર્મ એટલે અહી ધર્મકાર્ય એવો અર્થ લેવો સત્વરમ્ એટલે તત્કાળ જેવી બુદ્ધિનો ઉદય થાય કે તુરતજ કરવુ કારણ કે તેથી પરલોકમા સહાય મળે છે સ્મૃતિમા કહેલુ છે કે પરલોકમા તો ધર્મજ મદદરૂપ થાય છે પણ બીજુ થતુ નથી **धर्मस्य त्वरिता गति** ધર્મની ગતિ ઉતાવળી છે એવા વાક્યથી પણ ધર્મનુ કાર્ય તત્કાળ કરવા જેવુ છે કારણ કે એકજ ક્ષણમા બુદ્ધિ વિપરીત થઇ જવાનો સભવ છે વળી ધર્મનુ કાર્ય સહસા કરવાથી કાઇ હાનિ પણ નથી સ્મૃતિમા પણ કહેલુ છે કે ડાહ્યા પુરૂષે વિદ્યા અને લક્ષ્મીને તો પોતે જાણે વૃદ્ધ નહી થાય તથા મરશે નહી એમ માનીને સપાદન કરવા પણ ધર્મ પાળવામા તો જાણે કાળે પોતાના

કેશ પકડેલા હોય તેમ વર્તવુ તેજ પ્રમાણે મોક્ષ ધર્મમા પણ કહેલુ છે કે દિવસના પૂર્વ કાળમા કે પાછળના ભાગમા પણ ધર્મનુ કાર્ય તુરત કરવુ કારણ કે મૃત્યુ કાઇ એની વાટ જોતુ નથી કે આણે આટલુ કાર્ય કર્યુ છે અને આટલુ કર્યુ નથી

અર્જીત વિદ્યા એટલે પોતે ગુરૂની સેવા વડે કરીને અભ્યાસ કરીને પ્રાપ્ત કરી જે વિદ્યા તે **પાઠનીયા** એટલે કે સારા સુશીલ શિષ્યને ભણાવવી કારણ કે વિદ્યાદાન એટલે મોટુ દાન ગણાય છે એવો ભાવ છે અતિદાન કહેતા મોટા દાન ત્રણ ગણાવેલ છે—ગાયો, પૃથ્વી અને સરસ્વતિ કહેતા વિદ્યાનુ એ ત્રણ મોટા દાન છે એમ સ્મૃતિમા કહેલ છે દાનખડમા વિષ્ણુ ધર્મોત્તરમા કહેલુ છે કે વિદ્યા ભણાવનાર અધ્યાપકને બ્રહ્મલોકની પ્રાપ્તિ થાય છે પારકાને ભણાવવાની આસક્તિ રાખી જે પુરૂષ તપ કરે છે તેને મોટુ એવુ બ્રહ્મલોક પ્રાપ્ત થાય છે આ લોકમા સર્વ દાનોમા તથા તપમા ઉત્તમ એવુ અને સર્વ ઇચ્છાઓના ફળોને આપનાર એવુ મહા ભાગ્યવાન્ વિદ્યાદાન છે હવે વિદ્યા ચૌદ મુખ્ય છે તે નદી પુરાણમા કહેલી છે ૬ વેદાગ, ૪ વેદ, ૧ ધર્મશાસ્ત્ર ૧ પુરાણ ૨ મિમાસા, અને ૧ ન્યાયશાસ્ત્ર એમ ૧૪ વિદ્યા છે એની પેટા વિદ્યા તો હજારો હજાર છે ધર્મશાસ્ત્ર એટલે મનુસ્મૃતિ આદિ સમજવુ પુરાતન એટલે બ્રહ્મ પુરાણ પદ્મ પુરાણ આદિ એ ચૌદ વિદ્યામા પણ ત્રણ વિદ્યાઓ મુખ્ય કહેલી છે આત્મ વિદ્યા, પૌરાણી વિદ્યા અને ધર્મશાસ્ત્રમાની વિદ્યા એ ત્રણ વિદ્યાઓ સર્વ દાન ક્રિયા અને ફળોના વધારે છે એમાથી પણ એક વિદ્યાને ગરૂડ પુરાણમા મુખ્ય કહી છે વિદ્યાઓમા પણ મુખ્ય વિદ્યા બ્રહ્મવિદ્યા કહી છે માટે હે રાજન્ એ વિદ્યાના દાનથી સર્વ ફળોની તૃપ્તિ થાય છે

ભણાવવા યોગ્ય પુરૂષો મનુસ્મૃતિમા નીચે મુજબ કહ્યા છે—આચાર્યનો પુત્ર, સારા ઇચ્છાવાળો, દાન આપે તેવો, ધર્મિષ્ઠ પવિત્ર ગ્રથ અર્થને સમજવાની શક્તિવાળો, પૈસા આપે તેવો, સાધુઓ જેવા વગેરે ફરી યાજ્ઞવલ્કયે પણ કહ્યુ છે કે કર્યા કૃત્યને જાણનાર દ્રોહ નહી કરનાર, બુદ્ધિમાન, શુદ્ધ, આધિ તથા વ્યાધિથી રહિત, અસૂયા વિનના સાધુ શક્તિમાન, બધુ, દાન આપે તેવા, તથા પૈસા આપે તેવાને ભણાવવા એ જે ગુણો કહ્યા તે થોડા હોય અથવા સભવ પ્રમાણે હોય તો પણ તે જોવા એમ મિતાક્ષરાની ટીકા છે દાન ખડમા ભવિષ્ય પુરાણમા કહેલુ છે કે નષ્ઠિક વ્રતવાળાને વિશેષ કરીને ભણાવવો યાજ્ઞિકોને સુવર્ણનુ દાન ઉર્ધ્વરેતસ એટલે અસ્ખલિત છે વીર્ય જેમનુ એવાને વિદ્યાનુ

દાન અને છોકરા વિનાનાને કન્યાનુ દાન આપનારની ગતિ ઉત્તમ થાય છે પરીક્ષા નહી કરેલા એવા કુશિષ્યને ભણાવવા નહી શ્રુતિમા કહ્યુ છે કે વિદ્યા બ્રાહ્મણ પાસે જતી હતી અને કહેતી હતી કે મારૂ રક્ષણ કર હુ તારી સમીપે છુ અસૂયા કરનારને સરળ ન હોય એવાને (એટલે કપટીને) અને વ્રત ન કરનારને મને કહેવી નહી તેથી હુ બળવાળી થાઉ સ્મૃતિમા પણ કહ્યુ છે કે વિદ્યા બ્રાહ્મણને કહેતી હતી કે હુ તારી પાસેજ છુ મારૂ રક્ષણ કર અસૂયા કરનારને મારૂ દાન આપીશ નહિ, તેથી હુ વીર્યવતી થાઉ વૃદ્ધ ચાણાક્યે કહેલુ છે કે કુશિષ્યને ભણાવનારને કયાથી સુખ થાય? વિદ્યા સહિત ભલે મરી જવુ પણ કુશિષ્યને તો તે આપવી નહી લઘુ ચાણાક્યે કહ્યુ છે કે મૂર્ખને વિદ્યાથી પાળ્યો હોય તો પાછળથી તે શત્રુ થાય છે

अन्वहम् એટલે દરરોજ એવા અર્થ છે **सताम्** એટલે પોતાના ધર્મમા નિષ્ઠાવાળા-ભગવાનના અનન્ય ભકતો વિષ્ણુના ભકતો-પોતાના ધર્મમા રહેલા અને ઇન્દ્રિયોની વૃત્તિઓ જેમની શાન્ત પડી ગઇ છે એવા વિષ્ણુધર્મોત્તરમા કહ્યુ છે કે જે વિષયાથી વિરકત હોય અને આત્મનિષ્ઠ થયા હોય તેમને સત કહેલા છે તેમના **संग** એટલે દર્શન, વદન પૂજન, અને તેમના વાકયોને સમજવા આદિ લક્ષણવાળો જે સમાગમ તે કરવો વસિષ્ઠ મુનિનુ વાક્ય છે કે નિત્ય પ્રત્યે સાધુ પુરૂષોની પાસે જવુ સત્સંગનો હેતુ ભગવાનની ભક્તિ છે તેથી શ્રીમદ્ ભાગવતના ૧૦ મા સ્કધના ૫૧ મા અધ્યાયમા રાજા મુચકુન્દે ભગવાન્ પ્રત્યે કહેલુ છે કે અચ્યુત એવા ભગવાનના સત્પુરૂષોનો સમાગમ જ્યારે આ સસારમા ભટકતા એવા પુરૂષને થાય છે ત્યારે એ સત્સંગ વડે કરીને, પર અને અવર એવા ઇશ એવા તમારે વિષે મતિ થાય છે ભાગવતના તૃતીય સ્કધના ૨૫ મા અધ્યાયમા કપીલજીએ દેવહૂતિ પ્રત્યે કહ્યુ છે કે સત્પુરૂષના સંગ વડે કરીને હૃદય તથા કાનને રસાયન રૂપ જેવી મારી કથા જેને છે તેવા લોકો મારા માર્ગને જાણે છે અને તે વડે કરીને તેમને તત્કાળ કલ્યાણના માર્ગમા શ્રદ્ધા, પ્રીતિ અને ભક્તિ ઉત્પન્ન થાય છે શ્રીમદ્ ભાગવતના બીજા અધ્યાયમા સૂત પુરાણીએ કહેલુ છે કે અભદ્ર એવા અને નાશ પામવા જેવા હોય તેમને પણ ભગવાનના સતોની સેવા વડે કરીને ઉત્તમ શ્લોક એવા ભગવાનમા નૈષ્ઠિક ભક્તિ થાય છે તેનુ માહાત્મ્ય પણ ત્યાજ કહેલુ છે ભાગવતના પ્રથમ સ્કધમા ૧૮ મા અધ્યાયમા સૂત પુરાણી પ્રત્યે શૌનકે કહેલુ છે કે મનુષ્યોને ભગવાનના સત્ પુરૂષોના સગ થાય તેના એક લવ માત્રની તોલે અમે સ્વર્ગને ન મોક્ષને ગણતા નથી તો તેમની આશિષનુ તો હુ શુ કહુ? ભાગવત પ્રથમ સ્કધના ૧૯ મા અધ્યાયમાં કહેલુ છે કે જેમનો માત્ર સ્મરણથીજ પુરૂષોના ઘરો શુદ્ધ થઇ જાય છે તો પછી દર્શન, સ્પર્શ,

પગ ધોવા, આસન આપવુ વગેરેથી શુ ન થાય? ભાગવતના દશમ સ્કધના ૪૮ મા અધ્યાયમા ભગવાને અક્રુરને કહેલુ છે કે જળાશયવાળા તીર્થો પણ નહી અને મૃતિક તથા પાષાણની મૂર્તિઓ પણ નહી, કારણ કે તેઓ ઘણા લાબા કાળે પવિત્ર કરે છે જ્યારે સાધુઓ દર્શન માત્રથીજ પવિત્ર કરે છે આમા સત્ પુરૂષોનો સગ કરવાનુ સર્વને સાધારણ રીતે કહ્યુ પણ તેમા દેહમાથી તથા દેહના સગાવહાલાઓમાથી આસક્તિ કાઢી નાખવાના હેતુને લીવે ગૃહસ્થોએ તે વિશેષ રીતે કરવાનો છે, એમ જાણવુ તે વિષે તેજ ગ્રથમા કહ્યુ છે સપ્તમ સ્કધના ૧૪ મા અધ્યાયમા નારદજીએ યુધિષ્ઠિરને કહ્યુ છે કે હે રાજન્! ઘરમા રહ્યા સતો વર્ણ ઉચિત એવી ક્રિયાઓ, વાસુદેવ ભગવાનને અર્પણ કરતો કર અને મોટા મુનીઓની સેવા કર તેમના સગવડે કરીને ધીમે ધીમે પોતાના દેહમાની સ્ત્રીમાની અને અને પુત્રોમાની આસક્તિથી મુક્ત થઈશ અને એવી રીતે મૂકાયો મતો સ્વપ્નમાથી જેમ ઉઠ્યો હોય તેમ ઉઠીશ ભાગવતના એકાદશ સ્કધમા શ્રી કૃષ્ણ ભગવાને ઉદ્ધવ પ્રતિ કહેલુ છે કે એ હેતુ માટે દુષ્ટ પુરૂષોના સગને ત્યજીને બુદ્ધિમાને સત્પુરૂષોનો સગજ કરવો એ પુરૂષના મનોવિકારોનુ સતોજ પોતાની વાણીથી છેદન કરે છે આ ઘોર સસારસાગરમા ઉચ્ચ નીચ યોનીયોને પામનારાઓના આશ્રય પરમાત્માજ છે ને સસાર સાગરમા બુડનારાઓને માટે બ્રહ્મને જાણનારા અને શાત એવા સતોજ દૃઢ નાવરૂપ છે એકાદશ સ્કધના ૨૬ મા અધ્યાયમા ભગવાને ઉદ્ધવજી પ્રતિ કહેલુ છે કે પ્રાણિઓને અન્ન એ પ્રાણરૂપ છે અને દુખીઓનુ શરણ હુ છુ મનુષ્યો મરણ પામે છે ત્યારે તેમને ધર્મ એ નાણુ છે અને મરવા આગાઉ ભય પામતા જનોને સત એ શરણ છે સતો નેત્રો આપે છે, જ્યારે બહારથી સૂર્ય પ્રકાશ આપે છે દેવતા અને બધુઓ પણ સતજ છે અને સતજ આત્મા અને સત એજ હુ છુ ચતુર્થ સ્કધના ૯ મા અધ્યાયમા ધ્રુવજીએ ભગવાન પ્રત્યે કહેલુ છે કે જેમની નાભીમાથી કમળ ઉત્પન્ન થયુ છે એમા હે ભગવાન! આપના ચરણ કમળના સુગધથી લોભાયેલા એવા પુરૂષોનો જેમણે પ્રસગ કર્યો છે તેઓ, આ અન્ય પુત્ર, મિત્ર, ગૃહ, પૈસો અને સ્ત્રી તેનુ સ્મરણ કરતા નથી ભાગવતના સપ્તમ સ્કધના ૫ મા અધ્યાયમા પ્રહ્લાદજીએ પોતાના ગુરૂના પુત્ર પ્રત્યે કહેલુ છે કે જ્યા સુધી નિષ્કચન એવા મોટા પુરૂષોના ચરણ રજની સેવા કરી નથી ત્યા સુધી પુરૂષને ભગવાનના ચરણકમળમા તેની બુદ્ધિનો સ્પર્શ થતો નથી, જે અનર્થકારક છે' તેજ હેતુથી શ્રી શકરાચાર્ય પ્રશ્નોત્તર રત્નમાળામા કહેલુ છે કે પ્રાણથી પણ અધિક વ્હાલુ કોનુ રાખવુ? પોતાના ધર્મનુ તથા સાધુઓના સગનુ, આ શ્લોકમા ત્રણ વિધિ વાક્ય અને એક નિષેધ વાક્ય મળી ચાર છે ૩

गुरुदेव नृपेक्षार्थं न गम्य रिक्त पाणिभि
विश्वासघातो नो कार्य स्वश्लाघा स्वमुखेन च ३७

गुरु એટલે પોતાને શ્રીકૃષ્ણના મંત્રનો ઉપદેશ આપનાર **देव** એટલે જે ઇષ્ટદેવ હોય તે અને રાજા એટલાના દર્શને જવુ હોય ત્યારે, **रिक्त** એટલે ખાલી અને **पाणिभि** એટલે હાથે **न गम्य** એટલે જવુ નહિ ખાલી હાથે એટલાની સમીપે ન જવુ ગુરૂ આદિના દર્શન માટે જવુ હોય ત્યારે કાઇક પણ ભેટ લઇને જવુ એવો ભાવાર્થ છે શ્રુતિમા પણ પ્રમાણ છે કે શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ એવા ગુરૂની પાસે હાથમા સમિધ લઇને જવુ સમિધ એ ભેટનુ એક ઉપલક્ષણ છે વળી સ્મૃતિમા પણ કહ્યુ છે કે રાજા, શ્રોત્રિય અને ગુરૂની પાસે ખાલી હાથે ન જવુ હવે વિશ્વાસઘાત ન કરવો વિશ્વાસઘાત એટલે કોઇને એવો વિશ્વાસ આપીએ કે હુ તારૂ કામ અવશ્ય કરીશ, તારૂ રક્ષણ કરીશ વગેરે વાકયો વડે આશ્વાસન આપીને પછી તેનુ કામ ન કરવુ તેનુ નામ વિશ્વાસઘાત કહેવાય–તે ન કરવુ સ્મૃતિમા પણ કહેલુ છે કે જે પુરૂષ વિશ્વાસ આપીને બીજાને મારે છે તે આ પૃથ્વિમા મહાપાતકી છે

હવ પોતાના મુખથી પોતાની પ્રશસા ન કરવી વ્યાસજીએ કહેલુ છે કે પારકાની નિદાથી અને પોતાની પ્રશસાથી પોતાના પુણ્યનો નાશ થાય છે ભીષ્મે પણ કહ્યુ છે કે કોઈની પણ નિદા ન કરતો, પોતાની પ્રશસાનુ વર્ણન ન કરતો એવો અને ગુણથી સપન એવો જે ડાહ્યો પુરૂષ તે મોટા યશને પ્રાપ્ત કરે છેજ પારકાની પ્રશસા ઘટે ,તેમ કરવી કારણ કે કહેલુ છે કે પારકાના પરમાણુ જેટલા ગુણોને પર્વત જેટલા ગણી જેઓ પોતાના હૃદયને વિકસાવ છે એવા સતો કેટલા છે ? આમા ત્રણ નિષેધ વાકયો અને બે અવાતર વાકયો મળી પાચ છે

यस्मिन् परिहितेऽपिस्युर्दृश्यान्य गानि चात्मन
तद्दृष्य वसन नैव परिधार्य मदाश्रितै ॥ ३८

જે વસ્ત્ર પહેરવા છતા પણ પોતાના અગો દેખાય એવા ઝીણા વસ્ત્રો મારા આશ્રિતોએ પહેરવા નહી

परिहितेऽपि એટલે પહેરવા છતા પણ **अगानि** એટલે શરીરના જે અવયવો ગુપ્ત રાખવા જેવા હોય તે બીજા માણસોની દૃષ્ટિએ પડે

તેમ હોય તો ન પહેરવા ચકાર છે માટે તેવા ઝીણા વસ્ત્રો પહેરવાથી લોકોમા નિંદા પણ થાય એમ સમજવુ **દુષ્ય** એટલે શિષ્ટ પુરૂષોએ જે વસ્ત્રોને દુષણરૂપ ગણ્યા હોય એવા **દુષ્ય** શબ્દ દૃષણીય અર્થમા ત્રણે લિંગે વપરાય છે અને વસ્ત્રના અર્થમા નપુંસક લિંગે વપરાય છે એમ મેદિની કોષમા છે **वसन** એટલે વસ્ત્ર અમરકોષમા તેના પર્યાય શબ્દો આચ્છાદન, વાસ, એલ, વસન અને અંશુક એવા આપેલા છે, **मदाश्रितै** એટલે મારા આશ્રિત એવા સ્ત્રીઓ તેમજ પુરૂષોએ ન પહેરવા વસ્ત્ર પહેરવાનો હેતુ, શરીરના જે અંગોને ઢાકવાના હોય તે ઢાકવાનો છે અને જો તે અંગ ઢકાય નહિ તો વસ્ત્ર પહેર્યા તે ન પહેર્યા બરાબર છે સદા ચાર દીપમા કહ્યુ છે કે અતિ ઝીણા, શરીર દેખાય તેવા, ફાટેલા અને જાળ જેવા વસ્ત્રો ન પહેરવા પણ શુદ્ધ અને ધાટા વસ્ત્ર પહેરવા વિશ્વરૂપ કહે છે કે જેઓ અતિ દારિદ્ર હોય, અતિ ત્યાગી હોય, તીવ્ર વૈરાગ્યને લીધે જેમને દેહનુ ભાન ન હોય એવાઓને પારકાની ઇચ્છાથી વસ્ત્ર મળે તેમ હોવાથી તેમને આ નિયમ લાગુ પડતો નથી ૩૮

धर्मेण रहिता कृष्ण भक्ति कार्या न सर्वथा ।
अज्ञनिंदा भयान्नैव त्याज्य श्री कृष्णसेवनम् ३९

धमण એટલે સચ્છાસ્ત્રમા કહેલા પોતાના ધર્મથી રહિત **भक्ति** એટલે ભજન એ ભક્તિ શ્રવણ વગેરે ભેદથી નવ પ્રકારની છે ભક્તિ પણ ધર્મથી રહિત ન કરવી પણ ધર્મ સહિતજ કરવી જેમકે સ્મૃતિમા કહ્યુ છે કે વૈષ્ણવોએ બન્ને પક્ષોમા એકાદશીને દિવસે અન્ન ન ખાવુ એટલે કે વૈષ્ણવોને એકાદશીનો ઉપવાસ સ્વધર્મ તરીકે શાસ્ત્રમા કહ્યો છે હવે સ્મૃતિમા એમ કહ્યુ છે કે છ માસ ઉપવાસ કરવાથી જે ફળ કહેલુ તેટલુજ ફળ કળિયુગમા વિષ્ણુના નૈવેદ્યનો એક કોળીયો ખાવાથી થાય છે તો આવા મહાત્મને લઈને ઉપર જે એકાદશી કરવારૂપી સ્વધર્મ છે તેનો ત્યાગ ન કરવો વળી વિષ્ણુનુ જમેલુ અન્ન પિત્રીઓ તથા દેવો પણ જમે છે એમ પણ શ્રુતિમા કહેલુ છે તેમજ સ્મૃતિમા પણ કહ્યુ છે કે વિષ્ણુના નૈવેદ્યમાથી વધેલા અન્ન વડે કરીને બીજા દેવતાઓનુ પૂજન કરવુ તથા પિત્રીઓને તે આપવુ અને તેથી કલ્યાણ થાય છે જેઓને દેવતા તથા પિત્રીઓના કર્મમા નિષ્ઠા છે તથા જેમને માત્ર કર્મમાજ નિષ્ઠા છે તેમને પણ વિષ્ણુના નિવેદનુ અન્ન ખાવાનુ શાસ્ત્ર કહે છે તો પછી વૈષ્ણવોને તે ખાવુ તેમા તો શુ કહેવુ ? તેથી એકાદશિને દિવસે જે

ભોજનનો નિષેધ છે તે દરરોજ વિષ્ણુના નિવેદવાળુ જે અન્ન તે માટેજ છે માટે એ ન ખાવારૂપ જે પોતાનો ધર્મ તે ત્યાગ ન કરવો વળી ભાગવતના ૩ જા સ્કંધના ૨૩ મા અધ્યાયમા દેવહુતિએ ભગવાન કપિલદેવજી પ્રત્યે કહ્યુ છે કે જે પુરૂષો બ્રહ્મ એવા પરમાત્માનુ નામ લે છે તેઓ તપ તપે છે, જાપ કરે છે તથા સ્નાન કરે છે એવુ ભગવાનનુ નામ લેવાનુ મહાત્મ્ય કહેલુ છે તેના અવલબન વડે કરીને પ્રાત કાળમા કરવાના જે સ્નાન, સધ્યાદિ સ્વધર્મ તેનો ત્યાગ ન કરવો. શ્રુતિમા પણ કહ્યુ છે કે, બ્રાહ્મણોએ દરરોજ સધ્યા કરવી સ્મૃતિમા પણ કહ્યુ છે કે જે દ્વિજ પ્રાત કાળમા સ્નાન નથી કરતો તે સૂતકી થાય છે હવે ઉપરના બન્ને પ્રકારના વાકયો માથી વિવેક વડે કરીને શિષ્ઠાચારનુજ ગ્રહણ કરવુ તે ઉચિત છે તેથીજ એકાદશ સ્કધમા સ્નાન આદિ કર્મને ભગવાનની સેવારૂપી ભક્તિનાજ એક અગ રૂપે વર્ણવ્યુ છે એકાદશ સ્કધના ૨૭ મા અધ્યાયમા ઉધ્ધવજી પ્રત્યે ભગવાનેજ કહેલુ છે કે દાત સાફ કરીને શરીર શુદ્ધિ માટે પ્રથમ સ્નાન કરવુ માટી લેવા વગેરે મારના બન્ને પ્રકારના (વૈદિક અને તાત્રિક) મત્રો વડે સ્નાન કરવુ એકાદશ સ્કધના ૨૭ મા અધ્યાયમા કહ્યુ છે કે સધ્યોપાસના આદિ કર્મો વેદ વડે કરીને મને કહેલા છે કર્મને પવિત્ર કરનારી એવી પૂજાનો તે બન્ને પ્રકારના મત્રોથી સારી રીતે સકલ્પ કરવો બન્ને પ્રકારના મત્રો એટલે વૈદિક અને તાત્રિક સધ્યોપાસનાદિ જે કર્મો વેદમા કહેલા છે તે સમગ્રપણે કરીને કરવાના છે અને જેના જે જે કર્મો કહ્યા હોય તે સાથેજ મારી પૂજા કરવી પણ તે તજવા નહીં એવો અર્થ છે સમ્યક એટલે કે જેને પરમેશ્વરના વિષેજ સકલ્પ છે એવો થઇને કર્મપાવની (પૂજા) એવુ વિશેષણ છે તેનો અર્થ શ્રીધર સ્વામી એ કર્મોનો સહાર કરનારી એવો કર્યો છે હવે બીજુ એ કે ભગવાનના મદિરમા એટલે કે ભગવાનના સમીપે હોઈએ તો પણ—**सर्वं विष्णुमय जगत्** એટલે કે આ બધુ જગત વિષ્ણુમય છે એવા વાક્યમા જે જ્ઞાનનુ બળ જણાવેલુ છે તેના અવલબન વડે કરીને સ્ત્રીનુ મુખ જોવુ, તેની મશ્કરી આદિ ન કરવુ વળી વિષ્ણુના મદિરમા સેવા કરવા માટે સ્ત્રી રહી હોય તો પણ તેનુ મુખ ન જોવુ, હારિત મુનિ કહે છે કે જે પુરૂષો રાજીથી સ્ત્રીને જુએ છે તે યોનિમા કીડા થાય છે એટલે આ ઠેકાણે પણ (ભગવાનના માહાત્મના બ્હાનાથી) દૃષ્ટિના સયમરૂપ જે સ્વધર્મ તેનો ત્યાગ ન કરવો વળી સ્મૃતિમા એમ કહ્યુ છે કે જન્માષ્ટમી આદિ જે ઉત્સવ તેમા દર્શન માત્રથી પાપનો નાશ થાય છે તે જે ભગવાનના દર્શનનુ મહાત્મ તે

આભગીને પણ સ્ત્રીની સાથે મંદિરમા પ્રવેશ ન કરવા રૂપ જે સ્વધર્મ તેનો ત્યાગ ન કરવો તેમજ હવે પછીના શ્લોકમા પણ કહેવાનારા નિષેધથી પણ સ્વધર્મનો ત્યાગ ન કરવો, ભક્તિ ધર્મથી સિદ્ધ થાય છે અને ધર્મ એ મારી ભક્તિથી થયેલો છે એ પ્રકારે જે ભક્તિયોગ કહેલો છે તે સ્વધર્મમા રહેનારને અભય આપનારો છે, એ વગેરે વાક્યોથી પણ ધર્મ વિના પોતે ધારેલુ જે ઇષ્ટ ફલ આપનારી ભક્તિ તેની સિદ્ધિ થતી જ નથી એથી જ પરાશર ગીતામા કહેલુ છે કે ધર્મ વિનાનુ જે કર્મ હોય તે ગમે તો મોટા ફલને આપનારૂ હોય તે કર્મ બુદ્ધિમાન્ પુરુષ ન કરે અને તેને હિતપણ કહેતા નથી વ્યાસજીએ ભારત સાવિત્રીમા કહેલુ છે કે જીવનના હેતુ રૂપ એવો જે ધર્મ તે કામથી, ભયથી કે લોભથી ત્યાગવો નહી ભાગવતના ૭મા સ્કંધના ૧૫મા અધ્યાયમા નારદજીએ યુધિષ્ઠિર પ્રત્યે કહેલુ છે કે ગ્રહસ્થ જો કર્મનો ત્યાગ કરે, બ્રહ્મચારી વ્રતનો ત્યાગ કરે, તપસ્વી જો ગામમા વસે અને ભિક્ષુક થઇને ઇંદ્રિયોની લોલુપતા રાખે તો તે બધા આશ્રમને લજાવનારા છે અને તે આશ્રમને વિટંબણા જેવા છે દૈવની માયાથી મૂઢ થઇ ગયેલા એ લોકોની, દયા વડે કરીને ઉપેક્ષાજ કરવી પંચમ સ્કંધના ૨૬ મા અધ્યાયમા શુકજીએ ધર્મનો ત્યાગ કરવાથી નરકમા પડવાનુ કહેલુ છે જેઓ આ વેદ માર્ગથી આપત્તિ વિના જ આડા ચાલે છે અને પાખંડ માર્ગનુ ગ્રહણ કરે છે તેમને તરવારની ધાર જેવા પત્રવાળા વનમા પ્રવેશ કરાવી મૃશળથી મારે છે એ ત્રાસથી નાસતો સતો બન્ને તરફની ધારવાળા જે અસિપત્રો તે વડે છેદાતો પરમ વેદનાથી મૂર્છા પામી જાય છે પગલે પગલે પડી જાય છે જે સ્વધર્મનો ત્યાગ કરનાર છે તે એ રીતે પાખંડને અનુસરવાના ફલને ભોગવે છે શ્રીમદ્ ભાગવત્મા નારદજીએ વ્યાસજી પ્રત્યે કહેલુ છે કે સ્વધર્મનો ત્યાગ કરીને હરિના ચરણ કમળને ભજવા એવુ જે વાક્ય છે તે તો ભક્તિથી રહિત એવા શુષ્ક ધર્મની નિંદા માટે કહેલુ છે પણ વૈષ્ણવોએ સ્વધર્મનો ત્યાગ કરવો એવુ તેમા વિધાન નથી નહી તો તુરીય પાદમા જે એમ કહેલુ છે કે–સ્વધર્મ વડે કરીને હરિને નહી ભજનારા એવા આમ પુરુષો—એનો શો અર્થ થાય? વળી ભાગવતના એકાદશ સ્કંધના ૧૪ અધ્યાયમા ભગવાન્ શ્રી કૃષ્ણે કહેલુ છે કે ધર્મ, સત્ય, દયા, વિદ્યા અથવા તપવાળો હોય તોપણ જે પુરુષમા મારી ભક્તિ નથી તે બરાબર પવિત્ર થતો નથી વળી એકાદશ સ્કંધના ૧૮ મા અધ્યાયમા ઉદ્ધવજીને ભગવાને કહેલુ છે કે વર્ણાશ્રમ વાળાઓને ધર્મ એ આચારનુ લક્ષણ છે તેઓ જો મારી ભક્તિવાળા હોય તો

તેમનુ પરમ કલ્યાણ થાય નારદ પચરાત્રમા પણ કહ્યુ છે કે ગુરૂથકી દીક્ષા પામીને પોતાના વર્ણાશ્રમનો ધર્મ પાળવો તથા વિષયમા આસક્તિ નહી રાખીને મુકુદ ભગવાનની ઉપાસના કરવી. વળી શ્રી કૃષ્ણનો જન્મ ધર્મની સ્થાપનાને માટે જ થયેલો છે માટે તેથી વિરૂદ્ધનુ આચારણ કરવુ તેથી ભગવાન્ પ્રસન્ન થાય નહિ, એમ જાણવુ વળી ભગવદ્દ ગીતામાં પણ કહ્યુ છે કે જ્યારે ધર્મની હાનિ થાય અને અધર્મની ઉત્પત્તિ થાય ત્યારે ત્યારે હુ અવતાર ધારણ કરૂ છુ સાધુઓની રક્ષા કરવા તથા દુષ્ટોનો નાશ કરવા અને ધર્મનુ સ્થાપન કરવા હુ યુગયુગને વિષે અવતાર લઉ છુ, શ્રીમદ્દ ભાગવતના પ્રથમ સ્કધના ૨૦ મા અધ્યાયમા કૌરવોની સ્ત્રીઓએ પણ પણ કહ્યુ છે કે જ્યારે તમોગુણી બુદ્ધિવાળા રાજાઓ અધર્મથી રાજ્ય કરે છે ત્યારે એ ભગવાન્ સત્ય, જ્ઞાન, દયા અને કીર્તિ એવા ઐશ્વર્યને નિશ્ચે ધારણ કરે છે તથા યુગ યુગને વિષે મોક્ષને માટે અવતાર લે છે તેમજ નવમા સ્કધના ૨૪ મા અધ્યાયમા શુકજીએ કહેલુ છે કે જ્યારે જ્યારે ધમનો ક્ષય થાય છે અને પાપીઓની વૃદ્ધિ થાય છે ત્યારે ઇશ અને હરિ એવા ભગવાન્ પોતાના અવતાર લેછે તથા દશમ સ્કધના ૧૫ મા અધ્યાયમા કૃષ્ણ પ્રત્યે વસુદેવજીએ કહેલુ છે કે યુગયુગમા પોતાના ધર્મની રક્ષાને માટે અવતાર ધારણ કરતા હવા દશમ સ્કધના ૪૭ મા અધ્યાયમા ભગવાન પ્રત્યે અક્રુરજીએ કહેલુ છે કે જગતના હિતને માટે તમે કહેલો અને પુરાતન એવો જે વેદ માર્ગ તેનો અસત્ એવા પાખડ પથવાળાઓ બાધ કરે છે ત્યારે આપ અવતાર ધારણ કરો છો તૃતીય સ્કધના ૯ મા અધ્યાયમા બ્રહ્માએ ભગવાન્ પ્રત્યે કહેલુ છે કે આપ, આપની બાધેલી મર્યાદાના રક્ષણ માટે આપની ઇચ્છાથી જ ત્યજી દીધા છે વિષયો છતા પણ દેહને ધારણ કરીને, પશુ પક્ષી, મનુષ્ય તથા દેવતાઓ આદીની જીવયોનિમા રમો છો પ્રથમ સ્કધના ૧૬ અધ્યાયમા પૃથ્વીએ ધર્મ પ્રતિ કહેલુ છે કે પુરૂષાતનને પોતામા જ ધારણ કરીને યાદવોમા રમણીય શરીરને ધારણ કરતા એવુ તમારૂ પદ દુખે કરીને પામી શકાય તેવુ છે દશમ સ્કધના ૫૮ મા અધ્યાયમા નાગ્નજીતી પોતાના વિવાહ પહેલા એકલી જ વિચાર કરે છે કે પોતાની બાધેલી ધર્મ મર્યાદાના રક્ષણને માટે યુગને વિષે અવતાર ધારણ કરતા હવા વળી તૃતીય સ્કધના ૧૬ મા અધ્યાયમા સનકાદિકોએ કહેલુ છે કે તમારાથી ઉત્પન્ન થયેલા એવા સનાતન ધર્મનુ તમારા જ શરીરથી રક્ષણ થાય છે એકાદશ સ્કધના ૬ ઠ્ઠા અધ્યાયમા શુકજીએ કહેલુ છે કે અધર્મી રાજાઓને

અર્જુનાદિવડે મરાવીને, ધર્મના પુત્ર વગેરે વડે ધર્મને તત્કાળ પ્રવર્તાવતા હવા દશમ સ્કંધના ૩૭ મા અધ્યાયમા નારદજીએ ભગવાનને કહેલુ છે કે પૃથ્વીને પણ ધારણ કરે તેવા પ્રાણીઓના તથા દૈત્યોના તથા પ્રમથ અને રાક્ષસોના નાશને માટે તથા ધર્મ મર્યાદાના રક્ષણને માટે અવતાર લેનાર એ તમે જ છો વળી દશમ સ્કંધના ૬૨ મા અધ્યાયમા શિવજીએ ભગવાન્ પ્રતિ કહેલુ છે કે જેનુ ધામ કુંઠિત થતુ નથી એવા હે ભગવાન્ ! તમારો આ અવતાર ધર્મના રક્ષણ માટે અને જગતના કલ્યાણને માટે છે વળી એકાદશ સ્કંધના ૧૭ મા અધ્યાયમા ભગવાન પ્રત્યે ઉદ્ધવજીએ કહ્યુ છે કે હે અચ્યુત ! પૃથ્વિને વિષે ધર્મના કહેનારા, કરનારા અને તેને વિસ્તારનારા તમે જ છો બીજો કોઇ નથી દશમ સ્કંધના ૫૧ મા અધ્યાયમા પણ કહ્યુ છે કે અગાઉ બ્રહ્માએ પ્રાર્થના કર્યો એવો હુ યદુકુળમા આનક દુંદુભિના ઘરમા અવતાર લેતો હવો છઠ્ઠા સ્કંધના ૮ મા અધ્યાયમા વિશ્વ રૂપે કહેલુ છે કે ધર્મના રક્ષણ માટે તમે ઘણા અવતાર લીધા છે વળી દશમ સ્કંધના ૮૪ મા અધ્યાયમા ભગવાન પ્રત્યે ઋષિઓએ કુરૂક્ષેત્રમા કહેલુ છે કે છતા પણ યુગને વિષે પોતાના સ્વજનોને રક્ષણ માટે તથા પાપીઓના નાશ માટે તમે અવતાર ધારણ કરો છો તથા પોતાનીજ લીલાવડે કરીને આપ સનાતન એવા વેદના માર્ગ પ્રમાણેના વર્ણાશ્રમ ધર્મના આ મા અને પર પુરૂષ છો વળી દશમ સ્કંધના ૬૨ મા અધ્યાયમા જવરે ભગવાનને કહેલુ છે કે આપ દેવ, સાધુઓ અને લોકની મર્યાદાનુ રક્ષણ કરો છો દશમ સ્કંધના ૬૯ મા અધ્યાયમા નારદજીને કૃષ્ણે કહેલુ છે કે હે બ્રહ્મન્ ! ધર્મનો કહેનારો, તેને આચરનારો તથા તેનુ અનુમોદન કરનારો હુ જ છુ અને લોકને તે શિખવાડનો એવો હુ રહેલો છુ માટે હે પુત્ર ! ખેદ પામીશ નહિ પંચમ સ્કંધના ૫ મા અધ્યાયમા શુકજીએ કહેલુ છે કે એ પ્રકારે વેદમા કહેલો જે ધર્મ તેને આચરવો તે સત્પુરૂષોની ગતિ છે અષ્ટમ સ્કંધના ૧ લા અધ્યાયમા સ્વયભૂમનુએ કહેલુ છે કે સમગ્ર ધર્મ જેને પ્રિય છે એવા પ્રભુને હુ નમસ્કાર કરૂ છુ લઘુ હારિત સ્મૃતિમા પણ કહેલુ છે કે પોતાનો ધર્મત્યાગ કરીને કૃષ્ણ કૃષ્ણ એમ કહેનારાઓ હરિના શત્રુઓ છે, કારણ કે હરિ એવા ભગવાનનો જન્મજ ધર્મને માટે છે વિષ્ણુપુરાણમા કહ્યુ છે કે જે પોતાના વર્ણાશ્રમના ધર્મથી ચલાયમાન થતા નથી, તથા શત્રુઓને વિષે પણ સમાન વૃત્તિવાળા અને પોતાના મિત્ર તુલ્ય ગણનારા હોય છે જે કાંઈ પણ હરી જતા

નથી અથવા કોઇનો દ્રોહ કરતા નથી ઉચ્ચ અને શાંત મનવાળા જે એવા સંતોને વિષ્ણુ ભક્ત જાણવા વારાહ પુરાણમા પણ કહેલુ છે કે શ્રુતિ અને સ્મૃતિ એ મારીજ આજ્ઞા છે હે પૃથ્વી ! જે તેનુ ઉલ્લઘન કરીને વર્તે છે તે મારી આજ્ઞાનો ભગ કરનાર, મારો શત્રુ છે પણ મારો ભક્ત નથી એ નિશ્ચે હે પૃથ્વી એવુ આમા સબોધન છે શ્રી વલ્લભાચાર્યે તત્વદીપ નિબધમા કહેલુ છે કે શક્તિ પ્રમાણે પોતાના ધર્મનુ આચરણ કરવુ, અધર્મથી દૂર રહેવુ અને ઇન્દ્રિયોનો નિગ્રહ રાખવો એ ત્રણ વાના કોઇ રીતે ત્યજવા નહિ. એ સત્ય છે તો પણ હાલમા કેટનાક વૈષ્ણવો એ પ્રમાણે કરે છે તેમા તેમનો હેતુ જીન્હા ઇંદ્રિને છુટી મુકવાનો ધાતુની પુષ્ટિ કરવાનો અને પરસ્ત્રીનો સગ કરવાનો લોભજ છે એ પ્રકારે બીજો ઘણો વિસ્તાર છે **अज्ञा** એટલે શ્રીકૃષ્ણ, તેમના ભક્ત અને તેમના ધર્મથી અજ્ઞાન એવા મૂર્ખ પુરૂષો એમની નિદા અને નિદાથી પોતાની જે હાસી થાય તે હાસીને લીધે જે ભય લાગે—આમા નિદાશબ્દ છે એટલે તેના ઉપલક્ષણથી માર પડવા વગેરે પણ સમજવુ—એ ભયથી શ્રીકૃષ્ણની સેવાનો ત્યાગ ન કરવો એટલે કે તેમની નિદાથી પોતાની કાઇ પણ ક્ષતિ થતી નથી એવો ભાવ છે પરાશર ઋષિએ પણ કહેલુ છે કે જે પુરૂષ જેનુ તત્વ નથી જાણતો તે તેની નિદા કરે છે પણ વિદ્વાન્ નથી કરતો એકાદશ સ્કધમા કહ્યુ છે કે ખલ પુરૂષો હરિને વહાલા એવા સત્પુરૂષોની અવગણના કરે છે ભાગવતના ૪ થા સ્કધમા કહ્યુ છે કે કુત્સિત બુદ્ધિવાળા એવા અને આત્મવાદી એવા અસત્પુરૂષોમા તથા મોટા પુરૂષોની ચરણની રજથી જેનુ તેજ હણાઇ ગયુ છે એવાઓમા સર્વદા મહાન એવી નિદાજ હોય એમા મને કાઈ આશ્ચર્ય જણાતુ નથી એને એજ ઉચિત છે દુર્જનોનો એવો સ્વભાવજ છે અને તે ભક્તોએ ધ્યાન રાખવા જેવો નથી જેનુ રક્ષણ કરનાર ચક્રપાણિ એવા ભગવાન છે તેને દુર્જન શુ કરે એમ માટે વિષ્ણુના બુદ્ધિમાન એવા ભક્ત દુર્જનના ભયથી ભક્તિનો ત્યાગ ન કરવો વિષ્ણુધર્મોત્તરમા કહેલુ છે કે જેમ ઘણા એવા શિયાળવાને સિહ જેને તણખલાની પેઠે ગણે છે તે વિષ્ણુના ભક્તોએ મૂર્ખાઓ ન ગણવા નૃસિહચપુમા પ્રલ્હાદજીએ કહેલુ છે કે મારા પિતા ક્રોધ પામેલા છે તોપણ ભગવાનના કીર્તનમાથી હુ વિરામ પામીશ નહી, જેમ કોઇ મોટી હવેલીમા મચ્છર પડયા હોય તેની શકાથી મોટા પુરૂષો તેનો ત્યાગ કરતા નથી તેમ તૃતીય સ્કધના બીજા અધ્યાયમા વિદુરજી પ્રત્યે ભગવાને કહેલુ છે કે ઉદ્ધવજીએ એમ કહ્યા છતા પણ દેવની માયાથી મોહિત થયેલા જે બીજા અસત્ માર્ગને આશરેલાછે તેમના

વાકયોથી, જેમનુ મન હરિ એવા ભગવાન્મા જ રહેલુ છે તેમની બુદ્ધિ ભમી જતી નથી આમા ભકિત અને ધર્મને સહચાર કહેલો છે જેમકે મૂર્ખ પુરૂષોના ભયથી ભક્તિનો ત્યાગ ન કરવો તેમજ ધર્મનો ત્યાગ ન કરવો, એમ જાણુવુ આગળ ભારત સાવિત્રીમા કહે છે તેથી પણુ આમા બે નિષેધ વાકયો છે ૩૯

उत्सवाहेषु नित्यच कृष्ण मदिर मागतै
पुभि स्पृश्या न वनिता स्तत्र ताभिश्च पुरुषा ४०

उन्सवाहेषु नित्यच એટલે દરરોજ તથા ઉત્સવના દિવસો જેવા કે ભગવાનની મહા પૂજા–મુકુટ ધરાવવો વગેરે દિવસો તથા જનમાષ્ટમિ આદિ દિવસોએ " રાજા હ સપ્ત િજ્યાટય " એ મૂત્રથી ટય પ્રત્ય થયો છે, કૃષ્ણુના મદિરમા આવનાર એવા ગૃહસ્થાશ્રમી પુરૂષોએ પણુ **तत्र** એટલે કૃષ્ણુના મદિરમા **वनिता** મનુષ્ય જાતિમાની સ્રીઓ વિશ્વ કોષમા કહેલુ છે કે વનિતા શબ્દ જનિતાત્યર્થ રાગયોષિતિ યોષિતિ એટલા અર્થમા વપરાય **नस्पृश्या** એટલે જાણી જોઇને સ્પર્શ ન કરવો સ્રીઓ એટલે અહી સધવાઓને પણુ જાણુવી અને વિધવાઓના સ્પર્શનો તો કૃષ્ણુના મદીરમા તથા અન્ય સ્થાનમા પણુ નિષેધ કરેલો જ છે તેમજ સધવા સ્રીઓએ પણુ કૃષ્ણુના મદિરમા આવનાર પુરૂષોનો સ્પર્શ ન કરવો હવે આ જે સ્પર્શનો નિષેધ કરેલો છે પણુ સ્મૃતિમા કહ્યુ છે કે તીર્થમા, વિવાહમા યાત્રામા, રણુક્ષેત્રમા, તથા દેશમા રાજ્યક્રાતિ થઇ હોય ત્યારે, પ્રવાસમાં, ગામમા આગ લાગી હોય તે સમયે અસ્પૃશ્યનો સ્પર્શ કરવાથી દોષ લાગતો નથી એ વગેરે પ્રમાણુ લઇ કામી પુરૂષો સ્પર્શ કરે તેનો નિષેધ કર્યો છે કારણુ કે સ્મૃતિમા જે છૂટ આપી છે તે તો આપત્કાલના સબધની છે સ્રી પુરૂષો પરસ્પર સ્પર્શ કરે તો તેથી મનનો ક્ષોભ થાય તેથી ભગવાનના મદિરમા તો ખાસ કરીને તેનો નિષેધ યોગ્ય છે વળી નારદે કહ્યુ છે કે જે દુષ્ટ મનવાળો પુરૂષ ભગવાનના મદિરમા પારકી સ્રીના અગનો સ્પર્શ કરે છે તથા વારવાર સ્રીઓના મુખ જુએ છે તે દુષ્ટમા દુષ્ટ મનુષ્યનો નિશ્ચે ક્ષય થાય છે, આમા નિત્ય પદ છે તેથી ઉત્સવના દિવસોમા એવો અર્થ કરીએ તો પણુ તે પદ જુદુ પડેલુ છે તેનુ કારણુ એ છે કે તે દિવસોએ લોકોની બહુ ભીડ થાય તેથી સ્રીઓનો સ્પર્શ થવાનો સભવ છે માટે તેથી પોતાના શિષ્યોનો પ્રમાદ દૂર કરવા માટેજ એમ કહેલુ છે એવા

શ્રી સ્વામિચરણના વાકયોનો આશય જાણવો ચકાર છે એટલે વાણીની ચપળતા પણ ત્યાગ કરવી યાજ્ઞવલ્કયે કહેલુ છે કે વાણી, હાથ અને પગની ચપળતા તથા અતિશય જમવુ એટલાનો ત્યાગ કરવો મનુસ્મૃતિમા પણ કહેલુ છે કે કર્મ કરવામા બુદ્ધિવાળા એવા પુરૂષે હાથ તથા પગની ચચળતા ન રાખવી તથા નેત્રની ચપળતા ન રાખવી સરળ થવુ, વાણીની ચપળતા ન રાખવી તથા પારકાનો દ્રોહ ન કરવો તેથી મોક્ષ ધર્મમા તેનો નિગ્રહ કહેલો કે ધીરજથી શિશ્નનુ તથા ઉદરનુ રક્ષણ કરવુ તેમજ નેત્રવડે કરીને હાથ અને પગનુ રક્ષણ કરવુ નેત્ર અને શ્રોત્રનુ રક્ષણ મનવડે કરવુ અને મન તથા વાણીને વિદ્યાવડે સાચવવા આમા ચાર નિષેધ વાકયો છે ૪૦

कृष्णदीक्षा गुरोः प्राप्तैः स्तुलसी मालिकेगले ।
धार्ये नित्य चोर्द्ध्वं पुड्रं ललाटादौ द्विजातिभि ४१

गुरो એટલે ગુરૂપદમા સ્થપાયેલા–ધર્મવશના બ્રાહ્મણોની પાસેથી જ એટલે પોતાના ગુરૂપદમા સ્થાપન થયેલાની પાસેથી જ મત્ર, પૂજન, નિયમ, ઉપદેશ આદિ લક્ષણવાળી કૃષ્ણની દીક્ષા તેને પામેલા, આ દીક્ષાના સબધમા ભાગવતના એકાદશ સ્કધના ૩ જા અધ્યાયમા કહ્યુ છે કે આચાર્યથી અનુગ્રહ મેળવીને તેમણે બતાવેલા પૂજનવિધિ કરતો એવો અને પોતાની બુદ્ધિવડે કરીને માનેલી મૂર્તિદ્વારા મહાપુરૂષનુ પૂજન કરવુ, વગેરે વાકય ઉપરથી પણ દીક્ષા લીધા વિના પૂજન વગેરે ભક્તિમા અધિકાર રહેતો નથી માટે દીક્ષા લીધેલાએ એવો અર્થ સમજવો વિજ્ઞાન ઉપનિષત્સહિતામા ગુરૂનુ ઉપલક્ષણ કહેલુ છે કે ઇંદ્રિયને જીતેલો, પવિત્ર, ચતુર, સર્વ અગે કરીને ધર્મમા રહેલો, કાયા વાચા અને મનવડે કરીને બીજાને અભય આપનાર તે ગુરૂ કહેલો છે એ પ્રકારનો અને ધર્મવશમાનો હોય તોપણ જો વિષ્ણુભક્તિથી રહિત હોય તો તે ગુરૂ ન થઇ શકે નારદ પચરાત્રમા પણ કહેલુ છે કે મોટા કુળમા જન્મેલો હોય તથા સર્વ યજ્ઞની દીક્ષા લીધી હોય અને વળી એક હજાર તો શાખાનો અભ્યાસી હોય પણ જો વૈષ્ણવ ન હોય તો ગુરૂ થઈ શકે નહીં, અવૈષ્ણવ એવા ગુરૂથી પામેલા મત્રવડે કરીને મુક્તિ ન મેળવવી પણ વૈષ્ણવ ગુરૂની પાસેથી એ મત્ર ફરી લેવો **कृष्ण** એવુ પદ છે તે દીક્ષાનુ સર્વોત્તમપણુ જતાવે છે ગૌતમીયતત્રના પ્રથમ અધ્યાયમા કહેલુ છે કે હે સુવ્રત ! ગણપતિના, શિવના તથા શાક્તના એ સર્વેના મત્રવર્ગમા વૈષ્ણવ મત્ર શ્રેષ્ઠ ગણાય છે અને તેમા પણ કૃષ્ણમત્ર અધિક ફલદાયક છે **दीक्षा** શબ્દને માટે સાત્વત

તત્રમા કહેલુ છે કે વિજ્ઞાનને સહજે પ્રકાશમા લાવે તથા મોહનો નાશ કરે તેનુ નામ સત્પુરૂષોએ દીક્ષા કહેલુ છે અને તે વેષ્ણવી દીક્ષા જ લેવી અભિધાન ચિતામણિમા દીક્ષા એટલે વ્રતસંગ્રહ એવો અર્થ કરેલો છે વળી ભાગવતમા પરીક્ષિત રાજા પ્રત્યે શુકજીએ કહેલુ છે કે આ લોકમા ભવાટવીમા ભમનારાઓને માટે, ભગવાન્ વાસુદેવમા ભક્તિયોગ જેમ થાય તેના જેવો એકે બીજો કલ્યાણકારક માર્ગ નથી ભાગવતના દ્વિતીય સ્કધના બીજા અધ્યાયમા શુકજીએ પરીક્ષિત રાજા પ્રત્યે કહેલુ છે કે ભગવાન બ્રહ્માએ પોતાની બુદ્ધિવડે કરીને સમગ્ર વેદને ત્રણ વાર તપાસી જોયા અને તેમાથી એવો નિશ્ચય કર્યો કે આત્માને ભગવાનમા પ્રીતિ થાય એ પ્રમાણે ભાગવતના વાકયથી પણ ભગવાનને વિષે સુદૃઢ સ્નેહરૂપી ભક્તિ થાય એજ તાત્પર્ય છે એવો નિશ્ચય થાય છે અહી ‘આત્મ’ શબ્દથી વિષ્ણુ જ જાણવા પણ જીવ નહી અને તેનો સબધ આગના શ્લોકની સાથે જ લેવો શ્રીધર સ્વામિના વ્યાખ્યાનમા પણ આ મા શબ્દને શ્રીહરિના વાચક જ ગણ્યો છે ભાગવતના પચમ સ્કધના ૧૮ મા અધ્યાયમા પ્રહ્લાદજીએ પણ કહ્યુ છે કે હરિ એ જ મનુષ્ય પ્રાણીઓના સાક્ષાત્ આત્મા છે જેમ મત્સ્યોને જળ છે તેમ એ વગેરે વાકયોથી પણ જીવને ભગવાનની ઉપાસના કરવાપણુ કહેલુ છે ભાગવતના ૭ મા સ્કધના ૭ મા અધ્યાયમા પ્રહ્લાદજીએ અસુરોના બાળકો પ્રત્યે કહેલુ છે કે દેવ, અસુર, મનુષ્ય કે યક્ષ, કે ગધર્વ ગમે તે હોય પણ મુકુદ એવા ભગવાનના ચરણ કમળને અમારી પેઠે ભજીને જ કલ્યાણને પામે છે, વગેરે વાકયોથી સર્વેને ભક્તિની જ આવશ્યકતા છે માટે તે ભક્તિના અધિકારના સપાદન માટે ઉપદેશની જરૂર છે એમ નિર્ણય કરેલો છે ઉપદેશ એટલે શકાનુ નિવારણ કરવુ ત પાદ્મોત્તરખડમા શ્રી શકરે દેવી પ્રત્યે કહેલુ છે કે હે ડાબા સાથળે બેસનારી (પાર્વતી) દીક્ષાને નહી પામેલા એવા પુરૂષના બધા કાર્યો નિરર્થક છે અને દીક્ષા વિનાનો પુરૂષ મૃત્યુ પામીને પશુયોનિને પામે છે વળી વૈષ્ણવી દીક્ષાને પામીને જે પુરૂષો આ પૃથ્વીમા વિષ્ણુને ભજે છે તે મનુષ્યો કૃતાર્થ થાય છે બીજાઓ તો પૃથ્વીને ભારરૂપ જ થાય છે સ્કદ પુરાણમા પણ કહેલુ છે કે જેમણે હરિની દીક્ષા લીધી નથી અથવા જનાર્દન એવા ભગવાનની ભક્તિ કરી નથી એવા પુરૂષો આ લોકમા પશુઓ જેવા છે તેમના જીવનથી શુ ફળ છે? દ્વિજાતિ એટલે જેમને ગાયત્રીના ઉપદેશવડે કરીને દ્વિજપણુ પ્રાપ્ત થયુ છે એવા બ્રાહ્મણાદિ ત્રણ વર્ણો તેમને તે ત્રણે

જાતિમા પણ મુખ્ય એવા બ્રાહ્મણો પણ જો શ્રીકૃષ્ણના ભજનથી રહિત હોય તો તેમની પણ બહુ નિદા થાય છે શ્રીમદ્ભાગવતના દશમ સ્કધના ૨૩ મા અધ્યાયમા શુકજીએ કહેલુ છે કે ભગવાન કૃષ્ણને વિષે સ્ત્રીઓની અલૌકિક ભક્તિને જોઇને તેઓ પોતાના આત્માને હલકો માની નિદા કરવા લાગ્યા ભગવાનથી વિમુખ એવા અમારા જન્મને ધિક્કાર હો, વ્રતને ધિક્કાર હો, અમારા સઘળુ જ્ઞાનને ધિક્કાર હો, કુલને ધિક્કાર હો, ક્રિયાને ધિક્કાર હો, અને ચતુરાઇને ધિક્કાર હો, તે સ્ત્રીઓને તો દ્વિજાતિના સસ્કાર પણ નથી, નથી તેમણે ગુરુને ત્યા નિવાસ કરેલો, તેમણે તપ કરેલુ નથી આત્માની મીમાસા કરી નથી તેઓ શુદ્ધ નથી તથા તેમની ક્રિયાઓ સારી નથી પણ ઉત્તમ શ્લોક અને યોગેશ્વર એવા ઈશ્વર કૃષ્ણને વિષે તેમને દૃઢ ભક્તિ થયેલી છે પણ સસ્કારાદિવાળા એવા અમારે તે ભક્તિ નથી ભાગવતના ૭ મા સ્કધના ૯ મા અધ્યાયમા પ્રહ્લાદજીએ નૃસિહજી પ્રત્યે કહેલુ છે કે બારે ગુણ યુક્ત એવા બ્રાહ્મણો પણ જો અરવિદનાભ એવા ભગવાનથી વિમુખ હોય તો તેમના કરતા ભગવાનને જેણે મન અર્પણ કરેલુ છે એવો ચાડાલ શ્રેષ્ઠ છે કેમકે તેણે હિતને અર્થે વચન માનેલુ છે તથા તે પોતાના કુળ સાથે પ્રાણને પવિત્ર કરે છે પણ મોટા એવા બ્રાહ્મણ નથી કરતા ગીતાના ૯ મા અધ્યાયમા ભગવાને કહેલુ છે કે હે અર્જુન ! સ્ત્રીઓ, વૈશ્યો તથા શુદ્રો વગેરે જે પાપયોનિમા જન્મેલા છે તેઓ પણ મારો આશ્રય કરીને પરમગતિને પામે છે, તો પછી પુણ્યવાન્ અને ભક્તો એવા રાજર્ષીઓ તો પરમગતિને પામે એમા શુ આશ્ચર્ય છે ! એ ગીતાના વાક્યથી પણ દ્વિજાતિઓને શ્રીકૃષ્ણની ભક્તિ સપાદન કરવા માટે દીક્ષાનુ ગ્રહણ કરવુ તે યુક્ત જ છે **गले** એટલે ગળામા—કઠમા. કઠ અને ગળુ બન્ને સમાનાર્થ વાચક છે એમ અમરકોષમા છે **तुलसिमालिके** તુલસી શબ્દથી તુલસી નામનુ વૃક્ષ તેનુ લાકડુ તેની બે માળાઓ નિત્યે ધારવી સ્કદપુરાણમા કહેલુ છે કે કઠ પ્રદેશમા તુલસીના કાષ્ઠની માલા ધારણ કરવી તેમા પણ તે ભગવાનમા પ્રીતિને વધારનારી એવી માલાને વૈષ્ણવોએ વિશેષપણે કરીને ધારણ કરવી જો ધારણ ન કરે તો તેનો દોષ પદ્મ પુરાણમા કહેલો છે કે જેઓ—આ માલા ધારણ કરવાથી શો લાભ ? એવો હેતુવાદ બતાવીને—માલાને ધારણ કરતા નથી એવા પાપબુદ્ધિવાળા પુરૂષો ભગવાનના કોપના અગ્નિથી બળેલા સતા નરકમા પડે છે માટે શાસ્ત્રમા એ માળાઓ દરરોજ ધારણ કરવાનુ કહેલુ છે કે તુલસીના કાષ્ઠની માલાને યજ્ઞોપવિતની પેઠે ધારણ કરવી પદ્મપુરાણમા પણ કહેલુ છે કે જે પ્રાણિના

કંઠમાં તુલસીના કાષ્ઠની માલા હોતી નથી તેનું અન્ન માંસ સમાન છે અને જળ મદિરા સમાન છે પૂજા વખતે તથા ધ્યાન સમયે તથા સંધ્યા આદિ નિત્ય કર્મ વખતે જેઓ તુલસીની માલાનું ધારણ કરે છે તે ભક્તો હરિને વહાલા છે ભોજન સમયે, સૂતી વખતે, મલ તથા મૂત્રનો ત્યાગ કરતી વખતે જેઓ તુલસીનું ધારણ કરે છે તેઓ વિષ્ણુના દ્રોહી છે એ વગેરે જે પદ્મપુરાણના વાક્યો છે તે પૂજાદિ સમય પુરતા જ છે અને તે માના મર્યાદા ધારણ કરી તે યોગ્ય નથી એવી શંકા કરવામાં આવે તો તેના જવાબમાં કહે છે કે જે નિષેધ વાક્યો છે તે તો ભગવાનને સમર્પણ નહી કરેલી એવી માલાના સંબંધના છે સ્કંદપુરાણમાંના દ્વારકા માહાત્મ્યમાં કહેલું છે કે જે પુરૂષ તુલસીના કાષ્ઠની બનાવેલી માલા ભગવાનને ધરાવીને ભક્તિવડે કરીને પહેરે છે તેને પાપ લાગતું નથી વળી પાદ્મોત્તરખંડમાં જ કહ્યું છે કે શયનમાં, ભોજનમાં, સ્નાન કરતાં, તથા મલમૂત્ર ત્યાગ કરતાં તુલસીની માલાનો ત્યાગ ન કરવો, જો કરે તો તે દોષનો ભાગી થાય છે વળી શ્રુતિમાં એવું વચન છે કે જો માળા સુવર્ણની બનાવેલી ન હોય તો સુગંધ વિનાની ધારણ ન કરવી એ વચનમાં ધારણ શબ્દની નિર્બળતા ન ગણવી કારણ કે તેમાં તો માત્ર લોહ વગેરેનો નિષેધ છે આ વિષેનો વિશેષ વિસ્તાર તુલસી માલાને ધારણ કરવા વિષેના વાદમાંથી જોઇ લેવું હવે બે માળાઓ પહેરવી એનું શું કારણ ? તેના સંબંધમાં કહે છે કે શ્રી રાધાકૃષ્ણ એ નામના બે સ્વરૂપોની ઉપાસના બે માળાથી સૂચવાય છે એમ જાણવું એથી કોઈ વખત શ્રીકૃષ્ણ અને કવચિત્ કૃષ્ણ એમ ભગવાનના નામનો નિર્દેશ બે પ્રકારે થાય છે એમ આ સ્થળે જાણવું માળાને ધારણ કરવાનો મંત્ર વિષ્ણુધર્મમાં કહેલો છે તે આવો છે 'તુલસીના કાષ્ઠથી બનાવેલી અને વિષ્ણુના ભક્તને પ્રિય એવી હે માળા !

તને મારા ગળામાં ધારણ કરૂં છું તું મને કૃષ્ણનો પ્રિય (ભક્ત) બનાવ હવે **ललाटादौ** એવો શબ્દ છે એટલે ભાલ (કપાળ) આદિ એટલે કે હૃદય વગેરે પોતાના અંગો પણ સમજવાં **उर्द्ध** એટલે ઉભું લાકડીના આકારનું **पुंड्र** એટલે તિલક

पुंड्रम એવો પાઠ હોય તો એવો અર્થ કરવો કે માત્ર પુરૂષોએજ જેનું ધારણ કરાય તે સ્ત્રીઓ જે તિલક ન કરે તેનું નામ **पुंड्रम** જો તિલક ન કરે તો બધાં સત્કર્મનું આચરણ અધિકાર વિનાજ થયું ગણાય

છે બ્રહ્મનારદ પુરાણમા નિર્ણયસિંધુમા કહેલુ છે કે યજ્ઞ, દાન, જપ, હોમ, સ્વાધ્યાય, તથા પિતરીઓ સબધી કર્મ, એ જો ઉભા તિલક કર્યા વિના કરવામા આવે તો તે બધા નિષ્ફળ થાય છે કેટલેક ઠેકાણે એમ કહ્યુ છે કે ભાળમા તિલકને અને બન્ને માળાને જોઇને તથા જે ઉત્તમ જાતિની સ્ત્રી શૂદ્રની સાથે વ્યભિચાર કરે તેના પતિને જોઇને પિત્રીઓ નિરાશ થાય છે એ વગેરે સ્મૃતિ વાક્યથી શ્રાદ્ધના વખતમા ઉર્દ્ધ્વપુંડ્રનો નિષેધ કરે છે પણ એ નિષેધ સમજ વગરનો છે એવા જે વાકયો છે તે શ્રાદ્ધના વખતમા ચદનથી જે ઉભુ તિલક કર્યુ હોય તે પરત્વે છે. આશ્વલાયન સ્મૃતિમા કહેલુ છે કે પિંડનુ દાન કર્યા પહેલા ચદન આદીનુ તિલક ન કરવુ ચદન આદિ એટલે કંકુ વગેરેનુ પણ તિલક ન કરવુ પૃથ્વીચદ્ર આદિ શબ્દનો અર્થ ત્રિપુંડ્ર કરે છે વૃદ્ધ પરાશર મુનિએ કહેલુ છે કે તિલક ઉભુ કરવુ, પણ ત્રિપુંડ્રક ન કરવુ, કારણકે ત્રિપુંડ્રકને જોઇને પિત્રીઓ નિરાશ થાય છે માટે શ્રાદ્ધ સમયે પણ ગોપીચદનનુ ઉભુ તિલક કરવુ પદ્મપુરાણમા કહેલુ છે કે હે સારા મુખવાળી ! જે માણસ ઉભુ તિલક કરીને શ્રાદ્ધ કરે છે તે કોટિ કલ્પ જેટલા હજારો ગયા શ્રાદ્ધ કર્યા હોય તેટલુ ફળ પામે છે ધર્મ પ્રવૃત્તિમા સ્મૃતિસાર સમુચ્ચયમા ઉભુ તિલક કરવાનુ કહેલુ છે શિવ તથા વિષ્ણુના ભક્તોએ લલાટમા તિલક કરીને તર્પણ તથા શ્રાદ્ધ કરવુ નહીતો તે ક્રિયાઓ નિષ્ફળ થાય છે હવે મદન પારિજાત નામના ગ્રથમા બ્રહ્માએ જે એવુ વાકય કહેલુ છે કે બ્રાહ્મણોએ ઉભુ તિલક કરવુ, ક્ષત્રિયોએ ત્રિપુંડ્ર કરવુ, વૈશ્યોએ અર્દ્ધચદ્ર કરવુ અને શૂદ્રોએ માત્ર ગોળ ચાદલો કરવો તે વાક્ય તો અવૈષ્ણવ એવા ક્ષત્રિયાદિ માટે છે પણ વિષ્ણુના ભકતો માટે નથી. પાદ્મોત્તર ખડના ઉર્દ્ધ્વ પુંડ્રવાળા અધ્યાયમા કહેલુ છે કે ઉભુ તિલક કરવાનો તો કોઇને કયારેય નિષેધ કરેલો નથી અને તે ઉભુ તિલક ક્ષત્રિયાદિક જે વિષ્ણુના ભકતો તેમણે સદાય ધારણ કરવુ હવે સર્વે ભકતોને શિવજીનુ ચિન્હ ઉત્તમ નથી તેમણે લલાટમા શ્વેત એવી ભસ્મથી ત્રિપુંડ્ર કરવુ એવુ કૂર્મ પુરાણનુ વાકય છે તે શિવજીને લગતા પ્રકરણથી તેવા નિશ્ચય કર્યો છે. આવો નિર્ણય ઉભુ તિલક ધારણ કરવાના વાદમા નક્કી કરેલો છે અહીં જે લલાટાદિમા એમ કહેલુ છે તેથી સર્વેએ પોતાના લલાટ, હૃદય, તથા બન્ને બાહુના મળી એમ ચાર અગ સમજવા અને તે વિગત આગળ દીક્ષાવિધિમા આપેલી છે બ્રહ્મચારિઓને કંઠ પ્રદેશ વધારે એટલે તેમને પાચ અગ

ગણવાના છે હવે ધારણ કરવાનો વિધિ સ્નાન કરવાના પ્રકરણમા કહેવાશે જે च કાર છે તેથી છાપો લેવી વગેરે પણ વૈષ્ણવોને નિત્યેજ ધારણ કરવાની છે તે વિષે પદ્મ પુરાણમા નિર્ણય સિધુમા કહેલુ છે કે જેમ બ્રાહ્મણને અગ્નિહોત્ર તથા વેદાધ્યયન રોજ થાય છે તેમ તને છાપો પણ હમેશાજ ધારણ કરવાની છે કાશિખડમા પણ કહેલુ છે કે જો બ્રાહ્મણ, ક્ષત્રિય વૈશ્ય, શુદ્ર અથવા તો બીજી વર્ણનો કોઇ જન શખ, ચક્રની છાપથી અંકિત થયેલો હોય અને તેણે તુલસીની માળા ધારણ કરી હોય તથા ગોપી ચદનથી પોતાના અગનુ લેપન કર્યું હોય તો તેને પાપ ક્યાથી લાગે? સ્કદ પુરાણમા પણ કહેલુ છે કે છાપ લીધેલો બ્રાહ્મણ અને તે વળી જો વિષ્ણુનો ભક્ત હોય તો તેને જોઇને તેનુ પૂજન કરવુ તેમા જરાય સદેહ રાખવો નહી તેની નિદા કરનાર નરકમા પડે છે આચાર દીપમા પણ કહ્યુ છે કે બ્રાહ્મણ અને ખાસ કરીને વૈષ્ણવે તો શક્ર, ચક્ર, ગદા આદિ છાપો જનોઇની પેઠે ધારણ કરવી ઉર્ધ્વપુડ્ર ધારણ કરવાના વાદમા એમ કહેલુ છે કે વૈષ્ણવોને ઉર્ધ્વ પુડ ધારણ કરવુ વગેરે અસાધારણ ચિન્હ છે તે આ પ્રમાણે–ઉભુ તિલક, તુલસીની માળા અને ચક્ર વગેરે ધારણ કરવુ, શાલિગ્રામવાળા પાષાણની પુજા કરવી, તે વિષ્ણુના ભક્તનુ ચિન્હ છે આમા એ વિધિ વાક્યો છે ૪૧

હવે ઉભુ તિલક શાનાવતી કરવુ તે કહે છે.

तत्तु गोपोचदनेन चदनेनाऽथवा हरे
कार्यं पूजा वशिष्टेन केसरादि युतेन च ४२

એ ઉભુ તિલક તે પણ ગોપીચદન વડે કરવુ ગોપીચદન એટલે દ્વારિકા માહાત્મ્યમા પ્રસિદ્ધ એવી ગોપીચદનવાળી મૃતિકા **हरे** એટલે શ્રીકૃષ્ણની પૂજા કરતા બાકી વધેલુ જે ચદન તે વડે કરીને એટલે કે પ્રસિદ્ધ એવુ જે ચદન તે વડે કરીને કરવુ શ્લોકમા चकार છે તેનો અર્થ અહી 'અથવા' કરવો, કેસર તો પ્રસિદ્ધ છે પીળુ અને સુગધીમાન એ, કેસર આદિ એટલે કુંકુમ વગેરેથી મિશ્રિત કરેલુ એવુ ચદન તે વડે કરવુ આમા પણ હરિની પૂજા કરતા વધેલુ એમ સબધ લેવો અહી જે ગોપીચદન એમ જણાવ્યુ છે તે વડે કરીને તીર્થની મૃતિકા એમ પણ જાણવુ આચારમાધવ ક્ષહ્માડમા કહેલુ છે કે પર્વતની આગળની નદીના

કાંઠાની અને વિશેષ કરી મારા ક્ષેત્રમાંની સમુદ્રના તીરની તથા તુલસીના ઝાડના મૂળના રાફડાની એટલાની માટી લેવી અને બીજી માટીનો ત્યાગ કરવો વ્યાસજીએ મદન પારિજાતમાં પણ કહ્યું છે કે જે પુરૂષ ગંગા નદીના કાંઠાની મૃતિકાને મસ્તક ઉપર ધારણ કરે છે તેને અંધકારનો નાશ કરનાર એવું સૂર્યનું રૂપ પ્રાપ્ત થાય છે વળી સત્યતપે એજ ગ્રંથમાં કહેલું છે કે ગોમતીના કાંઠે ઉત્પન્ન થયેલી અને ગોપીના દેહના સમૂહમાંથી ઉપજેલી, એવી મૃતિકા તેને જે પુરૂષ મસ્તકે ધારણ કરે છે તે સર્વે પાપ થકી મુક્ત થાય છે પદ્મપુરાણમાં પણ કહેલું છે કે જ્યાં દિવ્ય એવું હરિ ક્ષેત્ર છે, ત્યાંથી મૃતિકાને લઇને, સર્વે ઇચ્છાઓ પાર પાડવાને ઉભું તિલક કરવું સ્કંદપુરાણમાં માગશિર માસના માહાત્મ્યમાં કહેલું છે કે વૈષ્ણવોએ તુલસીના ઝાડની મૃતિકાથી અથવા ગોપીચંદનથી અથવા હરિચંદનથી ઉભું તિલક કરવું હરિચંદન એટલે ભગવાનની પ્રસાદિનું ચંદન. ધર્મપ્રવૃત્તિમાં સ્મૃતિ સાર સમુચ્ચયમાં ક્યાંક ગોપીચંદનનો નિષેધ પણ કરેલો છે શ્રા. મર્દન કરવામાં, સૂતકમાં, વિવાહમાં, પુત્રના જન્મ સમયે એ વગેરે બીજા મંગળ કાર્યોમાં ગોપીચંદનનું ધારણ ન કરવું. પણ ભગવાનની પૂજામાં વધેલા ચંદનથી વૈષ્ણવોએ કરવાના ઉભા તિલકનો ક્યારેય પણ નિષેધ કરેલો જણાતો નથી એકાદશસ્કંધમાં ભગવાન્ શ્રીકૃષ્ણ પ્રત્યે ઉદ્ધવજીએ કહેલું છે કે આપના ઉપભોગમાં આવેલા માળા, સુગંધીમાન દ્રવ્ય, વસ્ત્ર ઘરેણાં વગેરેથી ધારણ કરાયેલા અને તમારા ઉચ્છિષ્ટ અન્ન જમનાર એવા તમારા ભક્તો અમે તે માયાને જીતીએ છીએ, અને વરાહ પુરાણમાં તો કાળના ભેદ વડે કરીને વિશેષ પ્રકારના દ્રવ્યને કહેલું છે મૃતિકા, ચંદન, ભસ્મ અને પાણી એ ચાર દ્રવ્યો વડે કરીને જેવા સમય તે પ્રમાણે ઉભું તિલક કરવું સ્નાન કરીને મૃતિકાથી તિલક કરવું પછી ભસ્મ વડે કરીને લેપન કરીને દેવની સુગંધી વડે પૂજા કરી અને પાપથી મુકાવું જળમાંના કર્મની સિદ્ધિ માટે જળ વડે કરીને તિલક કરવું વિશેષ વિસ્તાર ઉર્દ્ધ્વ પુંડ્રવાદમાંથી તથા પદ્મ પુરાણના ઉત્તર ખંડના અધ્યાયમાંથી જોઇ લેવું આમાં ત્રણે વિધિ વાક્યો છે ૪૧

तन्मध्य एव कर्तव्य पुंड्रद्रव्येण चंद्रक
कुंकुमे नाथवा वृत्तो राधा लक्ष्मी प्रमादिना ४२

હવે તેની એટલે ઊભા તિલકની મધ્યે એટલે વચ્ચે-ઊંચે કે નીચે નહી ગોપીચંદન આદિથી ઊભું તિલક કરવામાં આવે તે જ સાધન વડે ગોળ

ચાલ્લો કરવો વૃત્ત એટલે વર્તુળ ગોળ ચન્દ્રક એટલે ચન્દ્રના જેવો ચાલ્લો કરવો **इवे प्रति कृतौ** એથી કન્ પ્રત્યય થયો છે સાર સંગ્રહમા વિષ્ણુ ધર્મોત્તરમા એવુ વાક્ય છે કે ઊભા તિલકની મધ્યે હલધના ચૂર્ણને તથા કુકુમને વૈષ્ણવોએ શ્રીલક્ષ્મીજીને રાજી કરવા માટે ધારણ કરવા—એ વાક્યનુ આલમ્બન કરીને તે ચાલ્લા કરવાનુ જે દ્રવ્ય કુકુમને કહ્યુ રાધિકાજી અથવા લક્ષ્મીજીની સેવા કરતા વધેલુ એવુ જે કુકુમ તે વડે કરીને ચાદલા કરવા ઊભુ તિલક તે ચાદલે સહિત કરવુ એવો દીક્ષા વિધિ કહેલો છે આમા બે વિધિ વાક્યો અને એક પેટા વાક્ય એમ ત્રણ છે ૪૩ હવે બ્રાહ્મણ, ક્ષત્રિયો, વૈશ્યો અને શદ્રો તેમની જે સ્ત્રીઓ તેમણે પણ સદ્ગુરુ પાસેથી વિષ્ણુની દીક્ષા આ પૃથ્વીમા સર્વે પ્રકારે લેવી એવુ વિષ્ણુ ધર્મોત્તરમા કહેલુ છે એટલે ચારે વર્ણને વિષ્ણુની દીક્ષાનો અધિકાર છે એટલે તેમને તુલસી માલા, ઉર્દ્ધ્વપુડ્ર વગેરે ધારણ કરવાની વ્યવસ્થા કહે છે

सच्छूद्रा कृष्ण भक्ताये तैस्तु मालोर्द्ध पुड्रके
द्विजाति वद्धारणीये निज धर्मेषु सस्थितै ४४

જે કૃષ્ણના ભક્તો સચ્છૂદ્રો હોય એવુ આ શ્લોકના અર્થમા ઉપરથી લેવુ. એવા જે ભક્તો પોતાના ધર્મમા રહેતા હોય તેમણે પણ ત્રણે વર્ણની પેઠે જ એવો અર્થ કરવો અહી શદ્રોના બે પ્રકાર જણાવેલા છે સચ્છૂદ્રો અને અસચ્છૂદ્રો તેમા સત્ શદ્રો એટલે ગોવાળીઆ, હજામ, કુભાર આદિ કેટલાક વામકોડાને પણ સત્ શદ્ર ગણે છે સ્વધર્મનિઠ એટલે પોતાના ધર્મમા રહેલા જો ન રહ્યા હોય તો અસત વસ્તુત વિશુદ્ધ કુટુમ્બમા જન્મેલા, મદ્યમાસને ત્યાગ કરનારા એવા અને સારી વૃત્તિવાળા દ્વિજના ભક્ત હોય તે સત શદ્રમા ગણેલા છે એવુ સત્ શદ્રનુ લક્ષણ સ્મૃતિમા કહેલુ છે તેથી વિપરીત લક્ષણવાળા હોય તે અસત્ શદ્ર સમજવા જેઓ વર્ણશકર છે તે શદ્ર ધર્મવાળાની બરાબર જાણવા તેમને જુદા કહેલા નથી મિતાક્ષરામા પણ કહેલુ છે કે વર્ણશકરથી ઉત્પન્ન થયેલા તે બધા, શદ્રોની બરાબર છે વર્ણશકર એટલે અનુલોમ અથવા પ્રતિલોમ લગ્નોથી ઉત્પન્ન થયેલા (એટલે કે ઉચ્ચ જાતિનો પુરૂષ અને નીચ જાતિની સ્ત્રીથી અથવા નીચ જાતિનો પુરૂષ અને ઉચ્ચ જાતિની સ્ત્રીથી) તેમા પણ અનુલોમ લગ્નથી (એટલે ઉચ્ચ જાતિનો પુરૂષ અને નીચ જાતિની સ્ત્રીના લગ્નથી) જેની ઉત્પત્તિ છે તે સત ગણાય છે જ્યારે બીજા અસત ગણાય છે

તેમા પણ અનુલોમજ (ઉચ્ચ જાતિના પુરૂષથી નીચ જાતિની સ્ત્રીને થયેલો) એ સત્ અને બીજા એટલે પ્રતિલોમજ (નીચજાતિના પુરૂષ અને ઉચ્ચ વર્ણની સ્ત્રીથી થયેલા) તે અસત્ ગણાય છે સ્મૃતિમા પણ કહેલુ છે કે ક્ષત્રિય જાતિની સ્ત્રીને બ્રાહ્મણજાતિના પુરૂષથી પુત્ર ઉત્પન્ન થાય તે મૂર્દ્ધાવસિક્ત કહેવાય અને સ્ત્રી જો વૈશ્ય જાતિની હોય તો તે પુત્ર અમ્બષ્ટ કહેવાય, શૂદ્ર જાતિની સ્ત્રી હોય તો ભિલ અથવા પાર્શવ પણ કહેવાય હવે રાજા એટલે ક્ષત્રિય જાતિનો પુરૂષ અને વૈશ્ય તથા શૂદ્ર જાતિની સ્ત્રીઓ હોય તો તે થકી થનાર પુત્રોની ઉત્પત્તિ અનુક્રમે માહિષ્ય અને ઉગ્ર કહેવાય શૂદ્ર જાતિની સ્ત્રી અને વૈશ્ય જાતિના પુરૂષ થકી ઉત્પન્ન થયેલો પુત્ર કરણ કહેવાય

હવે પ્રતિલોમજ લગ્નોથી થતા પુત્રોના નામ કહે છે બ્રાહ્મણ જાતિની સ્ત્રીથી ક્ષત્રિય પુરૂષ જો પુત્રોત્પત્તિ કરે તો તે સૂત કહેવાય, તેજ પુરૂષ જો વૈશ્ય સ્ત્રીથી પુત્ર ઉત્પન્ન કરે તો તે વૈદેહિક કહેવાય અને શૂદ્ર સ્ત્રીથી પુત્રની ઉત્પત્તિ કરે તો તે પુત્ર ચડાળ કહેવાય એ ચડાળ બધા ધર્મોથી બહિષ્કૃત જાણવો હવે ક્ષત્રિય જાતિની સ્ત્રીથી વૈશ્ય જો પુત્ર ઉત્પન્ન કરે કરે તો તે માગધ કહેવાય અને જો તે સ્ત્રી શૂદ્ર જાતિના પુરૂષથી સતાનોત્પત્તિ કરાવે તો તે ક્ષત્તા કહેવાય વૈશ્ય સ્ત્રીથી શૂદ્ર જાતિનો પુરૂષ જે સતતિ ઉત્પન્ન કરે તે આયોગવ અને સુત કહેવાય હવે ઉપર જે માહિષ્ય જાતિની સતતિ કહી તે વડે કરણ જાતિની સ્ત્રીમા જે પ્રજા થાય તે રથકાર કહેવાય પ્રતિલોમ અને અનુલોમ લગ્નોથી ઉત્પન્ન થયેલી જાતિઓ સત્ તેમજ અસત્ બન્ને પ્રકારની છે તેનો વધુ ભેદ જાણવો હોય તો જાતિવિવેક વગેરે ગ્રથોમા જોવુ હવે તેમા જે શ્રીકૃષ્ણના ભક્ત હોય અને મુમુક્ષુ હોય એવા જે સત્શૂદ્રો-એટલે કે ત્રણે વર્ણોની સેવા આદિ લક્ષણ-કહેવાનારા સ્વધર્મરૂપી પોતાના ધર્મમા રહેલા—એનો ભાવાર્થ એવો છે કે ધર્મથી ભ્રષ્ટ થયેલાને અધિકાર નથી એવો અર્થ છે એવા સ્વધર્મવાળા સચ્છૂદ્રો તેમણે તુલસીના કાષ્ટની માલા તથા ઊભુ તિલક એ બે વાના ત્રણ વર્ણના વૈષ્ણવોની પેઠે જ ધારણ કરવા આમા ધારણ કરવા તેમા મત્ર અને દીક્ષા એનો પણ સમાવેશ થઈ જ જાય છે નારદ પચરાત્રમા કહેલુ છે કે મુમુક્ષુ એવા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા સચ્છૂદ્રો તેમણે તુલસીની માલા તથા ઊભુ તિલક એ ચિન્હો ઉપરાત વૈષ્ણવ મત્ર

લેવો દીક્ષા વેળા એવા શૂદ્રવર્ણનાએ પણ ઊભુ તિલક કરવુ દીક્ષા વિધિના સબધમા વધારે હકીકત વિજ્ઞાન ઉપનિષત્ સહિતાના ૧૬ મા પટલમાથી જાણી લેવી અને તે ગ્રથમાંથી પણ પોતાની શક્તિ મુજબ અને વિધિસહ સપ્રદાયના ગ્રથમાથી જાણવી હવે શૂદ્ર અને દ્વિજાતિ વચ્ચે વિલક્ષણતા એ છે કે શૂદ્ર એ ચોથો વર્ણ છે તો પણ તે વર્ણમા હોવાથી તેને ધર્મનો અધિકાર છે, જો કે સ્વધા, સ્વાહા, વષટ્કાર આદિ જે વેદમત્રો છે તેના અધિકાર વિના–એમ સ્મૃતિઓએ કહેલુ છે તે વિષે વિશેષ વિસ્તાર શૂદ્ર-કમલાકર નામના ગ્રથમાથી જોવો હવે શૂદ્રોને દીક્ષાના અધિકારના સબધમા –હે વરાગને ! ચારે વર્ણની યશસ્વી એવી દીક્ષાને હુ હમણાજ કહુ છુ ત્યાથી માડીને, દ્વિજોની દીક્ષા કહી હવે હુ મારા ભક્ત એવા શૂદ્રની દીક્ષા પણ કહૂં છુ–એવુ જે સ્મૃતિ કૌમુદીમા વારાહ ભગવાને કહેલુ છે તે જોવુ આમા એક વિધિ વાક્ય છે અને એક પેટા વાક્ય મળીને બે છે ૪૪

भक्तैस्तदितरैर्माले चन्दनादीधनोद्भवे
धार्यो कंठे ललाटेऽथ कार्य केवल चद्रक ॥४५॥

भक्तै એટલે સચ્છૂદ્ર તેમનાથી બીજા એટલે અસચ્છૂદ્રાદિ વગેરે મનુષ્ય માત્રને ભગવાનનુ નામ, કીર્તન આદિ ભક્તિનો અધિકાર છે એવો ભાવ છે દશમ સ્કધના ૫૧ મા અધ્યાયમા મુચકુદ રાજાએ ભગવાન્ પ્રત્યે કહેલુ છે કે આ લોકમા દુર્લભ એવો મનુષ્ય દેહ તેને પામીને, ઘરના અધારા કૂવામા પડેલા પશુની પેઠે દુર્બુદ્ધિવાળા મનુષ્યો ભગવાનના ચરણ કમળને કેમ ભજતા નહીં હોય ? બીજા સ્કધના ૯ મા અધ્યાયમા પરીક્ષિત રાજાના પ્રશ્નના ઉત્તરમા શુકજીએ કહેલુ છે કે કિરાત, હૂણ આધ્ર, પુલિદ, પુષ્કસ, આભીર, કક, યવન અને ખસ આદિ તથા બીજા પાપી પુરૂષો જેના ચરણકમળના આશ્રયથી શુદ્ધ થાય છે એવા વિષ્ણુને નમસ્કાર હો પ્રથમ સ્કધના અઢારમા અધ્યાયમા શૌનકપ્રતિ સૂત પુરાણીએ કહેલુ છે કે દુષિત કુળથી ઉત્પન્ન થતી મનની પીડાને તત્કાળજ હરે છે તથા લૌકિક હોવા છતા સભાષણ લક્ષણના સબધને પવિત્ર કરે, એ વગેરે ભાગવતનુ પણ વાક્ય છે એવા ભક્તોએ ચદન વગેરેના એટલે ધાત્રી આદી વૃક્ષના લાકડા–એટલે જેનાથી અગ્નિની પ્રાપ્તિ થાય–એવા સૂક્ષ્મ તેવા કાષ્ઠમાથી ઉત્પન્ન થયેલી બે માળાઓ ધારણ કરવી લલાટ એટલે ભાલના મધ્યભાગમા **केवल** એટલે તિલક રહિત એવો ચાદલો જ કરવો જો કે આચાર માધવમા સત્યવ્રતે એવુ વચન કહેલુ છે કે જેના

લલાટમા સીધુ અને સૌમ્ય એવુ ઊભુ તિલક દેખાય તે ચડાળ હોય તો પણ તે વિશુદ્ધ એવો મનુષ્ય પૂજા કરવા યોગ્ય છે, તેમા સશય નથી,—એટલે ચડાળ શુદ્રાને પણ ઊભુ તિલક કરવામા દોષ નથી જે અસચ્છૂદ્રોછે તેમને ભગવાનની પ્રતિમાનુ પ્રત્યક્ષ પૂજન, આદિમા અધિકાર નથી, માત્ર પ્રતિમાના દર્શન, નામ કીર્તન કરવામા જ અધિકાર હોવાથી ઊભુ તિલક ધારણ કરવાનુ પ્રયોજન રહેતુ નથી માટે શૂદ્ર જાતિને માત્ર ગોળ ચાદલો કરવો એવા સામાન્ય વાક્યથી માત્ર ચાદલો કરવો યોગ્ય છે યાગ, દાન, તપ, હોમ, સ્વાધ્યાય તથા પિત્રીઓને તર્પણ કવા તે એ બધુ, ઊભુ તિલક નહીં કરનારનુ નાશ પામે છે એમ મદનપારિજાતમા બ્રહ્માએ કહેલુ છે તેથી ઊભુ તિલક ધારણ કરવામા યાગાદિનો પણ સમાવેશ થતો હોવાથી દ્વિજાતિના તેમજ શૂદ્ર જાતિના લોકોને પણ તેનો અધિકાર હોવાથી તેમને તેનો અધિકાર છે એમ જાણવુ શૂદ્રોને યાગાદિ કરવાના પ્રકાર શૂદ્ર કમળાકરમા કહેલા આન્હિક પ્રયોગમાથી જાણી લેવા બ્રહ્માનુ વાક્ય એવુ છે કે ઊભુ તિલક સ્તુતિકારક છે એ પ્રમાણે બીજો ઘણો વિસ્તાર છે એજ પ્રમાણે તુલસીની માલા ધારણ કરવામા પણ જાણવુ આમા બન્ને વિધિ વાક્યો છે ૪૫.

હવે સ્માર્ત અને વૈષ્ણવ એવા ભેદવાળા બે સપ્રદાયો અનાદિ પ્રસિદ્ધ છે તેમા સ્માર્ત સપ્રદાયવાળાઓને વૈષ્ણવોના સમાગમ વડે કરીને વિષ્ણુની ભક્તિમા રૂચિ ઉત્પન્ન થાય તોપણ ભસ્મ ત્રિપુડ્ર આદિ જે સ્માર્તનુ ચિન્હ તેનો ત્યાગ કરવામા અને ઊભુ તિલક આદિ વૈષ્ણવના ચિન્હો ધારણ કરવામા લોક તરફથી હાસિ થાય તેમ હોય તથા પોતાના કુટુમ્બીઓ તરફથી કલેશ થતો હોય તો તેમણે શ્રી કૃષ્ણના આશ્રય વિનાના પુરૂષોને બાહ્ય ચિન્હ નહિ પણ આતર શુદ્ધિજ ભગવાનને રાજી કર્યાનો હેતુ છે એવુ સૂચવીને પોતાના કુલ પરપરા પ્રાપ્ત એવુ ચિન્હ તેનો ત્યાગ ન કરવો એવા હેતુથી બે શ્લોકમા કહે છે

त्रिपुड्रू रुद्राक्ष धृतिर्येषांस्यात् स्वकुलागता ।
तैस्तु विप्रादिभि क्वापि न त्याज्या सा मदाश्रितै ॥४६॥

त्रिरेखं पुड्रू त्रिपुंड्रम् એમ મધ્યમપદ લોપી સમાસથી **त्रिपुंड्र** શબ્દ બન્યો છે ભસ્મ વગેરેથી વાકી ત્રણ રેખા વાળા લક્ષણનુ જે તિલક તેને ત્રિપુડ્ર કહેલુ છે તેવુ ત્રિપુડ્ર અને રૂદ્રાક્ષ તે ધારણ કરવાનુ જો પોતાના કુલ પરપરાથી પ્રાપ્ત થયુ હોય તો—આ બન્ને ધારણ કરવાથી

શિવપૂજાના ફળની સિદ્ધિ થાય છે કારણકે તિથિ તત્વનિગ નામના ગ્રથમ કહેલુ છે કે ભસ્મના ત્રિપુડ્ર વિના તથા રૂદ્રાક્ષની માલા વિના મહાદેવનુ પણ જો પૂજન કરે તો તેનુ ફળ મળતુ નથી—એ કુલ પરપરા આવેલા ત્રિપુડ અને રૂદ્રાક્ષ ધારણ કરવાનુ કદાપિ ત્યાગ ન કરવુ કારણકે વૈષ્ણવોના ગજા એવા શ્રી શકરનુ એ ચિન્હ છે, એવો તેના ભાવ છે શ્રીમદ્ ભાગવતમા શ્રી શકરનુ વૈષ્ણવોથી ઉત્તમ પણુ કહેલુ છે દ્વાદશ સ્કધના તેરમા અધ્યાયમા શૌનક પ્રતિ સૂત પુરાણીનુ વચન છે કે વૈષ્ણવોમા જેમ શભુ—વગેરે પ્રથમ સ્કધના નવમા અધ્યાયમા પાડવો પ્રત્યે ભીષ્મે કહેલુ છે કે શ્રી કૃષ્ણનો અનુભાવ તે વેદમાનુ ગુહ્યતમ રહસ્ય એવા ભગવાન્ શિવજી છે ચતુર્થ સ્કધના ત્રીજા અધ્યાયમા શિવજીએ પાર્વતીજી પ્રત્યે કહેલુ છે કે શુદ્ધ સત્વ તથા વાસુદેવ શબ્દ વડે કરીને જે જણાય છે તે, પુરૂષ તથા તે બ્રહ્મમા, ભગવાનમા, વાસુદેવમા, તથા અધોક્ષજ એવા ભગવાનમા પ્રમરે છે એમ મારા મનથી મે નિશ્ચય કર્યો છે

ગરુડ પુરાણના બીજા અધ્યાયમા શ્રી શકરે બ્રહ્માપ્રત્યે પણ કહેલુ છે કે પરમાત્મા, ઇશ્વર, સર્વને આપનારા, સર્વ સ્થળે ગતિ કરનારા, સર્વ અને સર્વે પ્રાણના હૃદયમા રહેલા એવા વિષ્ણુ જે તમે તે તમારૂ હુ ધ્યાન કરૂ છુ હે પિતામહ ! ભસ્મથી દેહને ચોળવો અને જટા, રૂદ્રાક્ષથી શોભતો એવો હુ વિષ્ણુનુ આરાધન કરૂ એવુ મારૂ વ્રત છે વગેરે વળી આવા વાક્યોથી શકરને વૈષ્ણવોના મહાન ધર્મની ખબર નથી એમ ન માનવુ ભાગવતના ૬ ઠ્ઠા સ્કધમા ૩ જા અધ્યાયમા યમરાજાએ કહેલુ છે કે હે દૂતો ! સ્વયભૂ જે બ્રહ્મા, નારદ, શભુ, કાર્તિકસ્વામી, કપિલ, મનુ, પ્રહ્લાદ, જનક, ભીષ્મ, બલિરાજા અને શુકદેવ એ બાર ભાગવત્ ધર્મના જાણકાર છે, જે ગુહ્ય, વિશુદ્ધ અને દુ ખે કરીને પણ ન જણાય એવા ભાગવત્ ધર્મને જાણીને મોક્ષની પ્રાપ્તિ થાય છે ભસ્મ ત્રિપુડ્ર ધારણ કરવાનો વિધિ તો કાલાગ્નિ રૂદ્ર ઉપનિષદ્‌માથી જાણવો તેમા પણ ભાવશુદ્ધિની અપેક્ષા તો છે જ જેમનુ અત કરણ શુદ્ધ છે તેમને વિભૂતિ પવિત્ર કરે છે, પણ ભસ્મથી ધૂસર થયેલા શરીરવાળા પવિત્ર ગધેડાઓની કઇ કીર્તિ ગવાય છે ? એમ સ્કધ પુરાણના કાશી ખડના ૩૫ મા અધ્યાયમા કહેલુ છે આમા એક નિષેધ વાક્ય અને એક અવાતર વાક્ય એમ મળીને બે છે ૪૬

હવે એમાના હેતુથી શિવ વિષ્ણુના બે સ્વરૂપોનુ એકાત્મપણુ સપ્રમાણ કહે છે

एकात्म्यमेव विज्ञेय नारायण महेशयो ।
उभयोर्ब्रह्मरुपेण वेदेषु प्रतिपादितान ॥४७॥

આપ એટલે જળ જળ એ નિશ્ચે નર એવા ભગવાનમાંથી ઉત્પન્ન થયેલું છે એ જળ છે શયન જેનું તેવા નારાયણ એમ સ્મૃતિમાં કહેલું છે એટલે જેની નાભિમાંથી બ્રહ્મા થયા છે એવા પદ્મનાભ શ્રી વિષ્ણુ, એજ અને મહેશ શ્રી શંકર એ બેનું એકાત્મ્ય કહેલું છે. એટલે કે તે બન્નેનું રૂપ એક જ એમ કહેલું છે બન્નેનો હેતુ કહે છે ચાર વેદમાં તથા પુરાણોમાં નારાયણ અને મહેશ એ બન્નેનું બ્રહ્મરૂપે કરીને એકપણું કહેલું છે તેથી તેઓ અથર્વશિખા, અથર્વશિર, શ્વેતાશ્વતરીય, મંત્રોપનિષત્, દેવ્યોપનિષત્ વગેરેમાં શિવરૂપ વડે કરીને જ બ્રહ્મનું પ્રતિપાદન કરેલું છે તેમજ મહાનારાયણ અને નારાયણ ઉપનિષદોમાં તથા મહોપનિષદમાં તથા સુબાલોપનિષત્ આદિમાં વિષ્ણુના દ્વારા બ્રહ્મનું પ્રતિપાદન કરેલું છે એમ શ્રી પુરુષોત્તમ ગોસ્વામીએ બાલબોધ વિવૃત્તિ ગ્રંથમાં કહેલું છે હરિવંશમાં પણ ઉદાહરણના એકસો એંશીમા પછીના અધ્યાયમાં હરિ અને હરનું એકાત્મ્ય સ્પષ્ટ કહેલું છે તેથી એજ જાણવું શ્રીમદ્ ભાગવતના ૪ થા સ્કંધના ૭ મા અધ્યાયમાં દક્ષ પ્રત્યે ભગવાને કહેલું છે કે હે બ્રહ્મન્! ત્રણેના એક ભાવમાં જે વિભેદ જોતો નથી તે પુરૂષ સર્વ કલ્યાણમાં શાંતિને પામે છે દ્વાદશ સ્કંધમાં પ્રથમાધ્યાયમાં માર્કંડેય મુનિ પ્રત્યે રૂદ્રે કહેલું છે કે મારા, વિષ્ણુની અને બ્રહ્માની વચ્ચે કાંઈ અંતર નથી નારદ પંચરાત્રમાં પણ કહેલું છે કે શિવ એ હરિ છે અને હરિ એ સાક્ષાત શિવને કહેના છે શિવનો દ્વેષી એ વિષ્ણુનું ભજન કરતો હોય તોપણ હમેશાં હરિનો દ્રોહી થાય છે શ્રીધર સ્વામીએ પણ કહેલું છે કે માધવ જે વિષ્ણુ તથા ઉમાધવ જે શંકર એ બન્ને ઇશ્વર સર્વ સિદ્ધિના આપનારા છે એ બન્ને પરસ્પર અતિ પ્રિય એવા તેમને હું નમસ્કાર કરૂં છું એ પ્રકારે બન્નેના અભેદવડે વડે કરીને જ પરમવૈષ્ણવ એવા શ્રીવલ્લભાચાર્ય તેમણે પણ પત્રના અવલંબનની સમાપ્તિ થતાં શ્રી શંકરની પ્રાર્થના કરેલી છે બ્રહ્મવાદનું જેણે સ્થાપન કરેલું છે અને સર્વ વેદાંતના જાણનારા, કાશિપતિ, ત્રિલોકના ઇશ એવા મહાદેવ તે પ્રસન્ન થાઓ જો એમ ન હોય તો શંકરના અપમાનથી પ્રપન્નાદિ ગ્રંથમાં પ્રસિદ્ધ એવું જે નેત્રોત્પાટન * આદિ મોટા અનર્થની આપત્તિ થાય. આમાં એક

* શ્રી રામાનુજાચાર્ય ઉપર શિવજીની અપ્રશંસા માટે મહાન્ આપત્તિ આવી હતી તેનો આ ઇસારો છે.
વિધિ વાક્ય છે. ૪૭.

शास्त्रोक्त आपद्धर्मोयं त्वस्वल्पार्पाद कर्हिचित् ।
मदाश्रितै र्मुख्यतयाग्रहीतव्यो न मानवै ॥४८॥

शास्त्रोक्त એટલે શાસ્ત્રમા કહેલા, જે આપદ્ધર્મ એટલે માત્ર આપત્તિના સમયે જે ધારણ કરવાનો તેવો ધર્મ મારા આશ્રિતોએ મુખ્યપણે કરીને ક્યારેય ન આચરવો જેમકે-વ્રતના દિવસે માદા મનુષ્યે વિષ્ણુનુ નિવેદ એવુ અન્ન જમવુ—એમ માદાને ભોજનવિધાન કર્યુ છે તેથી તેજ વાક્ય આગળ કરીને સ્હેજ તાવ આવે અથવા માથુ દુખે તેથી આપત્તિ માનીને ભોજન ન કરવુ મોક્ષધર્મમા કહેલુ છે કે જેમ શરીરને ગ્લાનિ ન થાય તેમ અને મૃત્યુને જ વશ હોય એમ ધારણ કરવુ, તેજ પ્રકારે સમર્થ પુરૂષે સર્વ કર્મમા વર્તવુ તથા સર્વ કર્મને આચરવા એ પ્રકાર અધ્યાય આપદ્ધર્મમા જાણવુ વિસ્તારના ભયથી અહીં તે અધો આપ્યો નથી આમા માત્ર એક નિષેધ વાક્ય છે ૪૮

प्रत्यहतु प्रबोद्धव्यं पूर्वमेवोदया द्रवे
विधाय कृष्णस्मरण कार्य शौच विधि स्ततः ४९

હવે છ શ્લોકવડે કરીને સામાન્ય રીતે દિવસનો વિધિ કહે છે શ્લોકમા જે **तु** શબ્દ છે તે એમ સૂચવે છે કે હવે બીજો વિષય શરૂ થાય છે **प्रत्यह** એટલે દરરોજ **उदयाद्रवे** એટલે સૂર્યના ઉદયથી જો પપ ઘડીકા હોય તો તેને ઉષ કાળ ગણવો, પછી ઘડીકા ૫૪ હોય તો અરૂણનો ઉદય સમજવો, ૫૮ ઘડીકા થાય તો પ્રાત કાળ અને તે પછી સૂર્યોદય જ સમજવો એ પ્રમાણે સૂર્યના ઉદયકાળથી પહેલા જ એટલે બ્રાહ્મ મુહૂર્તમા એવો અર્થ છે તે વાત આચાર મયૂખમા કહેલી છે રાત્રીનો જે છેલ્લો ભાગ તેની બ્રાહ્મ મુહૂર્ત એવી સજ્ઞા છે પ્રયોગ પારિજાતમા રાત્રીના છેલ્લા પ્રહરને બ્રાહ્મ મુહૂર્ત કહ્યો છે તે વેદાભ્યાસ માટે છે એમ જાણવુ **प्रबोद्धव्य** એટલે નિદ્રાનો ત્યાગ કરવો એવો અર્થ છે એ વખતે ઊંઘનારને પાપ લાગે છે એમ સ્મૃતિ રત્નાવલીમા કહેલુ છે બ્રાહ્મ મુહૂર્તમા જે નિદ્રા છે તે પુણ્યનો નાશ કરનારી છે, જે દ્વિજ જાતિનો પુરૂષ અજ્ઞાનથી એ વખતે નિદ્રા લે છે તે પાદકૃચ્છ્થી શુદ્ધ થાય છે એ રીતે જાગ્યા પછી કૃષ્ણનુ સ્મરણ, ધ્યાન, નામ તથા કીર્તન કરવુ કૃષ્ણનુ એ શબ્દથી તેમનુ તથા તેમના ભક્તોનુ તેમજ તેમના સબધના સ્થાન આદિનુ પણ કીર્તન કરવુ એમ ઉપલક્ષણ છે આ બાબતનો વધુ વિસ્તાર શ્રીમદ્ ભાગવતના ૮ મા સ્કધના ૪ થા અધ્યાયમાથી જોવો એ પ્રમાણે કર્યા બાદ હવે શુ કરવુ તે કહે છે તત્કાળ ઉઠવામા મુહૂર્તની અને મોડુ ઉઠવામા એક

ચટિકાની અવધિ છે. તે વિધિ પછી શૌચની વિધિ કરવી. તે શૌચ વિધિ માટે મનુ નીચે મુજબ કહે છે લિંગને એકવાર, ગુદાને ત્રણવાર અને ડાબા હાથને દશવાર માટીથી ધોવા, બન્ને હાથ સાત વખત ધોવા અને પગને ત્રણ ત્રણ વખત ધોવા પદાર્થનો લેપ તથા ગંધ નાશ કરવા માટે આળસ રહિત થઇને શૌચ કરવુ બધા પદાર્થોની શુદ્ધિમા ત્યા સુધી માટી અને પાણિ વાપરવા હવે આમા વળી ધર્મપ્રવૃત્તિમા કઇ કઇ માટિનો ત્યાગ કરવો તે કહે છે એક તો ઘરની અંદરની, દેવમંદિરની, રાફડાની, ઊંદરના દરની અને બીજાએ વાપરતા વધેલી એ પાચ પ્રકારની માટિનો ત્યાગ કરવો ઉપર જણાવ્યા વિનાની બીજી માટી જો જે દેશમા ન મળે તો તે પાચ પ્રકારની માટીવડે પણ શૌચ કરવુ પણ જો આપત્તિ ન હોય, માર્ગમા ચાલતો ન હોય, રાત્રી ન હોય, તેમ મંદવાડ ન હોય, છતા જો માટીવડે શૌચ ન કરે તો તે પુરૂષને પાપ લાગે છે આ બાબ તનો વિશેષ ભાગ ધર્મશાસ્ત્રમાથી જોવો, કદાચ આપત્તિમા પાણી ન મળે તો શું કરવું તેને માટે શાતાતપ કહે છે જો પાણી ન મળતુ હોય અને મળમૂત્ર કરવામા આવે તો, જ્યારે પાણી મળે ત્યારે વસ્ત્રે સહિત સ્નાન કરવુ તથા વ્યાહૃતિ હોમ કરવો અને ઘી અગર સુવર્ણના સ્પર્શવાળુ જળ પીવુ. આમા ઘીનુ પાન કરવાનુ કહ્યુ છે તે પ્રાયશ્ચિત્તને માટે છે માટે ભોજનની નિવૃત્તિ સમજવી એમ પ્રાયશ્ચિત્ત મયુખમા ભાસ્કરાચાર્યે કહેલુ છે. આમાં બે વિધિ વાકયો અને એક પેટાવાકય મળી ત્રણ વાકયો છે ૪૯

उपविश्यैव चैकत्र कर्तव्यं दंतधावनम् ।
स्नात्वा शुच्यबुना धौते परधार्ये च वाससी ॥ ५०

હવે પછી દાતણ કેમ તથા કેવુ કરવુ તથા સ્નાન કેવી રીતે કરવ અને વસ્ત્ર કેવુ અને કેમ પહેરાય તેની વિધિ કહે છે

एकत्र એટલે એકજ સ્થાને બેસીને દાતણ કરવુ-પણ ઉભા રહીને કે ચાલીને કે સુતા સુતા દાતણ ન કરવુ એમ સ્મૃતિમા કહેલુ છે.

च કાર છે તેથી દાતણ કરતી વખત મૌન ધારણ કરવુ દાતણ કરવામા લાકડુ પણ યોગ્ય જ જોઇએ એમ સમજવાનુ છે તે માટે વિષ્ણુ એ તેનુ પ્રમાણ આપેલુ છે. કટકી એટલે કાટાવાળા ઝાડનુ અથવા ક્ષીર એટલે જેમાથી દૂધ નીકળે એવા ઝાડનુ અને બાર આંગળના માપનુ તથા કનિષ્ઠિકા એટલે છેલ્લી આંગલી જેટલુ જાડુ અને આગળીના અડધા વેડાના જેટલા કૂચાવાળુ દાતણ કરવુ સ્કંદ પુરાણમા કહેલુ છે કે વર્ણભેદને લીધે

વર્ણ પ્રમાણે એક એક આગળી નાનું દાતણ લેવું એ ઠીક છે માર્કંડેય મુનિ વળી તેથી આગળ વધીને કહે છે દાતણ કરતા મૌન રહેવું તથા દાતણને ધોઈને મુખમા લેવું અને ધોઈને જ નાખી દેવું વૃદ્ધ વસિષ્ઠે નગ કહ્યું છે કે ઉપવાસ તથા શ્રાદ્ધના દિવસે દાતણ ન કરવું આ જે નિષેધ છે તે કાષ્ઠના દાતણ માટે છે, એમ વ્યાસે કહેલું છે જે લાકડાનું દાતણ કરવાનું તેનું ન મળે અગર તો જે તિથિએ દાતણનો નિષેધ કર્યો હોય તે તિથિ આવે તો પાણીના બાર કોગળા કરવાથી મુખની શુદ્ધિ થાય છે ઊલ ઉતારવાની તે પણ પાદડા વડે કરવું કલ્પ ચિંતામણિકાર કહે છે કે શામવેદવાળાએ આઠ આગળનું દાતણ કરવું તે પછી પવિત્ર જળ વડે કરીને સ્નાન કરવું પછી પુરાણમાં કહ્યું છે કે નદીમા, નદમા, સરોવરમા, તળાવમા, વાવમા અગર કૂવામાના શીતળ જળવડે સ્નાન કરવું તેને ઉત્તમ કહેલું છે પરાશર મુનિ કહે છે કે ઊના જળથી કરેલું સ્નાન અને અવૈદિક જાપ એ બન્ને વૃથા છે. ષટ્‌ત્રિંશનના મતે અશક્ત પુરૂષો માટે ઊના પાણીથી સ્નાન કરવાનું કહેલું છે જળ તો સ્વાભાવિક રીતે જ પવિત્ર છે તેને વળી આગથી પવિત્ર કરવાની શી જરૂર ? તેથી જ ઊના જળ વડે સ્નાન કરવાનું માદાને કહેલું છે વૃદ્ધ મનુએ કયારેક તેનો પણ નિષેધ કરેલો છે જેમકે કોઈના મૃત્યુ સમયે, જન્મ વખતે, મકરસંક્રાંતિમા, શ્રાદ્ધ વખતે તથા પુત્રના જન્મ વખતે, રવિવારે, દુષ્ટના સ્પર્શવખતે તથા ગ્રહણ સમયે ઊના જળથી સ્નાન ન કરવું કાત્યાયને પણ કહેલું છે કે પ્રાત કાળમા સંક્ષેપથી સ્નાન કરવું, બપોરે વિસ્તારથી સ્નાન કરવું મિતાક્ષરામા શાતાતપે પણ કહ્યું છે કે જે દ્વિજ પુરૂષ સવારમા સ્નાન નથી કરતો તે સૂતકી થાય છે સ્કંદ પુરાણમા કહેલું છે કે પ્રાત કાળમાનું સ્નાન દેવ તથા પિત્રી સબંધી કર્મમા વખાણવા યોગ્ય છે તેથી મન પ્રસન્ન થાય છે માટે તેવું સ્નાન હમેશ કરવું ત્યાર પછી ધોતીયું કેવું પહેરવું તે કહે છે ધોયેલું, શુદ્ધ, અને પુરૂષનું જ ધોયેલું તથા સૂકવેલું પહેરવું સ્ત્રીએ ધોએલું ધોતીયું શુદ્ધ નથી કારણ કે સ્ત્રીનું ધોયલું વસ્ત્ર અશુદ્ધ જ રહે છે એમ ધર્મપ્રદીપમા કહેલું છે **वाससो** એટલે બે વસ્ત્રો–ધારણ કરવા એમ કહ્યું તેમા એક ધોતીયું અને બીજું ઉત્તરીય વસ્ત્ર એટલે ખભે નાખવાનું વસ્ત્ર તેનું પ્રમાણ હરિહર કારિકામા આપ્યું છે કર્મકાંડમા વિધિથી ધોએલું સૂકવેલું તથા સ્પર્શાદિ દોષ રહિત અને સાત કે આઠ હાથ લાંબુ તથા તેથી ચોથા ભાગના પનાવાળું તથા સદશ પોતાનું, નવું, શ્વેત, અથવા ઉપર કહેલા વર્ણવાળું અથવા

શણનુ બનાવેલુ એવુ નીચેનુ વસ્ત્ર અને તેથી અડધા પ્રમાણનુ ઉત્તરીય વસ્ત્ર એક લેવુ તે ધોવા માટે પણ સ્મૃતિ સગ્રહમા વિશેષ પ્રકાર બતાવેલો છે. કપાસનુ વસ્ત્ર હોય તો પહેરીને કહાડતાજ ધોઇ નાખવુ, હિરાગળ (રેશમી) વસ્ત્ર હોય તો જગ્યા પછી ધોઇ નાખવુ, અને જો મેલુ વસ્ત્ર હોય તો ગમે તે જાતના વસ્ત્રો પણ ધોઇ નાખવા એકજ વસ્ત્ર ધારણ કર્યુ હોય તેને ધર્મશાસ્ત્રમા નગ્ન પ્રકરણમા ગણ્યુ છે માટે જ અહી **વાસસી** એમ દ્વિવચન મુકયુ છે સાધુઓને એક કૌપીન અને તે ઉપરનુ આચ્છાદન એમ બે ગણવા ગરીબ મનુષ્યો અને બ્રાહ્મણોને બીજુ વસ્ત્ર ન હોય તો તેને બદલે ત્રીજુ યજ્ઞોપવિત અથવા યોગપટ્ટ લેવુ વિશ્વામિત્રે કહેલુ છે કે શ્રૌત અને સ્માર્તમા બે યજ્ઞોપવીત ધારણ કરવા અને ઉત્તરીય વસ્ત્ર ન હોય તો ત્રીજુ યજ્ઞોપવીત પણ ઇચ્છવા યોગ્ય છે દેવલ રૂષિએ કહેલુ છે કે બ્રહ્મચારીને એક ઉપવીત અને બીજાએ બબ્બે ધારણ કરવા યતિઓને પણ એકજ ધારણ કરવુ એવી ધર્મવ્યવસ્થા છે એકજ ઉપવીત ધારણ કરેલા બ્રહ્મચારીને પણ બીજા વસ્ત્રના અભાવે બીજુ યજ્ઞોપવીત ધારણ કરવુ, નહી તો જે જપ વગેરે કરે છે તે આસુર ભાવને પામે છે તે વિષે જાતૂકર્ણ્યે કૃત્યચિતામણિમા કહેલુ છે કે મેલુ વસ્ત્ર પહેરનાર, કેવળ કૌપીન પહેરનાર, કચ્છ વિનાનો, ઉત્તરીય વસ્ત્ર વિનાનો, બે કચ્છ ધારણ કરનાર, તથા વસ્ત્ર વિનાનો, ભગવુ વસ્ત્ર પહેરનાર, મેવડુ વસ્ત્ર પહેરનાર, રાતુ વસ્ત્ર પહેરનાર, ચીકણુ વસ્ત્ર ધારણ કરનાર તથા સાધેલુ પહેરનાર એ બધાય નગ્નજ ગણાય છે આમા જે ભગવા વસ્ત્રનો નિષેધ છે તે ગૃહસ્થને માટે છે સ્મૃતિ સગ્રહમા કહ્યુ છે કે ભગવુ વસ્ત્ર ગૃહસ્થ સીવાયનાને માટે છે જે સાધેલા વસ્ત્રનો નિષેધ છે તે ત્યાગી અને ગરીબ સીવાયનાને માટે છે તેજ ગ્રથમા કહ્યુ છે કે જો નવુ વસ્ત્ર ન હોય તો જુનુ વસ્ત્ર તેમજ જ સાધેલુ પણ ધારણ કરવુ ધન વિનાના ગૃહસ્થોને એવા વસ્ત્રો પણ હિતકર છે. જે માણસ એક વસ્ત્ર પહેરીને જપ કરે છે, દાન કરે છે તે સર્વે અસુરના ગુરૂઓનો ભાગ છે એમ બ્રહ્માએ કલ્પેલુ છે જાતૂકર્ણ્યે જ કહેલુ છે કે એક વસ્ત્ર પહેરીને જમવુ નહી આચાર તિલકમા પણ કહ્યુ છે કે એક, બે અથવા ત્રણ આગળનુ યોગપટ્ટ પણ ધારણ કરવુ અને તે ન મળે તો દર્ભની સળી અગર તો પહેરેલા વસ્ત્રનો છેડો પણ ખભે નાખીને જમવુ આમા બે વિધિ વાકયો અને એક પેટા વાકય મળી ત્રણ છે ૫૦

उपविश्य तत शुद्ध आसने शुचि भूतले ।
असंकीर्णं उपस्पृश्य प्राङ् मुखंवोत्तरा मुखम् ॥ ૯૧

હવે વસ્ત્ર ધારણ કર્યા પછી શુ કરવુ તે કહે છે શુચિ એટલે શુદ્ધ અને પવિત્ર એવા એટલે કે માટી તથા છાણુથી લીપેલી, અશુદ્ધ દ્રવ્યના સ્પર્શથી રહિત એવી ભૂમિમા અથવા એવુ સ્થાન ન હોય તો દેવના મ દિર વગેરેમા પણ અને તે પણ ન બને તો વાળી ઝાડીને માફ કરી પાણી છાટીને શુદ્ધ કરેલા સ્થળમા આસન નાખીને એટલુ અધ્યાહાર ગણુવુ **असकीर्ण** એવા શુદ્ધ આસન ઉપર બેસીને હવે સકીર્ણ આસન કોને કહેવુ તે વિષે વિષ્ણુ ધર્મોત્તરમા કહ્યુ છે કે બીજા આસનને અડેલુ હોય, અતિ લાબુ હોય, અને પોતાનુ તથા દેવનુ સળ ગ આસન થાય તેવુ હોય એવા આસનોને હે રાજન્ ! સકીર્ણ આસન કહેલા છે એવા સ કીર્ણ આસનથી જુદા એટલે અસકીર્ણ આસન ઉપર મતલબ કે પોતાને સુખેથી બેસાય એવુ આસન તે યોગ્ય છે શુદ્ધ આસન એટલે અશુદ્ધ દ્રવ્યના સ્પર્શથી રહિત આસન એટલે જેના ઉપર બેસાય તે એટલે કે કામળી વગેરેનુ આમા અધિકરણમા લ્યુટ્ પ્રત્ય થયો છે આસનના સબ-ધમા પદ્મ પુરાણમા શિવગીતામા કહેલુ છે કે કાબલીના આસનથી મનુ-ષ્યના સર્વે મનોરથ પૂર્ણ થાય છે, કાળીયાર મૃગના ચામડાના આસનથી મુક્તિ થાય છે, વાઘના ચામડાના આસનથી તપશ્ચર્યા જેટલુ ફળ તથા લક્ષ્મી મળે છે, દર્ભના આસનથી જ્ઞાન થાય છે, પાદડાના આસનથી આરોગ્ય પ્રાપ્ત થાય છે એ પ્રમાણે ઉત્તર અથવા પૂર્વ દિશા તરફ મ્હો કરીને જપ તથા પૂજા કરવા હવે આસન જો કાષ્ઠનુ હોય તો દુ ખ પામે છે, લાકડાના આસનથી નાના પ્રકારના રોગ થાય છે, લુગડાનુ આસન હોય તો દરિદ્રતા આવે છે અને જમીન ઉપર જ બેસે તો મત્રની સિદ્ધિ થતી નથી એક સ્થળે એવો પણ પાઠ છે કે વસ્ત્રના આસનથી લક્ષ્મી મળે છે ત્યા દરરોજનુ ધોએલુ વસ્ત્ર છે એવો વિધિ જાણવો દરરોજ નહી ધોએલુ, મેલુ અને ન્હાયા વિનાના પુરૂષનો સ્પર્શ થયેલા વસ્ત્રનો જ ઉપર નિષેધ છે એવી વ્યવસ્થા અનત ભટે કહેલી છે કાષ્ઠના આસનનો નિષેધ છે તે ઘડયા વિનાના યજ્ઞના કામમા નહીં વપરાતા કાષ્ઠના સબ-ધમા જાણવો વ્યાસજીએજ કહેલુ છે કે હિરાબળ, કાબળીનુ, તથા કાળીઆર મૃગનુ, ધોએલા વસ્ત્રનુ, કાષ્ઠમાથી બનાવેલુ, પાદડાનુ બનાવેલુ, તથા દર્ભનુ આ-સન કલ્પવુ તેવા આસન ઉપર પૂર્વ દિશાનુ અથવા ઉત્તર દિશાનુ મુખ કરીને

જે ક્રિયા કરવી હોય તે કરવી **उपविश्य** એ ' કહ્યુ છે માટે બેસીનેજ કરવી પણ ઉભા રહીને નહી તેમા મારા આશ્રિતોએ એમ અધ્યાહાર સમજવુ **उपस्पर्शः** એટલે આચમન કરવુ એવુ અમરકોષમા છે આચમનનો વિધિ આચાર–મયુખમા કણ્વ મુનિયે કહેલો છે હાથને પ્રથમ લાંબો કરીને પછી ગાયના કાન જેવી આકૃતિ બનાવવી અને પછી ભેગી કરેલા આગળીઓવાળા હાથથી જલ લઇને, તે બાદ અગુઠો તથા કનિષ્ઠિકા જે છેટલી આગળી તેને છોડીને બાકીની આગળીઓ વડે આચમન કરવુ ગાયના કાનની આકૃતિનુ લક્ષણ જમદગ્નિએ ધર્મપ્રવૃત્તિમા કહેલુ છે અગુઠાના આગલા ભાગને વચલી આગળીના વચલા પર્વ સુધી સકોચવો તેને ગોકર્ણ એટલે ગાયના કાન જેવી આકૃતિ સમજવી અને સર્વ પ્રકારના આચમનમા એજ ઇચ્છવા યોગ્ય છે અહી જે અગુઠો અને છેલ્લી કનિષ્ઠિકા આગળીને છોડી દેવાનુ કહ્યુ તે સામવેદીઓ સીવાયનાને માટે છે કૃત્ય ચિતામણિમા ગૃહ્ય સગ્રહમા કહેલુ છે કે હોમ, દાન આપવુ, દાન લેવુ, ભોજન અને આચમન એટલા વાના સામવેદવાળાઓએ અગુઠા સાથેજ અને ઢીચણની અદરથીજ કરવા જેઓ દ્વિજ છે તેમણે ત્રણ વાર આચમન કરવુ એમ યાજ્ઞવલ્કયે એજ ગ્રથમા કહેલુ છે અડદનો દાણો ડુબી જાય એટલુજ જળ લઇને ત્રણ વાર આચમન કરવુ યમરાજાએ કહેલુ છે કે એ આચમન પણ ડાબા હાથના સ્પર્શ કર્યા પછીજ કરવુ જ્યા સુધી ડાબા હાથનો સ્પર્શ ન થાય ત્યા સુધી ડાહ્યા પુરૂષે આચમન ન કરવુ હવે દિશાના નિયમો પણ યાજ્ઞવલ્કયેજ કહેલા છે ઢીચણોની અદરજ હાથ રાખીને, શુદ્ધ ભૂમિ ઉપર બેસીને તથા ઉત્તર અગર પૂર્વ દિશા તરફ મુખ રાખીને બ્રાહ્મ તીર્થવડે દ્વિજોએ આચમન કરવુ અતર્જાનુ એવો શબ્દ છે એટલે બે ઢીચણોની વચ્ચે બન્ને હાથ રાખીને જમણા હાથવડે એટલે આશ્રમમાથી બહાર નીકળ્યો હોય તો પણ એમ મિતાક્ષરામા કહેલુ છે બ્રાહ્મ તીર્થથી આચમન કરવાનુ કહ્યુ તે બ્રાહ્મતીર્થ નીચે મુજબ ગણાય· કનિષ્ઠિકા એટલે છેલ્લી આગળી, આદેશિ એટલે અગુઠાની જોડેની અને અગુઠો એના મૂળ ભાગો તથા હાથનો અગ્રભાગ એ ત્રણે અનુક્રમે પ્રજાપતિ, પિત્રીઓ અને બ્રહ્મદેવના તીર્થો ગણેલા છે શૂદ્ર કમલાકરમા શૂદ્રાન્હિકમા શૂદ્રને તો એકજવાર આચમન કરવાનુ કહેલું છે શુદ્ધ સ્થળે પૂર્વ અથવા ઉત્તર મુખે બેસીને, બન્ને ઢીચણની અદર હાથ રાખીને, ગાયના કર્ણ જેવી આકૃતિ કરીને, શુદ્ધ અને ફેણ સીવાયના

પાણીથી એક વખત આચમન કરવુ સ્મૃતિ કૌમુદીમા ત્રણવાર આચમનનુ પણ કહેલુ છે ગાડોનો મત એવો પણ છે કે માત્ર ઓઠનેજ સ્પર્શ કરવો આમા બે વિધિવાક્યો અને એક પેટા વાક્ય મળી ત્રણ છે ૫૧

कर्तव्यमूर्द्ध पुड्रच पुभिरेव सचन्द्रकम्
कार्य सधव नारीभि र्भाले कुकुम चन्द्रक ५२

હવે શુ કરવુ તે કહે છે **पुभिरेव** એટલે પુરૂષોએજ કરવાનો સ્ત્રીઓએ નહી ચાદલા સાથે, ઉર્દ્ધપુડ્ર એટલે આગળ કહેલા પદાર્થથી લનાટાદિમા લાકડીના આકાર જેવી રેખા એટલે તિલક કરવુ ચકાર છે માટે એ તિલક કર્યા પછી આચમન પણ કરવુ ઉર્દ્ધપુડ્ર ધારણ કરવાનો વિધિ વાસુદેવ ઉપનિષદ્મા ઓં નમસ્કૃત્ય ભગવાન્ નારદ સર્વેશ્વર એવા વાસુદેવને પુછતા હવા જે ભગવન્! ઉર્દ્ધપુડ્રનો વિધિ, દ્રવ્ય, મત્ર, તથા સ્થાન સાથે જ મને કહો તે વગેરેથી ત્યા વિધિ કહેનો છે માટે તે ગ્રથ-માથી જાણી લેવો હવે દીક્ષાવિધિમા કહેલુ છે કે ઉર્દ્ધપુડ્ર તિલક ગૃહસ્થોએ તથા સાધુઓએ લલાટ, હૃદય, અને બે બાહુ, એમ ચાર ઠેકાણે વાસુદેવ, શકર્ષણ પ્રદ્યુમ્ન અને અનિરૂદ્ધના નામ અને મત્રોવડે ધારણ કરવા બ્રહ્મચારી હોય તેણે પાંચ ધારણ કરવા, બ્રહ્મચારી કે વાનપ્રસ્થે લલાટ, કઠ, હૃદય તથા બે બાહૂના મૂળમા, વિષ્ણુના ગાયત્રી મત્ર તથા કૃષ્ણ વગેરે પાચ નામો વડે ધારણ કરવા, એમ ઉર્દ્ધપુડ્ર સવાદમા વાસુદેવ ઉપનિષદ્મા કહેલુ છે આચાર માધવ બ્રહ્લાડમા વર્ણ તથા અગુલિકા ભેદથી ઉભા તિલકના ફળનો ભેદ પણ કહેલો છે શ્યામ તિલક શાતિ કરનારૂ છે, રાતુ વશીકરણ કરનારૂ છે, પીળુ તિલક લક્ષ્મી આપનારૂ અને શ્વેત તિલકથી વિષ્ણુની પ્રીતિ થાય છે અગુઠાથી કરેલુ તિલક શરીરની પુષ્ટિ કરે છે, વચલી આગળીથી કરેલા તિલકથી આયુષ્ય વધે છે, અગુઠાની જોડેની આગળીથી કરેલુ તિલક નિત્ય અન્ન આપનારૂ છે અને છેલ્લીથી પહેલી આગળીથી કરેલા તિલકથી મુક્તિ મળે છે એ પ્રમાણે અગુલિના ભેદ છે પણ તેમા નખનો સ્પર્શ ન થવો જોઇએ આ-ચાર મયુખમા તેના લક્ષણ કહેલા છે કે ઉર્દ્ધપુડ્ર તે સરળ અને સારૂ તથા છેલ્લીથી પહેલી આગળીના જેવુ તથા નાસિકાથી કેશપર્યંત દ્વિજ પુરૂષે પ્રયત્નથી કરવુ તેમા વચ્ચે માગ રાખવો અને તિલક હરિના ચરણ કમળની આકૃતિ જેવુ કરવુ (એટલે કે મૂળથી સાકડુ અને આગળ જતા પહોળુ) પદ્મપુરાણમા કહેલુ છે કે ઉર્દ્ધપુડ્ર જે તે સરળ સારૂ અને મનોહર, દડના આકારનુ તથા શોભાવાળુ તથા વચ્ચે જગાવાળુ

કરપવુ. તેનુ પ્રમાણ હાથની આગળીના જેટલુજ રાખવુ ત્યાંજ કહેલુ છે કે ભગવદ્ પરાયણ એવા પુરૂષે ભગવાનના ચરણ કમળની આકૃતિ સરખુ ઉર્દ્ધ્વપુંડ્ર ધારણ કરવુ અને દંડના આકારનુ શુદ્ધ એવુ વિકલ્પે પણ કહેલુ છે ઉપરથી જરા પહોળુ હોય તેને હરિચરણની આકૃતિ સરખુ અને સીધુ હોય તેને દંડાકૃતિ કહે છે. નિબધમા સ્થાનના ભેદથી આકારભેદ પણ કહ્યા છે જેમકે લલાટમા દંડના આકારનુ, છાતિમા કમળના આકારનુ, હાથ ઉપર વાસના પત્રના આકારનુ ને બીજે દીવાના જેવી આકૃતિનુ કરવુ તે પણ દર્પણ વગેરેમા જોઇને કરવુ સ્કંદપુરાણના માર્ગશીર્ષ માહાત્મ્યમા એવુ વાક્ય છે કે દર્પણમા અથવા જળમા જોઇને જે પ્રયત્નવડે કરીને ઉભુ તિલક કરે છે તે ભાગ્યશાળી પરમગતિને પામે છે મધ્યમા જગ્યા રાખવાના સબંધમા પદ્મપુરાણમા વિશેષમા કહ્યું છે કે નાસિકાના મૂળથી આરભી લલાટમા મૃતિકા વડે તિલક કરવુ ભ્રમરના મૂળથી આરભીને અંદર જગા રાખવી મૃતિકા કહી તે ઉપલક્ષણ છે માટે બીજા પદાર્થો પણ જાણવા જો ઉપર કહ્યાથી બીજી રીતે તિલક કરે તો નિંદા થાય છે તિલક કેવુ હોય તો અનર્થ કરનારૂ છે તે કહે છે. ગોળ, તિર્યક, વચ્ચે છિદ્ર વિનાનુ, બાકડુ, બહુજ લાબુ, ઘણુજ મોટા પ્રમાણવાળુ, નાનુ, વાકુ, બેડોળ, આગળનો ભાગ જેનો વાકો હોય એવુ, જેનુ મૂળ છેદાયુ હોય એવુ અને જે સ્થાનમા કરવુ જોઇએ તેથી બીજાજ સ્થાનમા કરેલુ તથા શ્વેત નહી એવુ, રૂક્ષ એટલે પાણી લીધા વિનાજ કરેલુ, થોડુજ રાતુ, અને આગળી વિના બીજાજ સાધનથી કરેલુ, સુગધ વિનાનુ, બીજાઓ જોઇને ભડકે એવુ એવા તિલકો અનર્થ કરનારા છે. હવે આમા જે લાબુ કહ્યુ તે ચેદિદેશના લોકો જેમ નાસિકાના ટેરવાથી માડીને કરે છે તે સમજવુ આગળી વિના કરેલુ એ જે નિષેધ છે તે સામાન્ય છે કેમકે શ્રી રામનુજ સપ્રદાયના વૈષ્ણવો સળીવડે પણ ઉર્દ્ધ્વપુંડ્ર કરે છે હવે ધર્મ પ્રવૃત્તિમા વિષ્ણુ વાક્ય એવુ છે કે જે પુરૂષ પાદુકા ઉપર નહી ઉભો રહીને, દર્પણમા જોયા વિના, જળમા જોયા વિના તથા મસ્તકે બાધ્યાવિના તિલક કરે છે તે તિલક ધર્મસાધન છે એમા જે દર્પણાદિનો નિષેધ કરેલો છે તે ઉભા તિલક સીવાયના બીજા તિલકો માટે છે આનો વધુ વિસ્તાર ઉર્દ્ધ્વપુંડ્રવાદ નામના ગ્રથમાથી જોવો સ્ત્રીઓને વિશેષ કરવાનુ કહે છે જે સધવ એટલે ધણીવાળી. આમા નારીપદને સધવ એવુ વિશેષણ લગાડેલુ છે પણ ખરી રીતે સધવા શબ્દ જોઇએ કારણ કે આગળનો શબ્દ સ્ત્રી વિષે છે પણ કર્મધારય સમાસથી

પુવદ્ ભાવ કર્યો છે જેમકે વિશ્વ પ્રકાશમા મહેશ્વર કવિએ પણ **रण्डा विधवा योषितो** એ પ્રમાણે **विधवा** શબ્દનો પ્રયોગ કર્યો છે તેવી પતિવાળી સ્ત્રીઓએ લલાટમા કુકુમનો ચાદલો કરવો પણ ઉર્દ્ધપુડ્ર ન કરવુ ભૃગુઋષિ કહે છે કે સઘળી સ્ત્રીઓએ લલાટમાથી કકુ, તથા નાકનુ આભૂષણ તેમજ હાથનુ કકણ અને કડસુત્ર એટલાનો ક્યારેય ત્યાગ ન કરવો આમા બે વિધિવાક્યો છે પર

पुण्ड्रं च चन्द्रको भाले न कार्यो मृतनाथया।
मनसा पूजनं कार्यं तत कृष्णस्य चाऽखिलै ॥ ५२

જેનો પતિ મરણ પામ્યો હોય તેનુ નામ વિધવા તેવી વિધવાએ કપાળમા ઉભુ તિલક કે ચાદલો ન કરવો બીજા સપ્રદાયમા ઉભુ તિલક વગેરે ધારણ કરેલુ જોવામા આવે છે તેથી આ નિષેધ કરવો પડે છે તિલક અને ચાદલો એ ભૂષણરૂપ છે તેથી વિધવાને તેનો નિષેધ છે ભૃગુ-ઋષિ કહે છે કે વિધવાએ ઝીણા વસ્ત્રો અથવા અલકાર ધારણ ન કરવા **तत** એટલે ત્યાર પછી અખિલ એટલે સ્ત્રીઓ તેમજ પુરૂષોએ સઘળાએ મનવડે કરીને એટલે મનમા કલ્પના કરીને મોટા ઉપચાર વડે કૃષ્ણને જેવા જોયા હોય અથવા જેવા સાભળ્યા હોય તેવા અને હૃદયમા ધ્યાન કરેલા શ્રી રાધાકૃષ્ણની પૂજા કરવી **मानसम्** એવો પાઠ હોય તો તેને પૂજનનુ વિશેષણ ગણવુ બધી પૂજાવિધિઓમા ધ્યાનને પ્રથમ ગણેલુ છે માટે પ્રથમ ધ્યાન કરીને પછી પૂજન કરવુ એવો ભાવ છે ભાગવતના એકાદશ સ્કધના ૧૪ મા અધ્યાયમા ભગવાને ઉદ્ધવજી પ્રત્યે કહેલુ છે કે સ્ત્રીઓનો તથા સ્ત્રીના સગીના સગનો દૂરથીજ ત્યાગ રીને આત્મનિષ્ઠ પુરૂષે કુશળ તથા એકાત આસન ઉપર બેસીને આળસ રહીત થઇને મારૂ ધ્યાન કરવુ અહી **कृष्णस्य** એમ રાધિકાજી વિના એકલા કૃષ્ણનુ નામ છે પણ જેમ રાજા જાય છે એ ઉક્તિમા રાજાની સાથે સૈન્ય પણ સમજાય તેની પેઠે રાધિકાજી સહિત કૃષ્ણને જાણવા વળી બન્નેનુ એકપણુજ છે માટે તેઓ એકજ છે એમ બીજે પણ વિસ્તાર છે. અહી જે ઊભુ તિલક ધારણ કર્યા પછી બ્રાહ્મણએ સધ્યાવદન કરવા અને શ્રી કૃષ્ણનુ બન્ને પ્રકારનુ પૂજન કરવુ એ જે હવે કહેવાનારા વિશેષ ધર્મના અનુરોધથી અહી સામાન્ય પ્રકરણ છે તેથી જો કે તે સધ્યાવદન કહેલુ નથી તોપણ અધ્યાહાર છે એમ જાણવુ તેમજ દ્વિજોને પણ સર્વે આશ્રમના સાધારણ ધર્મો ભગવાનેજ કહેલા છે કે શૌચ, આચમન, સધ્યા ઉપાસના, પૂજા, તીર્થસેવા જપ, અસ્પૃશ્ય તથા અભક્ષ્ય અને

અને અસભાષ્યનો ત્યાગ કરવો કુરુનંદન ! તે સર્વે આશ્રમોને માટે સર્વે ભૂત પ્રાણિમાત્રમા માસ ભાવને પામવુ, તથા મન, વાણી અને શરીરનો સયમ તે નિયમો સર્વે આશ્રમોને યોજેલા છે આમા એ નિષેધ વાકયો અને વિધિ વાકય એમ ત્રણ છે ૫૩

प्रणम्य राधाकृष्णस्य लेख्यार्चा तत आदरात्
शक्त्या जपित्वा तन्मत्र कर्त्तव्य व्यावहारिकम् ॥ ५४

હવે માનસી પૂજા કર્યા બાદ રાધાકૃષ્ણ એટલે પોતાના ઇષ્ટદેવ જે ભગવાન તેની ચિતરેલી જે પ્રતિમા અને વળી જે પોતાના ગુરૂએ આપેલી હોય તેને, આદર થકી પ્રણામ એટલે કે ઘણા કષ્ટથી નમન કરીને નમન પણ સાષ્ટાગ એટલે શરીરના આઠે અગો સાથે કરવા એ આઠ અગ તે પગ, હાથ, ઢીચણ, હૃદય, અને મસ્તક, નેત્રો, મન, વાણિ એ પ્રમાણે આઠ અગ જાણવા સ્ત્રીઓએ પાચ અગોથી નમસ્કાર કરવા હાથ, મસ્તક, નેત્રો, મન અને વાણિ એ પાચ અગ અહી જે ચિત્રપ્રતિમાનુ પૂજન કહ્યુ તેનુ કારણ કે સ્નાન, લેપ આદિ ઊચિત નહી માટે પ્રણામ એજ બધા પૂજોપચાર માટે કહ્યો છે. જો ધાતુ આદિની પ્રતિમા હોય તો જેવા મળી શકે તેવા ઉપચારોથી, અધિકાર પ્રમાણે અને મત્ર સાથેજ પૂજન કરવાનુ જાણવુ શક્તિ પ્રમાણે જેવો અવકાશ મળે તેમ શ્રી કૃષ્ણના અષ્ટાક્ષર મંત્રનો જપ કરીને વ્યાવહારિક એટલે વ્યવહારથીજ જેનો નિર્વાહ થાય છે તે વ્યાવહારિક કહેવાય, પોતાના અધિકારને અનુસરીને વ્યવહારથી પોતાના નિર્વાહને ઉપયોગી એવા પદાર્થ મેળવવા આમા બે વિધિ વાક્ય અને બે નિષેધ વાકયો અને એક પેટા વાકય મળી ત્રણ છે. ૫૪

येत्वंबरीष वद्भक्ता स्युरिहात्म निवेदिन
तैश्च मानस पूजांत कार्यमुक्त क्रमेणवै ५५

આમા જે શિક્ષા આપવા યોગ્ય એવા પોતાના બે પ્રકારના શિષ્યો ને કહે છે એકતો વૈષ્ણવ છે બીજુ નામ જેનુ એવા સત્સગીઓ અને બીજા ઉત્તમ એવા વૈષ્ણવો છે બીજુ નામ એવા સત્સગીઓ એટલે

આત્મનિવેદી તેમા પહેલા પ્રકારના સત્સગીઓને સામાન્ય પણે કરીને દિનચર્યા કહેલી છે અને બીજા પ્રકારના સત્સગીઓને છ શ્લોકથી વિશેષ કહે છે આ લોકમા અથવા એ ભક્તોમા સૂર્યવશમા ઉત્પન્ન થયેલા અબરિષ નામના રાજાના જેવા ભક્તો હોય તેમને માટે આત્મનિવેદી એટલે જેઓએ પોતાના આત્માનુજ નૈવેદ્ય કર્યું હોય અથવા ભગવાનને વશ વર્તતા હોય તો અથવા તો ભગવાનની ઇચ્છાને અનુકૂળજ તથા ભગવાન સબધીજ સર્વે ક્રિયાને કરતા પણ પોતાની ઇચ્છા પ્રમાણે નહી વર્તતા એવો પણ અર્થ છે અબરિષ રાજાનુ વર્તન કેવુ હતુ તે શ્રીમદ ભગવતના ૯ મા સ્કધના ૪ થા અધ્યાયના ૧૪ મા શ્લોક સુધી કહેલુ છે કે મોટા ભાગ્યવાળો એવો અબરિષ રાજા, ક્ષય ન થાય એવી સાતદ્વિપોવાળી પૃથ્વીને તથા લક્ષ્મીને તથા અતુલ એવા અને આ લોકમા પુરૂષોને મળવો દુર્લભ એવા વૈભવને પામીને તે સ્વેને સ્વપ્ન તુલ્ય માનતો હવો, કે જે વૈભવને વિદ્વાનોએ નાશવત માનેલો છે તથા જેથી પુરૂષને નર્કની પ્રાપ્તિ થાય છે વાસુદેવ ભગવાનને વિષે તથા તેમના ભક્તો અને સાધુઓને વિષે જેને પરમ ભાવ થયેલો છે, આ વિશ્વને લોહના જેવુ કહેલુ છે તે રાજાનુ મન નિશ્ચય કૃષ્ણના ચરણ કમળોમા છે, વાણી વૈકુઠના ગુણના અનુવર્ણનમા છે, હાથ હરિના મદીરને વાળવુ આદિ ક્રિયામા છે અને કાન જે તે શ્રી ભગવાનની સત્કથાના ઉદયમા પરોવેલા છે, નેત્રો મુકુદ ભગવાનના દેવાલયના દર્શનમા રોકાએલા છે, અને શરીરનો સગ તે ભગવાનના સેવકોના શરીરના સ્પર્શમા છે નાસિકાને તેમના ચરણ કમળના તુલસીના સુગધમા અર્પણ કરી છે જીવ્હાને ભગવાનને અર્પણ કરેલા પદાર્થમા જ રાખી છે પગને હરિના ક્ષેત્ર-તીર્થમા જવા માટે, મસ્તકને ભગવાનના પગને વદન કરવામા, ઇચ્છા તો ભગવાનની ચદન પુષ્પોથી પૂજા કરવાની જ પણ કામની ઇચ્છા નહીં એટલે કે જેમ ભગવાનના ભક્તના આશ્રયમા પ્રેમ થાય તેમ જ કરેલુ છે. એ પ્રકારે મર્યાદા કર્મના કપાલને આત્માથી પર એવા અને યજ્ઞના અધિષ્ઠાતા એવા અને ઇદ્રિયોથી પામી ન શકાય એવા ભગવાનમા સર્વાત્મ ભાવ કરીને નિષ્ઠાવાળા બ્રાહ્મણોએ પ્રેર્યા થકા તથા મહાવિભૂતિથી સપાદન કરેલી છે યજ્ઞ દક્ષિણા જેમા એવા અશ્વમેધ યજ્ઞોથી આ પૃથ્વીનુ શાસન કરતા હતા

તે અમરિષ રાજા સરસ્વતી નદીના પ્રવાહની પાસે નિર્જળ એવા મરૂ દેશમા વસિષ્ઠ, અસિત અને ગૌતમ આદિ ઋષિઓ સાથે વિશાળ એવા યજ્ઞ કરતો હવો જેના યજ્ઞને વિષે દેવતાઓ તે જે તે, સભામા, યજ્ઞમા નહિ વરાએલા એવા જનોને સમાન રૂપવાળા, અનિમિષ દષ્ટિવાળા અને સુદર વસ્ત્રો ધારણ કરેલા એવા પ્રકારના દેખતા હવા. તે દેવતાઓને પ્રિય એવા અમરિષની પ્રજા, તે પરમાત્માના ચારિત્ર્યને ગાતી તથા સાભળતી એવી સતિ દેવતાઓને પ્રિય એવું જે સ્વર્ગ તેની પણ ઇચ્છા નથી કરતી તથા જે સિદ્ધોને પણ દુર્લભ અને વૃદ્ધિને પામતા એવા કામોને, મુકુન્દ ભગવાનના હૃદયને જોતા એવા તે રાજાના લોકો વૃદ્ધિને પમાડતા હવા. એ રાજા આ પ્રકારે ભક્તિયોગથી તથા તપયોગથી પોતાના ધર્મ વડે કરીને હરિને પ્રસન્ન કરતો એવો બધી આસક્તિ મુકી દેતો હવો ઘર, સ્ત્રી, પુત્ર, ભાઇ, હસ્તિ, ઉત્તમ રથો, ઘોડા, તથા પદાતિ, ખુટે નહિ તેવા રત્ન, ઘરેણા અને હથિઆરો તથા અનત ખજાનો એ બધા અસત્ છે એવી પોતાની બુદ્ધિ કરતો હવો.

મક્તો એટલે વિષ્ણુના ભક્તો હોય તેમણે **તુ** શબ્દ છે તેથી એવા ભક્તો દુર્લભ છે એમ બતાવે છે. ભાગવતના ૬ ઠ્ઠા સ્કધના ૧૪ મા અધ્યાયમા કહ્યુ છે કે હે મહામુને! સિદ્ધ એવા મુક્ત પુરૂષોમા તથા કરોડો પ્રશાત એવા પુરૂષોમા પણ નારાયણપર એવા ભક્તો અતિ દુર્લભ છે તેવા ભક્તોએ માનસી પ્રજાના અતે—**મન** સબધી એટલે **માનસ્ પ્રજ્ઞાદિત્વાત્** એ સૂત્રથી **અણ્** પ્રત્યય થયો છે. મનવડે કરીને જે પૂજા કરવી તેને માનસપૂજા કહે છે. અથવા બીજી રીતે વ્યુત્પત્તિ કરીએ તો મનવડે નિર્વૃત્ત કરેલી તેને માનસી કહેવાય અને પછી **તેન નિર્વૃત્તમ્** એ સૂત્રથી **અણ્** પ્રત્યય કરતા **માનસ્** થાય. તે સબધી જે પૂજા તે **માનસપૂજા** કર્મધારયથી પુવત્ ભાવ કરેલો છે એવી **માનસી** પૂજા છે જેના અતમા એવુ નિત્યકર્મ કરવુ એમ અધ્યાહાર સમજીને અર્થ કરવો ઉપર કહેલા ક્રમવડે કરીને હમેશા એ પ્રકારના શ્લોકના અનુક્રમ થી જ કરવી. **વૈ** નો અર્થ નિશ્ચય જ કરવો એવો છે. તેમા સશય ન રાખવો અથવા તો તે શબ્દ પાદપૂર્તિમા પણ વપરાય છે. **स्यु**, **एव**, **तु**, **पुन**, **वै**, **वा** એ શબ્દો નિશ્ચય અર્થવાળા છે. અમરકોષમા પણ

કહેલુ છે કે તુ, हि, च, स्म, ह, वै એ શબ્દો પાદપૂર્તિ માટે વપરાય છે આમા એક વિધિવાક્ય છે ૫૫.

शैली वा धातुजा मूर्ति शालग्रामोऽर्च्य एव तै
द्रव्यैर्यथाप्तै कृष्णस्य जप्योथाऽष्टाक्षरो मनु ॥ ५६ ॥

शैली એટલે પાષાણમાથી બનાવેલી શિલાનો જે વિકાર એમ **अण्** થયો છે **वा** એટલે અથવા **धातुजा** એટલે **लोह** શબ્દનો બીજો અર્થ જે સુવર્ણ આદિ ધાતુમાથી બનાવેલી **धातु** શબ્દનો અર્થ એવો છે કે જેમાથી રસ વગેરે થાય, જેમાથી શ્લેષ્મ આદિ મળ નીકળે અને જેમાથી ઉત્પત્તિ થવાના વિકાર નીકળે તેને ધાતુ કહે છે હેમ કોષમા કહ્યુ છે કે લોહ શબ્દ પચ મહાભૂતો. લોહ ધાતુઓમા તથા ઇંદ્રિયો એવા અર્થમા વપરાય છે અમરકોષમા લોહ શબ્દનો અર્થ એવો કર્યો છે કે લોહ શબ્દ સુવર્ણ આદિ આઠ ધાતુ માટે વપરાય છે તથા સર્વે તેજસ્વી વસ્તુઓને માટે પણ તેનો પ્રયોગ થઇ શકે છે ક્ષીર સ્વામી તેની એવી વ્યાખ્યા કરે છે કે સોનુ, રૂપુ, તાબુ, પીતલ, કાસુ, તરપુ, સીસુ તથા ચીમર (કાળી લોખડ જેવી એક ધાતુ) એ આઠ ધાતુઓને લોહ કહે છે ષડ્ત્રિશનના મતે સાત ધાતુઓ કહેલી છે સુવર્ણ, રૂપુ, તાબુ, પીતળ, તથા લોહ, તરપુ તથા સીસુ એ સાત ધાતુઓ કહેવાય છે અહીંઆ ધાતુ શબ્દથી સુવર્ણ, રૂપુ, તાબુ તથા પીતળ એમ ચાર ધાતુઓ લેવી લોઢુ, તરપુ અને સીસુ એ ત્રણ ધાતુઓ ન લેવી એમ વિષ્ણુ પ્રતિમા નિર્ણયમા કહેલુ છે ભાગવતમા પ્રતિમાઓ આઠ પ્રકારની કહેલી છે પાષાણની, કાષ્ઠની, લોહની, ભીંતે ચિતરેલી, કાગળ ઉપર ચિતરેલી, રેતીની બનાવેલી, મનની કલ્પેલી, તથા મણિની બનાવેલી એમ આઠ પ્રકારની મૂર્તિઓ કહેવાય છે પ્રતિમા શબ્દથી કૃષ્ણની મૂર્તિ સમજવી અથવા એ આત્મનિવેદી ભક્તો તેમણે પોતાને પ્રિય થાય તેવા ચદન વગેરે દ્રવ્યોથી શાલિગ્રામનુ મત્ર સાથે તથા સોળે ઉપચારો સાથે પૂજન કરવુ ચિત્ર પ્રતિમાના પૂજનની પેઠે કેવળ દર્શન ન કરવા **अर्च्य** એ નપુસક લીંગ છે તેથી તેનો **मूर्ति** શબ્દની સાથે અન્વય લેવાનો નથી શાલિગ્રામની પરીક્ષા પ્રણવપ્રકાશ ગ્રથમાથી જોવી. અહીં શાલગ્રામના પૂજનનો માત્ર બ્રાહ્મણોને જ અધિકાર છે બીજા ત્રણ જે ક્ષત્રી આદિ વર્ણો છે તેમને એ અધિકાર નથી એમ નિર્ણયસિંધુમા, પ્રયોગ પારિજાતમા, વિષ્ણુ ધર્મમા તથા સ્કદ પુરાણમા કહેલુ છે શાલગ્રામ એટલે શાલગ્રામનો પથ્થર

હોય અથવા તો ચક્રથી અંકિત એવો પાષાણ તે સમજવો. કહ્યું છે કે શાલગ્રામની પૂજા બ્રાહ્મણોએ નિત્યે કરવી, પણ ક્ષત્રિઓએ ન કરવી. એમ જે કહ્યું તે શાલગ્રામનો સ્પર્શ કરવા સાથેના પૂજન માટે છે. સ્કંદ પુરાણમા પણ કહ્યુ છે કે જે બ્રાહ્મણ જાતિની સ્ત્રી પણ પોતાનુ કલ્યાણ ઇચ્છતી હોય તો તેણે શિવજી અને વિષ્ણુને અડવુ નહિ. તે સ્ત્રી ભલે પછી સધવા હોય કે વિધવા હોય પણ જો તે શાલગ્રામન અડે તો તે પાપનુ પ્રાયશ્ચિત્ત પણ નથી. વારાહ પુરાણમા કહેલુ છે કે હે પૃથ્વી! હલકા વર્ણના લોકોએ શાલગ્રામને સ્પર્શ ન કરવો કારણ કે સ્ત્રી અને શુદ્રના હાથનો જે સ્પર્શ તે વજ્રના સ્પર્શથી પણ વધારે માનેલો છે હે પૃથ્વી! જો તે સ્ત્રીને બહુ ભક્તિ થઇ હોય તોપણ તેણે દૂરથી જ, સ્પર્શ કર્યા વિના જ અને સાવધાન રહીને પૂજા કરવી આ જે સ્પર્શનો નિષેધ કહ્યો તે શાલગ્રામને માટે જ છે ભગવાનની પ્રતિમાના સ્પર્શનો નિષેધ નથી. કારણ કે એ જ ગ્રંથમા કહ્યુ છે કે સર્વે દેવતાઓની પ્રતિમાઓનુ સર્વે લોકોએ ભાવ સહિત પૂજન કરવુ પણ મણિ ઇત્યાદિથી કલ્પેલા જે લિંગો તેનુ તો માત્ર પૂજન કરવુ. જે વૈષ્ણવના આચાર્યો છે તેઓ તો શાલગ્રામની પૂજામા ક્ષત્રિયો વગેરેને માટે દીક્ષા પામ્યા પછી દીક્ષાપણા વડે કરીને વ્યવસ્થા કહેછે. સ્કંદપુરાણમા હરિભક્તિ વિલાસમા કહેલુ છે કે બ્રાહ્મણ ક્ષત્રિય, વૈશ્ય તથા સત્શુદ્રોને પણ શાલગ્રામને વિષે અધિકાર છે, પણ બીજાઓને તેનો ક્યારેય અધિકાર નથી. આથી ઉપર જે નિષેધ વચન કહેલુ છે તે ડાહ્યા પુરૂષોએ વૈષ્ણવ નહિ એવા જનો માટે જાણવાનુ છે પદ્મ પુરાણમા પણ કહ્યુ છે કે પાચે અક્ષરવાળા મંત્ર તથા મંત્ર રત્નના અર્થને જાણીને શાલગ્રામના પાષાણમા પુરુષોત્તમની પૂજા કરવી

હવે મૂર્તિ પ્રમાણ ભવિષ્યોત્તર પુરાણમા ભાર્ગવ અર્ચન દીપિકામા કહેલું છે અંગુઠાના પર્વથી આરંભીને એક વેંત જેવડી પ્રતિમા ડાહ્યા પુરૂષોએ ઘરમા રાખવી, તેથી અધિક ન કરવી વસિષ્ઠ ઋષિના મત પ્રમાણે ઘરમા પાષાણની પ્રતિમા ચાર આંગળથી મોટી અને ધાતુની બનાવેલી હોય તો એક વેંત અધિક પ્રતિમાનુ પૂજન કરવુ નહિ! વારાહ અને પદ્મ પુરાણમા તિથિતત્ત્વમા પૂજવા યોગ્ય એવા શાલગ્રામની સંખ્યા વિશેષે કરીને કહેલી છે ઘરમા બે લિંગ તથા બે શાલગ્રામ તથા બે દેવીઓ તેમજ ત્રણ ગણપતિ ન પૂજવા દ્વારકાના બે ચક્રો તથા બે સૂર્યો ન પૂજવા, તેમજ બે શંખોનુ અને ખંડિત થએલી પ્રતિમાનુ પૂજન

ન કરવુ તેમજ કહ્યુ છે કે શાલગ્રામ જોડીથી પૂજવા, પણ તેમા બેને પૂજવા નહિ તે એકીથી પૂજવા નહિ, એકીમા માત્ર એકનુ પૂજન કરવુ (મતલબ કે એક શાલગ્રામ પૂજાય, બે ન પૂજાય, ત્રણ ન પૂજાય, પણ ચાર, છ, એમ બેકી પૂજાય અને પાચ, સાત, એમ ન પૂજાય) જો શાલગ્રામનો પાષાણ ચક્ર સહિત હોય તો પૂજી શકાય. ભગવાનનુ પૂજન, ધ્યાન, આવાહન, આસન, ચરણને અર્ધ્ય આપવો, આચમન, પચામૃત, સ્નાન, અભિષેક, વસ્ત્ર, યજ્ઞોપવિત, અલકાર, ચદન, પુષ્પ, ધુપ, દીપ, નૈવેદ્ય, તાબૂલ, ફળ, દક્ષિણા, પધરામણી, પુષ્પ ચડાવવા, પ્રદક્ષિણા, નમસ્કાર, સ્તુતિ, વિસર્જન એ વગેરે અનુક્રમથી કરવા તેમા શાલગ્રામની સ્થિર પ્રતિમા હોય તો આવાહન કે વિસર્જન કરવાં નહિ.

હવે ફુલ કેવા ચડાવવા તે કહે છે. તે સદાચાર ચદ્રોદયમા કહેલા છે સૂકાઈ ગયેલા, તેમજ ભોય પર પડેલા, ગધ વિનાના, દુર્ગંધવાળા, તથા સ્મશાનમા ઉગેલા ફુલોથી પૂજન ન કરવુ સુઘેલા, બીજા દેવને ચડેલા અથવા પહેરવાના વસ્ત્રો ઉપર ધારણ કરેલા પુષ્પોથી પણ પૂજા કરવી નહિ ઘરમા કરવીરના, આકડાના તથા સરસીના ફુલોથી પૂજા ન કરવી (મદીરમા તેનો બાધ નહિ પણ ઘરમા તો દોષ છે) ભોયરિંગણીના કે વાસી ફુલોથી પણ પૂજન ન કરવુ વળી પોતેજ લાવેલા પુષ્પો ઉત્તમ કહ્યા છે, જ્યારે વેચાથી લીધેલાને મધ્યમ કહ્યા છે તુલસીના તથા બીલીનાં પત્રો અને બધી જાતના કમળો એ જો વાસી હોય અગર માળીના ઘરમા રહેલા હોય તો તે વડે પૂજન કરવામા દોષ નથી તુલસી નહિ ચુટવાનો સમય કયો તે વિષ્ણુ ધર્મોત્તરમાં કહેલો છે એક તો મકરસક્રાન્તિ (ઉત્તરાયણ), રવિવાર, બારસના દહાડે, રાત્રે, સધ્યાકાળે, તેમજ વ્યતીપાત અને વૈધૃતમા તુલસી ચુટવા નહિ પણ પદ્મ પુરાણમા કહ્યુ છે કે જો પુષ્પ ન હોય તો એ નિષેધ કરેલા દિવસે પણ મત્ર ભણીને તુલસી લેવા, દેવને અર્થે તુલસી તોડવામા, યજ્ઞને અર્થે સમિધ લવામા અને ગાયને અર્થે અમાવાસ્યાને દહાડે ઘાસ ચુટવામા દોષ નથી હવે જે મત્ર ભણવાનુ કહ્યુ તે મત્ર તે ગ્રથમા નીચે પ્રમાણે આપેલ છે

तुलस्यमृतजन्मासि सदात्वं केशवप्रिया ।
केशवार्थे विचिन्वामि वरदा भव शोभने ॥

(હે તુલસી ! તુ અમર છે અને કેશવને હમેશાં વહાલી છે, કેશવને અર્થે જ હું તને ચુટુ છુ માટે હે શોભને ! તુ મને વર આપ-

નારી ચા) ચોથુ પદ **मम दोषो न दीयताम्** (મને દોષ ન દઇશ) એવુ હોવાનો પણ પાઠ છે એ પ્રમાણે વિશેષ વિસ્તાર આચારદીપમાથી જાણી લેવો પૂજારીને ભગવાનના મદીરમા જે દોષો થાય ને અથા પચરાત્ર, વરાહ પુરાણ, તથા આચાર્ય ચદ્રિકા અને આચાર્યગ્રથોમાથી જાણીને તેનો ત્યાગ કરવો નહિ તો મોટા દોષની આપત્તિ થાય છે તેમાના દોષ ત્યા જ કેટલાક કહેલા છે ભગવાનની ભક્તિ કરનારા પુરૂષોએ આ લોકમા કોઈ રીતે ભગવાનનો અપરાધ ન થાય તેવી રીતે જ સદા વર્તવુ ભગવાનના મદિરમા વાહન ઉપર બેસીને કે પાદુકા ઉપર ચડીને જવાથી, જન્મ દિવસે ભગવાનની સેવા ન કરવાથી, ભગવાનના આગળ ઉભા રહીને નમસ્કાર ન કરવાથી, તેમની આગળ ઉચ્ચાસને બેસવાથી, તથા ભગવાનના મદિરમા એકની સ્ત્રીની સાથે ક્ષણ પણ ઉભા રહેવાથી, પોતે અભડાયલો હોય અથવા સૂતકી હોય તો ભગવાનનો સ્પર્શ કરવાથી, એક જ હાથવડે નમન કરવાથી, અપશબ્દ વડે ભાષણ કરવાથી, ભગવાનની આગળ પગ લાબા કરવાથી તથા ઢીંચણ બાધીને બેસવાથી, શયન કરવાથી, ભોજન કરવાથી અથવા ખોટુ બોલવાથી, મોટો ઘાટો પાડીને રડવાથી અથવા કલહ કરવાથી, સ્ત્રીઓને જેવાથી કે તેમનો સ્પર્શ કરવાથી, કોઈની સાથે ક્રૂરપણે ભાષણ કરવાથી, શક્તિ હોવા છતા ગૌણ ઉપવાસ કરવાથી, ભગવાનને ધરાવ્યા વિના જમવાથી, ગુદાથી અધોવાયુ કાઢવાથી, અથવા પગ ઉપર પગ ચડાવી બેસવાથી, ગ્રામ્યવાર્તામા આસક્તિ રાખવાથી, પોતાના જ વખાણ કરવાથી, અદ્ધર પગે બેસવાથી, શ્રીહરિની નવ પ્રકારની ભક્તિમા અપરાધ મનાયેલો છે માટે આપત્તિ સિવાય એ અપરાધ પ્રયત્નથી ન કરવા અને ખાસ કરીને ભગવાનની પ્રીતિ ઇચ્છતા એવા પૂજારીએ તો તે ન જ કરવા અને જે પ્રમાદથી એમાનો એક પણ અપરાધ થઇ જાય તો ભક્તે એક દિવસનો ઉપવાસ કરવો અને ભગવાનને દડવત્ નમસ્કાર કરી સ્તુતિ તથા વિનયથી, અને આ પ્રમાણેના મત્રવડે આદરથી તેમની ક્ષમા માગવી—" હે પુરૂષોત્તમ ! મારાથી હમેશા હજારો અપરાધ થાય છે, આ મારો દાસ છે એમ મને માનીને ક્ષમા કરો " હવે પૂજા કર્યા બાદ શુ કરવુ તે કહે છે.

કૃષ્ણનો અષ્ટાક્ષર મત્ર–મનુ એટલે મત્ર–મેદિની કોષમા મનુ શબ્દનો અર્થ મુખ્યત્વે કરીને નૃપ અને મત્ર એવો કર્યો છે. તે મત્રનો

યથાશક્તિ જપ કરવો જપ કરવાનો વિધિ પરાશર ઋષિએ કહેલો છે. સ્નાન કરેલાએ સ્નાન નહિ કરેલાને અડ્યા વિના અને ધોએલુ વસ્ત્ર પહેરીને કાંબળી આદિના શુદ્ધ આસન ઉપર સ્વસ્તિક આસનથી બેસીનેજ સ્થિર મન કરી, મૌન રહીને તથા તેના અર્થને હૃદયમા ધારણ કરીને તે શ્રેષ્ઠ એવા મંત્રને જપવો એ જપ કાં તો ઉપાંશુ અથવા માનસ જપ ધીમેથી કરવો જે જપમા ઓષ્ઠ હલાવવા પડે તે ઉપાંશુ જપ કહેવાય અને જેમા હોઠ ન હાલે તે માનસ જપ કહેવાય. જપ કરતી વખતે ચાલવુ નહિ, હસવુ નહિ, આસપાસ જોવુ નહિ બીજી કોઇ વસ્તુમા આસક્તિ ન રાખવી, બોલવુ નહિ તથા મસ્તકે બાંધ્યા વિના જપ ના કરવો પગ ઉપર પગ ચડાવીને, વારવાર હાથ હલાવીને પણ જપ ન કરવો ઉત્તમ એવા દ્વિજ પુરૂષે ઉત્તરીય વસ્ત્રથી ગોમુખાને ઢાંકીને જપ કરવો માળાને તર્જની (અંગુઠાની પાસેની આંગળી)નો સ્પર્શ થવા દેવો નહિ, અને મણકાઓને અંગુઠાથી જ લેવા માલાનો વિધિ પદ્મ પુરાણમા કહ્યો છે· દર્ભની ગાંઠોવાળી માળાથી આત્મજ્ઞાન થાય છે, રૂદ્રા-ક્ષથી સર્વ ઇચ્છાઓ પૂર્ણ થાય છે વગેરે વિસ્તાર છે તેમા પણ વૈષ્ણવોને તુલસી માળાથી જ મુખ્યત્વે કરીને જપ કરવાનો કહેલો છે તુલસીના કાષ્ઠમાથી ઘડેલા મણકાની જે જપમાળા હોય તો તે સર્વ કર્મોમા સર્વેના ઇચ્છેલા મનોરથોના ફલને આપે છે એમ રામાર્ચ ચંદ્રિકામા જણાવેલુ છે તુલસીની બનાવેલી માળાથી થોડા જ કાળમા મોક્ષ થાય છે એમ ગૌતમીય તંત્રના સાતમા અધ્યાયનુ વાક્ય પણ છે, પુરશ્ચરણ ચંદ્રિકામા પણ કહ્યું છે કે વૈષ્ણવોને તુલસીની માળા ધારણ કરવી ધર્મપ્રવૃત્તિમા પણ કહ્યુ છે કે તુલસીના મણકા વડે જે મંત્રની ગણત્રી થાય છે તો તે મંત્ર અક્ષય થાય છે અગસ્ત્ય સંહિતાના ૬ ઠ્ઠા અધ્યાયમા પણ કહ્યુ છે કે જે મનુષ્ય તુલસીના કાષ્ઠવડે સુરૂપિણી એવી અક્ષમાળા અથવા કર્ણ-માળા પ્રયત્નથી બનાવે છે તેનુ કરેલુ કર્મ અક્ષય થાય છે હવે જપમા-ળાના મણકાની સંખ્યા આચાર માધવમા પ્રજાપતિએ કહેલી છે એકસો આઠ મણકાવાળી માળાને ઉત્તમ કહેલી છે, ચોપન મણકાવાળીને મધ્યમ અને સત્તાવિશ મણકાવાળીને અધમ કહેલી છે જો ઉત્તમ અથવા ગૌણ સંખ્યાના મણકાવાળી માળા ન હોય તો શુ કરવુ તે વિષ્ણુકાંડમા કહેલુ છે કનિષ્ઠા (છેલ્લી આંગળી), અનામિકા (તેની પહેલાની), વચલી અને તર્જની (અંગુઠાની જોડેની) એ ચારમા વચલી આંગળીનો એક પર્વ અને આંગળીના ત્રણ પર્વો એમ દશ પર્વ ગણવા વચલીઆંગળીના બે પર્વો

જપ વખતે મુકી દેવા સનત કુમાર સંહિતામા કહેને છે કે અનામિકાના મધ્યથી આરભીને કનિષ્ઠકાએ થઇને તર્જનીના મૂળ સુધી દશ પર્વોવડે જપ કરવો મધ્યમાના નીચેના બે પર્વો છોડી દેવાનુ કારણ કે તેને મેરૂ ગણેલા છે પુરશ્ચરણ ચદ્રિકામા કહ્યુ છે કે મધ્યમાના બે પર્વને મેરૂ તુલ્ય જાણવા મેરૂનો નિષેધ તંત્રસારમા કહેલો છે કે જપ કરવામા મધ્યમાના બે પર્વોનો ત્યાગ કરવો એ બેને મેરૂ જાણવા એમ બ્રહ્માએ પોતે તે દૂષિત કહેલા છે

હવે અષ્ટાક્ષર મત્રની વાત કહે છે શ્રીકૃષ્ણનો મત્ર પચરાત્રમા તથા પુરાણમા પ્રસિદ્ધ છે પણ વેદમા નથી. એટને "અવૈદિક મત્રનો જપ વૃથા" છે એમ સ્મૃતિમા કહ્યુ છે તેથી તે મત્ર નિષ્ફળ થાય એમ જણાય છે તો કે નહિ. સ્મૃતિમા જે કહ્યુ છે તે શ્રી કૃષ્ણ સિવાયના બીજા પ્રાકૃત દેવતાના મત્ર પરત્વે છે શ્રી કૃષ્ણને તો આ મહાભૂત શ્વાસ રૂપ છે, વેદ જેના નેત્રો છે વગેરે શ્રુતિના જણાવ્યા મુજબ શાસ્ત્રોનુ મૂળ જ શ્રીકૃષ્ણ છે જે વેદોની નિદા કરે છે એ શ્રુતિના વાકયથી તથા જે વડે કરીને પૂર્વે સરસ્વતિની ખ્યાતિ થઈ વગેરે પુરાણના વાકયથી પણ ઉપર જણાવેલી રીતિવડે કરીને તેમજ વેદો જેની સ્તુતિ, આરાધન કરે છે તેથી પણ શ્રીકૃષ્ણના મત્રને વૈદિકત્વની અપેક્ષા રહેતી નથી. તેથી કરીને શ્રીકૃષ્ણનો મત્ર વૈદિક હોય, તાત્રિક હોય કે પૌરાણિક હોય તોપણ તે તેની શક્તિથી જ અખિલ ઇચ્છેલા અર્થની સિદ્ધિ આપે છે બીજા પ્રાકૃત દેવતાના મત્રો વસ્તુત નિર્બળ હોવાથી વૈદિક મત્રવાળા શાસ્ત્રોમા કહેલા સસ્કાર વગેરેથી સદ્ગુણ પ્રાપ્ત થવાવડે કરીને જ ધારેલા અર્થની સિદ્ધિ થતી હોવાથી તેને ઉપર કહ્યા પ્રમાણે આશ્રયબળની અપેક્ષા છે એમ જાણવુ બીજી રીતે પણ પુરાણમાના મત્રો અવૈદિક છે એવી શંકા અત્રે કરવાની નથી ભાગવતના તૃતીય સ્કધના ૧૨ મા અધ્યાયમા કહ્યુ છે કે ઇતિહાસ તથા પુરાણો એ પાચમો વેદ જે બ્રહ્મા તે વગેરે વાકયોથી પુરાણો વેદથી જુદા નથી એવો નિશ્ચય થાય છે માટે મહાભારતમા તથા માનવીય પુરાણમા કહ્યુ છે કે ઇતિહાસ તથા પુરાણમાથી વેદનો વિસ્તાર જાણવો એમ કહ્યુ છે તેથી પુરાણો એ વેદનો વિસ્તાર હોવાથી તે કાઇ વિજાતિ નથી વળી નામકૌમુદી વગેરે ગ્રથોમા કહેલુ છે કે સુવર્ણનુ કકણ જો અધુરૂ રહ્યુ હોય છે તો તે પીતળ આદિ ધાતુથી પૂરૂ થયેલુ કદી જોવામા આવ્યુ નથી માટે જ પુરાણમાના મત્ર અવૈદિક એવી શકા કદી કરવી નહિ નારદીય પુરાણમા કહેલુ છે કે "હે સુદર મુખ-

વાળા ! પુરાણોથી વેદને હુ અધિક માનુ છે હે દેવી ! પુરાણોમા જ વેદની પ્રતિષ્ઠા છે એમા શકા નથી પુરાણોને બીજી રીતે જાણે તો પક્ષીઓની યોનિને પામે છે પછી ભલે તે સારી રીતે ઇંદ્રિયોને દમનાર હોય અથવા શમવાળો હોય તોપણ તેને સારી ગતિ મળતી નથી વેદ અને પુરાણનુ જુદાપણુ નથી તેમા અસ્પષ્ટ પરોક્ષ અર્થપણુ તે સ્પષ્ટ પરોક્ષ અર્થ થવામા જ તેનુ પ્રયોજન છે પણ અધિક ન્યૂનપણુ તેમા નથી બન્ને—પુરાણ તથા વેદ—નો આવિર્ભાવ ભગવાનના મુખમાથી જ છે તેમજ વેદમા કહ્યુ છે કે "નિત્યના પણ નિત્ય ચેતનના પણ ચેતન" વગેરે વાક્યમા પ્રથમ વિભક્તિવાળા જે નિત્ય અને ચેતન શબ્દો છે તેથી ભગવાનને સ્પષ્ટ રીતે કહેવાતા નથી પણ પુરાણમા (ભાગવતના દશમ સ્કધના ૧૪ મા અધ્યાયમા) શુકજીએ પરીક્ષિત રાજા પ્રત્યે કહેલુ છે કે સકળ આત્માના પણ આત્મા એવા કૃષ્ણને તુ જાણ, એવુ સ્પષ્ટ જણાય છે તથા વેદમા કહ્યુ છે કે "એજ એક સૌમ્ય અને એકજ અદ્વિતીય એવુ અગાઉ હોતુ હોતુ" એમ સામાન્ય રીતે અને અસ્પષ્ટ કહેલુ છે પુરાણમા તો (દશમ સ્કધ અધ્યાય ૧૩ મા શુકજીએ કહેલુ છે કે) ગોવાળીઆના વેશને ધારણ કરતા, જેના સરખુ બીજુ નથી એવા, પરમ, અનત, અગાધ અને જેનો બોધ ન થઇ શકે એવા બ્રહ્મરૂપ, તથા અગાઉની પેઠે વાછડાઓ અને મિત્ર ગોવાળીઆઓથી ચારે કોર વીંટાએલા, હાથમા કોળીઓ રાખ્યો છે એવા પરમેશ્વરને (બ્રહ્મા) દેખતા હવા–એમ સ્પષ્ટ કહ્યુ છે વળી વેદમા કહ્યુ છે કે હે ગાર્ગિ ! જેમા ઉચુ આકાશ છે, પૃથ્વી જેના અતરમા છે ઇત્યાદિ વડે કરીને બ્રહ્માડને ભગવાનનો આશરો છે એ લક્ષણનુ મહાત્મ્ય કહેલુ છે પણ તે અસ્પષ્ટ કહેલુ છે પણ પુરાણમા તો (ભાગવત દશમ સ્કધના ૧૪ મા અધ્યાયમા બ્રહ્માએ ભગવાન્ પ્રત્યે કહેલુ છે કે) માયા, મહત્, અહકાર, આકાશ, વાયુ, અગ્નિ, જળ તથા પૃથ્વી એ વડે વીટાએલા એવા આ બ્રહ્માડરૂપી સાત વેતની કાયાવાળો એવો હુ તે ક્યા ? એમ સ્પષ્ટ કહ્યુ છે વળી વેદમા કહ્યુ છે કે માયા એ અધકાર જેવી, સત્ અને અસત્ એ કહી શકાય તેવી એમ માયાનુ રૂપ જાણી ન શકાય તેવુ કહ્યુ છે પણ તે અસ્પષ્ટ છે પરન્તુ પુરાણમા તો (ભાગ દશમસ્કધ અધ્યાય ૧૧ શુકદેવનુ વાક્ય) ભગવાન્ એવા શકર જે તે પોતાની અશભૂત એવી માયા તેને ઋષિઓમા મુખ્ય એવાઓની પ્રીતિને અર્થે ભવાની એ પ્રકારે પ્રશસા કરતા હવા. એમ માયા એ

પાર્વતીનુ રૂપ છે એ સ્પષ્ટ છે એજ પ્રકારે બીજુ પણ જાણવુ અથવા પારાણિક મત્રથી વેદના મત્રનુ અધિક ફળ આપવાપણુ છે શ્રીકૃષ્ણ નામ માત્ર જ વૈદિકમત્રથી વિશેષ ફળ આપનાર છે તેમા જરાય શકા કરવાની નથી શ્રુતિમા કહેલુ છે કે **मर्ता अमर्तस्य ते नामभुरि मनामहे विप्रासो जातवेदस । आस्य जानतो नाम चिद्धि वकनतिच** આ બન્નેનો એવો અર્થ છે કે મરણ ધર્મવાળા બ્રાહ્મણો એવા જે અમે તે, અમૃતમૂર્તિ એવા યજ્ઞનારાયણના વેદમા કહેલા મત્રો કરતા પણ, તમારા નામને મોટુ મિાનીએ છીએ આ વિષ્ણુના નામના મિહાત્મ્યને કચત્ જાણતા એવા અમે તેના નામનુ સારી રીતે કીર્તન કરીએ છીએ વિષ્ણુ ધર્મોત્તરમા કહ્યુ છે કે સર્વે સિદ્ધિઓને આપનાર એવા ભગવાનના નામના મત્રનો જેણે જપ કર્યો છે તેણે સકળ વેદાતનો તેના અગ અને ઉપાગો સાથે* અભ્યાસ કર્યો છે જેણે બે અક્ષરના હરિ એવા શબ્દનો ઉચ્ચાર કર્યો છે તેણે રૂગ્વેદ, યજુર્વેદ સામવેદ તથા અથર્વણ એ બધા પઢેલા છે પદ્મપુરાણમા પણ કહ્યુ છે કે વિષ્ણુનુ એકેક નામ પણ સર્વે વેદોથી અધિક અધિક મનાએલુ છે કપિલ ગીતામા પણ કહ્યુ છે કે (ભાગવત તૃતીય સ્કધ અ ૨૩) જે પુરૂષો વિષ્ણુનુ નામ લ છે તેઓ તપ કરે છે, જપ કરે છે, સ્નાન કરે છે, તથા બ્રહ્મનો ઉચ્ચાર કરે છે બ્રહ્મ એટલે વદ વદિક મત્રવડે કરીને કરેલા યજ્ઞાદિક કર્મો તથા વૈદિક મત્રોના જાપમા જે કાઇ સદ્ગુણ છે તે પણ ભગવાનના નામ વડે કરીને જ છે એમ ભાગવતમા પણ કહ્યુ છે મત્રમા સ્વરાદિકની જે કાઇ ખામી આવે તથા તત્રમા જે કાઇ ન્યૂનતા રહે અથવા દેશકાળ અને દક્ષિણાદિની પાત્રતામા જે કાઇ ખામી હોય તે બધુ તારા નામના કીર્તનથી ખામી વિનાનુ થાય છે સ્કદ પુરાણમા પણ કહ્યુ છે કે જેના નામને જપ તથા યજ્ઞમા સ્મરવાથી અથવા ઉચ્ચારવાથી, ખામી પુરાય છે તે ભગવાનને હુ તત્કાળ પ્રણામ કરૂ છુ શ્રી શકરાચાર્યકૃત વિષ્ણુ સહસ્ર નામક ભાષ્યના અતમા પણ કહ્યુ છે કે જે પુરૂષ યજ્ઞમા કર્મ કરતાં પ્રમાદથી આડે માર્ગે દોરાય છે તે, વિષ્ણુના માત્ર શ્રવણથી જ સારો થાય છે ભગવાનના નામના મત્રના જપનુ ફળ હરિભક્તિ વિલાસમા નામ માહાત્મ્યમા તથા પદ્મપુરાણમા યમ બ્રાહ્મણમ-

---

* વેદાગ શિક્ષા, કલ્પ, વ્યાકરણ, વેદ જ્યોતિષ અને નિરૂક્ત એ છ છે અને પુરાણ, ન્યાય મિમાસા અને ધર્મશાસ્ત્ર એ ચાર ઉપાગ છે

વાદમાં કહેલુ છે વાસુદેવનો જપ કરવામા આસક્ત એવા પુરૂષો પાપી હોય તોપણુ તેમને દારૂણ એવા મારા દૂતો વિઘ્ન કરતા નથી વાસુદેવના પ્રતાપથી તેઓ પાપમાથી મુક્ત થાય છે ન મળી શકે તેવા ભોગને તથા મુક્તિને તે પામે છે બ્રહ્દ વિષ્ણુપુરાણુમા પણુ કહ્યુ છે કે પુર્નજન્મના હેતુરૂપ એવુ સ્વર્ગગમન તે ક્યા અને જેનાથી બીજુ કાઇ ઉત્તમ નથી એવી મુક્તિના બીજવાળો એવો વાસુદેવનો જપ ક્યા ? જાબાલ સહિતામા પણુ કહ્યુ છે કે નિર્વૃત્તિ ઇચ્છનાર પુરૂષે હરિનુ જ નામ જપવુ બ્રહ્માડ પુરાણુમા શ્રીકૃષ્ણુના નામનુ વિશેષ માહાત્મ્ય કહેલુ છે પુણ્યશાળી પુરૂષોના હજારો નામ લીધાથી જે ફળ થાય છે તે, કૃષ્ણુ એવુ નામ એક જ વખત લીધાથી થાય છે, વિષ્ણુધર્મોત્તરમા પણુ કહ્યુ છે કે એવુ મગળ નામ જેના મુખમા હોય છે તેના કોટિ મહાપાતકો નાશ પામે છે. નરસિહ પુરાણુમા કહેલુ છે કે જે પુરૂષ કૃષ્ણુ, કૃષ્ણુ, કૃષ્ણુ એમ મને હમેશા જપે છે તે, કમળ જેમ જળને ભેદીને બહાર આવે તેમ નરકમાથી બહાર આવે છે ગરૂડ તથા પદ્મપુરાણોમા પણુ કહ્યુ છે કે સસારરૂપી સર્પનો ડશ વાગ્યો હોય અને ચેષ્ટા રહિત થઇ ગયો હોય તેનુ ઔષધ કૃષ્ણુ એવો વૈષ્ણુવમત્ર છે, જેને જપીને પુરૂષ મુક્તિ મેળવેછે સ્કદપુરાણુમા તથા પ્રભાસ ખડમા પણુ કહેલુ છે કે હે પરતપ ! નામોમા પણુ મુખ્યતમ એવુ નામ કૃષ્ણુ છે, જે પાપના પ્રાયશ્ચિત્તથી સપૂર્ણ રીતે મુકાવનાર છે, વિષ્ણુ રહસ્યમા પણુ કહેલુ છે હે શભો ! આ મારૂ ગુહ્ય છે તને હુ સત્ય કહુ છુ કે મૃત્યુ સજીવની વિદ્યા જેવુ કૃષ્ણુ નામ તેનુ ધારણુ કર ભારત વિભાગમા પણુ કહેલુ છે કે જે માણુસ અતકાળે કૃષ્ણુ, કૃષ્ણુ, કૃષ્ણુ એવુ બોલતો થકો પોતાનો દેહ ત્યાગ કરે છે તેને તેમાથી પહેલો શબ્દ તેની મુક્તિની કલ્પના કરે છે જ્યારે બીજા બે શબ્દો શુ કરવુ એવી લજ્જાથી નમ્ર થઇને ઉભા રહે છે વૈષ્ણુવ ચિતામણિમા પણુ કહ્યુ છે કે મધુરમા પણુ મધુર અને મગળમા પણુ મગળ તથા સકળ શાસ્ત્રોનુ રહસ્ય, સત્ફળ રૂપ અને ચિદ્ સ્વરૂપવાળુ એવુ કૃષ્ણુ નામ જે એકવાર પણુ શ્રદ્ધાથી કે મશ્કરીમા પણુ લીધુ હોય તો તે મનુષ્ય માત્રને તારે છે પદ્મપુરાણુમા પણુ કહ્યુ છે કે કૃષ્ણુનુ નામ ચિતામણિ તુલ્ય છે, ચૈતન્ય રસ છે, પૂર્ણ છે, શુદ્ધ છે અને નિત્ય મુક્ત છે નામ અને નામી એ બે શબ્દ જુદા નથી તેથી અષ્ટાક્ષર મત્ર જપવાનુ જે કહેલુ છે તે અપ્રમાણુ હોવાથી યોગ્ય જ છે એમા વિસ્તાર કરવાનુ પ્રયોજન નથી આમા કેટલાક પડિતમન્યો વળી ભગવાનના

તમામ સાધારણ અક્ષરોની બુદ્ધિ કલ્પીને તેનુ જે માહાત્મ્ય તે માત્ર અર્થવાદ છે એમ કહે છે તે બરાબર નથી વળી પચરાત્રમા અપરાધ નિરૂપણુમા પણ કહ્યુ છે કે જે પુરુષો સર્વોત્તમ એવા હરિના નામમા અર્થવાદ એવી બુદ્ધિ કરે છે તથા નામના બળથી પાપ કરે છે ને અપરાધી છે તે જીવનમુક્ત હોય તોપણ જો મહા શક્તિમાન એવા ભગવાન્મા કર્મવડે કરીને ચિતવન્ કરે છે તો તે ફરી બધનને પામે છે તેનુ પ્રાયશ્ચિત્ત વારાહપુરાણુમાથી જાણી લેવુ હરિભક્તિવિલાસમા પણ કહેલુ છે કે આ પ્રમાણે શ્રુતિ અને સ્મૃતિએ જે નામના માહાત્મ્યનો નિશ્ચય કરેલો છે તેમા જેઓ અર્થવાદની કલ્પના કરે છે તે ઘોર યાતનાને પામે છે કાત્યાયન સહિતામા પણ કહ્યુ છે કે જે પુરુષ હરિના નામમા અર્થવાદ લાવે છે તે પુરુષ મનુષ્યોમા પાપી છે અને નરકમા પડે છે એ સ્પષ્ટ છે જૈમિનિ સહિતામા પણ કહેલુ છે કે નામના માહાત્મ્યને કહેનારા એવા શ્રુતિ, સ્મૃતિ અને પુરાણોમા અર્થવાદ છે એમ જેઓ કહે છે તેમના પાપનો ક્ષય થતો નથી પદ્મપુરાણુમા પણ કહેલુ કે ગુરુની અવજ્ઞા શ્રુતિ-શાસ્ત્રોની નિદા તેમજ હરિના નામમા અર્થવાદની કલ્પના કરવી તે નામનો જ મહિમા બતાવીને પાપબુદ્ધિ કરે છે તેની વિશુદ્ધિ યમથી પણ થતી નથી બ્રહ્મ સહિતામા પણ કહ્યુ છે કે મારા નામ કીર્તનના જુદા જુદા ફળને સાભળીને જે તેમા શ્રદ્ધા નથી રાખતો અને તેને અર્થવાદ માને છે તેને મસાગ્ના ઘોર દુ ખથી પીડા પામેલો એવો કરીને દુ ખના સમૂહમા નાખુ છુ શ્રીધર સ્વામીએ પણ છઠ્ઠા સ્કધમા પાપનાશના સબધના વ્યાખ્યાનમા પણ કહેલુ છે કે પુરાણોમા એવા હજારો રીતે નામનુ સ્વતત્ર માહાત્મ્ય જણાવ્યુ છે તે કાઇ અર્થવાદ છે એમ શકા કરવી નહીં કારણુ કે તેમા સ્વતત્રતા અને ગૌણુત્વનો અભાવ છે એમ સર્વેએ જાણુવુ આમા ચાર વિધિવાકયો છે ૫૬

स्तोत्रादेरथ कृष्णस्य पाठ कार्य स्वशक्तित
तथाऽनधीन गीर्वाणे कार्यं तन्नाम कीर्तनम् । ५७

હવે જપ કર્યા પછી શુ કરવુ તે કહે છે જેનાથી સ્તુતિ થાય તેને સ્તોત્ર કહેવાય સહસ્ર નામ આદિ સ્તોત્ર ગણાય હવે આદે એમા જે આદિ શબ્દ મુકયો તેથી ધર્મ એવો અર્થ લેવો તેનો પાઠ પોતાની શક્તિ પ્રમાણે કરવો એટલે કે બ્રહ્મયજ્ઞની સિદ્ધિ માટે એની જરૂર છે હવે જેએ ગીર્વાણુ એટલે સસ્કૃત ન ભણ્યા હોય તેમણે કૃષ્ણુના નામનુ કીર્તન કરવુ

તથા સ્તોત્ર આદિના પાઠની પેઠે નિયમથી કરવા નામ કીર્તનથી પણ બ્રહ્મયજ્ઞ કરતા રહેવુ જો ભણ્યા ન હોઇએ તો શ્રવણથી પણ બ્રહ્મયજ્ઞ કરવો, એમ નારદ પચરાત્રમા કહેલુ છે તેમના ગુણોનુ કીર્તન કરવુ એવો પાઠ હોય તો પ્રાકૃત ભાષામા શ્રીકૃષ્ણના ગુણોના વર્ણનવાળા પદ્ય અથવા ગદ્યનો અભ્યાસ કરવો એવો અર્થ છે ભાગવતના એકાદશ સ્કધના ૨૭ મા અધ્યાયમા કહ્યુ છે કે અધિક અથવા ન્યુન પુરાણા અથવા પ્રાકૃત સ્તોત્રથી સ્તુતિ કરીને, હે ભગવન્ ! પ્રસન્ન થાઓ એમ કહી દડવત્ પ્રણામ કરે છે એમ ભાગવતના એકાદશ સ્કધના ૨૭મા અધ્યાયમા કહ્યુ છે આમા એ વિધિવાક્યો છે ૫૭

हरेर्विधाय नैवेद्यं भोज्य प्रासादिक तत
कृष्णसेवा परै प्रीत्या भवितव्यंच तै सदा ५८

તે પછી હરિનુ એટલે શ્રીકૃષ્ણને નૈવેદ્ય ધરેલુ જે અન્ન, અથવા પોતે કરેલી રસોઇ અથવા બીજા ખપે તેની પાસે કરાવેલી રસોઇ તેને હરિને નિવેદ્ય કરીને અહીં હરે એમ છઠ્ઠી વિભક્તિ મુકી છે તે સબધ સામાન્યમા છે કેટલાક કહે છે સપ્રદાનમા તો ચતુર્થી આવે માટે **हरये** એમ જોઇએ પણ **हरे** એમ છઠ્ઠી વિભક્તિ ન જોઇએ પણ મહાકાવ્યોમા પણ એવા છઠ્ઠી વિભક્તિના પ્રયોગો છે જેમ **खर कर शयाना स्थानां पयश्च प्रयच्छति** એમા આપવુ અર્થ છે તોપણ છઠ્ઠી વિભક્તિ છે સૂર્યના તીક્ષ્ણ કિરણો દિશાઓને પાણી આપે છે શ્રી હર્ષ કવિના **कर्णोकिमस्वारति तत्पतिभ्या** એમા ચતુર્થીનો પ્રયોગ છે બાળ ભારતમા અમરસિહ **दिव्यमक्षि वितरामि तवेदमिति** એમા ભગવાન્ અર્જુનને કહે છે કે હુ તને દિવ્ય ચક્ષુઓ આપુ છુ તેમા છઠ્ઠીનો પ્રયોગ છે, એમ ચતુર્થી તથા છઠ્ઠી બન્ને વિભક્તિઓના પ્રયોગ છે હવે નૈવેદ્ય ધર્યા પછી આરતી આદિ સાથે મહાનૈવેદ્યનો વિધિ સમાપ્ત કર્યા બાદ પ્રસાદ—એટલે ભગવાનની દષ્ટિ વગેરે અનુગ્રહ થાય એવુ પ્રાસાદિક અન્ન અથવા ભગવાનને જમતા બાકી રહેલુ એવુ અન્ન તે ગ્રહણ કરવુ પ્રસાદ શબ્દ અનુગ્રહ, કાવ્ય, ગુણ, સ્વાસ્થ્ય અને પ્રસન્નતાના અર્થમા વપરાય છે એમ વિશ્વકોષમા છે આમા બ્રાહ્મણ આદિએ તથા બ્રહ્મચારી વગેરેએ નૈવેદ્ય કરીને ત્યાર પછી વૈશ્વદેવને કરીને, મગળ કરીને ને ઉપર જમવાનુ પાત્ર મુકીને ઉપોષણ કરીને પ્રાણાગ્નિ તથા અગ્નિહોત્ર કરીને મૌન રાખીને જ ભોજન કરવુ. એ બધુ કૃત્ય ચિંતામણિમાં આહ્નિક

ગ્રંથમાંથી જાણી લેવું ભગવાનને નૈવેદ્ય ધરાવ્યા વિનાનું અન્ન જમવામાં દોષ છે એમ ગૌતમે પદ્મપુરાણમાં હરિવલ્લભ સુધોદયમાં કહેલું છે હે અમરિષ ! ઘરમાં પોતાને ભાવતું ભોજન રાંધેલું હોય તે હરિને ધર્યા વિના જે પુરૂષ જમે છે તે સાત જન્મ સુધી નારકી થાય છે નિવેદન કરેલું અન્ન જમવામાં રામાર્ચન ચંદ્રિકામાં તથા પદ્મપુરાણમાં પુણ્ય થયાનું કહેલું છે જે પુરૂષ મુરારિ એવા ભગવાનને નૈવેદ્ય ધરીને પછી તેમાં તુલસી મુકીને તથા ભગવાના ચરણના સ્પર્શવાળું જળ નાખીને પછી તે દરરોજ જમે છે તેને અયુત કોટિ યજ્ઞનું પુણ્ય થાય છે એવા આત્મનિમદી એટલે વૈષ્ણવોએ સદાય એટલે રાત્રે તથા દિવસે પ્રીતિ વડે કરીને એટલે મોટા હર્ષ વડે કરીને—જરાય કલેશ અથવા દભ વિના જ કરવું. **कृष्ण सेवा परै** એટલે કૃષ્ણની સેવામાં જ તત્પર અથવા કૃષ્ણને અર્થે જ સઘળી ક્રિયાઓ છે જેની એવા થકા ભાવથી ભોજન કરવું કારણ કે ભાવ રહિત સેવાને ભગવાન્ અંગીકાર કરતા નથી. તેથી પ્રીતિસહ એમ કહ્યું છે. એકાદશ સ્કંધના ૨૯ મા અધ્યાયમાં ભગવાને ઉદ્ધવજી પ્રત્યે કહેલું છે કે શ્રદ્ધાથી ભક્તિ વડે કરીને જો મારૂં પૂજન કરવામાં આવે છે તો તેનું ગંધ, ધૂપ, પુષ્પ, દીપ તથા પાણી પણ ગ્રહણ કરૂં છું પરન્તુ અભક્ત તો બહુ ધન વસ્ત્રાદિકે કરીને પુજા કરે તોય પણ તેથી મને સંતોષ થતો નથી. દશમસ્કંધના ૮૧ મા અધ્યાયમાં કહ્યું છે કે જે મનુષ્ય ભક્તિ વડે કરીને મને પત્ર, પુષ્પ, ફળ અથવા જળ પણ અર્પણ કરે છે એવા પ્રયત્નવાન્ મનુષ્યનું હું પ્રસન્ન થયો—થકો જમું છું ગીતાના ૧૫ મા અધ્યાયમાં કહેલું છે કે અશ્રદ્ધાવડે કરીને આપેલી આહુતિ, તથા કરેલું દાન, તપ, વગેરે અસત્ કહેવાય છે, તે આ લોક કે પરલોકમાં પણ નથી ભાગવતના એકાદશ સ્કંધના ૧૯ મા અધ્યાયમાં ઉદ્ધવજી પ્રત્યે ભગવાને આત્માનવેદી ભક્તોના ધર્મો કહેલા છે મારી અમૃતરૂપી કથામાં તેને શ્રદ્ધા, મારૂં કીર્તન કરતો થકો જ જે શ્વાસ લે છે, અને મારી પૂજામાં જેને પરમ નિષ્ઠા છે તથા સ્તુતિ વડે કરીને જે મારૂં સ્તવન કરે છે, મારી સેવા આદરથી કરે છે, સર્વે અંગોવડે જે મને અભિવંદન કરે છે, મારા ભક્તની પૂજા જ અધિક અને સર્વે ભૂત પ્રાણિ માત્રમાં હું રહ્યો છું એવી જેની બુદ્ધિ છે, મારે માટે જ અંગની ચેષ્ટા અને વાચા પણ મારા ગુણો કહેવામાં રહે છે, મન મારે વિષે અર્પણ કરેલું છે અને સર્વે કામ માત્ર છોડી દેવામાં આવ્યું છે. મારે માટે ધનનો તથા ભોગનો તેમ જ સુખનો ત્યાગ કરેલો છે, ઇચ્છા, દાન, યજ્ઞ, જપ, તપ, વ્રત અને તપ એ બધું મારે માટે જ કરે છે. હે

ઉદ્ધવ ! એવા ધર્મવડે કરીને આત્મનિવેદી મનુષ્યોને મારે વિષે ભક્તિ ઉત્પન્ન થાય છે તેને બીજો કયો અર્થ મેળવવાનો છે ? વળી તેવી ભક્તિનુ ફળ પણ એકાદશ સ્કધના ૨૯ મા અધ્યાયમા ભગવાને જ કહેલુ છે: જ્યારે સમસ્ત કર્મનો ત્યાગ કરીને મનુષ્યો તેમનો આત્મા મને નિવેદન કરે છે ત્યારે અમરપણાને પામતા તેઓ મારામય જ થાય છે મારામય એટલે મારા એકપણાને, મારા સમાન ઐશ્વર્યને એમ શ્રીધર સ્વામીએ તે ઉપરના વ્યાખ્યાનમા કહેલુ છે ગીતાના ૧૨ મા અધ્યાયમા પણ કહેલુ છે કે જે મનુષ્યો સર્વે કર્મ માત્રને મારે વિષે ત્યાગ કરીને મારા પરાયણ થાય છે તેઓ અનન્ય યોગથી મારૂ ધ્યાન કરતા સતા મારી ઉપાસના કરે છે. મારે વિષે જેમનુ ચિત પરોવાયેલુ છે તેમનો આ સસાર સાગરમાથી, હુ થોડા જ સમયમા ઉદ્ધાર કરનાર થાઉ છુ **સદા** એટલે સર્વદા એથી કરીને ભગવાનના નામનું સ્મરણ આદિ ક્ષણ માત્ર પણ ત્યાગ ન કરવુ એમ શિક્ષા આપે છે શ્રીમદ્ ભાગવતમા પણ કહ્યુ છે કે ભગવાનમા જ વૃત્તિવાળા એવા દેવો પણ જેના ચરણકમળની ઝખના કરી રહ્યા છે એવા ચરણકમળના ધ્યાનમાથી જે દઢમતિવાળા ભક્તનુ મન ત્રણે લોકની સમગ્ર દૌલતને માટે પણ ચળાયમાન થતુ નથી તે વૈષ્ણવોમા અગ્રગણ્ય છે વળી ભાગવતમા કહ્યુ છે કે ભગવાનની કથા-વાર્તા વિના જે કાઇ ક્ષણ અથવા દિવસ રાત્રી જાય છે તે આયુષ્યમાથી કપાય છે તેમ જ કહ્યુ છે કે કૃષ્ણના ચરણકમળની સ્મૃતિ વિના જે ક્ષણ જાય છે તે અકલ્યાણ કરનારી છે વળી ભાગવતના બીજા સ્કધના બીજા અધ્યાયમા કહ્યુ કે હે રાજન્ ! તેટલા માટે સર્વે મનુષ્યોએ સર્વત્ર અને સ્દાય ભગવાનને જ સભાળવા, તેમના કીર્તન કરવા, તેમનુ જ સ્મરણ કરવુ. ગીતાના ૮ મા અધ્યાયમાં કહ્યુ છે કે સર્વે કાળમા મારૂ જ અનુસ્મરણ કર અને યુદ્ધ કર. તેના જ ૯ મા અધ્યાયમા કહેલુ છે કે મારૂ સદાય કીર્તન કરતા તથા દઢ વ્રતવાળા અને પ્રયત્ન કરતા વિષ્ણુ રહસ્યમા પણ કહ્યુ છે કે જે મુહૂર્ત અથવા ક્ષણમા વાસુદેવનુ વિસ્મરણ કરવામા આવે તે દિવસમા મોટુ છિદ્ર સમજવુ, તેને મોહ જાણવો, તેને વિભ્રમ જાણવો વૈષ્ણવ ચિતામણિમા નારદજી કહે છે કે હે રાજન્ ! વિષ્ણુનુ નામ તથા કીર્તન કરવામા દેશનો નિયમ નથી તેમ કાળનો નિયમ નથી એમા કાઇ જ શકા નથી. વરાહ પુરાણમા કહ્યુ છે કે જે મનુષ્ય, નારાયણ, અચ્યુત, અનત, વાસુદેવ એ પ્રકારે આ ભૂમિમા સતત કીર્તન કર્યા કરે છે તે મારા ધામને પામે છે વિષ્ણુધર્મોત્તરમા ક્ષત્રબધુના ઉપાખ્યાનમા પણ કહ્યુ છે કે જે શ્રીહરિના

નામમાં લુબ્ધ થયો છે તેને નથી દેશનો નિયમ, નથી કાળનો નિયમ કે નથી તેને ઉચ્છીષ્ટ અન્નનો નિષેધ સ્કદ પુરાણમા કહ્યુ છે કે ચક્રાયુદ્ધ જેનુ નામ છે એમનુ કીર્તન સદાય અને સર્વ ઠેકાણે કર્યા કરવુ તેના કીર્તનમા અશૌચ જેવુ કાઇ નથી તે પવિત્ર કરનારૂ જ છે તેમા દેશ, કાળ, અવસ્થા કે આત્મશુદ્ધિ આદિકની અપેક્ષા નથી પરન્તુ ભગવાનનુ નામ માત્ર સ્વતત્ર રીતે કામીના મનોરથ પુરે છે પ્રહ્લાદ પુરાણમા પણ કહ્યું છે કે મહાપાતકી હોય તો પણ જો શુદ્ધ અત કરણથી ભગવાનનુ કીર્તન કર્યા કરે તો તે પંક્તિને પાવન કરનાર થાય છે

વિષ્ણુ પુરાણમા પણ કહ્યું છે કે જનાર્દન અને પ્રાણિમાત્રના પતિ તથા જગતના ગુરૂ તેમનુ, હે મહામુનિ ! મનુષ્ય સ્મરણ કરીને સમગ્ર દુઃખ માત્રનો નાશ કરે છે તથા બીજા કાર્યોને પણ ઇચ્છા પ્રમાણે સમગ્રપણે સાધે છે નામકૌમુદીમા પણ કહ્યુ છે કે વિષ્ણુનુ સતત સ્મરણુ કરવુ, તેમને વિસારવા નહિ જે સર્વે વિધિ નિષેધો છે તે એમના કિંકર કહેતા ચાકર છે હરિભક્તિ સુધોદયમા પણ કહ્યું છે કે વૈષ્ણવની જીહ્વાતો એકલા બોલનારનુ જ રક્ષણ કરે છે એમ નહિ પણ ભગવાનની કીર્તિને સાભળીને સમગ્ર જગતને પવિત્ર કરે છે આમા બે વિધિ વાકયો અને એક પેટા વાકય છે ૫૮

प्रोक्तास्ते निर्गुणा भक्ता निर्गुणस्य हरेर्यत
सबधात्तत्क्रिया सर्वा भवत्येव हि निर्गुणा ॥ ५९

यत એટલે એ હેતુ માટે એ સર્વે ક્રિયાઓ એટલે કે તે ભક્તાની ઇંદ્રિયોના તમામ વ્યવહાર–નિર્ગુણ એટલે પૂર્વે કહેલા પ્રકારથી માયાના ગુણથી રહિત હોય તથા અનતકલ્યાણ ગુણ રૂપિ મણિઓ જેમા હોય એવા અને દિવ્યમૂર્તિ તથા જે પોતાના આશ્રિતોના કાળ, માયા, તથા યમના ભયનો નાશ કરે છે એવા હરિના કહેતા કૃષ્ણના વિષ્ણુ ધર્મોત્તરમાં કહ્યુ છુ કે કૃષ્ણના ભક્તને માયાનો ભય નથી, તથા જમદૂતનો ભય નથી એવા ભક્તોની ક્રિયા નિર્ગુણ હોય છે નિર્ગુણ એટલે ગુણવાળી દેખાવા છતા, ગુણથી રહીત થાય છે શ્લોકમા જે હિ મુકેલો છે તે નિશ્ચય અર્થમા છે. આ શબ્દ પાદપૂર્તિમા, હેતુમાં, વિશેષમા તથા અવધારણ અર્થમાં વપરાય છે એમની ક્રિયા નિર્ગુણ થવાનુ કારણ એ છે કે તેમને ભગવાનની પ્રાપ્તિ શીવાય બીજા ફળની ઇચ્છા નથી. ગીતાના ૧૮ મા

અધ્યાયમા જ કહ્યુ છે કે મારે વિષે મનને પરોવ, મારો ભક્ત થા, મારૂ જ પૂજન કર, મને જ નમસ્કાર કર, તુ મને જ પામીશ, હુ તને આ સત્ય કહુ છુ છે કે સત્વ ગુણમા જ લીન થયા હોય તે સ્વર્ગને પામે છે, રજોગુણવાળા મનુષ્ય લોકને અને તમોગુણવાળા નરકને પામે છે માત્ર નિર્ગુણ એવા ભક્તો જ મને પામે છે એમ શ્રીધર સ્વામીએ વ્યાખ્યાન કરેલુ છે જેમ ગગાના જળના યોગથી રથના ચક્રનુ પાણી પણ તેના રૂપને પામી જાય છે તેવી રીતે હરિના સબધી માયાના ગુણોવાળી ક્રિયા પણ નિર્ગુણ થઇ જાય છે, એમ વિષ્ણુ ધર્મોત્તરમા કહેલુ છે એટલે નિર્ગુણત્વ અવિવાદથી સિદ્ધ થાય છે એકાદશ સ્કધના ૨૯ મા અધ્યાયમા ઉદ્ધવ પ્રત્યે ભગવાને તેનુ શ્રેષ્ઠપણુ કહેલુ છે કે હે ઉદ્ધવ ! નિર્ગુણત્વને લીધે નિષ્કામ એવા મારા એકાતિક ધર્મની શરૂઆત કરતે સતે, તેનો ક્યારેય નાશ થતો નથી એમ મે સારી પેઠે નિશ્ચય કર્યો છે, એટણે કે એ જે નિષ્કામ એવા મારા ધર્મને દેશ, કાળ, સ્વભાવ આદિના જે ગુણ-દોષ તેથી પરાભવ થતો નથી એટલે કે નિર્ગુણપણાને લીધે જ આ ધર્મ સર્વોત્તમ છે એવો મારો નિશ્ચય છે તેથી એવા ભક્તોને (ભગવાને) નિર્ગુણ કહ્યા છે, એમ તમારે જાણુવુ એટલુ વાક્ય અધ્યાહાર સમજીને ઉપરથી લઇ લેવુ તે ઉપલક્ષણ છે એટલે કે તેના ભક્તિ જ્ઞાન પણ નિ-ગુણપણાને પામે છે તૃતીય સ્કધના ૨૯ મા અધ્યાયમા ભક્તિનુ નિર્ગુણ-પણુ કપિલદેવ દેવહૂતિ પ્રત્યે કહેલુ છે કે મારા ગુણનુ શ્રવણુ માત્ર કરવુ, અને સર્વે ગુઢ આશયો મને જ મળવા અને મનની ગતિને, ગગાનદીનુ જળ જેમ સમુદ્રમા મળે તેમ મારે વિષે અવિછિન્નપણે રાખવી એને નિ-ર્ગુણ ભક્તિ-યોગનુ લક્ષણુ કહેલુ છે તેના જ્ઞાનાદિનુ પણ નિગુણપણુ એકાદશસ્કધના ૨૫ મા અધ્યાયમા ઉદ્ધવજી પ્રત્યે ભગવાને કહેલુ છે કે કૈવલ્યનુ જ્ઞાન સાત્વિક, વૈકલ્પિકને રાજસ્ અને પ્રાકૃતને તામસ જ્ઞાન કહ્યુ છે પણ મારે વિષે નિષ્ઠાના જ્ઞાનને નિર્ગુણ કહ્યુ છે વનમા વાસ કરવો તેને સાત્વિક, ગ્રામમાના વાસને રાજસ્ અને જુગારવાળા ઘરમા રહેવુ તેને તામસ વાસ કહ્યા છે પણ મારી સમીપે રહેવુ તેને નિર્ગુણ વાસ કહ્યો છે જે કર્મ કરનાર આસક્તિએ રહિત હોય તે સાત્ત્વિક, આસક્તિવાળો હોય તે રાજસ્ અને અનુસધાન રહિત હોય તે તામસ્ અને મારે જ શરણે આવેલો તેથી અહકાર રહિત હોય તે નિર્ગુણ ભક્ત છે

અધ્યાત્મ વિદ્યાને વિષે જે શ્રદ્ધા તે સાત્વિકી, કર્મને વિષે શ્રદ્ધા તે રાજસી, અધર્મમા શ્રદ્ધા હોય તે તામસી અને મારી સેવામા જે શ્રદ્ધા હોય તે નિર્ગુણ કહેવાય જે ભોજન હિતકર, શુદ્ધ અને અનાયાસે મળેલુ હોય તે સાત્વિક કહેલુ છે, ઇન્દ્રિયોને જે પ્રિય હોય તે રાજસ્ અને જે ભોજન દુ ખ આપે તેવુ તથા અશુદ્ધ હોય તે તામસ્ કહેવાય આ શ્લોકમા બે ઠેકાણે ચકાર છે તેથી મને અર્પણ કરેલુ એવુ ભોજન તે નિર્ગુણ છે એમ અધ્યાહારથી સમજી લેવુ, એમ શ્રીધર સ્વામીએ વ્યાખ્યાન કરેલુ છે સાત્વિક ભોજન સુખને આપનારૂ છે, વિષયોને ઉત્પન્ન કરે તે રાજસ્ ભોજન અને જે ભોજનથી દીનતા તથા મોહ ઉત્પન્ન થાય તે તામસી કહેવાય અને મને ધરેલુ હોય તે નિર્ગુણ કહેવાય પચરાત્રમા તો સ્વધર્મ વાળા અને અનન્ય ભક્તિવાળા એવા જે આત્મનિવેદી અને જ્ઞાન વૈરાગ્યે યુક્ત હોય તેમને જ એકાતિક કહેલા છે સ્વધર્મ, જ્ઞાન અને વૈરાગ્યરૂપી ભૂષણથી યુક્ત એવી અનન્યભક્તિ, જે પુરૂષો પરમાત્મામા પતિવ્રતાની પેઠે કરે છે તેઓ જ એકાતિક છે જેમ સારા રૂપવાળી પરતુ વસ્ત્ર અને ઘરેણા વિનાની સ્ત્રી શોભતી નથી તેજ પ્રમાણે ધર્મથી રહિત એવા પુરૂષોની ભક્તિ શોભતી નથી દેશકાલ આદિની વિષમતા ક્યારેક થાય ત્યારે, ધર્મ વિનાની ભક્તિ તો વિજળીના પેઠે તિરોધાન પામી જાય છે પરન્તુ જો એ ભક્તિ ધર્માદિ સહિત હોય છે તો મહાન્ આપત્તિમા વિઘ્ન આવે તોપણ જેમ વર્ષાદથી હિમાલય પર્વતને કાઇ થતુ નથી તેવી રીતે, તે અચળ રહે છે અને પરાભવ પામતી નથી શ્રીમદ્ભાગવતના ૬ ઠ્ઠા સ્કધના ૨૭ મા અધ્યાયમા શિવજીએ પાર્વતીજી પ્રત્યે કહેલુ છે કે ભગવાન્ વાસુદેવમા ભક્તિ રાખનારા એવા અને જ્ઞાન તથા વૈરાગ્યરૂપી છે બળ જેમા એવા પુરૂષોને વિશેષ બુદ્ધિથી આશ્રય કરવા જેવુ બીજુ કાઇ નથી શ્રીમદ્ભાગવતના ત્રીજા સ્કધના ૨૫ મા અધ્યાયમા દેવહૂતિ પ્રત્યે કપિલજીએ કહેલુ છે કે જ્ઞાન વૈરાગ્યથી યુક્ત એવા ભક્તિયોગવડે કરીને યોગિઓ પોતાના કલ્યાણને માટે, જેને ક્યાયથી ભય નથી એવા મારા ચરણમા પ્રવેશ કરે છે આમા એક વિધિ વાકય છે ૫૯

**भक्तरेतैस्तु कृष्णायानर्पित वार्यपिक्वचित् ।
नपेय नैवभक्ष्यच पत्रकद फलाद्यपि ॥ ६० ॥**

એ જે આત્મનિવેદી ભક્તો તેમણે પાણી પણ કૃષ્ણને અર્પણ કર્યા વિનાનુ ક્યારેય ન પીવુ તો પછી દુધ તો ગળ્યા વિના ન પીવાય તેમા શુ આશ્ચર્ય ? પત્ર, કંદ, ફળ વગેરે પણ ક્યારેય ન ખાવુ આદિ શબ્દ છે એટલે ભગવાનને અપર્ણ કર્યા વિના બીજમળ વગેરે પણ ન ખાવુ અપિ શબ્દથી અન્ન તો વળી અર્પણ કર્યા વિના જમાય જ શાનુ ? અને ઉપલક્ષણથી નવીન વસ્ત્ર અલકાર આદિ પણ કૃષ્ણને અર્પણ કર્યા વિના ન લેવુ બ્રહ્માડ પુરાણમા કહ્યુ છે કે પત્ર, પુષ્પ, ફળ, જલ, અન્નપાન તથા ઔષધ પણ ભોજનને માટે કલ્પ્યુ હોય તો તે ભગવાનને અર્પણ કર્યા વિના ક્યારેય ન ખાવુ પદ્મપુરાણમા કહેલુ છે કે હે બ્રહ્મર્ષિ ! નવુ વસ્ત્ર, ફળ, અન્ન તથા રસાદિક તે વૈષ્ણવોએ વિષ્ણુને ધરીને પછી સેવન કરવુ સ્કદ પુરાણમા પણ કહ્યુ છે કે શેલડી, ફળ, માલપૂવા, તથા બીજા વિવિધ ખાનાના પદાર્થો સુગધ, કસ્તુરી, કર્પૂર, તેલ, અજન, રત્ન તથા આભરણનો સમુહ, વસ્ત્ર તથા બધાય વાહનો એ બધાય પ્રસાદી કરાવી ને જ ભોગવવા, નહી તો દોષીત થાય છે એકાદશ સ્કધમા ભગવાને ઉદ્ધવજી પ્રત્યે કહેલુ છે કે આ લોકમા જે કાંઇ ઇષ્ટતમ હોય અને જે પોતાને અતિ પ્રિય હોય તે વસ્તુ મને જ અર્પણ કરવાથી તેનુ કલ્યાણ થાય છે પોતાને મળેલા પદાર્થ માત્ર દાસપણાવડે કરીને ભગવાનને અર્પણ કરવા તેને આત્મનિવેદન કહે છે આમા બે નિષેધ વાક્યો અને બે પેટા-વાક્યો મળી ચાર છે ૬૦

**सर्वं रसक्तौ वार्द्धक्याद्दरीयस्यापदाऽथवा
भक्ताय कृष्णमन्यस्मै दत्त्वा वृत्यययथाबलम् ६१**

વૃદ્ધપણાનો ભાવ તે વાર્દ્ધક્ય કહેવાય અશક્તિ થાય ત્યારે એટલે પૂજન આદિના સામર્થ્યનો અભાવ થાય ત્યારે અથવા તો ઘડપણ વિના પણ અશક્તિને લીધે અથવા મોટો રોગ થયો હોય દેશનો નાશ થયો હોય વગેરે ઉપદ્રવમા પણ જો એમ બની શકે તેમ ન હોય ત્યારે પણ સર્વે આત્મ નિવેદી વૈષ્ણવી જનોએ બીજા જેમને પૂજાની અનુકૂળતા હોય તેમને શ્રી કૃષ્ણના સેવકને પોતાને સેવવા યોગ્ય એવુ કૃષ્ણનુ સ્વરૂપ તે અથવા શાલ-ગ્રામ તે પ્રાર્થના વડે આપીને પોતાને દેશ, કળા વય, અવસ્થા, સામર્થ્યને અનુસરીને વર્તવુ એટલે કે મનવડે કરીને પ્રભુ પૂજન કરવુ અને પોતાના

વૈષ્ણવપણાનુ રક્ષણ કરવુ આપત્કાલમા વૈષ્ણવોને માનસિક પૂજન વિહિત છે, એ જ એક પૂજન કરવુ, બાહ્યપૂજન નહી એમ લઘુહારીત સ્મૃતિમા કહેલુ છે આમા બે વિધિવાક્યો છે ૬૧

आचार्येणैव दत्त यद्यच्च तेन प्रतिष्ठितम्
कृष्णस्वरुप तत्सेव्य वद्यमेवेतर त्तुयत् ६२

આચાર્ય એટલે પોતાને ભક્તિ માર્ગનો ઉપદેશ કરનાર અને ધર્મ વશમા ઉત્પન્ન થયેલો એવો ગુરૂ લેવાનો છે, પણ જનોઇ દેનાર વેદના આચાર્ય નહી કારણ કે અહી એનો જ પ્રસગ છે એ વિષે લિંગ પુરાણમા કહ્યુ છે કે જે હેતુ માટે પોતે આચરણ કરે અને બીજાને તે આચારમા સ્થાપન કરે તથા શાસ્ત્રોના અર્થને વિચારે તેને આચાર્ય કહેવાય એ જ આચાર્યે આપેલી (પોતાની એટલુ અધ્યાહાર છે) તથા તેવા આચાર્યે પ્રતિષ્ટા કરેલી એવુ કૃષ્ણનુ સ્વરૂપ દરરોજ સેવવા યોગ્ય છે આગળ કહેલા અને હવે પછી કહેવાનારા શ્લોકમાથી સર્વે જણે એવુ પદ કાઢી લેવુ બીજા સપ્રદાયના આચાર્યે જે સ્વરૂપ આપ્યુ હોય અથવા તેની પ્રતિષ્ઠા કરી હોય તે તો વદના યોગ્ય છે ભગવદ્ભાવ વડે કરીને તેને નમસ્કાર જ કરવો પણ તેની દરરોજ પૂજા થઇ શકે નહી કારણ કે તેથી વૈષ્ણવ સપ્રદાયની મર્યાદાનો ભગ થાય છે એવો ભાવ છે જે અનાદિથી સિદ્ધ ગણાતા હોય એવા જીર્ણ દેવાલયોવાળા પુણ્ય ક્ષેત્રમાના ભગવાનના સ્વરૂપોનો સેવવા યોગ્ય જ છે કેમકે મહાપુરાણ આદિને વિષે તે સર્વેની યથાધિકાર સેવા કરવાની વિધિ કહેલી છે એ વિષેનો વિસ્તાર હેમાદ્રિએ તીર્થખડને વિષે કરેલો છે ત્યાથી તે જાણી લેવો સેવકોએ ભગવાનની મૂર્તિમા પાષાણબુદ્ધિ ન કરવી પચરાત્રમા તેવા લોકોને અપરાધી કહેના છે કૃષ્ણની મૂર્તિમા તથા પોતાના ગુરૂમા જેને પાષાણની તથા મનુષ્યની બુદ્ધિ થાય છે અને વૈષ્ણવમા જેને જાતિપણાની બુદ્ધિ થાય છે તે પુરૂષો અપરાધી છે વળી ભગવાનની પ્રતિમાને વદન કરવાનુ વિશેષપણે કરીને નિર્ણય સિંધુના ત્રીજા પરિચ્છેદમા તથા નારદ પુરાણમા ત્રિસ્થળી સેતુમા કહેલુ છે કે જે પુરૂષ શૂદ્રના પૂજેલા શાલિગ્રામને અથવા વિષ્ણુને પ્રણામ કરે છે તેની કોટી પ્રાયશ્ચિત્તથી પણ શુદ્ધ થતી નથી જે પુરૂષ, સ્ત્રીએ પૂજેલા લિંગને અથવા વિષ્ણુને નમસ્કાર કરે છે તે પોતાના કોટિ કુળે યુક્ત કલ્પ સુધિ રૌરવ નરકમા પડે છે અહી જે સ્ત્રીના પૂજેલા વિષ્ણુને વદન કરવાનો નિષેધ કહેલો છે તેમા વિદ્વાનોમા બહુ વાદ થાય છે એકના

મતે એમ છે કે એવા સ્ત્રીએ પૂજા કરેલા જો હમણાના જ સ્થાપન થયેલા હોય તો તે માટે નિષેધ છે બીજાઓ કહે છે કે એ નિષેધ શાલિગ્રામ માટે જ છે બીજા વળી કહે છે કે સાભળવાવડે કરીને જે અર્થ લેવાય તે જોતા એ નિષેધ માત્ર વિષ્ણુની મૂર્તિ માટે છે કેટલાક એ નિષેધ માત્ર ત્યાગી પુરૂષોને જ છે એમ કહે છે પણ ટીકાકાર શતાનદમુનિ કહે છે કે મારો મત તો એવો છે કે જ્યા સ્ત્રી એકલી સ્વતત્ર રીતે પૂજા કરતી હોય તેને માટે એ નિષેધ છે કારણ કે તેવે ઠેકાણે ભગવાનના દર્શને જવામા સ્વતત્ર સ્ત્રીનુ દર્શન થવાથી પતિત થવાનો સભવ કોઈ મનનો ક્ષોભ થવાની આપત્તિ આવે આમા ત્રણ વિધિ વાક્યો છે ૬૨

भगवन्मदिर सर्वैं साय गतव्यमन्वहम् ।
नामसकीर्तनं कार्यं तत्रोच्चै राधिकापते ॥ ६३ ॥

સાય એટલે દિવસના અતે સાય શબ્દનો અર્થ સાજ, પ્રભાત અને પ્રાત કાલ એનો અમરકોષમા આપેલો છે ભગવાનના મદિરમા એટલે સ્થાપન કરેલી ભગવાનની મૂર્તિ હોય અથવા તો ઉથાપન થાય એવી ચલ મૂર્તિ હોય એવા શ્રીકૃષ્ણના મદિરમા જવુ દર્શનને માટે, એ અધ્યાહાર છે ત્યા જઈને રાધિકાના પતિ એવા શ્રીકૃષ્ણના નામ ગુણનુ કીર્તન એકાગ્રચીત્તે કરીને ઉચ્ચારવુ ઉચ્ચૈ એટલે મોટા સ્વરે કરીને કલિયુગમા ભગવાનના કીર્તનથી જ પરમમુક્તિ થાય છે એમ છે માટે શ્રીમદ્ભાગવતના બારમા સ્કધના ૩ જા અધ્યાયમા શુકજીએ કહેલુ છે કે સત્યુગમા જે, વિષ્ણુના ધ્યાનથી, ત્રેતામા યજ્ઞ કરવાથી, અને દ્વાપરમા સેવા કરવાથી ફળ મળે છે તે ફળ કલિયુગમા ભગવાનનુ કીર્તન કરવાથી પ્રાપ્ત થાય છે હે રાજન્! કલિયુગ એ દોષની ખાણ છે પણ તેમા એક મોટો ગુણ રહેલો છે તે એકે કૃષ્ણના કીર્તનથી જ તેની મુક્તિ થઈને તે પરમેશ્વરને પામે છે એકાદશ સ્કધના ૫ મા અધ્યાયમા કહ્યુ છે કે વિવકી પુરૂષો, વર્ણે કરીને કૃષ્ણ પણ કાન્તિએ કરીને કૃષ્ણ (કાળા) નહી એવા ભગવાનને અગ (હૃદય વગેરે) તથા ઉપાગ (કૌસ્તુભમણિ વગેરે) તથા અસ્ત્ર (સુદર્શન ચક્ર આદિ) અને પાર્ષદ (સુનદાદિ) સાથે યજ્ઞ તથા નામ કીર્તનવડે પૂજે છે ગુણને જાણનારા અને સારગ્રહણ કરનારા એવા આર્ય પુરૂષો તો કલિયુગમા ભગવાનનુ ભજન કરે છે, જે કલિયુગમા માત્ર કીર્તન વડે કરીને જ સર્વે સ્વાર્થ મળાય છે સત્યુગમા ધ્યાન કરવાથી, ત્રેતામા યજ્ઞથી, દ્વાપરમા પૂજાથી જે પ્રાપ્ત થાય છે તે કલિયુગમા નામકીર્તનથી

આમ થાય છે વારાહ પુરાણમા પણ કહેલુ છે કે જેઓ કલિયુગમા મારૂ કીર્તન કરે છે તેઓ કૃતકૃત્ય થયેલાને ધન્ય છે, તેમણે જ સુકૃત કહેલુ છે અને તેમનો જ જન્મ યોગ્ય છે સ્કદ પુરાણમા પણ કહેલુ છે કે કલિકાળ જેવા કુસર્પની તીક્ષણ દાઢોનો ભય તમને ન થાઓ કારણુ ગોવિંદ નામ દાવાનળથી તે બળીને ભસ્મ થઇ જાય છે બૃહન્નારદ પુરાણુમા પણ કહેલુ છે કે જે પુરૂષો હરિનુ નામ ઘોર કલિયુગમા લેનારા છે તેઓ જ કૃતકૃત્ય છે અને તેમને કલિયુગ બાધ પમાડતો નથી પદ્મપુરાણુમા પણ કહેલુ છે કે હરિ ! કેશવ, ગોવિંદ, વાસુદેવ તથા હે જગત્પ્રભો ! એ રીતે જેઓ હમેશા ઉચ્ચે સ્વરે બોલે છે તેમને કલિયુગ બાધ પમાડતો નથી વિષ્ણુ ધર્મોત્તરમા પણ કહેલુ છે કે જે પુરૂષો જગતના ધારણુ કરનાર એવા વાસુદેવનુ દરરોજ કીર્તન કરે છે તે પુરૂષોને, હે નરવ્યાઘ્ર ! કલિયુગ બાધ કરતો નથી વરિંચિ સર્વસ્વમા પણ કહ્યુ છે કે હરિના નામનુ માત્ર કીર્તન કરવાથી જ દુખના સમુહથી મુક્ત થઇને સસારની પાર તરી જાય છે તો તે પુરૂષ કલિયુગમાના પાપનો તુરત નાશ કરે તેમા આશ્ચર્ય શુ ? સુપર્ણમા પણ કહેલુ છે કે જે પુરૂષ આળસ રહિત થઇને નારાયણનુ મુહૂર્ત માત્ર પણ કીર્તન કરે છે તેપણ સિદ્ધિને પામે છે તો જે પુરૂષ સદાય ભગવાનના નામનો ઉચ્ચાર કરે છે તેનુ શુ કહેવુ ? એ જ વાત નારદ પચરાત્રમા ૪૧ મા પટલમા સ્ત્રી અને પુરૂષના અસકરપણાથી કહેલી છે કે સ્ત્રીઓએ સ્ત્રીનીની સભામા અને પુરૂષોએ પુરૂષોની સભામા બેસીને દરરોજ કૃષ્ણુના નામનુ કીર્તન કરવુ, બીજી રીતે નહી આમા એ વિધિ શાકયો છે ૬૩

कार्यास्तस्य कथावार्ता, श्रव्या श्च परमादरात्
वादित्र सहित कार्यं कृष्ण कीर्तन मुत्सवे ॥ ६४

હવે નામ અને કીતન પછી શુ કરવુ એ કહે છે તસ્ય એટલે શ્રી કૃષ્ણુ સબધી કથા, એટલે કે દશમ સ્કધ વગેરેમાથી સમય મળે તે મુજબ કથા વાચવી પ્રાકૃત ભાષાવડે ઉપપત્તિ સાથે ગુણુવર્ણન કરવુ એવો અર્થ છે, વળી તે પરમ આદરથી કરવાની તથા સાભળવાની ભગવાનની કથાનુ શ્રવણુ તથા કીર્તન કરવાથી મોક્ષ થાય છે એવો હેતુ છે પ્રથમ સ્કધના ૮ મા અધ્યાયમા કુતાજીએ ભગવાન્ પ્રત્યે કહેલુ છે કે જે પુરૂષો તમારા ચારિત્ર્યને સાભળે છે, ગાય છે, તેનુ સ્મરણુ કરે છે, વખાણુ કરે છે તેઓજ થોડા સમયમા સસારસાગરથી શાતિ પમાડનારા

એવા તમારા ચરણુ કમળને પામે છે દશમ સ્કધના બીજા અધ્યાયમા દેવોએ ભગવાન્ પ્રત્યે કહેલુ છે કે જેઓ તમારા મ ગળ એવા નામરૂપનુ શ્રવણુ કરતા ગ્રહણુ કરતા, સાભળીતા અને તેનુ ચિતવન કરતા અને ક્રિયા કરતી વખતે તમારા ચરણારવિંદમા ચિત્ત ગખે છે તેઓ સસારસાગ રમા પડતા નથી પ્રથમ સ્કધના ૫ મા અધ્યાયમા નારદે વ્યાસજી પ્રત્યે કહેલુ છે કે ભગવાનના ગુણોનુ વર્ણુન કરવુ તેજ પુરૂષે કરેલુ તપ, શ્રવણુ, સુકૃત, બુદ્ધિ અને દાનનો કવિઓએ નિરૂપિત કરેલો નક્કી અર્થ છે બીજા સ્કધના બીજા અધ્યાયમા શુકજીએ કહેલુ છે કે જે પુરૂષો, સત્પુરૂષોએ શ્રવણુમા રેડેલા ભગવાનની કથારૂપી અમૃતને પીએ છે તેમના વિષયથી દુષિત થયેલા આશયો પવિત્ર થાય છે અને તેઓ અને ભગવાનના ચરણુકમળને પામે છે દ્વિતીય સ્કધના ત્રીજા અધ્યાયમા શુકજીએ કહેલુ છે કે જ્યારે ગગ વગેરે ગુણોમાથી શાતિ પામીને નિવૃત્ત થના જ્ઞાન એ સુજ્ઞાન થાય છે તથા મનની શાતિ એ બે પ્રકારે અસક્તિ ઘટે છે એટલે કે આલોક તેમજ પરલોક બન્નેના ભોગમા આસક્તિ રહેતી નથી તેવા કૈવલ્યવાળાજ માર્ગને ભક્તિયોગ કહેલો છે એવી નિવૃત્તિ પામેલો કયો પુરૂષ ભગવાનની કથામા પ્રીતિ ન કરે વિષયમા સુખ નહી માનનારા પુરૂષો ભગવાનના ગુણાનુવાદનુ શ્રવણુ કરે છે મારે વિષે ચિત્ત છે તેમનુ એવા માગ આશ્રિતો પ્રસન્ન થઇ મારી કથાને સાભળે છે તથા કહે છે અને વિવિધ તપને તપે છે ચતુર્થ સ્કધના ૩૦ અધ્યાયમા ભગવાને પ્રચેતસ પ્રત્યે કહેલુ છે કે ઘરને વિષે રહેલા હોવા છતાં પણુ કર્મને વિષે કુશળતાવાળા મારી વાર્તા સાભળવાથી ગઇ છે પીડાઓ જેમની એવા ગૃહસ્થોને સસારનુ બધન થતુ નથી પ્રથમ સ્કધના ૧૮ મા અધ્યાયમા સુત પુરાણીએ શૌનક પ્રત્યે કહેલુ છે કે ભગવાનની કથાવાર્તા તેને કરતા એવા અને તમાગ ચરણુ કમળને સ્મરતા એવા પુરૂષોને અતકાળે પણુ સભ્રમ થતો નથી

उत्सवे એટલે એકાદશિના વગેરે દિવસોમા વાજીત્રોવડે એટલે કે વીણા, મૃદગ આદિ વાજીત્રવડે લક્ષણુાવડે કરીને વાજા સાથે એમ લેવુ કૃષ્ણુનુ કીર્તન એટલે રૂપ લક્ષણુથી તેમની મહાપૂજા વગેરે પણુ કરવુ એકાદશ સ્કધના ૨૭ મા અધ્યાયમા ભગવાનેજ કહેલુ છે કે તૈલ વગેરે ચોળીને સ્નાન, દર્પણુ, દાતણુ કરવુ, અભિષેક, અન્ન, ગીત, નૃત્ય વગેરે પર્વમા તો નિત્ય કરવુ આમા ત્રણુ વિધિ વાકયો અને બે પેટા વાકયો એમ પાચ છે ૬૪

प्रत्यह कार्यमित्थहि सर्व रपि मदाश्रितै
सस्कृत प्राकृत ग्रन्था भ्यास श्रापि यथामति ६६

આ પ્રકારે એટલે શ્લોકમા કહ્યુ છે એ પ્રમાણેજ મારા આશ્રિત એવા સર્વે પુરૂષોએ દરરોજ કરવુ નિત્યકર્મ કરવુ, સસ્કૃત એટલે દેવ ભાષાના શબ્દોથી રચેલા અને પ્રાકૃત એટલે લૈકિક ભાષાના શબ્દથી રચેલા એવા ગ્રન્થોનો બુદ્ધિ પ્રમાણે અભ્યાસ કરવો તેમનુ ઘડી ઘડી આ-લોચન કરવુ તેનુ નામ ધર્મ છે ધર્મના સ્વરૂપનુ મૂળ જ્ઞાન છે એવો ભાવ છે ભારતમા રાજધર્મમા કહેલુ છે કે પુરૂષ જેમ જેમ નિત્યે શાસ્ત્રોનુ સેવન કરે છે તેમ તેમ તેને વિજ્ઞાનની પ્રાપ્તિ થાય છે તેથીજ ગીતામા ભગવાને કહેલુ છે કે કાર્ય અને અકાર્યની વ્યવસ્થામા શાસ્ત્રનુ પ્રમાણ છે પદ્મ પુરાણમા કહેલુ છે કે જે પુરૂષે શાસ્ત્રનો અભ્યાસ કર્યો નથી તે પશુતુલ્ય છે વિદુરજીએ પણ કહ્યુ છે કે વિદ્યા વિનાનો પુરૂષ શોક કરવા યોગ્ય છે આમા બે વિધિ વાકયો અને એક પેટા વાકય છે ૬૫

यादृशैर्यो गुणै र्युक्त स्तादृशे सतु कर्मणि ।
योजनीयो विचार्यैव नान्यथा तु कदाचन

જે મનુષ્ય જેવા ગુણે કરીને એટલે કે ધર્મ આદિક જેવા ગુણ તેનામા હોય-તેવા ગુણને અનુસરતા કર્મમાજ વિચારીને તેના ગુણોનો વિચાર કરીનેજ તેને પ્રેરવો એથી ઉલટી રીતે તેને કયારેય ન યોજવો યાજ્ઞવલ્કયે પણ કહ્યુ છે કે ધર્મના કર્મને વિષે ધર્મ જાણનારાઓને અને અથવા કર્મને વિષે પડિતોને, સ્ત્રીઓમા નપુસકોને અને નીચોને નીચ કર્મમા પ્રેરવા વિદુરજી પણ કહે છે રાજન્ ! પુરૂષો ત્રણ પ્રકારના છે ઉત્તમ, મધ્યમ અને અધમ તેમને યોગ્ય રીતે ત્રણ પ્રકારના કર્મમા પ્રેરવા નારદજીએ સભાપર્વમા પણ કહેલુ છે કે હે ભારત ! ઉત્તમ, મધ્યમ અને અધમ એવા પુરૂષોને જાણી લઇને તેમને તેમના પ્રમાણે કર્મમા પ્રેરવા આમા એક વિધિ વાકય અને એક નિષેધ વાકય એમ બે વાકયો છે

अन्नवस्त्रादिभि सर्वे स्वकीया परिचारका
सभावनीया सतत यथायोग्य यथा धनम् ॥ ६७ ॥

સ્વકીયા એટલે પોતાના સબધી તથા પરિચારકા એટલે સેવકો એ પોતાને પોષણ કરવા યોગ્ય મનુષ્યોનુ ઉપલક્ષણ છે પોષ્યવર્ગ માટે કાશી ખડમા નીચે મુજબ કહેલુ છે માતા, પિતા, ગુરુ, પત્ની તથા પુત્રપુત્રાદિ, પોતાને આશ્રયે રહેલા, અભ્યાગત, શરણે આવેલો અને અગ્નિ એ નવ પોષ્ય વર્ગ છે એ સર્વનુ તેમના અધિકાર મુજબ પોષણ કરવુ **આદિ** શબ્દ છે માટે રસ, ઔષધ આદિથી પણ તેમની સેવા કરવી એમ છે અને તે પોતાની પાસે ધન હોય તેના પ્રમાણમા કરવુ સતત દરરોજ તથા તેમને સતોષ પમાડવા પણ તેમને ક્લેશ કરાવવો નહી સ્કદ પુરાણમા કહેલુ છે કે દૃષ્ટ અને અદૃષ્ટના ફળના ઉદયરૂપ પોષ્યવર્ગનુ ભરણ પોષણ કરવુ તેમ ન કરવાથી પાપ લાગે છે માટે પ્રયત્નવડે કરીને તેમનુ પોષણ કરવુ કહ્યુ છે કે જે પુરૂષને આશરીને ઘણા માણસો જીવે છે તે જ પુરૂષ જીવે છે અને જે પુરૂપ વહેચ્યા વિના જ માત્ર પોતાનુ પેટ ભરીને બેસે છે તે જીવતા પણ મુએલો છે ભારતમા પણ કહેલુ છે કે નોકરને વહેચ્યા વિના એકલો સપન્ન હોઇને જમે છે તથા શોભાવાળા વસ્ત્રો પહેરે છે તેના જેવુ વખોડવા જેવુ બીજુ શુ છે ? અક્રોધ, સત્યવચન, સવિભાગ, ક્ષમા, ઘૃણા, પોતાની સ્ત્રીઓને વિષે પુત્રોત્પત્તિ, શૌચ, અદ્રોહ, સરલતા અને નોકરોનુ ભરણ પોષણ એ દશ ધર્મ સર્વે વર્ણોને માટે છે આમા એક વિધિવાક્ય અને એક અવાતર વાક્ય મળી બે છે

यादृग्गुणोय पुरुष स्तादृशा वचनेनम ।
देश कालानुसारेण भाषणीयो नचान्यथा ॥ ૬૮

જે પુરૂષમા જેવા ગુણ હોય—એટલે કે જાતિ, કુલ, વિદ્યા, તપ, યોગ, ઐશ્વર્ય આદિ જે વિશિષ્ટ ગુણો હોય તે તે પ્રમાણે એટલે તે તે ગુણોને અનુસરીને તેમજ દેશ અને કાલને અનુસરીને જેવુ વચન કાઢવુ જોઇએ તે વચનથી તેને બોલાવવો નીતિ વિવેકમા જણાવ્યુ છે કે વર્ણ અને આશ્રમના ધર્મવાળા એવા યોગીઓ તથા સત્પુરૂષો અને રાજપુરૂષો તેમજ સામગને યથા ઘટે તેવી રીતે બોલાવવા દેશને અનુસરીને—એ શબ્દનો અર્થ એવો છે કે પોતાનો શિષ્ય હોય અને તે ગુણવાળો હોય અને

તેને આપણે ઘેર આગળ"તુ"કારથી બોલાવતા હોઇએ તોપણ સભા-સ્થાન વગેરેમા તો તેને "તમે" એવા બહુવચનથી જ બોલાવવો. હવે કાળાનુસાર એટલે પોતાનો શિષ્ય હોવા છતા પણ જો તે વૃદ્ધ હોય તો તેને 'તમે" કહીને બોલાવવો એમ પોતાની મેળેજ જાણી લેવુ. આમા ગુણનું જ ગ્રહણ કરવાનુ હોવાથી તેથી વિપરીત જે દોષ હોય તેનો ઉચ્ચાર સુદ્ધા ન કરવો એમ જાણવુ સ્મૃતિમા કહ્યું છે કે વિદ્યા, ધન, અને કુળથી હીન હેય તથા અધ, પાગળો અને કુરૂપવાન્ હોય તેમજ દરીદ્રી હોય તેમને તેવા નામથી બોલાવવા નહીં તથા તેમની મશ્કરી કરવી નહીં. આમાં એક વિધિવાકય, એક નિષેધવાકય અને એક પેટાવાક્ય મળીને ત્રણ છે ૬૮

गुरु भूपाल वर्षिष्ठ त्यागि विद्व त्तपस्विनाम् ।
अभ्युत्थानादिना कार्य सन्मानो विनयान्वितै ॥ ६९ ॥

विनयान्वितै એટલે વિનયવાળા એવા મારા આશ્રિતો તેમણે ગુરૂ એટલે મત્ર આપનાર, વિદ્યા ભણાવનાર તથા પિત્રીઓ વગેરે ભૂપાલ એટલે રાજા વર્ષિષ્ઠો એટલે વયમા વૃદ્ધ હોય તે ત્યાગી એટલે વૈરાગ્યનુ બળ હોવાથી જેણે ભગવાનની પ્રસન્નતાને માટે ગૃહસ્થાશ્રમનો ત્યાગ કર્યો હોય તે સાધુ વિદ્વાન્ એટલે જેણે વેદ શાસ્ત્ર પુરાણ આદિનો અભ્યાસ કર્યો હોય તે તપસ્વી એટલે ભગવાનની આરાધનાને માટે કૃચ્છ્ર ચાદ્રાયણ આદિ વ્રત પરાયણ હોય તે એટલાઓને જોઇને પોતાના આસનથી ઉઠવુ, પ્રણામ કરવા, આસન આપવુ, બેસવુ વગેરેથી તેમનો સત્કાર કરવો, જો તેમ ન કરે તો તેથી મહાન્ આપત્તિ આવવાનો સભવ છે એવો ભાવ છે શ્રી ભાગવતના છઠ્ઠા અધ્યાયમા સાભળ્યુ છે કે બૃહસ્પતિ આવતા ઇદ્ર ઊભો ન થયો તેથી તેનુ રાજ્ય ગયુ તથા આઠમા સ્કધમા અગસ્ત્ય મુનિનો ઇન્દ્રદ્યુમ્ને અનાદર કર્યો તેથી તેને હાથીનો અવતાર લેવો પડયો વગેરે અનર્થ થયેલા મુખ્યત્વે કરીને જણાય છે તેમા પણ પોતે વયોવૃદ્ધ હોય અને ગુરૂ આદિ બાળ, તરૂણ તથા વૃદ્ધ હોય તોપણ તે માન-નીય છે વાયુ પુરાણમાં પણ કહેલુ છે કે વયમા વિશેષ હોવા છતા પણ ગુરૂ આદિ આવે ત્યારે ઉભા થવુ, નમસ્કાર કરવા તથા શક્તિ પ્રમાણે આતિથ્ય અને સત્કાર કરનાર સુખી થાય છે મનુસ્મૃતિમા કહ્યુ છે કે વૃદ્ધ પુરૂષો આવે ત્યારે યુવાન્ માણસોના પ્રાણ ઊચા ચડે છે અને જ્યારે તે ઉભા થઇ તેમનુ સન્માન કરે છે ત્યારે તે પ્રાણ પાછા નીચે બેસે છે.

વાલ્મિકી રામાયણમા ભરતને શિક્ષાવચન કહેલા છે તેમા પણ કહ્યુ છે કે ગુરૂ, વૃદ્ધ, તપસ્વી, દેવતા, અતિથિ, દેવવૃક્ષો અને સિદ્ધ થયા છે અર્થ જેમના એવા બ્રાહ્મણો એ સર્વેને તારે નમસ્કાર કરવા આમા એક વિધિ વાક્ય અને પાચ પેટાવાકયો મળી ૭ છે ૬૯

नो रौकृत्वा पादमेक गुरुदेव नृपान्तिके ।
उपवेश्य सभ,या च जानू बध्वा न वाससा ॥ ७० ॥

ગુરૂ, દેવ અને રાજા તેમના અતિકે એટલે સમિપે-તેમજ આગલના શ્લોકમાં જે વયોવૃદ્ધ ત્યાગી, વિ.ાન્ તપસ્વી કહ્યા છે તેમની આગળ પણ પગ ઉપર પગ ચડાવીને બેસવુ નહીં એટલે કે ડાબા પગને જમણી સાથળ ઉપર કે જમણા પગને ડાબી સાથળ ઉપર ચડાવી બેસવુ નહીં શ્લોકમાં પાદ એમ એક વચન છે એટને બન્ને પગ બન્ને સાથળો ઉપર ચડાવીને આસન કરી બેસવામા દોષ નથી એમ સમજવુ તેમજ સભામા પણ એક પગ ચડાવીને બેસવુ નહીં સ્મૃતિમા કહેલુ છે કે આચાર્ય તથા વૃદ્ધ આદિકની સમીપે તથા સભામા પુરૂષે વીરાસન કરીને બેસવુ નહીં તથા પગ ઉપર પગ ચડાવીન બેસવુ નહી વીરાસનના સબધમા વસિષ્ઠ મુનિ કહે છે કે એક પગને ઊંચો નાખી બીજા પગને પોના પગની ઉપર ચડાવીને બેસવુ તેને વીરાસન કહેલુ છે

વાસસા એટલે ઉત્તરીય-ઓઢવાના વસ્ત્રથી એક અથવા બે ઢીચણને પાછળથી વસ્ત્રવડે કરીને વીટીને બેસવુ નહી જાનુ શબ્દ સ્ત્રીલિગે વપરાતો નથી એ ત્રિકાંડશેષમાં કહેલુ છે—

જાનૂ એટલે પગની વચ્ચેનોજ પ્રદેશ લેવાનો આગલો પાછલો ભાગ નહીં. ગુરૂ વગેરેની આગળ તથા સભામા એ પ્રમાણે બેસવુ નહીં સદાચાર દીપકમા પણ કહેલુ છે કે મોટા પુરૂષોની આગળ તથા સભામા વસ્ત્રવડે પાછળથી ઢીંચણને બાધીને ન બેસવુ આમા ચાર નિષેધ વાકયો તથા બે પેટાવાકયો મળી છે

विवादो नैव कर्त्तव्य स्वाचार्येण सहकचित् ।
पूज्योऽन्न धन वस्त्राद्यैर्यथा शक्तिसन्चाऽखिलै ॥ ७१ ॥

પોતાના આચાર્ય-એટલે ગુરૂ તેની સાથે કયારેય પણ વિવાદ ન કરવો એટલે તેમના વચનનો પ્રતિવાદ કરવો વગેરે લક્ષણ વાળી વાણી,

કલહ તથા અવમાન, ન કરવુ ગુરૂના વાક્યનુ સર્વ પ્રકારે પરમ આદરથકી પાલન કરવુ બ્રહ્મપુરાણમા ગુરૂની અવજ્ઞાથી તથા શ્રુતિશાસ્ત્રોની નિંદાથી શિષ્યને ધર્મની ક્ષતિ થાય છે એમ સનત્કુમારનુ વાકય છે તેથી નરકમા પડવારૂપી આપત્તિ આવે છે અગસ્ત્ય સહિતામા તો ગુરૂનુ અપમાન કરવાથી આલોકમા અનર્થની આપત્તિ આવે છે એમ કહેલુ છે જે શિષ્યો સર્વદા આરાધન કરવા યોગ્ય એવા ગુરૂઓનુ અપમાન કરે છે તેઓ પુત્ર, મિત્ર તથા સગાવહાલાઓથી પતિત થાય છે હે ઉત્તમ મુનિ ! પાપી અને અધમ પુરૂષો ગુરૂની આજ્ઞાને નથી માનતા તેમની કલેશથી મુક્તિ થતી નથી એટલુજ નહીં પણ સર્વે મનુષ્યોએ પોતાના આચાર્યને અન્ન, ધન, તથા વસ્ત્ર આદિ જે ભેટ સામગ્રી તે વડે કરીને પોતાની શક્તિ પ્રમાણે પૂજા કરવી આદિ શબ્દ છે માટે ગાય વગેરે પણ આપવી વિષ્ણુરહસ્યમા કહેલુ છે કે પોતાની યથાશક્તિ સર્વકાળને વિષે ભેટવડે કરીને ડાહ્યા માણસે દેવની પેઠે ગુરૂનુ પૂજન કરવુ કારણકે ગુરૂમા સર્વે દેશોનો વાસ છે આમાં એક નિષેધ વાકય અને એક વિધિ વાકય અને બે પેટાવાકયો મળી ચાર છે ૭૧

तमायातं निशम्याशु प्रत्युद्गंतव्य मादरात् ।
तस्मिन्यात्यनुगम्यं च ग्रामातावधि मच्छ्रितै ॥ ७२ ॥

मच्छ्रितै એટલે મારા શિષ્યોએ—પુરૂષોએ પોતાના આચાર્ય પોતાને ગામ આવે છે એવુ સાંભળીને તુરતજ આદરથકી—એટલે કે વાદિત્ર સાથે તેમની સામે જવુ, તેમજ એ આચાર્ય પોતાના ગામથી જ્યારે જાય ત્યારે તેમને વળાવવા જાવુ પરાશર સ્મૃતિની માધવીય વ્યાખ્યામાં કહેલુ છે કે ગુરૂ જ્યારે આવે ત્યારે તેમની સામા જવુ અને જાય ત્યારે તેમની સાથે વળાવવા જવુ તે ગામની ભાગોળ કે સીમાડા સુધી અથવા કોઈ જળાશય સુધી વળાવવાજવુ ગ્રામ છે ત્યા ઉપલક્ષણવડે કરીને નગર પણ સમજવુ. વળી શ્લોકમ ચકાર છે માટે પોતાની શક્તિ મુજબ ભેટ પણ આપવી. આમા બે વિધિવાકયો છે ૭૨.

अपि भूरि फल कर्म धर्मापेत भवेद्यदि ।
आचार्य तर्हि तन्नैव धर्म सर्वार्थदोऽस्तिहि ॥ ७३

ભૂરિ એટલે મોટુ ફલ અથ ધનનો લાભ થાય એવુ કોઈ કર્મ કે ક્રિયા હોય પણ તેમા ધર્મ ન હોય એટલે કે એ ક્રિયા કરવાથી પોતાના

ધર્મનો નાશ થતો હોય તો તેવી ક્રિયા કે કર્મનુ આચરણુ ન કરવુ કારણકે ધર્મ–સ્વધર્મજ પોતે ઇચ્છેલા સર્વે પદાર્થોને આપે છે ધર્મનુ આચરણુ કરવાથી કોઇ પણુ ભોગ અથવા ભોગના સાધનો અપ્રાપ્ય નથી પરાશર સ્મૃતિમાં પણુ કહ્યુ છે કે જે કર્મ, ધર્મથી રહિત હોય અને તે જો મોટા ફળને આપે તેવુ હોય તોપણુ બુદ્ધિમાન પુરૂષે તે કરવુ નહીં, કારણકે તેથી આ લોકનુ તથા પરલોકનુ સુખ ધર્મવડે કરીને જ મળે છે, અને ધર્મથી ભ્રષ્ટ થયેલો મનુષ્ય તો નાશ પામે છે આમા એક નિષેધવાક્ય છે ૭૩.

पूर्वैर्महद्भिरपि यद् धर्माचरण क्वचित् ।
कृतंस्यात्तनु नग्राह्यं ग्राह्यो धर्मस्तुतत्कृत' ॥ ७४ ॥

પૂર્વે એટલે આગળ થઈ ગયેલા મહદ્‌ભિ એટલે તપ, યોગ ઐશ્વર્ય આદિ ગુણુવાળા શિષ્ટ પુરૂષોએ ક્વચિત્ એટલે દેશ, કાળ આદિના વૈષમ્યને લીધે અથવા કોઈ આપત્તિ આવવાથી જે કાઇ અધર્મ કર્યો હોય એટલે કે વ્યભિચાર અથવા ન ખાવા યોગ્ય વસ્તુ ખાધી હોય એવુ જે આચરણુ કર્યું હોય તેનુ આચરણુ ન કરવુ સ્મૃતિમાં કહેલુ છે કે શ્રુતિમા અથવા સ્મૃતિમાં કહેલો તથા શિષ્ટ પુરૂષોના આચરણુથી પ્રાપ્ત એજ ધર્મ હિતકર છે પરપરાથી ચાલતો આવેલો અને નિંદિત નહિં એવો શિષ્ટાચાર જ પ્રમાણુ ગણુાય પણુ શિષ્ટ પુરૂષોએ અસદ્ આચરણુ કર્યું હોય તેનુ ગ્રહણુ ન કરવુ મત્સ્ય પુરાણુમા શિષ્ટાચારનુ લક્ષણુ આ પ્રમાણે કહેલુ છે દાન, સત્ય, તપ, અલોભ, વિદ્યા, ઇજ્યા, પૂજન અને દમ એ આઠ શિષ્ટાચારનાં લક્ષણુવાળા ચરિત્રો છે મનુ તથા સપ્તઋષિઓ વગેરે શિષ્ટ પુરૂષો જે હેતુથી આગલા કહેલા કર્મોનુ આચરણુ કરે છે તેથી સર્વે મન્વતરમા શિષ્ટાચાર કહેલો છે દાનાદિના લક્ષણો પણુ એથી જ જાણુવા શિષ્ટ પુરૂષોને અસદ્ આચરણુ તો શોભે નહીં તે મહાપુરૂષોએ આચરેલો જે ધર્મ તપ, યોગ, સત્ય દયા આદિ લક્ષણુવાળો સદાચારજ ગ્રહણ કરવો તેમનો સદાચાર જ અમને શિક્ષા આપવાને માટે છે એવો ભાવ છે શ્રીમદ્‌ભાગવતમાં માર્કંડેય મુનિનુ વાક્ય છે કે શ્રીમદ્ ભાગવતના તૃતીય સ્કધના ૧૨ મા અધ્યાયમા કહેલું છે કે મહત્ પુરૂષોના વૃત્તાતને અનુસરીને લોકો મોક્ષને પામે છે માટે હે જગદ્‌ગુરો ! તેજસ્વી પુરૂષોને માટે પણુ એ (અસદ્ આચરણુ) શોભારૂપ નથી જે મહાપુરૂષોએ ધર્મ, તપ, યોગ, સત્ય, દયા વગેરે લક્ષણુવાળો આચરેલો સદાચાર જ ગ્રહણુ કરવો, કારણુકે તેમનો જે સદાચાર છે તે આપણુને શિક્ષા આપનારો છે એવો ભાવ છે 'આચ-

વતના બારમા સ્કધના ૧૦ મા અધ્યાયમા માર્કંડેય મુનિએ શિવજી પ્રત્યે કહેલુ છે કે મોટા પુરૂષો દેહધારી મનુષ્યોને ધર્મ શિખવાડવા માટે જ (ધર્મને) મુખ્યત્વે કરીને કહેનારા છે તથા તે માટે જ તેઓ વળી, બીજા ધર્મ પાળે તેને જોઇને રાજી થાય છે તથા ધર્મ પાળનારના વખાણ પણ કરે છે એ જ પ્રકારે ભારતના મોક્ષ ધર્મમા ભીષ્મે પણ ઉપદેશ કરેલો છે, હે રાજન્! દેવતાઓ અને મુનિઓએ જે જે કર્મો કરેલા છે તેવા કર્મો ધર્માત્માએ કદી કરવાં નહીં તથા એ સાભળવામા આવે તોપણ તેની નિદા કરવી નહીં પણ મનથી અતિ વિચાર કરીને તથા પોતાની શક્તિ કેટલી છે તેની તપાસ કરીને જે પુરૂષ શુભ કર્મ કરે છે તે સર્વે સુખ મેળવે છે આમા એક નિષેધ વાક્ય અને એક વિધિ વાક્ય મળી બે છે ૭૪

गुह्य वार्ता तु कस्यापि प्रकाश्यानैव कुत्रचित् ।
सम दृष्ट्या न कार्यश्च यथार्हार्चाव्यतिक्रम ॥ ७५ ॥

કોઇની પણ એટલે કે કોઇ પુરૂષની કે સ્ત્રીની કે નપુસકની કારણકે અહી કસ્ય એમ સામાન્યમા છઠ્ઠી વિભક્તિ વાપરી છે ગુહ્યવાર્તા એટલે બીજાથી છાની રાખવા જેવી જે વાત હોય તે, કોઈની પણ પાસે પ્રકાશ ન કરવી યાજ્ઞવલ્ક્ય મુનિએ કહેલુ છે કે કોઇના પણ મર્મને સ્પર્શ ન કરવો, એની ટીકામા એનો અર્થ એવો કર્યો છે કે કોઇનુ પણ રહસ્ય વૃત્તાંત હોય તેને પ્રસિદ્ધ કરી દેવુ નહી તેથીજ નારદજીએ નરનારાયણ આખ્યાનમાં પોતાના ઉપર ભગવાનની પ્રીતિ શાથી થઇ તેના કારણરૂપ પોતાનો ગુણ કહેલો છે કે અગાઉ ઉઘાડુ નહીં થયેલુ એવુ જે પારકુ ગુહ્ય વૃત્તાંત તેને ઉઘાડુ ન કરવુ વળી મોક્ષ ધર્મમા ૫૭ અને ૫૮ મા અધ્યાયમા નારદજીનો ગુણ કહેલો છે કે પારકાના ગુહ્યોને તે ઉઘાડુ કરે । નથી તેથી સર્વ સ્થળે પૂજાય છે સમદષ્ટિ રાખીને એટલે કે સર્વેને વિષે એકજ બ્રહ્મ છે એ પ્રકારની બુદ્ધિ રાખીને જેવી રીતે ઘટે તેવી રીતે પૂજા સેવા કરવી, વિવેકનુ ઉલ્લઘન કરવુ નહીં, કારણકે સારા અને નરસા પુરૂષોનો સરખો સત્કાર કરવામા આવે તો સત્ અસત્ના વિવેકનો નાશ થયે જાય. એ વિવેક શ્રી કપિલ દેવે ભાગવતના ૩ જા સ્કધના ૨૯ મા અધ્યાયમાં પોતાની માતા પ્રત્યે કહેલો છે સર્વે ભૂત પ્રાણિ માત્રમા સ્થન કરવાથી જેને સર્વે ભૂતપ્રાણિમાત્રનો આત્મા કહેવામાં આવે છે એવો જે હુ તે મને

દાન તથા માને કરીને પૂજે તથા મિત્રાચારીથી સમદષ્ટિ રાખીને મને નિહાળે નવ જીવો, જીવવિનાના પદાર્થો કરતા શ્રેષ્ઠ છે હે શુભ માત ! તેમા પણ પ્રાણવાળા જીવો શ્રેષ્ઠ છે તેમા પણ જ્ઞાન શક્તિવાળા અને તેથી પણ ઇન્દ્રિયોવડે વ્યવહાર કરનારા શ્રેષ્ઠ છે તે કરતા પણ સ્પર્શ ઇંદ્રિવાળા શ્રેષ્ઠ, તેમા પણ રસેન્દ્રિયના જ્ઞાનવાળા શ્રેષ્ઠ છે, તે કરતા ગંધ જાણનારા, તે કરતા શબ્દને જાણનારા, તે કરતા રૂપના ભેદ જાણનારા, તે કરતા પણ ઉપર નીચેના દાતવાળા જીવો શ્રેષ્ઠ, તેમા પણ બહુ પગવાળા (કાનખજૂરા વગેરે) શ્રેષ્ઠ છે તેમા પણ ચાર પગવાળા, તેમા પણ બે પગવાળા તેમા પણ ચાર વર્ણના મનુષ્યો, તેમા પણ બ્રાહ્મણો, બ્રાહ્મણમા પણ વેદ જાણનાર, તેમા પણ વેદના અર્થ જાણનાર, તે કરતા પણ સશયને છેદનાર, તે કરતા પણ પોતાનો ધર્મ પાળનાર, તે કરતા પણ જેને કોઇ વિષયની આસક્તિ ન હોય તે તથા ધર્મને નહીં દોનારો શ્રેષ્ઠ છે તે કરતા પણ ફળને ન ઇચ્છી મને જ કર્મ અર્પણ કરનાર શ્રેષ્ઠ છે મારે વિષે. જેણે મનને પરોવ્યુ છે તથા જેણે કર્મ માત્ર મને જ અર્પણ કર્યા છે અવા અને કર્તાપણાનુ અભિમાન નથી એવા એ સમદષ્ટિવાળાથી કોઇને હુ મોટે જોતો નથી ભગવાન્ ઇશ્વર જે તે મન વડે કરીને જીવ દ્વારા બહુમાનપૂર્વક એ ભૂતપ્રાણિમાત્રને પ્રણામ કરે છે એ પ્રકારે જીવની કળાથી નિયમન કરનારા હોઇને તેમા પ્રવેશ કરેલા છે, એમ શ્રીધર સ્વામીના વ્યાખ્યાનમા છે આમા એ નિષેધ વાકયો છે ૭૫

विशेष नियमो धार्य श्चातुर्मास्यऽखिलैरपि
एक स्मिञ्छ्रावणे मासि सत्वशक्तैस्तुमानवै ॥ ७६ ॥

ચાર માસનો સમૂહ તે ચાતુર્માસ્ય અષાઢ, શ્રાવણ, ભાદરવો અને આસો તેમા પણ અષાઢ માસની શુકલપક્ષની એકાદશીથી આરભીને કાર્તિક શુકલપક્ષની બારસ સુધીનો જે કાળ તે ચાતુર્માસ કહેવાય ધર્મશાસ્ત્ર પ્રમાણે તેનો અર્થ જાણી લેવે માગ સમગ્ર આશ્રિતોએ એટલે કે સ્ત્રીઓ તેમજ પુરુષે એ એ ચાર માસમા ખાસ નિયમ રાખવો એ ચાર માસ માટે સામાન્ય તથા વિશેષ એવા ઘણા નિયમો ધર્મશાસ્ત્રમાં કહેલા છે તે માંથી પોતાના વર્ણાશ્રમને ઘટીત હોય અને ભગવાનના સબધ વડે કરીને હવે હું કહીશ તેમાથી એક વિશેષ નિયમ તો અવશ્ય ધારવો હવે એ ચારમાસમાં ખાસ નિયમ પાળવામાં અશક્ત હોય એવા પુરૂષે શ્રાવણ મા-

સમા તો વિશેષ નિયમ ધારવો જ ભારતમા હેમાદ્રીમા એ ચાતુર્માસમા વ્રત લેવાનું આવશ્યક કહેલુ છે આષાઢના શુકલપક્ષની એકાદશીને દિવસે ઉપવાસ કરીને પુરૂષે નિયમિત થઇને વ્રતનો આરંભ કરવો તે કાર્તિકના શુકલપક્ષની બારસને દહાડે તેની સમાપ્તિ કરવી જો એ પ્રમાણે વ્રત ન કરે તો તેને પાપ લાગે છે જે અશક્ત હોય તેણે એક માસનુ વ્રત પણ કરવુ વ્રતનો આરંભ કેમ કરવો તેનો વિધિ વ્રતરાજમાંથી જોઇ લેવો આમા બે વિધિવાક્યો છે ૭૬

विष्णो कथायां श्रवण वाचनं गुण कीर्तनम्
महापूजा मन्त्रजप स्तोत्रपाठ प्रदक्षिणा ॥७७॥

વિષ્ણુની કથા એટલે શ્રીકૃષ્ણ ભગવાનની કથા અને તે શ્રીકૃષ્ણના જ ભક્તે વાચેલી એટલે કે શ્રીમદ્ ભાગવત્ આદિની કથા તેનુ દરરોજ નિયમથી અને વિધિપૂર્વક શ્રવણ કરવુ એવો એક નિયમ છે શ્રવણનો વિધિ વિધાનમાના શ્રીમદ્ ભાગવત માહાત્મ્યમાથી જાણી લેવો શ્રોતા તથા વક્તાના લક્ષણો પણ એજ પુસ્તકમા કહેલા છે વક્તા કેવા જોઇએ તે માટે કહ્યું છે કે શ્રુતિ શાસ્ત્ર તથા સૂત્રોને જાણનારો સારી વાણી વાળો, બોધ આપવામા ચતુર, આર્ય, શ્રીકૃષ્ણનો ભક્ત, પોતાના ધર્મમાં રહેલો અને જાતિએ કરીને દ્વિજ એવો હોય તેને વક્તા માનેલ છે હવે શ્રોતા કેવો જોઇએ તે કહે છે પોતાના ધર્મમા રહેલો, પવિત્ર એક ચિત્તવાળો, ભક્ત ચારમાથી ગમે તે વર્ણનો, શ્રદ્ધાળુ, સોપારી નહીં ચાવતો સ્ત્રીને ન જોતો, પાઘડી નહીં પહેરેલો, આળસ વિનાનો મૌન, પગ ઉપર પગ નહીં ચડાવેલો, ચપલ નહી એવો, પગને વિષે પગ ધારણ કર્યો નથી એવો તથા વસ્ત્ર વડે કરીને જેણે પગ બાધ્યા નથી તેવો, તથા કથાના પુસ્તકનુ પૂજન કર્યું છે જેણે અને દુરાગ્રહ તથા ક્રોધથી રહિત એવાને શ્રોતા માનેલો છે ભાગવત્ આદિ વિષ્ણુની કથા તેને હમેશ નિયમવડે કરીને વાચવી તથા સાભળવાની ઇચ્છા હોય તેમને સભળાવવી અથવા ભગવાનની સમીપે તેનુ પારાયણ કરવુ કથા સભળાવવામા તથા તેના પારાયણમા પણ જે અધ્યાયને અતે વિરામ કરવાનો નિષેધ હોય ત્યા વિરામ ન કરવો જે અધ્યાય આગળ વિરામ કરવાનો નિષેધ કરેલો છે તે તથા શક્તિ પ્રમાણે દરરોજ વાચવાના અધ્યાયની સખ્યા, નિયમ વગેરે વિધાન નિધાનમાથી જાણી લેવુ તે કરવુ એને બીજો નિયમ કહ્યો છે વિષ્ણુના ગુણોનું, તે તે ગુણને અનુસરતા નામોનુ કીર્તન પ્રાકૃત ભાષામા બાધેલાં

હોય તે પણ વાંચવાં એ ત્રીજો નિયમ છે એટલે કે દરરોજ કરવાં એમ જાણવુ, તથા વિષ્ણુની મહાપૂજા પંચામૃત સ્નાન, મહાભિષેક મહાનૈવેદ્ય, મોટી આરતી, આદિ સાથે પૂજા કરવી એ ચોથો નિયમ છે વિષ્ણુનો મંત્ર કહેતા અષ્ટાક્ષર એવા મંત્રરાજનો જપ યથાવિધિ અને યથાશક્તિ જપવો તે પાચમો નિયમો છે વિષ્ણુનાં સ્તોત્ર એટલે વિષ્ણુસહસ્ર નામ આદિના સ્તવનનો યથાવિધિ તથા મધ્યાનાં નિયમ મુજબ દરરોજ પાઠ કરવો એ છઠ્ઠો નિયમ છે તથા વિષ્ણુની પ્રદક્ષિણા–એકસોને આઠની સંખ્યાવડે કરીને પ્રદક્ષિણા વગેરે કરવી તે સાતમો નિયમ છે. ૭૭

साष्टाग प्रणतिश्चेति नियमा उत्तमामता'
पतेष्वेकतमोभक्त्या धारणीयो विशेषत ७८.

સાષ્ટાગ એટલે આઠે અંગે સહિત જે પ્રણામ કરવા તે સાષ્ટાગ પ્રણામ, તેનુ લક્ષણ આગળ કરવામા આવેલુ છે એ આઠ નિયમો મે ઉત્તમ માનેલા છે, એટલે કે શ્રીકૃષ્ણના ભજનવડે કરીને પોતે ઇચ્છેલા કરતા પણ અધિક ઉત્કૃષ્ટ ફલ આપનારા છે એવો અર્થ છે શ્લોકમા ચકાર છે માટે બીજા પણ વિશેષ નિયમોનો સમૂહ રહેલો છે. વળી સ્કદપુરાણમાં ચાતુર્માસ્ય માહાત્મ્યમા બ્રહ્મા અને નારદના સવાદમાં કહેલુ છે કે ચક્ષુ આદિ ઇંદ્રિયોને હરિ વિનાના વિષયોમાંથી સદાય દૂર રાખવાનો નિયમ કરવો અને ચાતુર્માસમા તો વિશેષે કરીને રાખવો બુદ્ધિમાનોએ મનને નિયમમા કરવા માટે સદા પ્રયત્ન કરવો તેમાં ચતુર્માસમા તો કૃષ્ણનુ ચિતન આદિ કરવા વડે કરીને ખાસ નિયમ કરવો મનુષ્યોના શરીરમા અહકાર રૂપિ વિષ છે, તેથી મનુષ્યોએ તેનો સદાય ત્યાગ કરવો તેમા પણ દેવના શયન સમયે (એટલે કે ચાતુમાસમા) તો વિશેષપણે તે કરવુ, ડાહ્યા મનુષ્યોએ સર્વદા સત્ય જ બોલવુ જૂઠુ બોલવુ નહીં, તેમા ચાતુર્માસમા તો કૃષ્ણની પ્રીતિ માટે વિશેષે કરીને સત્ય બોલવુ. બધાય ઉપાયો વડે સર્વે ડાહ્યા મનુષ્યોએ યોગીઓ જેનુ ધ્યાન કરે છે એવા વિષ્ણુની કૃપા મેળવવી વિષ્ણુના નામવડે કરીને ઘોર એવાં ભયનથી મુક્તિ થાય છે તેમા પણ ચાતુર્માસમા તો તેવી મુક્તિ વિશેષપણે કરીને થાય છે સર્વ ધર્મને પ્રસિદ્ધિને આપનાર, બ્રહ્મચર્યથી વિશેષ કાંઈ નથી માટે ચાતુર્માસમા વિશેષે કરીને બ્રહ્મચર્ય પાળવુ કામ મોટો શત્રુ છે તેમજ ક્રોધ, લોભ તેમજ રસાસ્વાદ પણ શત્રુ છે તે ચાતુર્માસમાં વિશેષે કરીને જીતવા એ નિયમ, નિયમોમા મોટો છે

એકતમ એટલે એકજ એક નિયમ તો અવશ્ય કરીને ભક્તિથી ધારણ કરવાજ એટલે કે ભગવાનની પ્રસન્નતા મેળવવાને અર્થેજ નિયમ લેવા પણ તેથી બીજા કોઇ ફળની પ્રાપ્તિને માટે નિયમ લેવો નહીં એવો ભાવ છે આમા જે વિશેષ નિયમ લેવાનુ કહ્યુ છે એટલે તેના પેટામા સામાન્ય નિયમ પણ આવી જાય છે એમ સમજવુ, તે માટે ભવિષ્યોત્તર પુરાણમા કહેલુ છે કે શ્રાવણ માસમા શાક ન ખાવુ, ભાદરવા માસમા દહિ ન ખાવુ, આસોમા દૂધ ન લેવુ અને કાર્તિકમા બે ફાડ વાળા અન્નનો* ત્યાગ કરવો આમા શ્રાવણ આદિ એટલે તેથી લઇને પહેલો, બીજો, ત્રીજો અને ચોથો એમ ચારે માસ લેવા એમ શિષ્ટ પુરુષો કહે છે સ્કંદપુરાણમા કહ્યુ છે કે ભક્તિમાન્ એવા પુરૂષે વર્ષમા ભગવાન જે ચાર માસ શયન કરે છે તે ચારે માસમા ખાટના ઉપર સુવાનો ત્યાગ કરવો, તથા હમેશા દુષિત એવુ જે લસુન વગેરે તેનો તો વિશેષપણે કરીને ત્યાગ કરવો વળી પોતાની સ્ત્રીનો પણ ગૃહસ્થે એક માસ નો ત્યાગ કરવો જ તથા પોતાની શક્તિ મુજબ હમેશ દાન આપવુ અને જીતેંદ્રિય થવુ આચારદીપમા પણ કહ્યુ છે કે વતાક, કલિંગ, બીના અને ઉબરડા જેના પેટમા જઇને પાચન થાય છે તેનાથી હરિ વેગળા રહે છે અપરાર્કમા પણ કહ્યુ છે કે વ્રતમા બ્રહ્મચર્ય, શૌચ, સત્ય અને આમિષનો ત્યાગ એ ચાર વાના શ્રેષ્ઠ છે એ નિશ્ચય છે આમિષ કોને કહેવુ તે માટે પરાશરે કહેલુ છે કે જનાવરના નાગ, કોસનુ જળ, જે ફળમા બહુ બીઆ હોય, અને ધાન્યમા મસૂરની દાળ, દ્વિજજાતિના પુરૂષે વેચલા એવા રસ, ભોજન વખતે જે મીઠુ લેવાય તે, વિષ્ણુને ધર્યા વિનાનુ અન્ન ગળ્યા વિનાનુ પાણી તથા મીઠાવાળુ દૂધ, તથા ગાય, બકરી અને ભેસ સીવાય બીજા પશુનુ દૂધ એ બધાને આમિષ કહેલા છે અને પ્રાણીમાથી જેની ઉત્પત્તિ છે તેને માસ કહેલુ છે તેનો ડાહ્યા પુરૂષોએ સદાય ત્યાગ કરવો અને ચોમાસામા તો તેનો વિશેષે કરીને ત્યાગ કરવો, એવીજ કામના વાળા બીજા નિયમો વ્રતહેમાદ્રિમાથી જાણી લેવા આમા એક વિધિવાક્ય છે ૭૮

---

* બે ફાડવાળા અન્ન નીચે પ્રમાણેના ગણાય --અડદ, મગ મસુરની દાળ, ચણા, કળથી, વાલ, ચોળા અને તુવેર

एकादशीना सर्वासा कर्त्तव्ये ब्रतमादरात्
कृष्णजन्म दिनानांच शिवरात्रे श्च सोत्सवम् ॥ ७९

એકાદશિઓનુ, એટલે કે શુકલ પક્ષની તથા કૃષ્ણ પક્ષની એકાદશીના વ્રતનો ઉપવાસ પૂજા, જાગરણ આદિ લક્ષણ સાથે કરવા ને પણ આદર સાથે કરવા પણ શરીરને ક્લેશ થવાના ભયથી તે મૂકી દેવા નહીં, કારણકે શરીરનો ક્લેશ તો હમેશનો છે જ વળી નિર્ણયસિંધુમા નારદજીએ કહેલુ છે કે ભક્તિવાળા અને વિષ્ણુપરાયણ એવા પુરુષોએ હમેશા બન્ને પક્ષોમા એકાદશીનો ઉપવાસ કરવો કાલમાધવ અને કાત્યાયનમા પણ કહેલુ છે કે આઠ વર્ષથી મોટી ઉમરનો અને એંશી વર્ષથી ઓછી વયનો હોય તેણે બન્ને પક્ષોની એકાદશીઓના ઉપવાસ કરવા હેમાદ્રિ અને લઘુનારદમા પણ કહ્યુ છે કે એકાદશીને દિવસે જે માણસ અન્ન જમે છે તે પાતકી મનુષ્ય વિઠા, મૂત્ર અને પાચથી વહેતી એવી નદીમા પડે છે એમા સંશય નથી ક્યારેક ગૃહસ્થોને માટે ચાતુર્માસથી બીજી અંધારીઆ પક્ષની એકાદશીઓનો ઉપવાસ કરવાનો નિષધ કરવામા આવે છે તે નિષેધ વષ્ણવ નહી એવા પુરૂષો માટે છે તત્ત્વસાગરમા ભવિષ્યોત્તરમા કહેલુ છે કે જેવી શુકનપક્ષની એવીજ કૃષ્ણપક્ષની એમ ઉત્તરોત્તર બંની એકાદશીઓને જે પુરૂષ સરખી માને છે તેજ ખરો વષ્ણવ છે આનો વિસ્તાર હેમાદ્રિમાથી જોઇ લેવો હવે વ્રત કેવી રીતે નાશ પામે છે તે માટે દેવલઋષિ કહે છે કે વારવાર જલ પીવાથી, એક વાર પણ સુખનામ લવાથી, દિવસે સૂવાથી તેમજ મૈથુનથી ઉપવાસનો નાશ થાય છે અશ્રદ્ધાવાળાનુ વ્રત વૃથા છે, ક્રોધીનુ વ્રત વૃથા છે, તેમજ બ્રહ્મચર્યવિનાનો હોય તેને પણ વ્રતનુ કાઇ ફળ મળતુ નથી સ્ત્રીને જોવા માત્રથી, તેનો સ્પર્શ કર્યાથી, તેની સાથે વાત કર્યાથી પણ બ્રહ્મચર્યનો ભંગ થાય છે અને પોતાની સ્ત્રીનો સંગ કર્યાથી બ્રહ્મચર્યનો નાશ પામે છે આસુ પાડવા, રોષ, કલેશ કરવો એ વડે કરીને સ્ત્રીઓ તુરતજ ઉપવાસ રૂપી વ્રતથી પડી જાય છે, સ્ત્રી શબ્દ વડે કરીને પુરૂષ પણ જાણવો દાન, વ્રત નિયમ, જ્ઞાન, ધ્યાન, હોમ અને જપ પ્રયત્નથી કરવા છતા પણ ક્રોધી પુરૂષના તે નિષ્ફળ થાય છે ઉપવાસનુ સ્વરૂપ કાત્યાયન અને વૃદ્ધ વસિષ્ટે બતાવેલુ છે પાપથી નિવૃત્ત થયેલો અને સર્વભોગ જેણે ત્યાગેલા છે એ ગુણની સાથે જે વાસ તેનુ નામ ઉપવાસ કહેલો છે તે જપવા યોગ્યનો જપ તથા ધ્યાન અને તેની કથાનુ શ્રવણ વગેરે

કરવુ એ ઉપવાસ કરનારના ગુણો છે અને બીજા ગુણો દયા આદિ છે અહી જે તે દેર કહ્યા છે તે પોતાના ઉપાસ્ય દેવતા અથવા વ્રતદેવતાને કહેલા છે એ પ્રકારે પાપથી નિવૃત્તિવાળો અને ગુણના અનુષ્ઠાનવાળો તથા આહારને ત્યાગનાર એવાનો જે વાસ એવી જે અવસ્થા તેને ઉપવાસ કહે છે ઉપવાસને દહાડે કાષ્ટનુ દાતણ કરવાનો નિષેધ તો આગળ કહેલો છેજ ઉપવાસ કરનારા પુરૂષે બાર કોગળા કરીને, કે જીભ્હાની ઉન ઉતારીને અથવા પાદડા વડે મુખની શુદ્ધિ કરવી એમ નારદે કહેલુ છે, વ્રતાર્ક નામના ગ્રંથમાતો રાધેલા અન્નને જોવાનો પણ નિષેધ કરેલો છે અન્નનુ દર્શન તથા સુગવુ તથા તેના ગુણોનુ સ્મરણ કીર્તન તે ઉપવાસ કરનારે ન કરવુ તેમજ બીજાને માટે તે રાધી આપવુ પણ નહી જો ઉપવાસ કરવાને અશક્ત હોય તો થોડો ફળાહાર કરવો તે માટે નિર્ણયસિંધુમા કહેલુ છે કે દુર્બળોને માટે બીજા ઉપાયો કહેલા છે હે નૃપ! તેમને મૂળ, ફળ દૂધ અને પાણી એ સેવવા યોગ્ય ગણાય છે પણ કોઇએ ડાહ્યા પુરૂષોએ જમવાનુ તો ક્યારેય કહેલુ નથી પરન્તુ અષાઢ વગેરે માસમા તો એનો પણ ભગવાને નિષેધ કર્યો છે જે પુરૂષ દેવપોઢી એકાદશીએ તથા દેવઉઠી એકાદશીને દહાડે તથા ઝુલણી એકાદશિને દહાડે મૂળ તથા ફળનો પણ આહાર કરે છે તેમને હૃદયને વિષે શલ્ય મારે છે, પરન્તુ રોગીને અન્ન ખાવામા દોષ નથી બાળ, વૃદ્ધ અને રાગીને અન્ન ખાવામા દોષ નથી તેમા પણ શક્તિ પ્રમાણે સાજે ખાવુ વગેરે વાયુપુરાણમા કહેલુ છે સાજે ખાવુ, દૂધ વડે વગેરે સાત્વિક અન્ન ચોખા વિના ખાવુ, ફળ, તલ, દૂધ, પાણી, ઘી, પંચામૃત અથવા વાયુભક્ષણ તે ઉત્તરોત્તર પ્રશસાયોગ્ય છે વ્રતના પહેલા દિવસે તથા વ્રતની પછીના દિવસે ચદન પુષ્પાદિ ભોગનો ત્યાગ કરવો એમ નારદીય પુરાણમા કહેલુ છે "હે મહિપાલ! દશમથી ત્રણ દહાડા ગધ, તામ્બૂલ, પુષ્પ વગેરે તથા સ્ત્રી સાથે સભોગ, અને દિવસે સુવુ એટલા વાનાનો ત્યાગ કરવો જાગરણ અને વિષ્ણુપૂજા એ બે વિના વ્રતનુ ફળ અડધુ થાય છે માટે વૈષ્ણવે હરિની તિથિને દિવસે એ બે વાના કરીને વ્રતનુ પોષણ કરવુ વ્રતવિધિ વ્રતચંદ્રિકામાની જાણી લેવો

એકાદશિ ઉપરાત કૃષ્ણના જન્મદિવસો એટલે કે જન્માષ્ટમી રામનવમી આદિ જે પુરાણોમા પ્રસિદ્ધ દિવસ છે તેના વ્રત પણ આદર થકી કરવા તેમજ શિવરાત્રીનુ વ્રત પણ આદરથી કરવુ, તેનો વિધિ

વ્રતગ્રથમાથી જાણી લેવો, એ સવે વ્રતના દિવસોમા ઉત્સવો કરવા એટલે કે નાના પ્રકારના ગીત, વાજીત્રના નાદ સાથે ભગવાનની મહાપૂજા, સાધુ તથા બ્રાહ્મણોનુ પૂજન તથા કૃષ્ણની કથા કીર્તન શ્રવણ વગેરે સાથે જાગરણ પણ કરવુ તે દિવસોએ લૌકિક વ્યવહાર પ્રસગથી બીજા કામો ન કરવા વ્રતના દિવસે જો મરણનુ કે જન્મનુ સૂતક આવતુ હોય તો પોતાના શરીરે કરીને તે સૂતક પાળવુ અને ઉપવાસ કરવો પણ દેવપૂજા વગેરે તો બીજા શુદ્ધ માણસની પાસે કરાવવા સ્ત્રી રજસ્વલા હોય તો તેણે પણ શારીર નિયમ પાળીને દેવપૂજા વગેરે બીજા પાસે કરાવવા એટલા વ્રતો નહી કરવાથી દોષ લાગે છે માટે તે અવશ્ય કરવા કારણકે તે નિત્યકર્મ જ ગણાય છે માધવીયમા કાત્યાયન મુનિએ કહેલુ છે કે એકાદશિએ જો રાત કે દિવસમા જમવામા આવે તો ચાદ્રાયણવ્રત કરવુ ભવિષ્યોત્તર પુરાણમા પણ કહેલુ છે કે જે પુરૂષ વિષ્ણુની જયતીનુ વ્રત નથી કરતો તે યમને વશ થઇને નરકમા પડે છે જે પુરૂષ મોટામા મોટુ એવુ શિવરાત્રીનુ વ્રત કરતો નથી તે હજારો જન્મ સુધી સસારસાગરમા ભમે છે, એમ સ્કદપુરાણમા પણ કહેલુ છે નારદપચરાત્રમા ૪૨ મા પટલમા એ વ્રતોને નિત્ય કરવાના કહેલા છે સર્વે શુદ્ધ (દશમના વેધ વિનાની) એકાદશીઓ, વામનદ્વાદશી, દિવ્ય સિદ્ધિ આપનાર એવી શ્રીરામની જન્મ દિવસની નવમી, કૃષ્ણજન્મની અષ્ટમી, નૃસિહચૌદશ, અને શિવરાત્રી એટલા વ્રતો તત્ત્વવડે કરીને મુખ્ય છે, આમા ત્રણ વિધિવાક્યો છે ૭૯

उपवासदिने त्याज्या दिवानिद्रा प्रयत्नत
उपवासस्तया नश्येन्मैथुने नेवयन्नृणाम् ॥ ८०

લોકોમા ઉપવાસના દિવસે ઉદરનિમિત્તના કાર્યનો–એટલે કે જમવા વગેરેનો અભાવ હોવાથી શાતિથી દિવસની નિદ્રા વગેરે જોવામા આવે છે તે પોતાના ભક્તોને ન થાઓ તેથી તેનો વિશેષપણે કરીને નિષેધ કરે છે, ઉપવાસના દિવસે એટલે કે એકાદશિ નિમિત્તે અથવા પ્રાયશ્ચિત્તને અર્થે ઉપવાસ કરવાનો હોય તે દહાડે દિવસની નિદ્રાનો પ્રયત્નપૂર્વક બધી રીતે ત્યાગ કરવો, કારણ કે જેમ મૈથુનથી ઉપવાસનો નાશ થાય છે તેવીજ રીતે દિવસની નિદ્રાથી પણ ઉપવાસનો નાશ થાય છે, દેવલસ્મૃતિમા કહેલુ છે કે મૈથુનથી તથા દિવસની નિદ્રાથી ઉપવાસનો નાશ થાય છે. કારણ કે મૈથુન અને દિવસની નિદ્રા બન્નેને ગાઢ સબધ છે જેમ સ્રીનો

નગ કરવાથી ઉપવાસ નાશ પામે છે તેજ પ્રકારે દિવસની નિદ્રાથી પણ ઉપવાસનો નાશ થાય છે એમા ગામ કહેવાનો આશય છે સર્વ વ્રતમા બ્રહ્મચર્ય આવશ્યક છે બ્રહ્મચર્ય વિનાના વ્રત બધા નિષ્ફળ છે, વીર્યરૂપી ધાતુનો શ્રાવ થવાથી બ્રહ્મચર્યનો નાશ થાય છે તે પુરાણોમા તથા ધર્મ-શાસ્ત્રોમા પ્રસિદ્ધ છે, વીર્યશ્રાવ થવાના બે હેતુઓ ઋષિઓએ કહેલા છે, એકતો સ્ત્રીનો પ્રસગ રાખવો અને બીજો સ્વપ્ન, તેમા સ્ત્રીના પ્રસગને માટે તો જો સ્ત્રીથી રહિત એવા પ્રદેશમા રહીએ તથા ચક્ષુ આદિ ઇંદ્રિયોને નિયમમા રાખીએ તો તેથી વીર્યશ્રાવ થાય નહી અને બીજો સ્વપ્નનો હેતુ તો દિવસે નિદ્રા ન લઇએ તો તેથી દૂર થાય, એ પ્રમાણે વ્રતનુ ફળ મેળવવા માટે બ્રહ્મચર્યનુ રક્ષણ કરવુ વસિષ્ઠે કહેલુ છે કે દિવસે સુવુ એ દોષથી અને કયારેક સ્વપ્નમા બ્રહ્મચારીઓને વીર્યશ્રાવ થાય છે એમા શકા નથી તેને સ્ત્રીસગીની પેઠેજ અવકીર્ણીના જેવો પાપી માનેલો છે માટે બ્રહ્મચર્યની રક્ષા કરવા ઇચ્છનારાએ દિવસની નિદ્રા પ્રયત્ન વડે કરીને ત્યાગવી અવકીર્ણિઓને નૈરૃતયાગાદિ જે પ્રાયશ્ચિત કરવાનુ તે આગળ કહેવામા આવશે પ્રાયશ્ચિત્ત મયૂખમા ગૃહસ્થોને પણ એકાદશિ વગેરેમા તથા ચાદ્રાયણ આદિમા તથા વ્રત, યજ્ઞદીક્ષા, બ્રહ્મ-ચર્યમા વીર્યશ્રાવ થવાથી અવકીર્ણી વ્રત કરવાનુ કહેલુ છે તે હેતુ માટે વ્રત કરનારાઓએ બ્રહ્મચર્યના નાશના હેતુ રૂપ એવો સ્ત્રીનો પ્રસગ તથા દિવસની નિદ્રા એ બન્નેનો સર્વ પ્રકારે ત્યાગ કરવો એવુ તાત્પર્ય છે આમા એક વિધિવાકય છે ૮૦

सर्वे वैष्णव राज श्री वल्लभाचार्यनन्दन

श्री विट्ठलेश कृतवान्य व्रतोत्सव निर्णयम् ८१

સર્વ વ્રતના ઉત્સવમા ગ્રહણ કરવાની તિથિનો નિર્ણય જાણવા માટે શ્રીકૃષ્ણની પુષ્ટિભક્તિના પ્રવર્તક શ્રીવૈષ્ણવાચાર્યના કરેલા નિર્ણયને જ માનવો એથી તેનો ઉપદેશ કરે છે

સર્વે વૈષ્ણવોના રાજા એવા વૈષ્ણવરાજ એવા શ્રી વલ્લભાચાર્ય શ્રી અગ્નિના અવતાર રૂપ એવા શ્રીવલ્લભ નામના આચાર્ય તેમના પુત્ર રૂપે અવતરેલા જે શ્રી વિઠ્ઠલેશ પુડલીકને વર આવનારા એવા ભગવાન તેમણે જે વ્રતના ઉત્સવ, એટલે એકાદશી આદિ ઉત્સવો તથા અન્નકૂટ આદિ તેની તિથિઓનો નિશ્ચય કર્યો હોય તે ગ્રહણ કરવો, એટલે તેમણે પોતાને શરણે આવેલા જનોના બોધ અર્થે જે કર્યું હોય તેને અનુસરીને ઉત્સવ કરવા ૮૧

कार्यास्तमनुसृत्यैव सर्व एव व्रतोत्सवा
सेवारीतिश्च कृष्णस्य ग्राह्या तदुदितैव हि ॥ ८२

તેને અનુસરીને એટલે અન્ય મતમા જે નિર્ણય આપ્યો હોય તેને અનુસરવુ નહી એક પણ ઉત્સવની તિથિ બીજા મત પથમા કહેલી હોય તે રીતે કરવી નહીં બધા જ ઉત્સવો શ્રી વિઠ્ઠલેશે કહેલા છે તે રીતે કરવા તેથી તેમણે કહેલા એવા નિર્ણયો દિશ્માત્ર અત્રે જણાવવામા આવે છે ઓગણસાઠ ઘડી અને ચોપન ઘટિકા સુધી દશમી હોય તો તેથી દશમીનો વેધ થતો નથી જો દશમિ પચાવન ઘટિકા હોય તો દશ મીના વેધવાળી એવી એકાદશીને દહાડે ઉપવાસ ન કરવો દશમીના વધ-વાળી ન હોય તો પણ એકાદશી અથવા બારસ વધારે આવતી હોય તો એકાદશી પહેલી અને બારસ પાછળની કરવી જન્માષ્ટમી સૂર્યોદયની લેવી પણ સાતમની વેધવાળી ન ઉપોપવી જો વેધવાળી તિથિનો ક્ષય હોય તો પાછલી તિથિજ લેવી અને જો શુદ્ધ તિથિની વૃદ્ધિ હોય તો તે પૂર્વા લેવી, વામન જયતિ એટલે દ્વાદશીમા આગલા દિવસે શ્રવણ નક્ષત્રનો યોગ હોય તો તેજ લેવી, નહીતો બારસને દહાડે શ્રવણ નક્ષત્રનો યોગ હોય અથવા તો તે નક્ષત્રનો અભાવ હોય તો તે મધ્યાન્હ વાળીજ લેવી, રામનવમીનો ઉપવાસ આઠમના વેધ રહિત કરવો અને જો વધવાળી તિથિનો ક્ષય હોય તો પહેલા દિવસનો ઉપવાસ કરવો અને શુદ્ધ તિથિની વૃદ્ધિ હોય તો પણ પહેલો દિવસ લેવા, નરસિહ જયતિ તે તેરસના વેધ વિનાની લેવી અને વેધની તિથિનો ક્ષય હોય તો શુદ્ધ તિથિ લેવી અને વૃદ્ધિ હોય તો પહેલો દિવસ લેવા ફાગણ માસની પુનમ વગેરે એ બીજે દહાડે સૂર્યોદય થયે ઉત્તર ફાલ્ગુનમા આવતા દિવસે દોલોત્સવ કરવો તેમા તિથિનો આગ્રહ નથી, તથા કાર્તિક શુદ પડવાને દિવસે ચદ્રનુ દર્શન થાય તો આગલી અમાવાસ્યાને દહાડેજ અન્નકૂટ કરવો વગેરે તેમના મતમા શિવરાત્રીનુ વ્રત નથી તેથી તેનો નિર્ણય સમયમયૂખ આદિમાથી લેવો, શિવરાત્રી વ્રત રાત્રીનુ લેવુ

હવે શ્રીકૃષ્ણની સેવા કરવાની રીતિ પણ એમની કહેલી જ ગ્રહણ કરવી સેવા પણ દરરોજ કરવાની સેવાનો પ્રકાર શૈલી જાણવી, એટલે કે ભગવાનને અમુક સમયે આવા પ્રકારના વસ્ત્રો ધરાવવા, આવા અલ કાર ધરાવવા, આના ભોગ ધરાવવા વગેરે લક્ષણવાળી સેવા જાણવી તે સેવા પણ શ્રી વિઠ્ઠલેશે કહેલા માર્ગથીજ કરવી, એ સવ વાર્ષિક વ્રતના

ઉત્સવાની વિધિમા સ્પષ્ટ કહેલુ છે અને તે સત્સગજીવનમાથી જાણી લેવુ આમા બે વિધિવાક્યો અને એક પેટાવાક્ય મળી ત્રણ છે ૮૨

कर्त्तव्या द्वारिका मुख्य तीर्थयात्रा यथाविधि
सर्वैरपि यथाशक्ति भाव्य दीनेषु वत्सलै ८३

દ્વારિકા શબ્દનો અર્થ કરતા ટીકાકાર લખે છે કે જેમા સુદર દ્વાર રહેલા છે તે દ્વારિકા દ્વારાવતી દ્વારવતી, દ્વાર્વતી આદિક જે દ્વારિકાના બીજા નામો છે તે દ્વારવાળી એમ દર્શાવવા અર્થે છે જે તીર્થોમા દ્વારિકા મુખ્ય એટલે અગ્રેસર છે એમા તીર્થોની યાત્રા મારા આશ્રિતોએ યથાવિધિ અને યથાશક્તિ કરવી જે વડે કરીને મનુષ્યો સસારસાગરને તરી જાય તેને તીર્થ અથવા પુણ્યક્ષેત્રો કહે છે તીર્થમા જઈને ત્યા ભગવાનની મહાપૂજા તથા સાધુ બ્રાહ્મણને સતોષવા આદિ ઉત્સવો કરવા તીર્થયાત્રા કરવામા ભગવાનની ભક્તિનો હેતુ રહેલો હોવાથી સર્વેને ઉદ્દેશીને તેનુ વિધાન કરેલુ છે ભાગવતના પ્રથમ સ્કધના બીજા અધ્યાયમા સુત પુરાણીએ શૌનક પ્રત્યે કહેલુ છે કે બ્રાહ્મણો તથા પુણ્યતીર્થનુ સેવન કરવાથી સેવા કરવાની ઇચ્છાવાળાને અને શ્રદ્ધાવાળાને મોટા પુરૂષની સેવા કરવા વડે કરીને વાસુદેવની કથામા રુચિ થાય છે યથાશક્તિ એમ કહ્યુ તેથી જેનામા ઘણા તીર્થ કરવાની સામર્થી ન હોય તેણે માત્ર દ્વારિકાની જ યાત્રા કરવી, કારણકે દ્વારિકામા પોતાના ઇષ્ટદેવ જે શ્રીકૃષ્ણ તેનો ત્યા સતત નિવાસ છે એકાદશ સ્કધમા કહ્યુ છે કે જેમણે ભગવાને ત્યજેલી એવી દ્વારિકાને સમુદ્રે બુડાડી દીધી ત્યારથી, હે મહારાજ ! ભગવાન મધુસુદન પોતાના સ્થાનનો ત્યાગ કરી ત્યા હમેશ રહેતા છે તે સ્થાન સર્વે સ્મૃતિઓ કરાવનારૂ અને અશુભને હરનારૂ છે તેનો વિધિ સ્કદપુરાણના કાશીખડમા કહેલો છે, જે પુરૂષ તીર્થયાત્રા કરવાની ઇચ્છાવાળો હોય તેણે પ્રથમ ઘેર આગળ ઉપવાસ કરીને ગણપતિને, પિતરીઓને, બ્રાહ્મણોને, અને શાત એવા સાધુઓને, પૂજવા તથા પારણુ કરી રાજી થઇને નિયમ ધારીને પછી જવુ ત્યા જઇને પિતરીઓનુ પૂજન કરીને કહેલા ફળનો ભાગી થાય તીર્થમા બ્રાહ્મણોની પરીક્ષા ન કરવી તથા અન્નાર્થીને જમાડવો તીર્થમા ઉપવાસ, મુડન તથા શ્રાદ્ધ કરવુ તથા પોતાની શક્તિ મુજબ દાન આપવુ અને સ્ત્રીઓ તરફ કામદૃષ્ટિથી ન જોવુ જીવની હિસા ન કરવી તથા જાણી જોઇને જુઠુ ન

બોલવુ જેના હાથ પગ તથા મન સયમવાળા હોય તથા વિદ્યા તપ, કીર્તિવાળા હોય તેને તીર્થનુ ફળ મળે છે જે પુરૂષ ઘર તરફ પાછો ફરતા સતુષ્ટ થઇને તથા અહકારથી મુકાઇને આવે છે તેને તીથનુ ફળ મળે છે ક્રોધ વિનાનો, નિર્મલ મતિવાળો, સત્યવાદી અને દઢ વ્રતવાળો, પ્રાણી માત્રને પોતાના સમાન માનનારો તે તીથના ફળને પામે છે તે પક્ષીની યોનિમા જ મતો નથી તેમજ કુદેશમા પણ જન્મ પામતો નથી અને સ્વર્ગના સુખને ભોગવનારો તે દુખી થતો નથી અને મોક્ષના ઉપાયને પામે છે બીજા સ્થાનમા કરેલુ પાપ તે પુણ્યક્ષત્રમા નાશ પામે છે પણ પુણ્યક્ષેત્રમા કરેલુ પાપ વજ્રલેપ થાય છે વગેરે વળી તીર્થમા શક્તિવાળા પુરૂષે બે વખત ભોજન ન કરવુ એમ સ્કદપુરાણમા કહેલુ છે તીર્થમા બે વખત જમવાથી ત્રીજા ભાગનુ ફળ હરાઇ જાય છે, વપાર કરવાથી ત્રણ ભાગનુ ફળ જાય છે અને દાન લેવાથી સર્વ ફળ નાશ પામે છે તથા વાહનમા બેસીને જવાથી અડધુ ફળ જાય છે અને છત્ર તથા જોડા ધારણ કરવાથી ચોથા ભાગનુ ફળ જાય છે કૃત્યરત્નમા પ્રભાસખડમા દરિદ્ર બ્રાહ્મણને માટે તીર્થમા દાન લેવા વિષે વિશેષ કહેલુ છે કે જો અતિ નિર્ધન બ્રાહ્મણ હોય અને તે તીર્થમા દાન લે પણ તેમાથી દશમો ભાગ દેવને આપે તો તેથી તેને દોષ લાગતો નથી ભાગવતના ૬ ઠા સ્કધના ૧૯ મા અધ્યાયમા વામનજીએ બલિરાજા પ્રત્યે કહેલુ છે કે વિદ્વાન્ પુરુષ પોતાના પ્રયોજન જેટલુ જ દાન લે છે તેને નિશ્ચે દોષ લાગતોજ નથી નિર્ણયસિધુમા મુડનના સબધમા દેવલઋષિએ વિશેષમા કહ્યુ છે કે મુડન, તથા ઉપવાસ માટે બધા તીર્થોમા આ પ્રમાણેનો વિધિ છે વિશાળ એવા કુરુક્ષેત્ર અને રજોગુણથી રહિત એવા ગયા તીર્થ સીવાયના બીજા સર્વ તીર્થોમા મુડન તથા ઉપવાસ કરાવના એવો વિધિ કે વર્ષમા બે માસ બાકી હોય તે પહેલા જો ફરી તીર્થમા જાય તો મડન તથા ઉપવાસ યત્નથી કરવા શ્રાદ્ધના સબધમા હેમાદ્રિ ગ્રથમા વિશેષ કહેલુ છે કે તીર્થમા શ્રાદ્ધ કરવામા અર્ધ્ય, આવાહન તથા બ્રાહ્મણના અગુઠાની પૂજા તથા "તમે તૃપ્ત થયા ?" એવો પ્રશ્ન વગેરેનો ત્યાગ કરવો જે તીર્થક્ષેત્રમા જે દેવ પ્રસિદ્ધ હોય તેની મહાપૂજા તથા અલ્પપૂજા તથા ફળ આપવાનુ શક્તિ મુજબ કરવુ તથા બ્રાહ્મણોને સારા ભોજન અને દક્ષિણા આપીને તેમને સતોષવા, વૈષ્ણવોનુ પૂજન કરવુ અને ગાય વગેરેનુ દાન આપવુ

એ છેલ્લુ વાક્ય ઉપરના બન્ના વાક્યો સાથે સંબંધવાળુ જાણવુ. સર્વેજનોએ ગરીબ અને નિર્બળ પ્રાણિઓ ઉપર વાત્સલ્યભાવ રાખવો એટલે કે પોતાની શક્તિ મુજબ તેમની અવશ્ય સમાવના કરવી પોતાના જેમ મિત્ર હોય તેની પેઠે પોતાની શક્તિ મુજબ તેમનો સત્કાર કરવો પણ અનાદર ન કરવો વ્યાસજીનુ વાક્ય પણ છે કે દરિદ્રી, અપગ, વિપત્તિમા પડેલો, રોગી, સ્ત્રી અને દુર્ભાગી એટલાઓ ઉપર દયા કરવી સમદૃષ્ટિવાળા બ્રાહ્મણોને પણ એવી દયા રાખવી એમ ભાગવતના ચોથા સ્કધના ૧૪ મા અધ્યાયમા બ્રાહ્મણોએ પરસ્પર કહેલુ છે સમદૃષ્ટિવાળો અને શાત એવો બ્રાહ્મણ પણ જો ગરીબજનોની ઉપેક્ષા કરે છે તો, ભાગી ગયેલા વાસણમાંથી જેમ પાણી જતુ રહે છે તેમ તેનુ બ્રહ્મત્વ નાશ પામે છે ગરીબોને ઉપદ્રવ કરવાથી મોટી આપત્તિ આવે છે એમ ભારતમા કહેલુ છે જે પુરૂષ ગરીબોને ક્લેશ કરાવે છે અથવા તેની હાસિ કરે છે તેને અકસ્માત ભારે વિપત્તિ આવે છે જે બળવાન્ માણસ કોઇ દુર્બળને પીડે છે તે અન્યાયથી, તે પીડનારનુ કુળ મૂળમાથી નાશ પામે છે એમ નિશ્ચય સમજવુ આમા બે વિધિવાક્યો છે. ૮૩

विष्णुः शिवो गणपतिः पार्वती च दिवाकरः
एताः पूज्यतया मान्या देवताः पंच मामकैः. ८४

મામકૈ એટલે મારા આશ્રિતોએ એ પાચ દેવો પૂજ્યપણે કરીને માનવા એ પાચ દેવ તે વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્ય તેમાં વિષ્ણુ જેમને પદ્મનાભ અથવા નારાયણ કહે છે તે શ્રી પુરૂષોત્તમના આદ્ય અવતાર હોવાથી પૂજ્ય છે શ્રી શંકર તે વિષ્ણુની સાથે એકાત્મપણાને પામેલા છે તથા સર્વ વૈષ્ણવોના રાજા છે તથા વૈષ્ણવ ધર્મના પ્રવર્તક છે તેથી પૂજ્ય છે શ્રી ગણપતિ પૂજ્ય હોવાનુ કારણ એ છે કે બ્રહ્મવૈવર્ત પુરાણમાં ગણપતિખડમા તેમને શ્રી કૃષ્ણના અવતાર તરીકે કહેલા છે તેથી સર્વ દેવમા અગ્રેસર હોવાથી પૂજ્ય છે પાર્વતી શ્રી શકરની અર્ધાંગના છે તથા આદ્ય શક્તિ છે તેથી પૂજવા યોગ્ય છે માટે ભાગવતમાં, વ્રજને વિષે ગોપીઓએ, કુંડિનપુરના શ્રી રૂક્ષ્મણિજીએ અને દ્વારિકામાં શ્રી વસુદેવ આદિએ તેમનુ આરાધન કરેલુ એમ જાણવુ. સૂર્યનારાયણ તો

દ્વિજાતિ પ્રાપ્ત કરાવનાર ગાયત્રી મન્ત્રના અધિષ્ઠાતા હોવાથી ભગવાનનુ સ્વરૂપ છે તેથી તથા વેદમૂર્તિ હોવાથી ધર્મની પ્રવૃત્તિના મૂળ છે તેથી પૂજ્ય છે માટે એ પાચ દેવના પૂજનથી અન્ય દેવનો આશ્રય થવાની શકા લાવવાનો અવકાશ નથી તેમાં વૈષ્ણવોને વિષ્ણુ જેમા મુખ્ય છે એવા પાચ દેવોની પૂજા કરવાની છે એમ જાણવુ તે આ પ્રમાણે પોતાની સમક્ષ મધ્યમા જો વિષ્ણુ મુકયા હોય તો ઇશાન ખૂણમા શકર મૂકવા, અગ્નિ ખૂણમાં ગણપતિ, નૈઋત્ય ખૂણમા સૂર્ય અને વાયુ ખૂણમા પાર્વતી મૂકવા પદાથ આદર્શ ગ્રથમા કહેલુ છે કે જો મધ્યમા શકરની મૂર્તિ હોય તો ઇશાન ખૂણમા પાર્વતીને મુકવા, વિષ્ણુ જો મધ્યમા હોય તો ઈસાનમા શકર, અગ્નિ ખૂણમા ગણપતિ, નૈઋત્યમા વિષ્ણુ, અને વાયુ ખૂણમા પાર્વતીને સ્થાપવા, પાર્વતીમા વિષ્ણુ શિવ, સૂર્ય ગણપતિને તથા ગણપતિમા વિષ્ણુ, મહાદેવ, સૂર્ય અને પાર્વતીને શકરના ભાગથી રાખવા તે અતિ સુખદાયક છે, નહિતો બીજી રીતે રાખવાથી ઘણી હાનિ થાય છે શકરના ભાગથી એટલે ઇસાન ખૂણાથી આરભિને પ્રદક્ષિણા કરવી એવો અર્થ છે આમા પ્રયાગ પારિજાત નામના ગ્રથમા દિશાનુ સ્વરૂપ પણ કહેલુ છે કે દેવના મુખથી આરભિને પૂર્વ દિશાથી કલ્પના કરવી આમા એક વિધિ વાકય છે ૮૪

भूताद्युपद्रवेक्वापि वर्म नारायणात्मकम्
जप्यं च हनुमन्मंत्रो जप्यो न क्षुद्र दैवत. ८५

ક્વાપિ–એટને કયારેક અપવિત્રતા વગેરે દોષ થાય ત્યારે ભૂત વગેરેનો ઉપદ્રવ થયે સતે ભૂત વગેરે એટલે કે ભૂત, પ્રેત, પિશાચ, શાકિની બ્રહ્મરાક્ષસ વગેરેનો ઉપદ્રવ થાય તો–નારાયણ છે સ્વરૂપ જેનુ અથવા જેના દેવતા નારાયણ છે એવા અને શ્રી ભાગવતના ૬ઠ્ઠા સ્કધમા જણાવેના એવા નારાયણ કવચનો પાઠ કરવો તે મત્ર કરતા પહેલા હાથપગ ધોએલો અને પવિત્ર થઇને ઉત્તર મુખે બેસીને આચમન કરીને તથા પોતાના અગના મત્રવડે કરીને કરન્યાસ કર્યો હોય તથા વાણિને નિયમમા રાખી હોય, પવિત્ર હોય એવો થઇને શ્રેષ્ઠ એવા નારાયણ કવચનો પાઠ કરે+ એ પ્રમાણે વિશ્વરૂપે કહેલા વિધિથી જપ કરવો એવો અર્થ છે વળી તે ઉપદ્રવના નાશને માટે હનુમત વીર નામના હનુમાન, હનુમાન શબ્દમાનુ

+ *ॐ नमो नारायणयेति ॐ नमो भगवते वासुदेवाय* એવા મત્રોથી જપ કરવો

હ્રસ્વ તથા દીર્ઘ એમ બન્ને છે. ક્ષીરસ્વામી કહે છે કે અજનીના સુત હનુમાન કહેવા હોય તો નુ હ્રસ્વ કરવો અને મરૂત જે વાયુના પુત્ર કહેવા હોય ત્યારે નૂ દીર્ઘ કરવો મત્ર એટલે મૂળમત્ર અથવા માળામત્ર જપવો મત્રશાસ્ત્રમા જે વિધિ કહેલો હોય તે વિધિથી જપ કરવો પણ શ્રીકૃષ્ણ અને તેમના ભક્ત વિનાના બીજા દેવોના મત્રનો જપ ન કરવો કારણ અન્ય દેવોના મત્રનો જપ કરવાથી અન્યના આશ્રય રૂપ દોષનો પ્રસંગ આવે છે હનુમાનની આરાધનામા અન્યના આશ્રયનો દોષ આવતો નથી શ્રી રઘુનાથજીએ રામાયણમાં કહેલ છે કે હુ જેનો આત્મા છુ એવા હનુમાનની જે પુરૂષ આરાધના કરશે તેનાથી હુ જ આરાધાયેલો એવો થઇશ આમા બે વિધિ વાકયો અને એક નિષેધ વાક્ય મળી ત્રણ છે ૮૫.

रवेरिंदोश्चोपरागे जायमानेऽपरा क्रिया

हित्वाऽऽशुशुचिभि सर्वैं कार्य कृष्णमनो जप ८६

ઉપરાગ એટલે જેથી મલીન થાય તે એટલે ગ્રહણ સૂર્ય અને ચદ્રનુ ગ્રહણ થયે સતે (અમારા આશ્રિત) એવા સર્વે જનોએ તત્કાળ બીજી વ્યવહારિક ક્રિયાઓનો ત્યાગ કરીને સ્નાન કરી પવિત્ર થઇને કૃષ્ણના અષ્ટાક્ષર મત્રનો જપ કરવો એટલે કે સ્નાન કર્યા વિના કોઈ ગ્રહણમા રહેવુ નહીં તેમજ વ્યાવહારિક એટલે બીજુ કાંઇ પણ કાર્ય ન કરવુ સર્વે વર્ણના માણસોને ગ્રહણ થતા સૂતક લાગે છે વસિષ્ઠે પણ કહેલુ છે કે ગ્રહણની શરૂઆતમા સ્નાન કરવુ, મધ્યે હોમ જપ વિગેરે કરવા પુરશ્ચરણ ચદ્રિકામા પણ કહેલુ છે કે ચદ્ર તથા સૂર્યનુ ગ્રહણ થયે સતે પ્રયત્નવાન્ એવો મનુષ્ય સ્નાન કરીને ગ્રહણથી તે, તે મુકાય ત્યાં સુધી ભગવાનનો જપ કરે માર્કેડય મુનિ સ્નાનના સબધમા વિશેષ કહે છે કે ઉના કરતા શીતળ જળના સ્નાનથી અધિક પુણ્ય છે, પારકા કરતા પોતાના પાણીથી વધુ પુણ્ય છે, જમીનમાથી કાઢેલા કરતા જમીન ઉપરના જળથી વધારે, તે કરતા ઝરતા પાણીથી, તે કરતા સરોવરના પાણીથી, તે કરતા નાની નદીના જળથી, તે કરતા એ તીર્થના જળથી, તે કરતા એ મોટી નદીના જળના સ્નાનથી વધુ પુણ્ય છે તે કરતાં પણ ગગાજળના સ્નાનથી અધિક અને તે કરતા પણ સમુદ્ર સ્નાનથી અધિક પુણ્ય છે કમળાકર કહે છે કે અહીં જે ઊના જળથી સ્નાન કહેલુ છે તે રોગીને માટે છે. વૃદ્ધ વસિષ્ઠે માધવીયમા પણ કહેલું છે કે એ સ્નાન જપ વગેરે કહેલું છે તે સૂતક આદિકમા પણ કરવા ગ્રહણ થયુ હોય ત્યારે જન્મ તથા મરણનુ સૂતક લાગતુ નથી અને જ્યા સુ'ી

ગ્રહણ મુકાય ત્યા સુધી તે શુદ્ધ જ રહે છે બ્રહ્મસિદ્ધાંતમાં ગ્રહણનુ દર્શન થયે સતે પણ વિશેષ કહેલુ છે કે સર્વે જનોએ આકાશમા ગ્રહણ જોવુ તે આડુ લુગડુ રાખીને, કે તેલમા કે દર્પણમા જોવુ પણ ગર્ભવતી સ્ત્રીએ તો લુગડા વિના બીજી કોઈ રીતે જોવુ નહીં, તેમા ચદ્ર ગ્રહણની પૂર્વેના ત્રણ પહોર અને સૂર્ય ગ્રહણની પૂર્વના ચાર પહોર ભોજન ન કરવુ એમ પણ જાણવુ માધવીયમા વૃદ્ધ ગૌતમે પણ કહેલુ છે કે સૂર્યનુ ગ્રહણ થયે સતે ચાર પહોર પહેલા ન ખાવુ તથા ચદ્ર ગ્રહણ થયા પહેલા ત્રણ પહોર ભોજન ન કરવુ, માત્ર બાળક, વૃદ્ધ અને રોગી સીવાય બાળક, વૃદ્ધ અને રોગીએ ગ્રહણની પહેના એક પહોર ભોજન કરવુ નહીં એમ નિર્ણયસિધુમા કહેલુ છે સાયકાળની સધ્યાએ જો સૂર્ય ઘેરાયેલો જ આથમી જાય તો તે દિવસ અને પછી રાત્રીએ પણ ભોજન કરવુ નહીં તેમજ પ્રાતકાળની સધ્યાએ ચદ્ર જો ઘેરાએલો જ આથમે તો એ આગલી રાત્રી અને પછીનો આખો દિવસ ભોજન કરવુ નહીં એમ પણ તે જ ગ્રથમા કહેલુ છે. આમાં બે વિધિ વાક્યો અને બે પેટાવાક્યો મળી ચાર છે ૮૬

जातायामथ तन्मुक्तौ कृत्वा स्नानं सचेलकम् ।
देयं दानं गृहिजनै शक्त्याऽन्यैस्त्वचर्य ईश्वरः ॥ ८७

હવે જપ કર્યા બાદ તે ગ્રહણ મુકાયે સતે, ચેલ એટલે વસ્ત્ર અને સચેલક એટલે વસ્ત્ર સાથે એવા સતા, સ્નાન કરીને ગૃહસ્થોએ સૂવર્ણ આદિનુ દાન કરવુ તે દાન પોતાની શક્તિ પ્રમાણે કરવુ જ્યારે ગ્રહણ મુકાય ત્યારે હુ આટલુ દાન કરીશ એવો જે સકલ્પ કર્યો હોય તે પ્રમાણે દાન આપવુ એમ શિષ્ટ પુરૂષોએ કહેલુ છે હેમાદ્રિએ કહેલુ છે કે જ્યારે ગ્રહણની શરૂઆત થાય ત્યારે સ્નાન કરવુ ગ્રહણ થયા પછી જપાદિક કરવુ અને ગ્રહણ મુકાવા માંડે ત્યારે દાન કરવુ અને મુકાય ત્યારે સ્નાન કરવુ એવો વિધિ છે જો સ્નાન ન કરે તો તેથી દોષ લાગે છે એમ ભાર્ગવ અર્ચન ચદ્રિકાના ૨૪ મા અધ્યાય કહેલુ છે જે પુરૂષ ગ્રહણ મુકાતા ગ્રહણના સૂતકનુ સ્નાન કરતો નથી તે, આવતા બીજા ગ્રહણ સુધી સૂતકી થાય છે એ સ્નાન મત્ર બોલવા સાથે ન કરવુ એમ સ્મૃતિરત્નાવલીમા કહેલુ છે

હવે ગૃહસ્થ સીવાયના એટલે ત્યાગીઓની પાસે દાન આપવાના પદાર્થો હોતા નથી તેમણે શુ કરવુ તે કહે છે ઇશ્વર એટલે જે બાપે લ

ઇશ્વર-વિષ્ણુ કહેવાય તે ઇશ્વરનુ તેમણે મનવડે કરીને અથવા તો જે કાઈ સાધન મળી આવે તે વડે પૂજન કરવુ એથી કરીને તેમના સઘળા દાનના ફળની સિદ્ધિ થાય છે એવો મત છે. નાના પ્રકારના દાન, યજ્ઞ તપ તથા વ્રત કરવાથી પુરૂષને જેવી પ્રાપ્તિ થાય છે તે જ, કેશવ એવા ભગવાનની પૂજા કરવાથી પણ મળે છે એમ વિષ્ણુ ધર્મમા કહેલુ છે આમા બે વિધિવાકયો અને એક પેટા વાકય છે

जन्माशौच मृताशौच स्वसंबंधानुसारत
पालनीय यथाशास्त्र चातुर्वर्ण्यं जनैर्मम ॥ ८८ ॥

મારા આશ્રિત એવા ચારે વર્ણના મનુષ્યો-એટલે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રોએ જન્મનુ તથા મરણનુ સૂતક પાળવુ અને તે પણ પોત પોતાને પિંડાદિનો જેવો સબંધ થતો હોય તથા ધર્મશાસ્ત્રમાં જેવી મર્યાદા કહી હોય તેને ઉલ્લંઘ્યા વિના પાળવુ જેમકે પોતાના કુળને વિષે કયારેક પુત્ર અથવા પુત્રીનો જન્મ થયે સતે સાત પેઢી સુધીનાએ દશરાત્રીનુ સૂતક પાળવુ કેટલાકનો મત એવો છે કે પુત્રીનો જન્મ થય ત્યારે ત્રણ રાત્રિનુ સૂતક પાળવુ, અગિરસ સ્મૃતિમાં કહેલુ છે કે સર્વ વર્ણના લોકોને જન્મના તથા મરણના સૂતકમા દશ દિવસથી શુદ્ધિ થાય છે એમ શાતાતપે કહેલુ છે ચૌદ પેઢી સુધીના સગાને માત્ર ત્રણ રાત્રીથી જ શુદ્ધિ કહેલી છે એમ અગ્નિએ કહેલુ છે પુત્ર જન્મમા સાત પેઢીનાઓને દશ દિવસથી શુદ્ધિ થાય છે હવે સૂતકીને અડવાથી વિશેષ પ્રકાર અંગિરસ મુનિ કહે છે જન્મનુ સૂતક હોય ત્યારે સૂતિકા સીવાય બીજાને અડવાનો બાધ નથી અને સૂતિકાને અડાય તો તેમા પણ સ્નાન માત્રથી શુદ્ધિ થાય છે હારીતતામા પ્રચેતસ્ મુનિ કહે છે કે સર્વે વર્ણોમા સૂતિકા દશરાત્રિ પછી શુદ્ધ થાય છે ત્યા સુધી તે દેવ સબંધી તથા પિત્રી સબંધી કર્મમા કામ આવે નહીં પૈઠીનસિ મુનિ તેને કર્મનો અધિકાર કયારથી થાય છે તે કહે છે જો પુત્રજન્મવાળી સૂતિકા હોય તો ૨૦ રાત્રી પછી કામ કરાવવુ એ ૨૦ દિવસ તથા એક માસ પણ ૧૦ દિવસના સૂતક પછીથી ગણવાં જન્મનુ સૂતક હોય ત્યારે દાન લેવા દેવામા દોષ ન લાગે તે માટે વ્યાસજી કહે છે કે પુત્ર જન્મથી સૂતક હોય ત્યારે પહેલા છઠ્ઠા, દશમા એ ત્રણ દિવસોએ દાન લેવા દેવામા સૂતક નડતું નથી અહીં જે પુત્ર શબ્દ મુકયો છે તે વડે કરીને પુત્ર તથા પુત્રી પણ સમજવી મરણનુ સૂતક હોય ત્યારે વિશેષ કહેલુ છે કે બૃહસ્પતિ કહે છે

કે સાત પેઢી સુધી સગાઓ મરણના સૂતકમા દશ દિવસ પાળવાથી શુદ્ધ થાય છે, ચૌદ પેઢી સુધીના સગાઓ ત્રણ રાત્રી પછી અને એકત્રિશ પેઢીના સગાઓ માત્ર સ્નાનથી શુદ્ધ થાય છે યાજ્ઞવલ્કય અને પરાશરનો મત એવો છે કે દાત આવ્યાથી કેશ ઉતરાવ્યા સુધીને માટે નૈશિકી શુદ્ધિ કહેલી છે, અને વ્રત નામના સસ્કારથી ત્રણ રાત્રીમા શુદ્ધિ થાય છે અને તે પછીના સસ્કારમા દશ રાત્રીએ શુદ્ધિ થાય છે ક્ષત્રિયને બાર દિવસે, વૈશ્યને પદર દિવસે, શુદ્રને ત્રિશ દિવસે અને ન્યાયથી વર્તનાર શુદ્ર હોય તો તેને પણ પદર દિવસે શુદ્ધિ થાય છે માધવીય તથા બ્રહ્મપુરાણમા પણ કહેલુ છે કે જો પરણાવેલી સ્ત્રીને પિતાને ઘેર સુવાવડ થાય અથવા તેનુ મૃત્યુ થાય તો તેના ભાઇઓને એક જ દિવસથી અને તેનાં માત પિતાને ત્રણ દિવસથી શુદ્ધિ થાય છે હવ વધારે સબધ હોવાથી વધારે સૂતક લાગે એ સબંધમા નિર્ણય સિધુમાં ત્રિશત્શ્લોકમા કહેલુ છે કે—આચાર્ય, માતાનો પિતા, દીકરીનો દીકરો, ઘણા એવા યજ્ઞ કરાવનાર, યજમાન સાથે ઋત્વિક્ અને ભાણેજ [1]એટલાનુ મૃત્યુ થયુ હોય તો ત્રણ દિવસ અને ત્રણ રાત્રિનુ સૂતક લાગે છે અને ચૌદ પેઢીવાળાને જન્મ તથા મરણ બનેનુ સૂતક થાય છે, ઋત્વિક્, દીકરીનો દીકરો, સાથે જ અભ્યાસ કરનાર, ત્રણ પ્રકારે થતી સગાઇઓ શિષ્ય, સાસુ, અંતરનો મિત્ર, સાસરો, બહેન અને ભાણેજ એટલાનુ મૃત્યુ થયે સતે એક રાત્રિ દિવસનુ સૂતક લાગે માતાનો પિતા, અને બહેન, મામો, મામી, અગ સાથે વેદનો ભણનાર પોતાનાજ દેશનો રાજા તથા ગામધણી નાશ પામ્યે સતે તારા સુતક અથવા સૂર્યોદયનુ સૂતક લાગે [2] શિષ્ય અધ્યાપક, ઉપર જણાવેલા બધુત્રય, ગુરૂનોપુત્ર, ઉપવિત તથા મત્ર આપનાર, આચાર્ય તેની ભાર્યા, ચૌદ પેઢીથી ઉપરના પણ એકજ ગોત્રના, જેમણે અગ સાથે

---

૧ બધુત્રય એવો શબ્દ છે તેનો અર્થ એવો છે કે પોતાની ફોઇના મસીના કે મામાના દીકરા તથા બાપની ફોઇના, બાપની માસીના કે બાપના મામાના દીકરા અને માતાની ફોઇના, માતાની માસીના તથા માતાના મામાના દીકરા એ બધુત્રય ગણાય છે આ અર્થ વિજ્ઞાનેશ્વર કરે છે

૨ એટલે કે દિવસે જો મૃત્યુ થયુ હોય તો તારા દેખાતા સુધી અને રાત્રે મૃત્યુ થયુ હોય તો સૂર્યોદય થતા સુધી સૂતક લાગે.

વેદનો અભ્યાસ કર્યો હોય એવા તથા મામો એટલા પોતાના અથવા પારકા ઘરમા મૃત્યુ પામે સતે એક રાત્રીનુ સૂતક લાગે. એકજ આચાર્યથી ઉપનયન સંસ્કાર પામેના હોય તે તથા બીજો થોડોપણુ સંબધ હોયવાળો હોય તેના મૃત્યુમા વસ્ત્ર સાથે સ્નાન કરવાવડે સૂતક દુર થાય છે એ નિયમ સર્વે વર્ણોને એકસરખી રીતે લાગુ પડે છે આ મૂળ શ્લોક છે બાકી મિતાક્ષરામાં તે વધુ સ્પષ્ટ રીતે આપેલો છે દિકરીનો દીકરો અથવા બ્હેનનો દિકરો ઉપનયન સસ્કાર વાળા હોય તેમનુ ત્રણ રાત્રિનુ સૂતક લાગે છે જો ઉપનયન સસ્કાર ન આપ્યો હોય તો એક રાત્રી દિવસનું સૂતક લાગે વળી મામો આદિનુ જે સૂતક કહ્યુ તે જો પાસે હોય તો એક દિવસ અને રાત્રીનુ તથા વિદેશમા હોય તો માત્ર એકજ દિવસનુ સૂતક લાગે એવી વ્યવસ્થા જાણવી તેમજ જો શ્રોત્રિય પોતાના ઘેર મરણ પામ્યો હોય તો ત્રણ રાત્રિનુ સૂતક લાગે એકજ ગામમા હોય તો એક દિવસનુ સૂતક લાગે થોડો કાળ અથવા વધારે કાળ શ્રૌત અથવા સ્માર્ત યજ્ઞ કરાવ્યા હોય એ પ્રમાણેના ઋત્વિક્ માટે અનુક્રમે ત્રણ રાત્રિ અને એક રાત્રિનુ સૂતક થાય એજ પ્રમાણે બીજે પણ ત્રણ રાત્રિ તથા એક રાત્રિ દિવસનુ સૂતક–દેશ, કાળ તથા શક્તિ પ્રમાણે લાગે એવી વ્યવસ્થા છે વય અને અવસ્થાના ભેદથી જે વિશેષ વિગત આપતા વિસ્તાર થઇ જાય તેથી વધુ લખ્યુ નથી માટે તે ધર્મશાસ્ત્રમાથી જોઇ લેવુ

હવે મરણના સૂતકના સબધમા તો જેમને એવુ સૂતક હોય તેમનો સ્પર્શ ન કરવો એ સૂતકના દિવસો કેમ પાળવા તેની વ્યવસ્થા પૈઠીનસ મુનિ નીચે પ્રમાણે કહે છે દ્વિજાતિમા અગ્નિહોત્રી વિનાના કોઈનુ મૃત્યુ થાય તો તે મરણ ।। સમયથીજ સૂતક લાગે છે અને જો અગ્નિહોત્રી હોય તો શમને દહન થાય ત્યારથી સૂતક લાગે જો સુવાવડ થયા પછી દશ દિવસે ખબર પડે તો તેનુ સૂતક લાગે નહી માધવીય પુરાણમાં દેવળ ઋષિ કહે છે કે જન્મના સૂતકના દિવસો વીતી ગયા પછી તેનુ સૂતક લાગતુ નથી. મરણની ખબર પડે તો તે વિષે વૃદ્ધ વસિષ્ઠ કહે છે કે જો મરણ થયા પછી ત્રણ માસે ખબર પડેતો ત્રણુ રાત્રિનુ સૂતક લાગે છે, છ માસે ખબર પડે તો એક રાત્રિ દિવસનુ સૂતક લાગે અને જો નવ માસ પછી ખબર પડે તો એક દિવસનુ સૂતક લાગે અને તે પછી જો ખબર પડે તો માત્ર સ્નાનથીજ શુદ્ધિ થાય એ સૂતક પણ એકજ દેશમા વસનાર માટે છે જો અન્યદેશમા હોય તો સ્નાન માત્રજ કરવુ હવે દેશાતર કોને કહેવો તેની

વ્યાખ્યા બૃહસ્પતિ કરે છે કે મોટી નદી અથવા પર્વત વચ્ચે આવેલો હોય અથવા જ્યા ભાષા જુદી બોલાતી હોય તેને દેશાંતર કહે છે વળી કેટલાક એમ પણ કહે છે કે ૬૦ યોજન એટલે ૨૫૦ ગાઉનુ અતર એ દેશાતર કહેવાય પરન્તુ એ વ્યવસ્થા પણ પિત્રઓ‌ા બીજાઓને માટે છે એમ સ્મૃતિ અર્થસારમા કહેલુ છે માતા અથવા પિત નુ મરણ થયુ હોય અને પુત્ર દૂર દેશમા વસતો હોય તેને એક વ્ષ પછી ખબર પડે તો પણ તેણે દશ દિવસ વગેરેનુ પૂર્ણ સૂતક પાળવુ, તેજ પ્રમાણે સ્ત્રી પુરૂષને તથા સ્ત્રીએ શોક્યને માટે એટલુજ સૂતક પાળવુ વિરક્ત એવા સાધુઓએ તો માતા પિતાના મરણથી માત્ર સ્નાન કરવુ પણ સૂતક ન પાળવુ એમ લિંગ પુરાણમા હિમાદ્રિમા કહેલુ છે, વિરક્ત એવા યોગિઓને જન્મ કે મરણનુ સૂતક લાગતુ નથી, જ્યારે તેમને પિતા અથવા ગુરૂ મરણ પામે ત્યારે સ્નાન માત્ર કરવુ સૂતકના સબધમા માધવીય પુરાણમા યમે કહેલુ છે કે જન્મના સૂતકમા જો બીજા જન્મનુ સૂતક આવે અથવા મરણના સૂતકમાં જો બીજા મરણનુ સૂતક આવે તો પહેલાના સૂતકથી બીજુ સૂતક શુદ્ધ થઇ જાય છે મરણનુ સૂતક હોવા છતા જો જન્મનુ સૂતક આવે તો જન્મનુ સૂતક શુદ્ધ થઇ જાય છે પણ જન્મના સૂતકમા મરણનુ સૂતક આવે તો તે શુદ્ધ થતુ નથી અને પાળવુ પડે છે તેમજ મોટુ સૂતક હોય તેનાથી નાનુ સૂતક શુદ્ધ થાય પણ નાના સૂતકથી મોટુ સૂતક શુદ્ધ થતુ નથી કુર્મ પુરાણમા કયારેક સૂતકનો અપવાદ પણ બતાવેલો છે, જેમકે નૈષ્ઠિકોને, વનમા રહેનારાઓને, યતિઓને અને બ્રહ્મચારિઓને પતિત થયે અથવા મરણ થયે સત્પુરૂષોએ સૂતક કહેલુ નથી જન્મ અ વા મરણમા એવો પણ પાઠ છે શુદ્ધિ તત્ત્વ તથા કુર્મ પુરાણમા પણ કહ્યુ છે કે આપત્ કાળમા તથા ઉપદ્રવમા માત્ર સ્નાનથી તત્કાળ શુદ્ધિ થાય છે શુદ્ધિ રત્નાકરમાં દક્ષે પણ કહ્યુ છે કે શાંતિકાળમાં આ બધુ સૂતક કહેલુ છે પણ આપત્તિકાળમા તો સર્વે સૂતકવાળાને પણ સૂતક લાગતુ નથી સ્નાન માત્ર તો કરવાનું. ત્રિસ્થળી ટીકામા કહ્યુ છે કે અન્ન સત્રવાળો વ્રત આદિના નિયમવાળો, રાજા, રાજાના મત્રી વગેરે, યજ્ઞની દીક્ષા પામેલો, અને ઋત્વિક એ પોતપોતાના કાર્યમા હોય ત્યારે તથા વેદના ઘણા અભ્યાસવાળો, વૈદ્ય, ચિત્રકાર શિલ્પી, રોગી એમને દેશ ભાગવ થી આપત્તિ આવે તે સમયે, તથા દાન, ઉપનયન યજ્ઞ, શ્રાદ્ધ, પ્રતિષ્ઠા, કેશવપન તીર્થ માટે પ્રવાસે જવુ, જય, લગ્ન વગેરેના ઉત્સવમા માત્ર સ્નાન કરવુ એટલે કે એટલાને એવા પ્રસંગે સ્નાન કરવાથી સૂતક નાશ પામે છે. એ શ્લોકનો અર્થ નિર્ણય

નિર્ણયસિધુમાંથી જાણી લેવો યાજ્ઞવલ્કય કહે છે કે યજ્ઞ કરાવનાર, યજમાન, તથા યજ્ઞ સબધી કામ કરનાર, અન્નસત્ર વાળો, વ્રત કરનાર બ્રહ્મચારી, દાતા અને બ્રહ્મને જાણનાર એટલાઓને દાન વખતે, વિવાહમા, યજ્ઞમા, રણસગ્રામમાં, દેશમાં રાજ્યબદલો થાય ત્યારે, આપત્તિમા તથા કષ્ટમાં, તુરત સ્નાન કરવાથી શુદ્ધિ થાય) એનો અર્થ મિતાક્ષરાટીકામા વિસ્તારથી છે તે જોવો સૂતકમા સધ્યાવદન આદિ જે કર્મ તેનો નિષેધ કેવો છે તે આગળ ઉપર કહેવામાં આવશે આમાં બે વિધિવાક્યો છે ૮૮

भाव्य शमदम क्षांति संतोषादि गुणान्वितै
ब्राह्मणै शौर्य धैर्यादि गुणोपेतैश्च बाहुजै ॥ ८९ ॥

હવે બે શ્લોક વડે કરીને ચારે વર્ણના ધર્મો તેને કહે છે બ્રાહ્મણોએ શમ, ક્ષાતિ, સતોષ વગેરે જે ગુણો તેથી યુક્ત થવુ શમ એટલે મનનો નિગ્રહ, શમમાં જ સુખ રહેલુ છે તેથી તેનો પહેલો ઉલ્લેખ કર્યો છે સ્મૃતિમા પણ કહેલુ છે કે જેઓમા શાતિ નથી તેમને સુખ કયાથી હોય ? દમ એટલે ઇદ્રિયોનો નિગ્રહ એ ગુણનુ માહાત્મ્ય ભારતમાં આપદ્ધર્મમાંથી જોવુ નિશ્ચયપણે જોનારા એવા વૃદ્ધોએ દમને કલ્યાણકારક ગણેલો છે બ્રાહ્મણોને દમ એ સનાતન ધર્મ છે વગેરે ક્ષાતિ એટલે પારકાના અપરાધને સહન કરવો તે ગુણથી ભગવાન્ રાજી થાય છે તેથી તેને ગુણ માનેલો છે ભાગવતના ૯ મા સ્કધના ૧૫ મા અધ્યાયમાં જમદગ્નિએ પરશુરામ પ્રત્યે કહેલુ છે કે હે તાત ! અમે બ્રાહ્મણો તો ક્ષમાના ગુણ વડે કરીને યોગ્યતાને પામ્યા છીએ જે ગુણ વડે કરીને ગુરૂદેવ એવા બ્રહ્મા જેતે પરમેશ્વર પદને પામ્યા છે કહ્યુ છે કે ક્ષમાથી જ લક્ષ્મી, બ્રહ્માણી તથા સૂર્યની પ્રભા જે કાન્તિ તે શોભે છે અને હરિ એવા અને ઇશ્વર એવા જે ભગવાન તે ક્ષમાવાન્ એવા પુરૂષો ઉપર તત્કાળ પ્રસન્ન થાય છે અનાયાસે જે અન્ન તથા વસ્ત્ર મળે તે બહુ છે એવી જે બુદ્ધિ તેને સતોષ કહે છે સતોષ વિના નરકમા પડવાની આપત્તિ આવે છે. ભાગવતના ૭ માં સ્કધના ૧૫ મા અધ્યાયમાં નારદજીએ યુધિષ્ઠિર પ્રત્યે કહેલુ છે કે હે રાજન્ ! પડિતો બહુ છે, અને સશયને છેદનારા

તથા ઘણા શાસ્ત્રોને જાણનારા છે તોપણ જો એક અસતોષ હોય છે તો નરકમા પડે છે વળી એજ અધ્યાયમા કહ્યુ છે કે અસતોષી એવા બ્રાહ્મણના વિદ્યા, તેજ, તપ અને યશ એ બધા, ઇદ્રિયોની લોલુપતાથી સ્રવી જાય છે અને જ્ઞાન પણ નાશ પામે છે ભગવાને પણ સતોષથી સર્વે અર્થો સંપાદન થાય છે એમ દશમ સ્કધના ૫૧ મા અધ્યાયમાં રૂકમાણિએ મોકલેલા બ્રાહ્મણ પ્રત્યે કહેલુ છે—

અર્થ અને કામનો આ અસતોષ તે પુરૂષને જન્મ મરણના હેતુરૂપ છે દૈવ ઇચ્છાએ જે કાઇ મળ્યુ તેથી સતોષ માને તો તેથી મુક્તિ મળે છે એમ સ્મૃતિમા કહેલુ છે જે બ્રહ્મણ દૈવઇચ્છાએ આવી મળેલા ધનથી સતુષ્ટ પામે છે તેનુ તેજ વૃદ્ધિ પામે છે તેથી અસતોષ શમી જાય છે અને દભ વિનાની સેવામા ઇચ્છા થાય છે

શ્લોકમા સતોષાદિ એમ જે આદિ શબ્દ મુકયો છે તે વડે કરીને તપ દયા વગેરે ગુણો પણ સમજવા ભાગવતના એકાદશ સ્કદના ૧૭ મા અધ્યાયમા ભગવાને ઉદ્ધવજી પ્રત્યે કહેલુ છે કે બ્રાહ્મણનો આ દેહ કાઇ ક્ષુદ્ર વાસનાની તૃપ્તિ માટે નથી પણ કૃચ્છ ચાદ્રાયણ તથા તપ કરીને અનત સુખ જે મોક્ષ તે મેળવવા માટે છે ભગવદ્ ગીતાના ૧૮ મા અધ્યાયમા પણ કહેલુ છે કે શમ, દમ, તપ, શૌચ, ક્ષાતિ આર્જવ, જ્ઞાન, વિજ્ઞાન તથા આસ્તિકતા એ બ્રાહ્મણોના સ્વાભાવિક કર્મો છે મોક્ષ ધર્મમા પણ કહેલુ છે કે જેને માન કે અપમાન થવાથી ક્રોધ કે હર્ષ થતો નથી અને જે સર્વે ભૂત પ્રાણીમાત્રને અભયનો આપનારો છે તેને દેવોએ બ્રાહ્મણ કહેલો છે જેનુ જીવન ધર્મને માટે છે અને હરિ એવા ભગવાનને માટે જે રાત્રી દિવસ પુણ્યને માટે ધર્મ પાળે છે તેને દેવો બ્રાહ્મણ જાણે છે સનત્સુજાતીયમા બાર ગુણો સપાદન કરવાનુ અને બાર દોષો ત્યજી દેવાનુ કહેલુ છે ધર્મ, સત્ય, દમ, તપ, હ્રી, મત્સરથી રહિતપણુ તિતિક્ષા, અનસૂયા, યજ્ઞ, દાન, ધૃતિ શ્રુતિ, એ બાર બ્રાહ્મણોના મહાવ્રતો છે અને ક્રોધ, કામ, લોભ, મોહ, વિધિત્સા, અકૃપા, અસૂયા, માન, શોક, સ્પૃહા, ઇર્ષ્યા, અને જુગુપ્સા એટલા બાર દોષ માણસોએ સદાય ત્યજવા હવે બાર ગુણોના અર્થ સમજાવે છે ધર્મ એટલે વર્ણ અને આશ્રમથી જે નક્કી થાય તે એટલે કે સધ્યા–ઉપાસના આદિ, સત્ય એટલે પારકાનો દ્રોહ ન થાય

એવુ યથાર્થ બોલવુ તે, દમ એટલે જીહ્વા તથા ઉપસ્થ આદિ ઇંદ્રિયોને નિગ્રહ, તપ એટલે કૃચ્છ્ર ચાંદ્રાયણ આદિ, અમાત્સર્ય એટલે પારકાના ગુણને નહી સહેવુ તેથી રહિત, હ્રી એટલે નહી કરવા યોગ્ય કામમા લજ્જા પામવી તે, તિતિક્ષા એટલે ક્રોધનુ નિમિત્ત હોવા છતા ક્રોધ ન થાય તે, અનસૂયા–પારકાના ગુણમા દોષ જોવા તે અસૂયા અને તેનો અભાવ તે અનસૂયા, યજ્ઞ બ્રહ્મયજ્ઞાદિ, દાન એટલે પાત્રને દ્રવ્ય આપવુ તે, ધૃતિ એટલે અત્યત આપત્તિ આવે તોપણ વ્રતાદિકનો ત્યાગ ન કરવો તે, શ્રુત એટલે અર્થ સમજવા સાથે વેદનુ અધ્યયન, હવે દોષના અર્થ ગણાવે છે, ક્રોધ એટલે ઇચ્છાનો ભગ થવાથી આક્રોશ–તાડન આદિના હેતુરૂપ જે મનનો સતોષ, કામ એટલે સ્ત્રીની ઇચ્છા, લોભ એટલે દ્રવ્ય ખર્ચવામા બ્હીકણુ મોહ એટલે આ કરવા યોગ્ય અને આ નહી કરવા યોગ્ય એવા વિવેકથી રહિતપણુ, વિધિત્સા એટલે ઉત્તરોત્તર લાભ થવા છતા પણુ સતોષ ન થવો તે, અકૃપા એટલે નિર્દયતા, અસૂયા પારકાના ગુણોમાં દોષનુ દર્શન, માન એટલે પોતાને વિષે પૂજ્યબુદ્ધિ, શોક એટલે પોતે ઇચ્છેલા પદાર્થનો નાશ થતા મનનુ વૈષમ્યપણું, સ્પૃહા એટલે ભોગવવા યોગ્ય જે વર્ગો તેમાં આદર, ઇર્ષ્યા એટલે પારકાના ઉત્કર્ષને સહન ન કરવો તે, જુગુપ્સા એટલે પારકાની નિદા કરવી તે

હવે એમા પણુ સ્વધર્મમા જે દરરોજ આવશ્યક કર્મો કરવાના તે સ્કદપુરાણુના કાશિખડમાં કહેલાં છે કે બ્રાહ્મણોએ દરરોજ નવ કર્મો આવશ્યક કરવાં તે સ્નાન, સધ્યા, જપ, હોમ, સ્વાધ્યાય, દેવતાનુ પૂજન, વૈશ્વદેવ, અતિથિસત્કાર અને પિત્રીઓનુ તર્પણુ

હવે બાહુજૈ એટલે કે વૈરાટ પુરૂષના બાહુમાંથી ઉત્પન્ન થયેલા કહેતા ક્ષત્રિયોના ધર્મ કહે છે શ્રુતિમા પણુ કહે છે કે ક્ષત્રિઓ બાહુમાથી થયા છે. અમર કોષમા પણુ કહેલુ છે કે મસ્તક ઉપર અભિષેક પામેલા અને બાહુથી ઉત્પન્ન થયેલા એવા ક્ષત્રીઓ કહેવાય છે તેમણે શૌર્ય તથા ધૈર્ય આદિ ગુણોથી યુક્ત થવુ જોઇએ શૌર્ય એટલે રણુમાં ઉત્સાહ, ધૈર્ય એટલે સહન કરવાપણુ, શ્લોકમા જે આદિ શબ્દ છે તેથી ઉદારતાનો ગુણુ હોવો જોઇએ એમ સમજવુ, એકાદશ સ્કધના ૧૭ મા અધ્યાયમાં શ્રીકૃષ્ણુ ભગવાને ઉધ્ધવજી પ્રત્યે કહેલુ જે કે તેજ, બળ, ધૃતિ શૌર્ય, તિતિક્ષા, ઔદાર્ય, ઉદ્યમ, સ્થિરતા, દાક્ષણ્યતા, અને ઐશ્વર્ય એ ક્ષત્રિય

પ્રકૃતિના ગુણો છે. આમા બે વિધિ વાકયો અને ચાર પેટા વાકયો મળી ૬ છે ૮૯

वैश्यैश्च कृषिवाणिज्य कुसीदमुखवृत्तिभि
भवितव्यं तथाशूद्रैर्द्विजसेवादि वृत्तिभि ॥ ९० ॥

વૈશ્યો એટલે ત્રીજા વર્ણના લોકોએ, કૃષિ એટલે ખેતી, વાણિજ્ય એટલે વેપાર, અને કુસીદ એટલે વ્યાજવટો એ આદિ વૃત્તિઓવાળા થવુ એટલે એવા વ્યવસાયથી પોતાનો નિર્વાહ કરવો તેમાં ખેતીનો ઉદ્યોગ વૃદ્ધ પરાશરની સ્મૃતિમા જે રીતે કરવાનો કહેલો છે તે રીતે કરવો વેપાર કરવાને માટે શાસ્ત્રકાર કહે છે કે નિષેધ કરેલા નહિ એવા પદાર્થોનુ વેચાણુ તથા લાભ થવા માટે ખરીદ કરવી તેનુ નામ વેપાર વ્યાજવટાના ધધા માટે વ્યવહારાધ્યાયમા જેવી રીતે વ્યાજવટુ કરવાનુ કહેલુ છે તે રીતે દ્રવ્યનો પ્રયોગ કરવો. અમર કોષમા પણ તેના અર્થ પ્રયોગ, વૃદ્ધિજીવિકા વગેરે આપેલા છે તેથી આરણ્યક પર્વમા કહેલુ છે કે પાચમે અથવા છઠે દહાડે જે દેવા વગરનો અથવા પ્રવાસી માણસ માત્ર ભાજી કરીને ખાતો હોય અથવા પાણી પીને રહેતો હોય તે આનદ પામે છે શુદ્રોએ દ્વિજ એટલે બ્રાહ્મણ વગેરે ત્રણ વર્ણની જેથી સેવા થાય એવી વૃત્તિઓવાળા થવુ દ્વિજની સેવાથી શદ્રનું કલ્યાણ થાય છે એમ અનુશાસન પર્વમા કહેલુ છે. શ્લોકમા આદિ શબ્દ છે એટલે શદ્રોએ દ્વિજ ઉપરાત માતાપિતાની સેવા પણ કરવાની છે તેમજ ચકાર છે એટલે હિસાદિ ધર્મ પણ રાખવો યાજ્ઞવલ્કય ઋષિએ ચારે વર્ણના સાધારણ ધર્મોમા કહ્યુ છે કે દાન, દમ, દયા, ક્ષાતિ, અહિસા, સત્ય, ચોરી ન કરવી, શૌચ, ઇંદ્રિયોને નિયમમા રાખવી, એ સર્વે ધર્મનુ સાધન છે, વર્ણના ધર્મોનો વિસ્તાર ધર્મ શાસ્ત્રમાંથી જોઇ લેવો અહી વિસ્તાર થઇ જવાના ભયથી કહ્યા નથી. આમા બે વિધિ વાકયો અને બે પેટા વાકય છે ૯૦

सस्काराश्चान्हिकश्चाद्ध यथाकालं यथाधनम्
स्वस्वगृह्यानुसारेण कर्त्तव्यं च द्विजन्मभि ॥ ९१ ॥

દ્વિજન્મભિ એટલે બ્રાહ્મણ, ક્ષત્રિ અને વૈશ્યો સંસ્કાર એટલે જેનાથી તે દેહની શુદ્ધિ થાય તે સસ્કારો ૪૮ છે અને કૃત્યચિતામણિમા ગૌતમે

કહેલા છે તે આ પ્રમાણે છે ગર્ભાધાન, પુંસવન,[1] સીમંતોન્નયન, જાતકર્મ,[2] નામકરણ, અન્નપ્રાશન,[3] ચૌલ [4], ઉપનયન, ચર દેવવ્રત એટલે કે મહાનામ્ની, મહાવ્રત, ઉપનિષદ્ અને ગોદાન, સ્નાન, ગૃહસ્થાશ્રમ કરવો તે, પાચ મહાયજ્ઞો કરવા તે, અષ્ટકા, પાર્વણ, શ્રાદ્ધ, શ્રાવણી, આગ્રહાયણી,[5] ચૈત્રી, આશ્વયુજી, અગ્ન્યા[6]ધેય, અગ્નિહોત્ર,[7] દર્શાપૂર્ણ[8] ચાતુર્માસ્ય, અન્વાગ્રયણેષ્ટિ, નિરૂઢપશુ[9]બંધ, સૌ[10]ત્રામણિ, અગ્નિષ્ટોમ, અત્યગ્નિષ્ટોમ, ઉકથ્ય વાજપેય, અતિરાત્ર અને અપ્તોર્યામ આ છેલ્લા સાત સોમસંસ્થા એના નામથી ઓળખાય છે એ બધા યજ્ઞો છે કુલ ચાલીશ સંસ્કાર અને આઠ આત્માના ગુણો—સર્વ ભુત પ્રાણિ માત્રમા દયા ક્ષાંતિ, અનસૂયા, શૌચ, પ્રયાસ ન કરવો તે, માગલ્ય, અકાર્પણ્ય,અસ્પૃહા, એ મળી કુલ ૪૮ ગુણો જેનામા હોય તેને બ્રહ્મની પ્રાપ્તિ એટલેકે સાયુજ્ય મુક્તિ મળે છે હવ અર્થ ગણાવે છે. પોતાની સ્ત્રી સાથે સયોગ એટલે કે વિવાહ પાર્વણ એટલે પખવાડીએ જે ચોખા રાંધીને હોમ કરવાનો તે શ્રાદ્ધ એટલે અમાવાસ્યાને દહાડે કરવાનો હોમ શ્રાવણી, આશ્વયુજી, આગ્રહાયણી અને ચૈત્રી એટલે બળેવ, શરદ્ પૂર્ણિમા, માર્ગશીર્ષ પૂર્ણિમા અને ચૈત્રી પૂર્ણિમાએ કરવાના શ્રાદ્ધ તેમા પણ નિત્ય, નૈમિત્તિક, માસિક અને વાર્ષિક એવા ચાર ભેદો છે, તે પ્રયોગરત્નાકરમાથી જાણી લેવા દરરોજ જે કર્મ કરવાના એટલે કે સંધ્યાવંદનાદિ તેને નિત્ય કર્મ કહેવાય વિશ્વકોષમાં પણ દરરોજ કરવાનાં જેમકે ભોજન વગેરે તેને નિત્ય કર્મ કહ્યા છે પરાશરે પણ કહેલુ છે કે સ્નાન, સંધ્યા, જપ, હોમ, સ્વાધ્યાય, પિતૃતર્પણ દેવતાપૂજન, એ ૭ કર્મો દરરોજ કરવાનાં છે શ્રાદ્ધ એટલે શ્રદ્ધાએ સહિત જે કરવામા આવે તે. પરન્તુ તે શબ્દ પિતૃતર્પણમા રૂઢ થયેલોછે. પૃથ્વીચન્દ્રોદયમાં મરીચિએ કહેલું છે કે પ્રેત તથા પિતૃઓને

---

૧ ગર્ભ રહ્યા પછી જે રક્ષાબંધન કરે છે તે હાલ આ સંસ્કાર સીમંત વખતે થાય છે ૨ જન્મ સમયનો ૩ છ માસે અન્ન ખવરાવવાય ત્યારે ૪ વાળ ઉતરાવવાનો ૫ માગસર સુદ ૧૫ અષ્ટકાથી માંડીને આશ્વયુજી સુધીના સાત સંસ્કારમા અમુક રસોઇ કરીને શ્રાદ્ધ કરવુ પડે છે એટલે તેને સપ્તપાક સંસ્થા કહે છે ૬—૭ આ બન્ને અગ્નિહોત્રીને લાગુ પડે છે ૮ દર્શપૂર્ણ એટલે અમાસ તથા પુનમે કરવાનો વિધિ ૯ હિંસાયુક્ત યજ્ઞ, ૧૦ અગ્ન્યાધેયથી માંડીને સૌત્રામણિ સુધીના સાત સંસ્કાર બલિદાન સાથેની યજ્ઞસંસ્થા કહેવાય છે

ઉદ્દેશીને પોતાને જે ભોજન પ્રિય હોય તે શ્રદ્ધા વડે કરીને આપવામા આવ તેને શ્રાદ્ધ એ રીતે કહેલુ છે એક વચન છે તે દરેક જાતનુ શ્રાદ્ધ એને લાગુ પાડવા માટે છે નિર્ણય સિધુમા છન્નુ પ્રકારના શ્રાદ્ધો કહેલાં છે—અમા એટલે બાર અમાવાસ્યા, ચૌદ મન્વન્તરો, ચાર યુગ, બાર મકરસક્રાંતિ, તેર ધૃતિઓ, તેર પાત, સોળ મહાલય, ચાર અન્વષ્ટકય આઠ અષ્ટકા, અને ચાર પૂર્વેદ્યુ એમ છન્નુ શ્રાદ્ધ કરવા કહેલુ છે તે બધા સસ્કાર પણ પોતપોતાના ગૃહ્યસૂત્રને અનુસરીને કરવાનાં એટલે સૂત્રો ઘણાં છે આશ્વલાયન, કાત્યાયન, લાટયાયન આદિ મુનિઓએ રચેલા છે તેમાંથી પોતાનો વેદ, શાખા, અને ઋષિ પ્રણીત જે ગૃહ્યસૂત્ર હોય તેની રીતિ ગૃહણ કરવી ગૃહ્યસૂત્રમા ગૃહ્ય સબધીઓ પણ કહેલા છે એટલે કે પત્નીઓ, પુત્રો, કન્યાઓ, ભવિષ્યમા થનારા બીજા પુત્રપુત્રીઓ એટલા પોતાના ગૃહ્યમા એટલે કે પોતાના કુટુબનાં લેણુદાર ગણાય. શાંતિકર્મ તથા ક્રિયામા તેમને સસ્કાર કરવાનુ સ્થાન આપણને રાખવુ પડે છે વળી આચાર્યે જે સૂત્ર કહ્યુ હોય તેને પણ ગૃહ્યસૂત્ર ગણવુ

હવે યથાકાલ એનો અર્થ કરે છે સમય સમય પરત્વે અમુક કર્મ કરવાના જેમકે દિવસના પહેલા ભાગમા દેવ સબધી કામ કરવુ, મધ્યાને મનુષ્યો સબધી કર્મ કરવુ અને પાછલા પહોરે પિત્રીઓ સબધી કર્મ કરવુ એમ શ્રુતિમાં કહેલુ છે સ્મૃતિમા પણ કહ્યુ છે કે પહેલા પહોરે દેવ સબધી, અને બીજા પહોરે પિત્રી સબધી કર્મ કરવુ. એટલે એ કાળનુ ઉલ્લઘન કર્યા વિના કર્મ કરવા

યથાધનમ્ એટલેકે પોતાની પાસે જો ધન હોય તો, શક્તિ મુજબ ધન ખર્ચવામા શઠતા ન કરવી, એવો અર્થ છે આ સસ્કારોને લગતા શ્લોકોમા પણ જયા ત્યા સ્ત્રી, પુરૂષ કે નાનુ બાળક હોય ત્યા ત્યા એ પ્રમાણે જાતિનો ફેરફાર કરીને કરવુ એથી સઘળા અર્થોની સિદ્ધિ થાય છે. બીજા અથવા પોતાના ગૃહ્યસૂત્રમા જે કર્મ કહેલાછે તેતે પ્રમાણે તે કરવાથી કૃતાર્થ થવાય છે એમ ગૃહ્ય પરિશિષ્ટમા કહેલુ છે

હવે યથાબલમ્ એવો જે પાઠ છે તેનો અર્થ યથાશક્તિ એવો સમજવો. જેમકે અડતાલીસ સંસ્કાર કરવાની શક્તિ ન હોય તો પછી સોળ સસ્કાર જ કરવા, તથા ગર્ભાધાન આદિ સસ્કાર તેને કાલે જુદા જુદા કરવાની શકિત ન હોય તો ચૌલ એટલે કેશ ઉતરાવાના અથવા ઉપનયન

કરવાના વખતે તે ભેગા કરી લેવા એજ પ્રમાણે ત્રણે કાળના સ્નાન, સંધ્યા વંદન વગેરે કરવાની શક્તિ ન હોય તો બપોરે કરવાનાં સંધ્યા વંદનાદિ પણ સવારમા કરી લેવાં તેમા પણ જો સંધ્યાવંદનાદિ પુરેપુરા ન કરી શકાય તો આચમન, પ્રાણાયામ, અર્ઘ આપવો તથા માત્ર દશવાર ગાયત્રીના મંત્રનો જપ કરી લેવો એ પ્રકારે છન્નુ પ્રકારના શ્રાદ્ધ કરવાની શક્તિ ન હોય તો મહાલય તથા વાર્ષિક એવા બે શ્રાદ્ધો કરવા તે પણ જો પૂરાં કરવાની શક્તિ ન હોય તો માત્ર પિંડદાન કરવુ અને તેપણ ન બની શકે તો બ્રાહ્મણોને દ્રવ્યનુ દાન આપવુ જો શ્રાદ્ધના દિવસે ઉપવાસનો દિવસ આવે તો જેમ ધર્મશાસ્ત્રમા વિધિ કહ્યો છે તે પ્રમાણે ગૌણપક્ષ લેવો ઉપવાસના દિવસે શ્રાદ્ધ આવે તો શુ કરવુ તેને માટે કાત્યાયન મુનિયે માધવીય પુરાણમા કહેલુ છે કે ઉપવાસ જો નિત્ય કર્મ હોય એટલે કે એકાદશિની પેઠે હમેશ આવવાનો હોય અને શ્રાદ્ધ જો નૈમિત્તિક હોય તો ઉપવાસ કરવાનો અને શ્રાદ્ધનો પિંડ હોય તેને સુંઘી લેવા, કેટલાકનો મત એવો છે કે ઉપવાસના દિવસે જો નૈમિત્તક શ્રાદ્ધ હોય તો તે શ્રાદ્ધ પારણાને દહાડે કરવુ તે માટે પદ્મ પુરાણના પુષ્કર ખંડમા કહેલુ છે કે હે રામ ! જો એકાદશિને દિવસે નૈમિત્તક એવુ શ્રાદ્ધ આવેતો તે દિવસનો ત્યાગ કરીને બારસને દહાડે શ્રાદ્ધ કરવુ. બ્રહ્મવૈવર્તપુરાણમા પણ કહેલું છે કે હે રાજન ! જેઓ એકાદશિને દહાડે શ્રાદ્ધ કરે છે તેઓમા દાન આપનાર, તથા લેનાર અને પિત્રીઓ પણ નરકે પડેછે

શ્લોકમા જે ચ કારછે તેથી દિશાઓનુ ગ્રહણ કરવુ દેવસંબંધી કર્મમા પૂર્વદિશા, પિત્રીઓમા દક્ષિણ દિશા, મનુષ્યો માટે પશ્ચિમ દિશા અને મહાદેવ સબંધી કર્મ હોયતો ઉત્તર દિશાએ કર્મ કરવુ એમ શ્રુતિમા કહેલુ છે મનુષ્યો સબંધી કર્મમા જનોઇ કંઠમા રાખવી, પિત્રીઓ સબંધી કર્મમાં ડાબા ખભે અને દેવ સંબંધી કર્મમાં જમણા ખભે એમ શ્રુતિમા છે

શ્લોકમા જે બીજો ચ કાર છે તેથી વાવ, કૂવા, ધર્મશાળો આદિ સાર્વજનિક કાર્ય પણ કરાવવા આ શ્લોકમા દ્વિજન્મભિ એટલેકે ત્રણ વર્ણનાએ આમ કરવુ એમ કહ્યું છે શૂદ્રોને વેદનો અધિકાર નથી બધા સંસ્કારો તેને કરવાના નથી એટલે ત્રણને માટે જે સંસ્કાર કહેલા છે તેથી જુદા કેટલાક સંસ્કાર કરવા એમ જાણવુ શ્રુતિમા કહ્યું છે કે ગાયત્રીથી

બ્રાહ્મણોને સરજ્યા, ક્ષત્રિઓને ત્રિષ્ટુભ નામના મંત્રથી અને વૈશ્યોને જગતી નામના મંત્રથી સૃજ્યા પણ શૂદ્રોને માટે વ્યાસે મસ્કાર મયૂખમાં દશ સંસ્કાર કહેલા છે ગર્ભાધાન,[1] પુંસવન,[2] સીમંત,[3] જાતકર્મ,[4] નામ ક્રિયા[5] નિષ્ક્રમ,[6] અન્નપ્રાશન,[7] પવનક્રિયા,[8] કર્ણવેધ[9] વ્રતાદેશ,[10] વેદારંભક્રિયાવિધિ[11] કેશાંત,[12] સ્નાન,[13] ઉદ્વાહ, [14] વિવાહાગ્નિ-પરિગ્રહ[15], વ્રતાગ્નિસંગ્રહ,[16] આ સોળ સંસ્કાર કહ્યા એમાંના કેશાંતએટલે વાળ ઉતરાવવા સુધીના જે નવ સંસ્કાર તે સ્ત્રીઓને માટે છે પણ તે મંત્રોચ્ચાર વિનાજ કરવાના છે માત્ર વિવાહના સંસ્કારમાં મંત્ર ભણવો શૂદ્રને માટે તો દશે સંસ્કારમાં મંત્ર ભણવા નહીં બ્રહ્મપુરાણમાં તો કહ્યું છે કે શૂદ્રને વિવાહનો સંસ્કાર કરવામાં આવે છે તોપણ કોઈ શૂદ્રને વેદના મંત્રથી સૃજેલો નથી એમ પ્રજાપતિએ કહેલું છે, તેમાં પણ સત્ અને અસત્ શૂદ્ર એવા ભેદ ને લીધે દેશના ભેદથી વ્યવસ્થા લેવી એમ નિર્ણયસિંધુમાં કહેલું છે શૂદ્રોને સંધ્યાવંદનનો ત્યાગ કરીને માત્ર શ્રી હરિના નામ રૂપીનો મંત્ર રોજની ક્રિયા તથા શ્રાદ્ધ કરવા એમ શૂદ્ર કમલા કરમાંથી જાણી લેવું આમાં ત્રણ વિધિ વાક્યો છે ૯૧

अज्ञानाज्ज्ञानतोवापि गुरु वा लघुपातकम् ॥
कापिस्यात्तर्हितत्प्रायश्चित्तं कार्यं स्वशक्तित· ॥ ९२ ॥

ક્વાપિ એટલે કોઈ સમયે અજ્ઞાનાત્ એટલે વિચાર્યા વિના, અને જ્ઞાનાત્ એટલે વિચાર પૂર્વક, ગુરૂ એટલે મોટું પાતિત્યના કારણ રૂપ લઘુ એટલે નાનું પાતક એટલે પાપ થાય એટલે કુસંગથી અથવા સ્વભાવ દોષથી કાંઇ પાપ થાય તો

હવે એવી શંકા કરવામાં આવે છે કે પાતક શબ્દ એટલે જેથી પડી જવાય તે પાતક એ પ્રમાણે એ શબ્દમાજ પડી જવાનો અર્થ રહેલો છે તો પછી બ્રહ્મહત્યાદિ જે વિશિષ્ઠ પાપ દર્શાવનારા શબ્દો છે તેને ગુરૂ શબ્દની સાથેનો સંબંધ તો યોગ્ય છે પણ લઘુ શબ્દની સાથે તેનો મેળ નથી. આના નિરસનમાં એમ કહેવામાં આવે છે કે એ વાત ખરી છે પણ વિશેષપણે કરીને સામાન્યમાં લક્ષણા કરવામાં આવેલી છે એટને તે દોષ આવતો નથી નાના પાપથી તુરતજ પડી જવાનો અભાવ છે છતાં પણ તે વારવાર કરવાથી તેને માટે પાતક શબ્દ બોલવામાં કાંઇ દોષ

આવતો નથી. તે પાતકનું યથાશકિત પ્રાયશ્ચિત એટલે સત્કર્મ કરવુ. કારણ કે યોગીશ્વરે કહેલુ છે કે શાસ્ત્રમા કહેલા કર્મને નહિ કરવાથી, નિંદિત એવા પુરૂષનુ સેવન કરવાથી અને ઇંદ્રિયોનો નિગ્રહ નહી કરવાથી મનુષ્ય નરકમાં પડે છે તે માટે તે પુરૂષે પોતાની શુદ્ધિ માટે આ પ્રાયશ્ચિત્ત કરવુ જ તેથી તેનો અતરાત્મા તેમજ લોક પણ પ્રસન્ન થાય છે અને તેમની સાથે વ્યવહાર ચાલુ રાખે છે આ પ્રાયશ્ચિત્ત શબ્દ પાપનાશમા, તથા નૈમિત્તિક એવા ખાસ કર્મમા રૂઢ છે એમ વિજ્ઞાનેશ્વર કહે છે જે પુરૂષો પ્રાયશ્ચિત્ત કરતા નથી અને પાપમાજ રમે છે તે પશ્ચાત્તાપ નહીં કરનારા મનુષ્યો દુ:ખદાયક એવા નરકને પામે છે, એમ પ્રાયશ્ચિત્ત નહી કરવાથી દોષ લાગવાનુ સ્મૃતિમા કહેલુ છે ભારતમા પણ કહ્યુ છે કે પાપને કોઇપણ રીતે છુપાવવુ નહીં, "તે હેતુ માટે પાપને છુપાવવુ નહી, છુપાવવાથી તેની વૃદ્ધિ થાય છે જો પાપ કરીને તે સાધુ પુરૂષોની આગળ પ્રકાશ કરવામા આવે તો તેનો નાશ થાય છે" સ્મૃતિમા કહ્યુ છે કે જે પાપ અજ્ઞાનથી કરવામાં આવે છે તે પ્રાયશ્ચિત્તથી નાશ પામે છે પરંતુ જાણી જોઇને પાપ કરે તે વળી પ્રાયશ્ચિત્તથી કેવી રીતે નાશ પામે ? એવી શંકા-ના નિરસનમાં કહે છે કે એ કાંઇ સર્વત્ર લાગુ પડતુ નથી જે પાપ ઇચ્છા વિના જ કરવામાં આવે તે, જો ઇચ્છા પૂર્વક થાય તો તેનું પાપ બમણુ થાય છે એ વાક્યોથી જ્ઞાન અને કામના સહચારને લીધે જાણી જોઇને પાપ કરવાથી પણ પાયશ્ચિત્ત કરવુ પડે છે આમા બ્રાહ્મણને મારવા વિગેરે પ્રસંગે તો પ્રાયશ્ચિત્તથી પણ શુદ્ધિ નથી જેમકે અજાણતા બ્રાહ્મણને મારીને આ પ્રાય-શ્ચિત્ત છે પણ જાણીને બ્રાહ્મણને મારવામા તો કોઇ પાયશ્ચિત્ત નથી વધુ વિસ્તાર મિતાક્ષરામાંથી જોઇ લેવો કાત્યાયને પાપ પાચ જાતના કહ્યા છે — મહાપાપ, અતિપાપ, પાતક, પ્રકીર્ણક અને ઉપપાપ. એમ પાચ પાપ નો સમુદાય છે તેમા બ્રહ્મહત્યા, સુરાપાન, બ્રાહ્મણની માલિકીનુ સોનુ ચોરવુ, ગુરૂપત્નીની સાથે વ્યભિચાર એમ ચાર જાતનુ તથા પાપીનો સગ એ પાચ મહાપાપ છે માતા સાથે ગમન, બ્હેન સાથે ગમન તથા પુત્રની સ્ત્રી સાથેનુ ગમન એ અતિ પાતક છે આ અતિપાતક તે મહાપાપની બરાબર જ છે એટલે કે તે એનુ બીજુ નામ છે તેમા ગુરૂનો તિરસ્કાર,

નાસ્તિકતાથી વેદની નિંદા બ્રાહ્મણ ન હોય તેવા પણ મિત્રનો વધ, અને ભણેલા વેદને આલસ કરીને ભૂલી જવા એ વગેરે બ્રહ્મહત્યા પાપના સરખાં છે ભક્ષ નહીં કરવા યોગ્ય એવા જે લસણ આદિ તેનું જાણી જોઇને ભક્ષણ કરે, ગુરૂને વિષે કુટિલતા રાખે, રાજકુટુમ્બ પોતાના ઉત્કર્ષ માટે જુઠું બોલે, રજસ્વળા સ્ત્રીના મુખનું ચુંબન કરે એ વગેરે પાપ દારૂ પીવાના પાપની બરાબર છે બ્રાહ્મણનો ઘોડો, રત્ન, ગાય, પૃથ્વી અને અનામત થાપણનું હરણ એ બધા સોનાની ચોરી કરવાથી જે પાપ લાગે તેના સમાન છે મિત્રની સ્ત્રી, શિષ્યની સ્ત્રી તથા કુમારી, તથા પોતાના જ ગોત્રની સ્ત્રી સાથે મૈથુન કરવાથી પણ પોતાના ગુરૂની સ્ત્રી સાથે મૈથુન કર્યા બરાબરનું પાપ લાગે છે પ્રકીર્ણક પાપ આ પ્રમાણેનાં ગણાય – પોતાના ધર્મનું ઉલ્લંઘન કરીને વર્તવું, દિવસે સ્ત્રીની સાથે ગમન કરવું, નાગા નહાવું અને જાણી જોઇને ગધેડા અને ઊંટ ઉપર બેસવું ઉપપાપ આ પ્રમાણે – ગાયનો વધ કરવો, ઉપવીતનો સમય થયા છતાં જેને સોળ વર્ષ સુધી પણ ઉપવીત ન આપ્યું હોય તે કર્મ, બ્રાહ્મણનું સુવર્ણ અને તેથી જુદું એવું જે પારકાનું દ્રવ્ય તેનું હરણ, અગ્નિષ્ટોમનો અધિકાર હોય અને પોતાનો મોટો ભાઈ હયાત હોય તો પણ તેની આજ્ઞા વિના નાના ભાઈએ લગ્ન કરવું તથા અગ્નિષ્ટોમ કરવો, ગુરૂપત્ની વિનાની બીજાની સ્ત્રી સાથે સંયોગ કરવો, સ્ત્રીની હત્યા, નાસ્તિકતા, સ્ત્રી અને પુત્રને વેચવા, પતિત નહી થયેલાં એવા માતા પિતાને કાઢી મૂકવા, જેમાં ઇશ્વરની વાત ન હોય એવા શાસ્ત્રોનો અભ્યાસ, વ્રતનો ભંગ, શિકાર, જુગાર અને દિવસે નિદ્રા લેવી મનુ મહારાજે તો બીજા પણ પાપ કહ્યા છે તે જાતિભ્રંશકર, સંકરીકરણ, અપાત્રીકરણ, અને મલિનીકરણ એ નામના ગણાવ્યા છે તેમાં પુરૂષની સાથેના મૈથુનને તથા દારૂને સુંઘવો એ જાતિભ્રંશકર પાપ કહેવાય ઘોડા, ઘેટા વગેરેને મારવા તેને સંકરીકરણ પાપ કહે છે શૂદ્રની નોકરી, અસત્ય ભાષણ વગેરે અપાત્રીકરણ પાપ ગણાય ઝીણાં ઝીણાં જંતુઓ સ્ત્રીહત્યા અને મદ્યવાળું ભોજન વગેરે મલિનીકરણ પાપ ગણાય હવે પ્રાયશ્ચિત્ત કહે છે કે મહાપાપમાં બાર વર્ષનું વ્રત આદિ પ્રાયશ્ચિત્ત કરવા, અતિ પાપ કર્યું હોય તો તેથી નરકની પ્રાપ્તિ થાય છે અને તેની જીવતાં સુધી શુદ્ધિ થતી નથી, પાતકમાં મહાપાપથી અડધું પ્રાયશ્ચિત્ત પ્રકીર્ણક પાપમાં જેવો સંભવ હોય તેવું પાદકૃચ્છ્ર ઉપવાસ વગેરે કરવા, ઉપપાપમાં ત્રણ માસનાં વ્રત આદિ કરવાં જાતિભ્રંશકર

પાપમાં સાંતપન નામનુ કૃચ્છ્ર વ્રત કરવુ. સકરીકરણ પાપમા કૃચ્છ્રાતિકૃચ્છ્ર વ્રત કરવુ, અપાત્રીકરણમા તપ્તકૃચ્છ કરવુ, અને મલિનીકરણમા પણ તપ્ત-કૃચ્છ કરવુ એવા વિવેક છે તેનો વિધિ મિતાક્ષરામાથી જાણી લેવો આ જે બાર વર્ષના વ્રતનુ પ્રાયશ્ચિત વગેરે કહ્યુ તે માણસ પોતેજ પાપ કરે તેને માટે છે તે પાપને અનુમતિ આપનાર, તેની યોજના કરનાર ને તે તે દોષને અનુસરીને પા પા ભાગનું ઓછુ પ્રાયશ્ચિત્ત કરવુ અને તે દોષના પ્રમાણમા પ્રાયશ્ચિત્ત જાણવાનુ છે તેજ રીતે પૈઠીનસિ મુનીએ કહ્યુ છે કે એક તો હણનાર, તેને અનુમતિ આપનાર, તથા તેવો ઉપદેશ આપનાર તથા " તે સારૂ કર્યું " એ પ્રકારે એ પાપનુ પ્રતિપાદન કરનાર, તેને ઉત્તેજિત કરનાર તથા કુકર્મમા સહાય આપનાર તથા તે માર્ગને બતાવનાર, આશ્રય આપનાર, શસ્ત્ર આપનાર, મારેલાનુ ભક્ષણ કરનાર, વારવાને શક્તિમાન છતા ઉપેક્ષા કરનાર, દોષને કહેનાર, અનુમોદન આપ-નાર, એ બધા નહી કરવાના કામો કરનારને પ્રાયશ્ચિત કરવા કહેલા છે એ પ્રાયશ્ચિત્ત જેવી જેની શક્તિ, જેવુ દોષનુ સ્વરૂપ, તે પ્રમાણે તેને આપવુ બાળક અને વૃદ્ધ પુરૂષો જાતે પાપ કરે તોપણ તેમને અડધુ પ્રાયશ્ચિત્ત આપવુ, જેને એશી વર્ષ થઇ ગયા હોય અથવા જે બાળક સોળ વર્ષની અંદરનું હોય તેને તથા રોગી અને સ્ત્રીને અડધુ પ્રાયશ્ચિત્ત આપવુ, એમ અગિરા મુનિની સ્મૃતિમા છે બાળકને માટે શખ ઋષિએ વિશેષ પણ કહ્યુ છે અગીઆર વર્ષથી નાનો અને પાચ વર્ષથી મોટો બાળક હોય તો તેવા દોષ માટેનું પ્રાયશ્ચિત્ત તેના ભાઇ, પિતા અથવા બીજા કોઇ મિત્રજને કરી લેવુ એટલે જે અતિ બાળક હોય પાચ વર્ષથી નીચેનુ હોય તેનો કોઇ અપરાધ ગણાતો નથી તેમજ તેને કાઇ પાતક લાગતુ નથી તેને રાજા તરફથી શિક્ષા થતી નથી એટલે તેને પ્રાયશ્ચિત્ત પણ નથી આ બધો પ્રાયશ્ચિત્ત વિધિ પ્રકાશિત પાપ માટે છે પણ જે પાપ છાનુ હોય તેને માટે વસિષ્ઠ મુનિ કહે છે કે તેમણે જપ કરવા, તથા વિષ્ણુનુ ધ્યાન કરવુ અને તીર્થનુ સેવન કરવુ તથા વેદના મત્રોનો ઉચ્ચાર કરવો, જેથી તેમનામા પણ પાપ રહેવા પામતા નથી યાજ્ઞવલ્કય કહે છે કે જે દોષ પ્રસિદ્ધ રીતે થયો હોય તેનુ વિદ્વાનોની પરિષદ્ આગળ જે પ્રાય શ્ચિત્ત નક્કી થાય તે કરવુ પણ: જે દોષ જાહેર ન થયો હોય તે માટે છાનુ વ્રત કરવુ જાતે પાપ કરનારથી બીજા મનુષ્યોએ પ્રકાશ નહી થયેલા પાપને છાના જપ, હોમ વગેરેથી પ્રાયશ્ચિત્ત કરવુ કોઇ એવી શકા કરે

કે યમના ભયથી પાપનુ પ્રાયશ્ચિત્ત કરવુ એ બરાબર છે પણ જે છાનુ પાપ છે તે યમને કોણ કહે છે? તો તેના જવાબમા કહે છે કે યમ એ ભગવાનની વિભૂતિ છે એટલે સર્વજ્ઞ હોવાથી બધાને જાણે છે જ. તેમજ સૂર્ય વગેરે પણ કર્મના સાક્ષી છે એમ ધારો શ્રી ભાગવતના છઠ્ઠા સ્કંધના પ્રથમ અધ્યાયમા યમના દૂતોએ વિષ્ણુના દૂતો પ્રત્યે કહેલુ છે કે સૂર્ય, અગ્નિ, આકાશ, વાયુ, ગાયો, ચંદ્ર, સંધ્યા, દિવસ, રાત્રી, જળ, પૃથ્વી, કાળ અને ધર્મરાજા એટલા વાના મનુષ્યોના સાક્ષી છે મહાભારતમા પણ કહેલુ છે કે સૂર્ય, ચંદ્ર, અગ્નિ, આકાશ, પૃથ્વી, જળ, પોતાનુ હૃદય, યમ, દિવસ, રાત્રી અને બે સંધ્યાઓ તથા ધર્મ રાજા મનુષ્યનાં કર્મોને જાણે છે બૃહસ્પતિ કહે છેઃ પૃથ્વી, વાયુ, આકાશ, જળ, પ્રકાશ, મન, બુદ્ધિ, અને આત્મા એ સર્વે મનુષ્યના ધર્મને નિત્ય જુએ છે મનુસ્મૃતિના પણ અધ્યાયમા મનુ મહારાજ કહે છે કે આકાશ, પૃથ્વી, જળ, હૃદય, ચંદ્ર, સૂર્ય, અગ્નિ, યમ, વાયુ, રાત્રી, તથા બે સંધ્યાઓ, તથા ધર્મ રાજા મનુષ્યોનાં કર્મોને જાણનારા છે. માટે ગુપ્ત પાપમા પણ પ્રાયશ્ચિત્ત કરવુ યોગ્ય છે તેમા પણ પાપ કરનાર જો પોતે જ પોતાના ધર્મશાસ્ત્રમા કુશળ હોય તો પારકાને જણાવ્યા વિનાજ પોતાના દોષને યોગ્ય જે પ્રાય-શ્ચિત્ત હોય તે કરવુ પરન્તુ જો તે પોતે અજ્ઞાન હોય તો કોઇ ધર્મશાસ્ત્ર જાણનાર અને સુશીલ એવા બ્રાહ્મણની પાસે જઇને બીજાના નિમિત્તથી પુછવુ કે કોઇ બીજાએ આવુ પાપ કર્યું હોય તો તેનુ પ્રાયશ્ચિત્ત શુ? અને તે મુજબ તેમુ પ્રાયશ્ચિત્ત જાણીને કરવુ તે પણ દેશ કાળ પ્રમાણે કરવાનુ કહ્યુ છે કે દેશ, કાળ, વય, શક્તિ, તથા પાપ તેનો યત્નથી વિચાર કરીને, જેમાં પાપથી મુક્તિ ન કહી હોય ત્યા, પ્રાયશ્ચિત્ત કરવુ તેમા પણ મનુષ્ય-દેહ ક્ષણભંગુર હોવાથી પ્રાયશ્ચિત્ત તત્કાળ કરવુ એમ કહે છે શ્રી શુકદે-વજી ભાગવતના છઠ્ઠા સ્કંધના ૧ લા અધ્યાયમા કહે છે કે મન, વાણિ અને ક્રિયાથી કરેલા પાપનો આ લોકમા નાશ થતો નથી. તે તો મરીને નિશ્ચે, મે જે આપને નરકયાતના કહી તે ભોગવવાને નરકમાં પડે છે માટે જેમ રોગના નિદાનને જાણનારો વૈદ્ય રોગની ચિકિત્સા કરે તેની પેઠે મોટું અથવા નાનુ પાપ જોઇને પોતાના શરીરનુ મૃત્યુ થાય તે પહેલાં જ માણસે પાપની શુદ્ધિ માટે પ્રાયશ્ચિત્ત કરી લેવું એ પ્રાયશ્ચિત્ત પણ ભગવા-નની ભકિત સાથેજ કરવુ. પણ એકલુ ન કરવુ એ પ્રાયશ્ચિત્ત પણ જો નારાયણના નામ વિના કરવાના હોય તો તે નકામા છે રાજેન્દ્ર! જેમ

નદીઓ દારૂના ઘડાને પવિત્ર કરી શકતી નથી તેમ તેવડે મનુષ્યો પવિત્ર થતા નથી એમ પણ શુકજીએ જ કહેલુ છે તેમાં પણ જે પાપ પ્રસિદ્ધ હોય તેનુ પ્રાયશ્ચિત્ત પરિષદ્‌ના કહેવા પ્રમાણેજ કરવુ તે માટે અંગિરાએ જ કહ્યુ છે કે વસ્ત્ર સાથે, વાણી નિયમમા રાખીને, સ્નાન કરી ભિના વસ્ત્ર સહિત થઈ એ પુરૂષ પરિષદ્‌ની આજ્ઞા લઈ પોતાનુ પાપ હોય તે સર્વ જાહેર કરે પછી વ્રતને ધારણ કરી, ફરીથી પણ સ્નાન કરી, વ્રતનું આચરણ કરે હવે પરિષદ્ કોને કહેવી તે માટે પ્રાયશ્ચિત્તમયૂખમાં લઘુ પરાશરે કહ્યુ છે કે વેદ અને વેદાંગના પાર પામેલા એવા ચાર અથવા ત્રણ જે સમર્થ બ્રાહ્મણનો સમૂહ તે પરિષદ્ કહેવાય યાજ્ઞવલ્ક્ય કહે છે કે ચાર વેદ ધર્મને જાણનારા, અથવા ત્રણ વેદને જાણનારા બ્રાહ્મણ જે કહે તે અથવા તો અધ્યાત્મ શાસ્ત્રને જાણનાર એક પણ જ્ઞાની જે કહે તે ધર્મ કહેવાય હવે ચાર વેદધર્મને જાણનારા એટલે ધર્મશાસ્ત્રને જાણનારાની પણ પર્ષત્ ગણાય. જેઓ ત્રણ વિદ્યા ભણેલા હોય તેમના સમૂહને ત્રૈવિદ્ય ગણાય. તેમા પણ ધર્મશાસ્ત્રને જાણવાપણુ તો જોઈએજ તે પણ પર્ષદ ગણાય મિતાક્ષરામા એમ પણ કહ્યું છે કે અધ્યાત્મજ્ઞાનમાં નિપુણતમ હોય અને ધર્મશાસ્ત્રને જાણતો હોય એવો એક પણ વિદ્વાન્ પર્ષદ ગણાય. એવી પર્ષદે પણ ધર્મશાસ્ત્રના અર્થનો નિર્ણય કરીને દેશ, કાળ આદિને અનુસરીને પ્રાયશ્ચિત બતાવવુ પરન્તુ બીજી રીતે નહીં, એમ વસિષ્ઠ મુનિએ કહેલુ છે પરન્તુ જે પુરૂષ ધર્મશાસ્ત્રોને જાણ્યા વિના પ્રાયશ્ચિત્ત આપે છે તે પોતે દોષિત થાય છે અને પ્રાયશ્ચિત વાળો પુરૂષ પાવન થાય છે મનુસ્મૃતિમા કહ્યું છે કે પ્રાયશ્ચિત્ત, ચિકિત્સા, જ્યોતિષ તથા ધર્મશાસ્ત્રના નિર્ણયને જે, શાસ્ત્રો જાણ્યા વિનાજ કહે છે તેઓ બ્રાહ્મણનો ઘાત કરનારા છે આતો થોડુક લખ્યુ છે આમાં ચારે વિધિ વાક્યો છે ૯૨

वेदाश्च व्याससूत्राणि श्रीमद्भागवताभिधम् ।
पुराणं भारते तु श्री विष्णो र्नाम सहस्रकम् ॥ ९३

વેદો, વ્યાસસૂત્ર, શ્રીમદ્‌ભાગવત નામનુ પુરાણ, તથા મહાભારતમાં રહેલું જે વિષ્ણુસહસ્ર

સર્વે સત્ શાસ્ત્રોમાથી બધા ધર્મના જ્ઞાનને માટે ઘણા શાસ્ત્રોમાંથી પોતાને ઇચ્છિત એવા શાસ્ત્રો ગણાવે છે.—

વેદા એટલે રૂગ્ શામ, યજુર અને અથર્વ એ ચાર વેદો છે તે પણ

વેદ શબ્દ વડે કરીને એકજ શાસ્ત્ર ગણાય અહી વેદ શબ્દથી અગ સાથેના વેદ જાણવા ચોથા શ્લોકમા તેનો અભ્યાસ કરવો એવુ વિધાન કરેલુ છે બ્રાહ્મણને છએ અગ સાથે વેદનો અભ્યાસ કરવાનો તથા તેને જાણવાનો છે વેદના છ અગ આ પ્રમાણે છે શિક્ષા, કલ્પ, વ્યાકરણ, છદ, જ્યોતિ અને નિરૂક્ત વ્યાસસૂત્રો એટલે વ્યાસે કહેલા એવા સૂત્રો, ' **अथातो ब्रह्मजिज्ञासा** " એ વગેરે જે શારીરક નામના સૂત્રો છે તે એકશાસ્ત્ર છે સૂત્રનુ લક્ષણ આ પ્રમાણે છે જેમા થોડા અક્ષરો હોય, જેનો ભાવ સદિગ્ધ હોય, અને જેમા પુનરૂક્તિ દોષ ન હોય, તે ક્ષોભ ન કરે તેવુ, બોલવામા વાધાવાળુ ન હોય, એવાને સૂત્રો કહે છે તેજ રીતે શ્રીમદ્ ભાગવત્ નામનુ પુરાણ એ પણ એક જ શાસ્ત્ર છે

શ્રીમદ્ એવુ વિશેષણ લગાડવાનું કારણ એ કે ભાગવત્ એના નામનુ બીજુ ઉપપુરાણ છે તેની સાથે આ મિશ્ર ન થાય તે છે ભાગવતનુ લક્ષણ ભાવાર્થદીપિકામા પુરાણાતરમા કહ્યુ છે કે જેમા અઢાર હજાર શ્લોક છે તથા બાર સ્કધ છે તથા હયગ્રીવ અને બ્રહ્મવિદ્યા તેમજ વૃત્રાસૂરના વધનુ વર્ણન છે અને ગાયત્રીનો જેમા આરભ છે તેને ભાગવત્ એમ નિશ્ચે કહેલુ છે સૂત પુરાણીએ પુરાણનુ લક્ષણ આ પ્રમાણે આપ્યુ છે – હે બ્રહ્મન્ ! મોટા ઋષિઓ તેમણે પુરાણનુ લક્ષણ નિરૂપણ કર્યું છે તેને બુદ્ધિનો આશ્રય કરીને વેદ તથા શાસ્ત્ર પ્રમાણે સાભળો [૧] સર્ગ [૨] વિસર્ગ, [૩] વૃત્તી, [૪] રક્ષા, [૫] અતરો વશ [૬] તથા વશજોના [૭] ચરિત્ર, સસ્થા [૮] હેતુ, [૯] અને અપાશ્રય એ પ્રમાણેના દશ લક્ષણથી જે યુક્ત હોય તેને પુરાણ એમ વિદ્વાનો કહે છે કેટલાક પાંચ લક્ષણ પણ માને છે કેમકે નાનાનો મોટા લક્ષણમા સમાવેશ કરે છે આમા વૃત્તિ અને રક્ષા એ શબ્દો સ્થાન અને પોષણના અર્થમા કહેવાય છે અન્તર એટલે મન્વન્તરો વશાવશ્યાનુ ચરિતમ એટલે રાજાઓનો ઇતિહાસ, સસ્થા એટલે નિરોવ, આથી આત્યતિક લયરૂપી ઉક્તિ કહેલી છે હેતુ શબ્દથી જીવના આશ્રયરૂપ વાસના શબ્દ તે એમ શ્રીધર સ્વામિની ટીકા છે.

---

૧ સર્ગ એટલે વિશ્વની ઉત્પત્તિ, ૨ વિસર્ગ એટલે તેનો લય, ૩ વૃત્તી એટલે સ્થાન, ૪ રક્ષા એટલે પોષણ, ૫ અતરો એટલે મન્વતરો, ૬–૭ એટલે રાજાનો વશ અને તેના વશનો ઇતિહાસ, ૮ સસ્થા નિરોધ, ૯ વાસના

હવે આ ભાગવત્ પુરાણ તે ઋષિપ્રણિત કે ઋષિપ્રણિત નહીં એ વિષે ઘણાઓ વાદવિવાદ કરે છે તેમા આ ઋષિ પ્રણિત નથી એ વાકયની સામે ઘણાનો વિરોધ હોવાથી તે વાદ કેવળ કુતર્કવાળા છે તેથી તે તરફ આદર રાખવાનો નથી તે ચર્ચાનો વિસ્તાર દુર્જનમુખ ચપેટિકા, ભાગવત પ્રકાશ અને ભાગવત શકા નિકાસ આદિ ગ્રથમાંથી જોઈ લેવો ભારતમા એટલે વેદવ્યાસ કૃત મહાભારતમાનુ તેમાનુ જ વિષ્ણુ સહસ્ર અનુશાસન પર્વમા વિષ્ણુસહસ્ર નામથી પ્રસિદ્ધ સ્તોત્ર છે તે શાસ્ત્ર ભારત એવુ વિશેષણ મુકવાનુ કારણ એ છે કે પદ્મપુરાણમા જે વિષ્ણુ સહસ્ર નામનુ સ્તોત્ર છે તેથી આ સ્તોત્ર જુદુ છે એમ બતાવ્યુ છે ૯૩

तथा श्री भगवद्गीता नीतिश्च विदुरोदिता ।

श्रीवासुदेव माहात्म्य स्कान्द वैष्णवखंडगम् ॥ ९४ ॥

તથા શ્રી ભગવદ્ગીતા, વિદુરજીએ કહેલી નીતિ અને સ્કદપુરાણના વિષ્ણુ ખડમાનુ વાસુદેવ માહાત્મ્ય તથા એ શબ્દ પદના આગલા શ્લોકમા જે ભારત એવુ પદ છે તેની સાથે સબધ રાખે છે શ્રીમદ્ ભગવદ્ગીતા એ ભારતના ભીષ્મ પર્વમા છે અને અઢાર અધ્યાય વાળી બ્રહ્મવિદ્યા છે એટલે તે પણ એક શાસ્ત્ર છે તથા (ભારતમા એવો અન્વય લેવો) વિદુરજીએ કહેલી નીતિ ભારતના ઉદ્યોગપર્વમા વિદુરે ધૃતરાષ્ટ્ર પ્રત્યે જે નવ અધ્યાયવાળી નીતિ કહી છે તે એક શાસ્ત્ર છે તથા સ્કદ એટલે કાર્તિકસ્વામીએ કહેલુ અને સાત ખડોવાળુ *સ્કદપુરાણ. કાર્તિકસ્વામીના બીજા નામો—મહાસેન, શરજન્મા, ષડાનન, પાર્વતીનદન, સ્કદ, સેનાની, અગ્નિભૂ અને ગુહ એવા છે એ સ્કદપુરાણમા જે વૈષ્ણવ ખડ છે તે વૈષ્ણવખડ એટલે વિષ્ણુને લગતો એ ખડમા રહેલુ જે વાસુદેવ માહાત્મ્ય—એટને શ્રી નરનારાયણે કહેલુ બત્રીશ અધ્યાયનુ શ્રીકૃષ્ણ માહાત્મ્ય એ નામનુ શાસ્ત્ર ૯૪

---

* આ પુરાણના સાતખડ નીચે મુજબ છે વાલખિલ્ય ખડ, બ્રાહ્મોત્તર ખડ, કાશીખડ, રેવા ખડ, કેદાર ખડ, પ્રભાસખડ અને વિષ્ણુખડ

धर्मशास्त्रांतर्गता च याज्ञवल्क्य ऋषेः स्मृतिः ।

एतान्यष्टममेष्टानि सच्छास्त्राणि भवंति हि ॥ ९८ ॥

ધર્મશાસ્ત્રના મધ્યમાં રહેલી એવી જે યાજ્ઞવલ્કય ઋષિની સ્મૃતિ યા-જ્ઞવલ્કય કયા તે માટે કહે છે કે યાજ્ઞવલ્કય એટલે દેવરાત નામના બ્રહ્મર્ષિ તેમના પુત્ર એ યાજ્ઞવલ્કય તેમની સ્મૃતિ જેનું સ્મરણ થાય તે સ્મૃતિ કહેવાય એટલે છિન્નભિન્ન થઇને જુદી જુદી શાખાઓમા પથરાઈ ગયેલા ધર્મનુ યોગ બળથી સ્મરણ કરીને જે ગ્રંથ કરવો તે સ્મૃતિ કહેવાય

સ્મૃતિ એટલે ઇચ્છા, બુદ્ધિ તથા ધર્મગ્રંથ એવો અર્થ વિશ્વકોષમા પણ આપેલા છે હવે એ સ્મૃતિની યાજ્ઞવલ્કયે કરેલી યોગસ્મૃતિમા પણ વ્યાપ્તિ ન થાય તે માટે ધર્મશાસ્ત્રમાની યાજ્ઞવલ્કય સ્મૃતિ એવુ વિશેષણ મુ-કેલુ છે, એમ જાણવુ એ પણ એક શાસ્ત્ર એ પ્રમાણે એ આઠ સચ્છાસ્ત્રો છે ઈશ્વર સાકાર છે એવુ પ્રતિપાદન એમા હોવાથી એ સચ્છાસ્ત્રો ગણ્યા છે. શાસ્ત્ર શબ્દ ગ્રંથના નિર્દેશમા પણ વપરાય છે એમ વિશ્વકોષમા છે એ શાસ્ત્રો મને ઇષ્ટ છે, તે જીવનાં હિતકારક છે મને પ્રિય છે એવો ભાવ છે ૯૫

પ્રથમ ભાગ

સમાપ્ત.

નીચેનાં સાંપ્રદાયિક પુસ્તકો અમારી તરફથી પ્રસિદ્ધ થએલાં છે.

શિક્ષાપત્રી ભાષ્ય અથવા મોટી શિક્ષાપત્રી—(ભાગ ૧ લો) સમગ્ર શાસ્ત્રોનો સાર કહીને શ્રીજીએ રચેલી શિક્ષાપત્રીનું આ ભાષ્ય ગુજરાતી ભાષામાં પોતાની પ્રેમ જ પેર મોટા પાયથી કરી શકાય તેવું પુસ્તક સંપ્રદાયમાં પહેલવહેલું જ બહાર પડે છે. દરેકને સમજાય તેવું સરલ કરેલું છે. કી. રૂ ૧-૮-૦ ચાલિસના ગ્રાહક થનારાને માત્ર ૦-૧૨-૦

શ્રીજીની પ્રસાદીના પત્રો—શ્રી પુરુષોત્તમ નારાયણે પરમહંસો તથા પ્રેમી હરિજનો તથા શિષ્યરાગી ભક્તો પ્રત્યે લખેલા પત્રોનો આ પુસ્તકમાં સંગ્રહ કર્યો છે. શ્રીજીના મુખમાંથી નીકળેલાં વચનોનો જ આમાં સમાવેશ છે અથવા આ કૃતિની શૈલી જ નવીન પાડી છે. ત્યારે ખરીદી લ્યો કીમત રૂ ૧-૮-૦ પુસ્તક સચિત્ર છે.

અક્ષરશિરોમણિ—તદ્દન પ્રેમ કરવો તેનો આ ઉપદેશ. સદ્. મુક્તાનંદ સ્વામીનું રચેલું આ ગ્રંથ અપ્રતિમ છે માત્ર રૂ ૦-૧૫-૦

સદ્. ગોપાળાનંદ સ્વામિની વાતો—ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના સ્વરૂપો વિગતવાર અને સરલ રીતે સમજાય તેવી આ વાતો ન ચૂકો આ સચિત્ર છે. કી. રૂ ૦-૧૨-૦

ભગવદ્ધામમાર્ગદર્શન—મોટા ટાઇપ સાથે સમગ્ર પ્રકાર તથા અક્ષરધામનું વર્ણન નકશા સાથે કી ૦-૬-૦

અવિનાશાનંદ ગ્રંથ—કવિ અવિનાશાનંદે કરેલાં કીર્તનોનો સંગ્રહ કી. રૂ ૧-૪-૦

સ્વામિનારાયણ ભક્તિ—જોવું હોય તો આવે છે. અમારા જ ચાહિયે રૂ ૦-૬-૦

રાયપુર, ચકલી પોળ, અમદાવાદ. | ભાઇલાલ [illegible] મોદી